

લેખક : 'અવિનાશ'

તમારી અનેક મુંઝવણો

મનોમંથનો, સમસ્યાઓ અને

જીવનના અટપટા પ્રશ્નોનો ઉકેલ

'પ્રગતિ ગ્રંથમાળા'

મારફત

તમે કરી શકશો.

પ્રગતિ ગ્રંથમાળાનું દરેક પુસ્તક

પ્રાણવાન અને પ્રગતિશીલ

શિષ્ટ અને સુંદર

સાહિત્યનો રસથાળ રજૂ કરે છે.

નવલકથા, નવલિકા, હાસ્ય, કલા,

ઇતિહાસ અને વિજ્ઞાનનું

દર વર્ષે ૧૦૦૦ પાનનું વાચન

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત

કાચું પૂંઠું રૂ. ત્રણ : પાકું રૂ. ચાર

બ્રહ્મદેશ : આઠ આના વધુ

પરદેશ : શીલીંગ છ અને આઠ

વધુ માહિતી માટે લખો:-

પ્રગતિ સાહિત્ય મંદિર : રાજકોટ

એમાં શું!

રાજપ્રકરણી નવલકથા

'અવિનાશ'

પ્રગતિ ગ્રંથમાળા

વર્ષ ૧ : પુસ્તક ૨

પ્રગતિ સાહિત્ય મંદિર : રાજકોટ

પ્રકાશક :
જટાશંકર મહેતા
પ્રગતિ સાહિત્ય મંદિર
રાજકોટ

પ્રગતિ ગ્રંથમાળા
વાર્ષિક લવાજમ
કાચું પૂંઠું રૂ.૩ : પાકું રૂ.૪
૧૦૦૦ પાન


આવૃત્તિ પહેલી : પ્રત બારસો
મૂલ્ય :
કાચું પૂંઠું રૂ. બે – પાકું રૂ. સવા બે
માર્ચ ૧૯૪૦

મુદ્રક :
પાન ૨૪૦ સુધી
જી. કે. શીંગાળા
શિંગાળા પ્રિન્ટીંગ પ્રેસ
સર લાખાજીરાજ રોડ : રાજકોટ

મુદ્રક :
પાન ૨૪૧ થી ૩૫૨ અને જેકેટ
શા. મણિલાલ છગનલાલ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘી કાંટા રોડ : અમદાવાદ

હિંદી ઝારશાહી નીચે કચડાતી;
કચડાતાં ઉભી થવા પ્રયાસ કરતી;
પરાજિત થવા છતાં હિંમતથી ઝૂઝતી

રાજસ્થાની પ્રજાને



જલતા ચિરાગના સ્મરણ સાથે

અર્પણ

પ્રગતિ ગ્રંથમાળાનાં

હવે પછી પ્રગટ થનારાં પુસ્તકો

અનુરાગ— શ્રીમતી પૂર્ણશશી દેવીની બંગાળી નવલકથાનો અનુવાદ.

હાસ્યપ્રસાદી— શ્રી. હરસુખરાય માંડલીઆનાં હાસ્ય અને કટાક્ષચિત્રો.

ટપાલપેટી— જાણીતા જૂદા જૂદા લેખકોની નવલિકાઓનો સંગ્રહ.

ક્યાં સુધી ?— શ્રી 'જાદુગર'ના સામાજીક રૂઢીઓ પરના કટાક્ષ લેખો.

નવલિકા સંગ્રહ— 'ઈ. ન.'ના ઉપનામથી જાણીતા લેખક શ્રી. બાબુભાઇ વૈદ્યકૃત.

સામાજીક નવલકથા— 'જયકચ્છ'ના સહતંત્રી જાણીતા નવલકથા લેખક શ્રી રસિકલાલ જોષીકૃત.

તૈયાર થયા મુજબ પ્રસિદ્ધ થશે.

પ્રગતિ સાહિત્ય મંદિર : રાજકોટ

નિવેદન

શરૂઆતમાં જાહેર કર્યા મુજબ 'પ્રગતિ ગ્રંથ-માળા'ના દ્વિતીય પુસ્તક તરીકે '**એમાં શું!**' નવલકથા પ્રગટ થાય છે.

પહેલું પુસ્તક 'છાયાદેવી' વાચકવર્ગમાં પ્રશંસાપાત્ર નીવડતાં, અને આ પુસ્તકને છેલ્લે પાને દર્શાવ્યા મુજબ પત્રકારોના સારા અભિપ્રાયો મળતાં પહેલા પુસ્તક 'છાયાદેવી'ના લેખકની આ બીજી કૃતિ જનતા સમક્ષ રજૂ કરવાની હિંમત કરી છે.

ત્રીજા પુસ્તક તરીકે સુપ્રસિદ્ધ બંગાળી લેખિકા શ્રીમતી પૂર્ણશશી દેવીની સામાજીક કૃતિ 'અનુરાગ'નો શ્રીમતી કાન્તાદેવીએ કરેલો અનુવાદ તુરતમાં પ્રસિદ્ધ થશે.

ગ્રંથમાળાનાં પુસ્તકો અગાઉથી નક્કી કરવાનું કાર્ય ઘણું કપરૂં છે. વહેલું પૂરું કરવાનું કહ્યું હોય, તે લેખક મોડું પૂરું કરે છે; અને મોડું મળશે એમ ધાર્યું હોય, તે વહેલું હાથમાં આવી પડે છે. ઘણીવાર પ્રસ્તાવના માટે પણ અમુક પુસ્તક રઝળતું હોય છે, તે દરમ્યાન ત્યાર-પછીનું પુસ્તક તૈયાર થઈ ગયું હોય. એટલે ભવિષ્યનાં પ્રગટ થનારાં એકથી વધુ પુસ્તકો માટે તદ્દન ચોક્કસ વચન આપવું ભારે મુશ્કેલ છે.

આ પુસ્તકે ગ્રાહકવર્ગને ખૂબ રાહ જોવડાવી છે. પ્રથમ તો લડાઇને કારણે ઓર્ડર આપ્યા પછી કાગળો ઘણા મોડા મળ્યા. બીજું, પુસ્તક ધાર્યા કરતાં સોએક પાનાં મોટું થયું. ત્રીજું પ્રસ્તાવનાલેખનની મુશ્કેલી.

આ પુસ્તક રાજપ્રકરણી નવલકથા હોઈને તેમ જ તેમાં સમાજવાદી વિચારસરણીની ચર્ચા સમાયલી હોઇને તેની પ્રસ્તાવના માત્ર સાહિત્યકાર વિવેચક કરતાં સમાજવાદી વિચારક લખે એ વધુ યોગ્ય લાગ્યું. તેથી આ પુસ્તકની પ્રસ્તાવના લખવાની ગૂજરાત પ્રાંતિક મહાસભા સમાજવાદી પક્ષના મંત્રી મિ. દિનકર મહેતાને વિનતિ કરતાં એ કાર્ય તેમણે સ્વીકારેલું; પરંતુ તેઓ એ લખી શકે એ પહેલાં તેમને અમદાવાદ મીલ કામદાર હડતાલ અંગે જેલમાં જવું પડયું. ત્યાર બાદ કાઠિયાવાડના સમાજવાદી આગેવાન મિ. વજુભાઇ શુકલને એ કાર્ય સોંપવાનો નિર્ણય કરેલો; પરંતુ એમને પણ અચાનક એજન્સીએ હિંદ સંરક્ષણ ધારા નીચે ઝડપી લીધા. ત્યાર બાદ આ કાર્ય માટે મિ. યુસુફ મહેરઅલીને વિનતિ કરી, તે તેમણે સ્વીકારી; અને તેમને પુસ્તક પણ મોકલાયું. પરંતુ રામગઢ મહાસભાના અધિવેશનમાં પ્રવૃત્ત રહેવાથી અને મિ. જયપ્રકાશ નારાયણ કારાવાસી થતાં એમને સ્થાને અ. હિં. મહાસભા સમાજવાદી પક્ષના સામાન્ય મંત્રીનો બોજો આવી પડવાથી પ્રસ્તાવના લખવાનું મોડું થશે એમ મને લાગ્યું. એટલે છેવટે વધુ મોડું ન થાય એ ઇરાદાથી આ પુસ્તક પ્રસ્તાવના વિના પ્રગટ કર્યું છે.

આ ગ્રંથમાળાનું ધોરણ વર્ષે એક હજાર પાનનું ગ્રાહકોને વાચન આપવાનું છે. એટલે વર્ષે કે દોઢ વર્ષે જ્યારે પૂરાં એક હજાર પાન અપાઈ જાય, ત્યારે જ ગ્રંથમાળાનું વર્ષ પૂરૂં થયું ગણાય.

દોઢ કે બે વર્ષે હજાર પાન આપવાથી પરિણામે ગ્રંથમાળાને જ આર્થિક રીતે વેઠવું પડે છે; ગ્રાહકોને એથી

વાચન મોડું મળવા સિવાય કશો આર્થિક ગેરફાયદો થતો નથી. છતાં નિયમિતતા જાળવવાની દરેક ગ્રંથમાળાની ફરજ છે. અમે એ ફરજ બજાવવા ભાગ્યશાળી થઇએ, એમ ઇચ્છીએ છીએ.

કાગળના ભાવ ઘણા વધી ગયા છતાં પુસ્તકની કિંમતમાં વધારો કે પાનમાં ઘટાડો કરવાનું યોગ્ય ધાર્યું નથી. ગ્રાહકોનો સંતોષ એ જ ધંધાદારીની કિંમતી મૂડી છે એમ અમે માનીએ છીએ; અને તેથી તેમને સંતોષ આપવાની જ વૃત્તિ અમારા મનમાં રહ્યાં કરે છે.

મારી જાહેર પ્રવૃત્તિઓને કારણે પણ ગ્રંથમાળાને કેટલીક રીતે સહન કરવું પડે છે. છતાં ગ્રાહક બંધુઓની ગ્રંથમાળા પ્રત્યે સહકારની વૃત્તિ અને મારા પ્રત્યેનો અંગત સદ્‌ભાવ મને મારા કાર્યમાં વધુ ઉત્સાહ પ્રેરે છે.

ગ્રંથમાળા અંગે કેટલાક કંટાળા ભર્યા કામમાં મદદ કરવા માટે મારા મિત્ર શ્રી. કેશવલાલ પાનાચંદ મોદીનો હું આભારી છું.

રાજકોટ **જટાશંકર મહેતા**

તા. ૨૧-૩-'૪૦ સંચાલક

લેખકનું કથન

આ નવલકથાને મેં રાજપ્રકરણી નવલકથા તરીકે ગણાવી છે; છતાં એના અણુએ અણુમાં સામાજીક તત્ત્વ પ્રસરેલું તો છે જ. સમાજજીવન રાજપ્રકરણથી અલગ સંભવી શકે જ નહિ.

વળી આ નવલકથા પ્રચારલક્ષી પણ છે. એની ના પાડી શકાય એમ નથી. મારા રાજકીય વિચારોનું મેં વાસંતીના પાત્રમાં આરોપણ કર્યું છે, અને તે પાત્ર મારફત મારી વિચારસરણી મેં રજૂ કરી છે.

પ્રચારલક્ષી સાહિત્ય છેલ્લા દશકામાં આપણે ત્યાં ફુલતું-ફાલતું રહ્યું છે. સાહિત્ય માત્ર આનંદ કે કળા ખાતર હોઈ શકે નહિ. એની પાછળ કોઈ ચોક્કસ વિચારોનો પ્રચાર કરવાનું લક્ષ્ય હોવું જોઇએ. સાહિત્યકારો અને વિવેચકોની આ એક માન્યતા છે. બીજી માન્યતા સાહિત્યને જીવનના આનંદ અને કળા તરીકે જ ગ્રાહ્ય માને છે. આ બીજી માન્યતા સાથે હું સહમત થઈ શકતો નથી. પણ, આ વિષય વિવાદાસ્પદ છે; એટલે અહીં એ વિષે વિશેષ લખવું ઉચિત નથી.

નવલકથાનાં પાત્રો બધાં કલ્પિત જ છે. એને મળતાં ઘણાં પાત્રો આપણી આસપાસ મળી આવે એવો સંભવ પણ છે. છતાં કોઈ એક ચોક્કસ વ્યક્તિ પરથી એકકે પાત્ર આલેખાયું નથી. લેખક જેને કલ્પિત કહે છે, એ કોઇ હવામાં લટકતી કે તરંગ પર ઉડતી વસ્તુ નથી. લેખક જે જુએ છે, સાંભળે છે, વાંચે છે, અનુભવે છે–

એનું પ્રતિબિંબ મગજ પર પડે છે. એવાં અનેક પ્રતિબિંબોના સંચયમાં થોડુંક સેળભેળ કરીને, થોડુંક ખેરવિખેર કરીને, લેખક કલમ મારફત ઉતારે છે—એ કલ્પિત જ છે.

રાજપ્રકરણમાં ખૂબ ચર્ચાસ્પદ બનેલો વિષય 'અહિંસા–ધર્મ કે નીતિ?' એ મેં આ પુસ્તકમાં ચર્ચ્યો છે. હિન્દુસ્તાન આધ્યાત્મવાદથી સિંચાએલો દેશ હોઇને એના રાજકારણમાં ધાર્મિક મન્તવ્યો ઘૂસી ગયાં છે. આ કોઈ રીતે ઉપકારક હોય, એમ મને લાગતું નથી. રાજકીય પ્રવૃત્તિ એ દેશની રાજકીય, સામાજીક અને આર્થિક ગુલામીની નાબૂદી માટે હોય. ધાર્મિક પ્રવૃત્તિ એ આત્માની ઉન્નતિ માટે હોય. રાજકારણ મનુષ્યનાં ભૌતિક સુખસગવડો માટે અને ધર્મકારણ મનુષ્યનાં આત્મિક સુખ–મુક્તિ માટે હોવાં જોઇએ.

અને તેથી જ રાજકારણમાં અહિંસાને હું નીતિ તરીકે જ સ્વીકારતો આવ્યો છું. શુદ્ધ અને સંપૂર્ણ અહિંસા–મ. ગાંધીજી ઇચ્છે છે એવી–રાજકારણમાં સ્થાન લઇ શકે નહિ. આજે તો માત્ર ચરખાને જ અહિંસા માનવાનો દંભ ચાલી રહ્યો છે, એ દુઃખદ બીના છે.

ધર્મ એ અંગત પ્રશ્ન છે; રાજકારણ એ સમૂહગત પ્રશ્ન છે. એક મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ સંભવી શકે—રાજકીય ઉન્નતિ તો આખા દેશની જ સંભવી શકે; દેશની કોઇ એક વ્યક્તિની નહિ. આધ્યાત્મિક માર્ગમાં શુદ્ધ અને સંપૂર્ણ અહિંસાને સ્થાન હોવું જોઇએ, એ હું કબૂલું છું.

આ પુસ્તકમાં વર્ણવેલા કેટલાક રાજ્ય ખટપટના

પ્રસંગો દેશી રાજ્યોના બીનઅનુભવી વાચકને તરંગી કે અસંભવિત લાગે એવા છે. પણ દેશી રાજસ્થાનોમાં એથી યે વધુ ગૂઢ, પ્રપંચી અને ભયંકર બનાવો અત્યારે પણ બને છે. એની આમાં માત્ર વાનગીઓ આપી છે. રાજપુતાના, મધ્યહિંદ કે કાઠિયાવાડની રાજસ્થાની પ્રજાને એના પ્રત્યક્ષ અનુભવો છે.

મુખ્ય પાત્ર સરિતાનું છે. પૂર્વ જીવનની એ સંકોચ-શીલ, દીન, દુર્બલ નવવધૂ ઉત્તરજીવનમાં નીડર, હિંમતવાન અને ક્રાંતિકારી બને છે; એનો જીવનવિકાસ–મુખ્યત્વે વિચારવિકાસ–મેં આમાં વર્ણવ્યો છે.

આ નવલકથાની યોગ્યતાની તુલના કરવાનું સાહિ-ત્યકારો અને વિવેચનકારો ઉપરાંત રાજકીય વિચારકો, અભ્યાસકો અને જાહેર કાર્યકરોને સોંપું છું.

રાજકોટ

૨૧–૩–'૪૦ **'અવિનાશ'**

२३८७८

અનુક્રમ

એમાં શું ?

પ્રથમ ખંડ

'जीवन है संग्राम!'

પ્રકરણ ૧ લું

– અણગમતા અતિથિ

કદી નહિ અને આજે જ રાજા સજ્જનદેવના 'સ્વપ્નવિહાર' મહાલયનું વાતાવરણ ક્ષુબ્ધ હતું. જ્યાં હંમેશાં પરમ શાન્તિનો વાસ હતો, ત્યાં અશાન્તિએ પોતાનું રાજ્ય જમાવ્યું હતું. પ્રસન્ન ચહેરાઓ પર આજે ઉદ્વેગ ફેલાયો હતો. આકાશમાં કાળાં વાદળાં ઘેરાએલાં હતાં, તેનો જાણે પ્રત્યાઘાત પૃથ્વી પર પડતો હતો.

'સ્વપ્નવિહાર' જો કે રાજમહેલ હતો, છતાં ધનવાનોની સમૃદ્ધ હવેલીઓ જેટલો તે ભવ્ય કે આલીશાન નહોતો: માત્ર એક માળનું લાલ પત્થરનું, સાદા, અપારદર્શક કાચના બારી બારણાવાળું મકાન: અને તેની આગળ સામાન્ય બગીચો. બગીચામાં આરસના હોજ, ફુવારાઓ કે પુતળાંઓ નહોતા. હતાં માત્ર લીલાં, ઘાટાં, વૃક્ષો; લાલ, પીળાં, કાળાં પાંદડાંના છોડ અને ફુલઝાડ; અને વિવિધ લતાઓથી આચ્છાદિત ગ્રીષ્મમંડપો. મધ્યાહ્નનો સૂર્ય કે નિશાપ્રફુલ્લ ચંદ્ર એમની ઉપર પ્રકાશનાં કિરણો ફેંકી જમીન પરની ઝીણી રેતીમાં તેજછાયાની મનોરમ ગુંથણી કરતા.

વિહારના મધ્ય ખંડમાં રાજા સજ્જનદેવ એક નેત્રાસન પર બેઠા હતા. એમના ચહેરા પર ક્રોધ અને ચિંતાની મિશ્ર લાગણીઓ પથરાઇ હતી. એમની ઉમર પ્રૌઢાવસ્થામાં પ્રવાસ કરી રહી હતી. નેનકલાકનાં શ્વેત સુરવાળ અને પહેરણ

તેમણે પહેર્યાં હતાં. ગળામાં બીજના ચંદ્ર જેવી એકસરા સફેદ મોતીની ઝીણી માળા લટકતી હતી. ત્રિપાય પરની ફુલદાનીની પુષ્પપાંદડી પર એમની દૃષ્ટિ સ્થિર થઇ હતી.

સામે જ રાણી માયાદેવી એક કોમળ વિરામાસન પર પડી રહી ચિંતાતૂર નયને પ્રવેશદ્વાર તરફ જોઇ રહ્યાં હતાં. વિરામાસનના લંબાવેલા હાથા પર લાંબા કરેલા તેમના પગ, લગભગ આંગળીઓ સુધી, તેમણે પરિધાન કરેલી આછા આસમાની રંગની સાડીથી ઢંકાએલા હતા. સાડીની લીલી કિનાર બહાર દેખાતા લાલ નખની હાર ગુલાબની અણખીલી કળીઓ જેવી દેખાતી હતી. તેમની પાતળી દેહલતા સરિતાના વિશાળ પટ પર વહેતા ગ્રીષ્મઋતુની સુકાઇ જતી નદીના સાંકડા પ્રવાહ પેઠે વિરામાસનમાં પથરાયલી હતી.

આ વિશાળ ખંડમાં તેમના સિવાય ત્રીજું કોઇ હાજર નહોતું. રાજા અને રાણી બન્ને ચૂપ બેઠાં હતાં. સામાન્ય રીતે મોટાં મકાનોમાં સંભળાય છે એવો નોકરોનો ગણગણાટ કે બાળકોનો કિલ્લોલ પણ ત્યાં સંભળાતો નહોતો. માત્ર કવચિત્ કવચિત્ સંભળાતો ઓસરીના પિંજરમાં પુરાયલી મેનાનો ટહુકો.

આજે તો મેનાના સ્વરમાં પણ ખિન્નતા હતી. એનું હંમેશનું દિલ બહેલાવનારું મધુર સંગીત આજે કરુણ ભાવો પ્રગટ કરી રહ્યું હતું.

સિંહ જેવા હિંસક પશુની ઉદારતા, કૂતરા જેવા કનિષ્ટ ગણાતા પ્રાણીની વફાદારી અને સારસયુગલનો દિવ્ય પ્રેમ મનુષ્યમાં ભાગ્યે જ નજરે પડે છે!

મેનાના ટહુકાથી શોભતી શાન્તિ દસ–પંદર પળ સુધી અભંગ પ્રવર્તી રહી. હજુ પણ રાજા અને રાણી મૌન

ધારી બેઠાં હતાં : જગતને ઘોળી પી જનારા ધ્યાનસ્થ યોગીઓ જેવાં !

એવામાં બગીચામાં પ્રવેશ કરતી મૉટરના ભુંગળાના ધ્વનિએ વાતાવરણને પલટો આપ્યો. રાજા રાણીએ ચમકીને પરસ્પર સૂચક દૃષ્ટિ ફેંકી. રાણીએ પોતાના લંબાવેલા દેહને સંકોચ્યો. રાજા આસન પરથી ધીમેં રહી ઉભા થયા અને પ્રવેશદ્વાર તરફ પગ માંડયા. રાણી પણ બેઠાં થયાં. કોઈ કાંઈ બોલ્યું નહિ : એક જ દૃષ્ટિ મારફત જાણે કંઇ સંકેત થઈ ચૂક્યો હોય !

એ દરમ્યાન તો બગીચાના પ્રવેશદ્વાર પસાર કરી ગએલી મોટર વિહારના પ્રવેશમંડપમાં પણ આવી પહોંચી અને ગમગીન વાતાવરણમાં હાસ્યના ફૂવારા ઉડાડતી બે આંગ્લ લલનાઓ મોટરનું દ્વાર ખોલી નીચે ઉતરી ઉભી રહી. વિના કારણ તેઓ ખડખડ હસી રહી આખા મહેલમાં હાસ્યના પડઘા પાડી રહી.

આપણા દેશમાં આંગ્લ લલનાઓને આપણે સામાન્ય રીતે હસતી કૂદતી જોઈએ છીએ. શું અંગ્રેજ નારી ખરેખર એટલી સુખી અને સ્વતંત્ર છે ? એના જીવનમાં શું હિન્દી નારીની કરુણતા અને કંગાલિયત નહિ હોય ?

ઈતિહાસવિદો ભાખે છે કે વિલાયતમાંયે ગરીબી બેકારી અને શોષણ પ્રવર્તે છે. કેટલીયે આંગ્લ લલનાઓ ત્યાંના કારખાનાઓમાં કાળી મજૂરી કરી પેટ ભરે છે; એમનું સમાજ જીવન પણ ઓછું કરૂણ નથી. હિંદમાં નજરે ચડે છે તે તો ઉપલા વર્ગની ધનાઢ્ય વ્યાપારીઓ અને અમલદારોની સ્ત્રીઓ છે. હિંદી પ્રજાના શોષણ પર તાલેવર બનેલા વર્ગની એ

ગૃહિણીઓ છે. એ હસતી, કૂદતી, નાચતી શા માટે ન હોય ?

વર્તમાન સમાજરચનાની બેડી તળે કચરાએલી હિંદી નારી આજે ઢીલી, પોચી, ઉતરેલ ચહેરે કંગાલજીવન જીવી રહી છે. ઘી–દૂધ તો રહ્યાં, પણ શુદ્ધ હવાપાણી અને સાત્ત્વિક ખોરાક પણ એને મળી શકતો નથી. એના જીવનમાં હાસ્ય અને નૃત્ય ક્યાંથી હોય ?

મોટરમાંથી હસતે મુખે ઉતરેલી બન્ને લલનાઓ મહેલના શ્વેત પગથિયાં પાસે પળ બે પળ ઉભી રહી આતુર નયને મધ્યખંડની પરસાળ તરફ જોવા લાગી. પરંતુ ત્યાં તેમનું સ્વાગત કરનાર કોઈ ન દેખાતાં તેમનું હાસ્ય એકાએક ગંભીરતામાં ફેરવાઈ ગયું; તેમના મુખ પરનો ઉલ્લાસ ઓસરી જઈ રોષયુક્ત કરચલીઓ દેખાઈ; તેમના વદન ખરી પડેલી ગુલાબની ચીમળાઈ જતી પાંદડીઓ જેવાં થઇ ગયાં. 'સ્વપ્ન-વિહાર'ની કાચની બારીઓ તેમના પ્રત્યે રોષ અને ઘૃણાથી બંધ થઇ જતી હતી; બાગનાં વૃક્ષો તેમના પ્રત્યે વિરોધી ફફડાટ સૂણાવતાં હતાં : જાણે તેઓ 'વિહાર'ના અણગમતા અતિથિ ન હોય !

'વિવેકહીન કાળા લોક !' તેમાંની મોટી સ્ત્રી ધીમેથી બોલી. તેના હોઠ તિરસ્કારમાં મરડાયા.

'ચૂપ, એલિસ !' બીજીએ તેને વારી. બરાબર એ જ સમયે રાજા અને રાણીએ પગથિયાં પર દર્શન દીધાં. રાજાએ અંગ્રેજીમાં બે ટુંકા વાક્યો બોલી તેમનો સત્કાર કરી હસ્તધૂનન કર્યું. રાણીએ પણ એક શબ્દ માત્રનો ઉચ્ચાર કર્યા વિના હસ્તધૂનન કર્યું, અને તેમને બન્નેને અંદરના આવાસમાં લઇ ગયાં.

રાજા મધ્યખંડમાં થઇ મંત્રણાગૃહમાં ગયા. તેમના મુખ

પરથી ગમગીનીની છાયા અદ્રશ્ય થઈ નહોતી. ઉલટું ગમગીની ઉપરાંત રોષ પણ તેમના મુખ ઉપર દેખાવા માંડયો હતો. એક મોટા ગાલીચા પર તેઓ આંખ મીંચી પડયા રહ્યા.

આવનાર લલનાઓમાંની એક જે વયે પ્રૌઢ અને દેખાવે ઉંચી હતી, તે એ પ્રાંતના લાટ સાહેબના રાજકીય પ્રતિનિધિ શ્રીમાન એ. ડબલ્યુ મેકફર્સનની પત્ની હતી. એ વિભાગના સર્વોપરી રાજકીય અમલદારની પત્ની તરીકે જે પ્રભાવ પાડવાનો તેણે પ્રયાસ કર્યો હતો તે લગભગ નિષ્ફળ ગયો હતો; અને પરાજયનાં સ્પષ્ટ ચિંહ્નો એના ચહેરા પર દેખાઈ આવતાં હતાં.

શ્રીમતી એલિસ મેકફર્સન સાથે આવનાર બીજી લલના કુમારી રોઝ જરા નીચી અને પુષ્ટ અવયવોથી ઓપતી હતી. આ ચંચળ અને હસમુખી કન્યા તે પ્રાંતના મુખ્ય સ્ત્રી-રુગ્ણાલયની અધિષ્ઠાત્રી તબીબ હતી.

રાણી માયાદેવી સગર્ભા હોઇને થોડીવાર ઉભા રહેવાથી શ્રમિત થઈ ગયાં હતાં; એટલે તેમને બન્નેને મહેમાન-ગૃહમાં મૂકી, દેખીતો વિનય દર્શાવી ત્યાંથી તરત જ ચાલી નીકળ્યાં.

'બિલકુલ બેઅદબ!' રાણીની પીઠ ફરી કે તરત જ એલિસ બોલી. 'એમને ભારે પડી જશે!'

એલિસનો ક્રોધયુક્ત ચહેરો રોઝને ગમ્યો નહિ. રમુજ ખાતર હસતાં હસતાં એણે પૂછ્યું, 'શું કરશો એને?'

'શું કરીશ?' સામો પ્રશ્ન મૂકી એલિસે જવાબ વાળ્યો: 'એ અવિનયની એમણે ભારે કિંમત આપવી પડશે. જાણે છે ને એમનું ગળું આજે આપણા હાથમાં છે!'

'ચાલો, ચાલો. છોડો માથાકુટ! આરામ કરો.' કહી રોઝ પોતાની પીછાંવાળી ટોપી ખીંટી પર લટકાવી, મેજપરની ફુલદાનીમાંથી એક ગુલાબ ઉંચકી લઇને પલંગ પર પડી તે સુંઘવા લાગી, અને સામેના આયનામાં પોતાનું ગૌર વદન નિહાળતી રૂપગર્વિતાનું હાસ્ય હસી રહી.

એલિસે હાથમાંની છત્રી અને પંખો મેજ પર મૂક્યાં, ટોપી ખીંટીએ ભરાવી અને બગીચામાં પડતી બારી પાસે નેત્રાસન ખેંચી લઇ ત્યાં બેઠી

થોડી જ પળો વીતી હશે, ત્યાં તે ઉભી થઇ અને દાસીને બોલાવી સોડા મગાવી. દાસી એ કાચના પ્યાલામાં સોડા લઇ હાજર થઈ.

સોડા પીધા પછી પણ તેની અસ્વસ્થતા દૂર ન થઇ, એટલે તે ઓરડામાં પાદચારી કરવા લાગી અને છત, દિવાલ તથા ખૂણા પરનાં સુશોભનો જોવા લાગી.

'સાચી કળાદ્રષ્ટિ જ નહિ! પૈસાનું પાણી જ કર્યું છે ને!' તે બબડી. આ અર્થહીન ટીકા રોઝને ન ગમી. એણે કહ્યું: 'આપણે ક્યાં અહીં જન્મારો કાઢવો છે? જેવું હોય તેવું એમને મુબારક! આપણે તો મળે એટલી મફતની મજા માણી લેવી!'

એલિસને રોઝનો આ પ્રત્યુત્તર ગમ્યો નહિ. એટલે એ ચૂપ રહી અને આંટા મારવાનું બંધ કરી એક વિરામાસન પર જઈ બેઠી. પણ રોઝે ચાલુ રાખ્યું: 'મેં સાંભળ્યું છે કે આ રાજાઓ ખૂબ ધનવાન હોય છે. વળી શોખીન અને વિલાસી પણ હોય છે.'

'મને ભય રહે છે' એલિસ વચ્ચે બોલી 'કે તું આ

મોજશોખ અને વૈભવ પાછળ ભાન ગુમાવી બેસશે અને આપણું મુખ્ય કર્તવ્ય ભૂલી જશે. આપણને સોંપાએલી જવાબદારી સામાન્ય નથી. રાજદ્વારી મામલામાં ખૂબ સાવચેત રહેવું જોઇએ, નહિતર......'

એલિસ વાક્ય પૂરું કરે તે પહેલાં દાસી શોભના અંદર આવી અને દિવાનના નામનું મુલાકાતપત્ર એલિસના હાથમાં મૂકયું.

પત્ર વાંચી તે બોલી : 'એમને અંદર દાખલ કર'.

અંગ્રેજીમાં બોલાયલું વાકય ન સમજી હોય એમ મૂઢ જેવી બની દાસી તેના સામે જોઈ રહી.

તેની મુશ્કેલી સમજી જઇને રોઝ બોલી : 'અંદર આવવા દે.'

ગૂજરાતી સ્ત્રી--દર્દીઓના પરિચયથી બે-ત્રણ વર્ષે રોઝ થોડું ગૂજરાતી બોલતાં શીખી ગઈ હતી.

દિવાન નિહારેન્દુ ઠાકુર હસતે મુખે અંદર આવ્યા. તેમનું પ્રૌઢ વય, મોટી ભરાવદાર મુછો, ચળકતી ટાલવાળું ખુલ્લું માથું અને પીળા રેશમી ઝભ્ભા પર ઓઢેલી ગરમ સોનેરી શાલ તેમના પ્રભાવમાં વધારો કરતાં હતાં.

' માફ કરજો, હાં. ' તેમણે એલિસ સાથે હસ્તધૂનન કરતાં કહ્યું. ' સ્ટેશનેથી મારે સીધા ઘેર જવું પડયું એટલે અહીં આવતાં જરા મોડું થયું. મારી હંમેશની સંધ્યા પૂજાનો આ સમય છે. હાં. એ તો ઠીક. ' તેણે નેત્રાસન પર બેસતાં પૂછયું, ' તમારો યોગ્ય સત્કાર થયો છે ને ? '

નિહાર બાબુનો મધુર, પહાડી સ્વર, ચસ્મા પાછળની વિશાળ આંખો અને ભવ્ય ભ્રકુટી જોઇ એલિસને પોતાનું

ઓસરી જતું વ્યક્તિત્વ ટકાવી રાખવું મુશ્કેલ પડ્યું. નિહાર બાબુના પ્રશ્નનો તાત્કાલિક ઉત્તર તે આપી શકી નહિ. તેને 'ના' કહેવાનું મન તો થયું, પણ હિંમત ચાલી નહિ. મૉટરમાંથી ઉતરી કેટલીક પળો તેને ઉભું રહેવું પડ્યું હતું, એ પ્રસંગ તે ભૂલી નહોતી. પણ કોઇએ નહિ જોએલ આ અપમાનને જાહેર કરી પોતાની કિંમત ઘટાડવી એને યોગ્ય ન લાગી. એટલે જવાબમાં ધીમું હસીને તેણે કહ્યું:' સત્કાર–અસત્કારની દરકાર કરવાની મને બહુ ટેવ નથી.'

એલિસ જુઠું બોલી. પોતાના હોદ્દા પ્રમાણે જેવું સન્માન તેનું થવું જોઇએ તેવું નહોતું થયું. દિવાને તેને સ્ટેશનેથી મૉટરમાં એકલી વિદાય કરી દીધી. મહેલમાં યે રાજાનું સ્વાગત લુખ્ખું હતું. રાણી પણ તેમને અહીં મૂકી તરત જ ચાલી ગઇ. આ બાબતોની તેના મન ઉપર ઉંડી અસર થઈ હતી. પરંતુ તે મુખ પર ન કળાવા દેવા તેણે પ્રયત્ન કર્યો. વળી જે કાર્ય માટે તે અહીં આવી હતી, તેને પાર ઉતારવાની તેને વધુ ચીવટ હતી. તે એમ પણ જાણતી હતી કે તેનું કાર્ય રાજા અને રાણીને અણગમતું થઈ પડે એવું હતું, અને તેથી તેઓ રાજ્યનાં અણગમતાં અતિથિ બન્યાં હતાં એટલે સન્માનના પ્રશ્નને ગૌણ કરી, તે દિવાન સાથે વધુ મહત્ત્વની ચર્ચામાં ઉતરી પડી.

રંગીલી રોઝને તેમની ઝીણવટભરી ચર્ચામાં કંઇ રસ ન પડવાથી, તે દિવાલ પરનાં ચિત્રો, છબીઓ, રોમન પુતળાંઓ, વિજળીની બત્તીનાં ઝુમ્મરો વગેરે વિવિધ સુશોભનો નિરખવા લાગી.

પ્રકરણ ૨ જું

—શઠં પ્રતિ શાઠયમ્

મહેમાનોને તેમના આવાસમાં મૂકી માયાદેવી મંત્રણા-ગૃહમાં આવ્યાં ત્યારે સજ્જનદેવ લમણે હાથ દઈ ગાલીચા પર પડયા હતા. રાણી ત્યાં આવી તેમની સામે જ અવળા પગ નાખી બેઠાં.

'ચિંતા મનુષ્યનુ લોહી ચૂસી જાય છે. સૌનો પાલન-હાર સૌની ચિંતા કરતો બેઠો છે, ત્યારે માનવી ફોગટ ચિંતા શા માટે કરે ? જે દીનદયાળુએ આપણને આ પ્રૌઢ વયે સંતાન આપવાની કૃપા કરી છે, તે પુત્રનું મુખ નહિ દેખાડે ?'

'એ તો કુદરતની માયા છે.' રાજાએ ઉત્તર આપ્યો. 'મને યે આશા તો છે જ કે પિતાની કાળજીથી પોષેલું આ રાજ્ય પરાયાને હાથ નહિ જાય. પ્રતાપ આજે કાવત્રાં કરી રહ્યો છે. ન કરે નારાયણ અને જો તમને પુત્રી અવતરે તો આ મારી લીલી વાડી પ્રતાપને હાથ જવાની, જે આજે મારો નિષ્કારણ વૈરી બની બેઠો છે અને મારું મૃત્યુ ઈચ્છી રહ્યો છે!' બોલતાં બોલતાં રાજાની આંખ રકતવર્ણી બની ગઈ.

રાજા સજ્જનદેવે પ્રૌઢ વયે પહોંચતાં સુધી પોતાને સંતાન ન થવા છતાં આજ સુધી કદી બીજું લગ્ન કરવાનો વિચાર સરખો યે કર્યો નહોતો. રાણી માયાદેવીએ જાતે તેમને કેટલીક વાર વિનતિ કરી હતી કે 'રાજકુળમાં અનેક પત્નીઓ કરવાની રસમ સામાન્ય છે. તમારે તો સંતાનને અભાવે જ

ફરી લગ્ન કરવાનું છે ને? એમાં શું ખોટું છે? રાજગાદીનો કોઈ વારસ તો જોઇશે ને?'

પણ રાજાએ તેની એ વિનતિનો સ્વીકાર કરવાનું કદી ઉચિત ધાર્યું નહોતું. અને તેથી જ રાજકુટુંબોમાં ભાગ્યે જ હોય છે એવી સ્નેહગાંઠ આ રાજદંપતી વચ્ચે બંધાયલી આજ સુધી અતૂટ રહી હતી. આશાના દોર પર બન્ને જીવન વિતાવી રહ્યાં હતાં.

સજ્જનદેવના ભત્રીજા પ્રતાપકુમારની રાજ્ય પર નજર મંડાઇ હતી. એક તો તેના પિતાને સજ્જનદેવ સાથે જૂનું વેર; બીજું, પ્રતાપ મદિરા અને માનુનીનો પરમ ભક્ત એટલે સજ્જન સજ્જનદેવને મન રાજગાદી માટે નાલાયક; ત્રીજું, કાકાનો જીવ લેવાનું તે કાવત્રું કરી રહ્યો હતો; અને ચોથું, છોટા લાટ સાહેબના રાજકીય ખાતાં પાસે સજ્જનદેવ વિરુદ્ધ ખોટી ફરિયાદો તે નોંધાવતો જતો હતો. આ સ્થિતિમાં પ્રતાપને રાજ્યલક્ષ્મી અને સમૃદ્ધ પ્રજા સોંપવાની રાજાની જરા પણ ઇચ્છા નહોતી.

એવામાં દૈવયોગે તેમની આશા ફળવાનું ચિહ્ન દેખાયું. રાણી માયાદેવી પ્રૌઢ વયે ગર્ભવતી થયાં.

પ્રતાપની આશા ઉપર અંધકાર ફરી વળતો લાગ્યો. એ અંધકારને દૂર કરવા તે લાટ સાહેબના રાજકીય પ્રતિનિધિને જાતે મળ્યો અને રાણીના પ્રસવ સમયે પાકો બંદોબસ્ત કરવાની માગણી કરી. સાહેબે એની માગણી સહર્ષ સ્વીકારી, અને રાણીના પ્રસવ સમય પહેલાં પોતાની સ્ત્રી એલિસ અને સ્ત્રી-તબીબ કુ. રોઝને કેટલીક સૂચના આપી કંચનપુર મોકલ્યાં.

શ્રીમતી એલિસ કુ. રોઝ સાથે કંચનપુર આવતાં

દિવાન નિહારેન્દુ ઠાકુર તેમનું સ્વાગત કરવા સ્ટેશને આવ્યા હતા. પ્રતાપ પણ આવ્યો હતો. દિવાને એમનું યોગ્ય સ્વાગત તો કર્યું; પણ પ્રતાપનું સ્વાગત એથી વધ્યું. એણે તો ફુલોથી ગુંથેલી સોનાની સાંકળી મડમ સાહેબના ગળામાં પહેરાવી. એના ફુલના ગજરામાં પણ સોના રુપાનાં ફુલો ગુંથ્યા હતા.

ચકોર દિવાન આ ઉઘાડી ખૂશામતથી ચમકી ગયો, અને એ વખતે તો ગમ ખાઇ ગયો. પણ પછી તરત જ મહેમાનોને રવાના કરી, તે સીધો ઝવેરી બજારમાં જઇ પહોંચ્યો અને પ્રતાપની ભેટને ઝાંખી પાડે તેવો હીરાનો હાર લઇ રાજમહેલે આવી પહોંચ્યો; અને શ્રીમતી એલિસનો રોષ પળવારમાં ઉતારી નાખી એનું મન રંજન કર્યું.

'ખાસ આપને માટે બાપુએ આ ભેટ તૈયાર કરાવી છે. તે આપને સ્ટેશન પર આપી આપની પ્રતિષ્ઠા ઘટાડવાનું યોગ્ય ન લાગ્યું.' દિવાને ભેટ એલિસ સમક્ષ ધરતાં પ્રતાપના કૃત્યને પરોક્ષ રીતે વખોડયું. એલિસને પણ હવે લાગ્યું કે પ્રતાપનું કૃત્ય વ્યાજબી તો નહોતું.

જે સમયે દિવાન એલિસ સાથે વાત કરી રહ્યા હતા, તે જ સમયે માયાદેવી રોષિત બની રાજા સાથે ચર્ચા કરી રહ્યાં હતાં.

'આપને એમ નથી લાગતું કે પ્રતાપની સામે આપણે પણ પ્રપંચ રમવા જોઇએ ?'

'પ્રપંચ! જાતે જન્મારે એ કૃત્ય?'

'આપ જ કહો ને, બીજો કોઇ માર્ગ છે?' રાણીએ પ્રશ્ન કર્યો.

'બીજો કોઇ નીતિનો માર્ગ તો નથી!' રાજાએ ઉત્તર આપ્યો.

'દેવ! દગાની સામે દગો, પ્રપંચની સામે પ્રપંચ, એ અનીતિ નથી. એ તો રાજ્યનીતિ છે. શઠં પ્રતિ શાઠ્યમ્. એ તો રાજધર્મ છે, દેવ! એમાં શું ?'

'હેં ?' રાજા વિસ્મય પામ્યા હોય એમ તેની સામે તાકી રહ્યા. 'રાણી! આ રાજ્યનીતિ ક્યાંથી શીખ્યાં ?'

'પ્રસંગે શીખડાવી.'

'પણ મને એ નહિ આવડે!'

'તો એ કામ નિહાર બાબુને સોંપો.એમની મુસદ્દીગીરીમાં મને શ્રદ્ધા છે.' રાણીએ કહ્યું.

ચોવીસ પચ્ચીસ વર્ષના નિર્દોષ રાજ્ય વહીવટ પછી પ્રપંચ કરવાનો આ પહેલો જ પ્રસંગ બન્યો, એટલું રાજાને દુઃખ થયું. પણ રાણીની એ ઇચ્છા હતી. બીજો માર્ગ પણ પોતાને સૂઝતો ન હતો. રાણીનાં વચનો એણે ફરી યાદ કર્યાં : 'શઠં પ્રતિ શાઠ્યમ્. એમાં શું ?'

'અંગ્રેજોએ મૈત્રીને નામે માલીકી આપણા પર ઠોકી બેસાડી. આજે અંગત બાબતોમાં પણ તેઓ માથું મારે છે! ઠેઠ જનાના પર પણ તેમના ખુલ્લા ચોકીપહેરા બેસે! આ નથી સહેવાતું.' રાણી જુસ્સાથી બોલતાં હતાં. 'એમને એક વાર બતાવી દેવું કે દેશી રાજ્યોએ ક્ષત્રીવટ ખોઈ છે, પણ મુસદ્દીગીરી નથી ખોઇ. મડમો પણ જાણે કે રાણીવાસમાં હાથ ઘાલવો તે સ્હેલો નથી!'

રજપૂતાણીની વીરતાભરી વાણીથી ઉત્તેજીત બનીને સજ્જનદેવે કહ્યું : 'ભલે, નિહારબાબુને સમજાવીશ.'

'નિહાર બાબુ પણ રાજ્યનીતિ જાણે છે. એની રગેરગમાં બંગાળનો જુસ્સો ભર્યો છે. એ તમારૂં જરૂર માનશે.

જરા મક્કમપણે એક વખત દાવ ફેંકી જુઓ. ઢીલા થઈ હાથ જોડી બેસી રહેશો, તો વધુ સહન કરવું પડશે અને વધુ ને વધુ દબાતા જશો.'

રાણી બોલી રહ્યાં, ત્યાં દિવાન નિહાર બાબુએ મંત્રણાગૃહમાં પ્રવેશ કર્યો. રાણી તેમનાં વંદન સ્વીકારી અંદરના આવાસમાં ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૩ જું

— એમાં શું ?

જ્યારે નિહાર બાબુના પિતા વિમલેન્દુ ઠાકુર પોતાની કલકત્તાની પેઢીની શાખા ખોલવા મુંબઇ આવ્યા, અને ત્યાર પછી મુંબઇને જ પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું ત્યારે નિહારેન્દુનું વય ચારેક વર્ષનું હતું. આ ચાર વર્ષ જ તેમણે પોતાના વતનમાં ગાળ્યાં હતાં બાકીનું જીવન તેમણે મુંબઇ અને ગૂજરાતમાં જ પસાર કર્યું.

વિમલ બાબુને ત્યાં વેપાર અર્થે ગૂજરાત કાઠિયાવાડના વ્યાપારીઓ આવી રહેતા. ગૂજરાતના વ્યાપારીઓની સાહસિકતા અને દક્ષતા પર તેઓ મુગ્ધ બન્યા હતા. આ વ્યાપારીઓ દેશી રાજ્યોના રાજપુરૂષો અને અમલદારો સાથે પણ સંબંધ રાખતા, અને મુંબઈ આવેલા અમલદારો એમને મળવા વિમલ બાબુને ત્યાં આવતા. વિમલ બાબુ વ્યાપારી હોવા છતાં એમને રાજકારણનો ઉંડો શોખ હતો. તેઓએ કદી રાજદ્વારી ચળવળમાં ભાગ લીધો નહોતો; પણ રાજકારણના અભ્યાસને લીધે તેઓ અંગ્રેજીમાં જેને ‘આર્મચેર પોલિટિશ્યન’ કહે છે તેવા વાતોડિયા રાજકારણી પુરુષ હતા. રાજકારણ સંબંધે તેમના ચોકકસ વિચારો બંધાએલા હતા. એટલે ઘણીવાર આ અમલદારો સાથે તેઓ રાજકીય વિષય પર ચર્ચા ચલાવતા. નાનો નિહાર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતો ત્યારથી જ આ ચર્ચા-

ઓમાં રસ લેતો થઈ ગયો.

વિમલ બાબુની ઈચ્છા નિહારને ધારાશાસ્ત્રી બનાવવાની હતી. વકીલનું સ્થાન સમાજમાં ઉંચું ગણાય; વકીલની કમાણી પણ મોટી; વકીલ સારામાં સારી ચર્ચા અને ભાષણો કરી શકે; રાજકારણમાં એની કિંમત વધારે; આ ગણત્રીથી વિમલ બાબુએ નિહારને કેળવણી આપી. મેટ્રીક પછી મહાશાળામાં મોકલી એલ. એલ. બી. બનાવ્યો અને બેરીસ્ટર થવા વિલાયત મોકલ્યો.

પણ નિહાર વિલાયતથી પાછો ફર્યો તે પહેલાં એના પિતાનું અવસાન થયું. મુંબઈ આવી એણે જોયું તો એના પિતાના મારવાડી ભાગીદારે વ્યાપારનો બધો કાબુ હસ્તગત કર્યો હતો. વ્યાપારમાં તો નિહારને પહેલેથી જ રસ નહોતો. હવે બેરીસ્ટર થયા પછી વ્યાપાર હાથ ધરવાનું યોગ્ય પણ નહોતું. એટલે મન્નાલાલ શેઠ સાથે અથડામણમાં આવ્યા સિવાય તે ભાગીદારીમાંથી છુટો થયો. વાલકેશ્વર પરનો બંગલો પણ મન્નાલાલ શેઠને વેચી નાખ્યો, અને વિધવા માતાને લઈ કલકત્તા આવ્યો.

માતાની ઈચ્છા મુજબ પિતાની ઉત્તરક્રિયા પતાવી ધંધામાં પડવાનો તેણે પ્રયાસ કર્યો. સારા લત્તામાં કચેરી ભાડે લઈ વકાલતનું કામ શરૂ કર્યું. પણ લાગવગ અને ઓળખાણના અભાવે તેને મુશ્કેલી પડવા માંડી. તેણે મુંબઇ પાછા ફરવાનો વિચાર પણ કર્યો; પરંતુ માતા પુત્રના વેવીશાળની તૈયારીમાં હતી. છેવટે લગ્ન પછી તે મુંબઇ આવી રહ્યો.

મુંબઇમાં તેના પિતાના મિત્રોના જુના પરિચયો

તાજા થયા. અને એ અમલદાર મિત્રોએ એને દેશી રાજ્યની નોકરી સ્વીકારવા સૂચના' કરી. ઘણી આનાકાની પછી એમણે એ સૂચના સ્વીકારી અને વકાલત પડતી મૂકી એ કંચનપુરના વડા ન્યાયમૂર્તિ બન્યા.

પાંચેક વર્ષ પછી એની માતાના અવસાન સમાચાર કલકત્તાથી આવ્યા ત્યારે તેઓ કંચનપુરના દિવાનપદે પહોંચ્યા હતા.

નિહાર બાબુનું કાયદાનું જ્ઞાન અગાધ હતું. ન્યાયાધીશ તરીકેની તેમની કુશળતા અને પ્રમાણિકતા જેટલાં પ્રશંસનીય બન્યાં હતાં, તેથી વધુ પ્રશંસનીય દિવાનપદે આવ્યા પછી તેમનો રાજ્યવહીવટ બન્યો. તેમની શુદ્ધ મુસદ્દીગીરી આખા પ્રાંતમાં જાણીતી હતી. નિહાર બાબુ કહેતા કે 'છળ પ્રપંચ એ તો મુસદ્દીગીરીનું વિકૃત સ્વરૂપ છે. સાચી મુસદ્દીગીરી કોઈનું અહિત ન થવા દેતાં કુશળતાપૂર્વક લાભ અપાવવામાં છે.' પોતાની માન્યતાના સમર્થનમાં દ્રષ્ટાંત તરીકે તેઓ 'સાપ મરે નહિ અને લાઠી ભાંગે નહિ' એ ગૂજરાતી કહેવત ટાંકતા

હજુ ગયે વર્ષે જ તેમનાં પત્ની વિધુરાણીદેવી એક પરિણીતા પુત્રી અને બે વર્ષનો બાળક તારાનાથને મૂકી અવસાન પામ્યાં. આ બનાવથી નિહારબાબુનું મન રાજકાર્યથી વિરક્ત બનતું જતું હતું. તેમના અંતરમાં વૈરાગ્યભાવ ઉભરાતો જતો હતો. કમાવાની તેમને જરૂર નહોતી. સતા, વૈભવ, સમૃદ્ધિ, પ્રેમ, સંસારનાં બધાં ભૌતિક સુખો એ અનુભવી ચૂકયા હતા. માત્ર તારાનાથની નાની ઉમરને લીધે જ તેઓ સંન્યાસી થઈ શકયા નહિ.

રાજા અને રાણીનો તેમના પ્રત્યે અજબ વિશ્વાસ હતો. તેઓ એમને સાચા મિત્ર અને સલાહકાર ગણતા. ગમે ત્યારે રાણીવાસમાં આવવાની પણ તેમને છૂટ હતી.

રાજા સજ્જનદેવ ગાદીએ બેઠા ત્યારથી જ નિહાર બાણુની નોકરી શરૂ થઈ હતી. પચ્ચીસ-છવ્વીસ વર્ષની એકધારી નોકરી તેમણે આ રાજ્યમાં કરી. માયાદેવી પરણીને આવ્યાં તેને બીજે જ વર્ષે તેઓ દિવાન બન્યા.

રાજપૂત રાજકુળનો એવો નિયમ છે કે સામાન્ય રીતે દરબાર પોતે પરણવા ન જતાં ખાંડુ મોકલે. સજ્જન-દેવનું પણ એમ જ થયું. ખાંડું મોકલાયું, અને જાન પાછી આવી. બાકીની લગ્નક્રિયા નિહાર બાણુને ત્યાં થઇ. સજ્જન-દેવને વિધુરાણીએ પોંખ્યા. ત્યારથી રાજા અને દિવાન વચ્ચે કૌટુંબિક સ્નેહ સંબંધ બંધાયો અને બન્નેએ તેને પોષ્યો. વિધુરાણીએ દરબારનો સંકોચ ગણ્યો નહોતો, અને માયાદેવીએ નિહાર બાણુનો સંકોચ રાખ્યો નહોતો. આવો નિર્મળ પ્રેમ બન્ને કુટુંબો વચ્ચે બંધાયો હતો. વિધુરાણી દેવીના અવસાન વખતે રાજા અને રાણી ધ્રુસકે ધ્રુસકે રડયાં હતાં.

પ્રજામાં પણ નિહાર બાણુનું માન ઘણું હતું. માત્ર માન નહિ પણ પ્રેમ અને વિશ્વાસ હતો. સૌ એમની સલાહ માગતા. રાજા અને પ્રજા પાસે એ ' નિહાર બાણુ' જ રહ્યા હતા. કોઈ એને ' દિવાન સાહેબ ' નું અધિકારનામ લઇ સંબોધતા નહિ.

' કેમ, બાપુ ! દેવી કંઇ ઉપદેશ આપતાં હતાં ? ' મંત્રણાગૃહમાં પ્રવેશ કરતાં નિહાર બાણુએ સજ્જનદેવને

પૂછ્યું. તેમણે પ્રવેશ કર્યો ત્યારે રાણીના છેલ્લા અસ્પષ્ટ શબ્દો એમણે સાંભળ્યા હતા.

'હા. મને સલાહ આપતાં હતાં.'

'સલાહ ? ઘરકામમાં કે રાજકાર્યમાં ?'

'બન્નેમાં. બેસો, નિહાર બાબુ !' રાજાએ કહ્યું. નિહાર બાબુ ગાલીચા પર બેઠા.

'ચિંતા શા માટે કરે છે ? ઈશ્વરે ધાર્યું હશે તે થશે.' નિહાર બાબુ બોલ્યા.

'દેવીને ઇશ્વર પરથી વિશ્વાસ ઊઠી ગયો છે. પ્રતાપના પ્રપંચથી એ ત્રાસી ઉઠયાં છે.'

'અને હું કયાં ઓછો ત્રાસી ગયો છું ? એને તો ઇશ્વર પણ ન પહોંચે. આજે તો એ સ્ટેશને આવ્યો હતો.'

'હેં ?' રાજાએ આશ્ચર્ય વ્યકત કરી પૂછ્યું.

'આવ્યો તો ખરો, પણ ત્યાં જ જાહેરમાં મડમને સોનાની સાંકળી ભેટ આપી.'

'ભારે કરી !' રાજાએ નિઃશ્વાસ મૂકયો.

'કંઇ ચિંતા નહિ. એનું કર્યું મેં ધૂળ મેળવ્યું છે. સોનાને બદલે હું હીરાનો હાર આપી આવ્યો છું.'

સજ્જનદેવ સાંભળી રહ્યા. રાણીના શબ્દો એને યાદ આવ્યા : 'શું આ પણ રાજનીતિ ?' તેના મનમાં એક વિચાર સ્ફુરી આવ્યો.

સજ્જનદેવને ચૂપ રહેલા જોઈ નિહાર બાબુ બોલ્યા : 'શું વિચારો છો, બાપુ ?'

'વિચાર તો એ કરી રહ્યો છું, નિહાર બાબુ ! કે કદી નહિ ને આજે તમે આ લાલચ આપવાનો

માર્ગ કેમ સ્વીકાર્યો ?'

'કારણ કે બીજા બધા માર્ગો બંધ થઇ ગયા હતા. સામાન્ય સંજોગોમાં કદી ન ભરું એવું પગલું અસામાન્ય સંજોગોમાં ભરવું પડયું. માનવીની ભલાઈ માનવી જ છોડાવે છે ના ?'

'પણ આ લાલચ આપ્યા પછી પણ દેવીને જો પુત્રી અવતરે તો એ લાલચ શા કામની? પ્રતાપ એને વધુ લાલચ આપી નહિ શકે ?'

'બાપુ ! મેં મડમને ભોળવીને જુઠાણું કરવા લાલચ નથી આપી. મેં તો એટલા માટે એ પગલું ભર્યું છે કે દેવીને પુત્ર અવતરે તો પણ પ્રતાપ કંઇ લાલચ આપી વિઘ્ન ઉભું ન કરી શકે. જો કે પ્રતાપ આથી વધુ લાલચ આપી શકે એવી એની શકિત રહી નથી.'

'એટલે જો દેવીને પુત્ર ન અવતરે તો રાજ્ય પ્રતાપને હાથ જ જાય ને ?' રાજાએ નિરાશ વદને પૂછ્યું.

'હા. એનો એ કાયદેસરનો હકક છે.'

'અને ખટપટ કરવાનો, મારું અહિત કરવાનો એને કયો હકક છે ?'

'દુષ્ટ સામે કંઇ દુષ્ટ થવાય છે ?'

'કેમ ન થવાય, નિહાર બાબુ ! પ્રતાપની ખટપટ સામે આપ હારી બેસો એ જ તમારી મુસદ્દગીરી ?'

'હા, એ તો હું વર્ષોથી માનતો આવ્યો છું. સાચી મુસદ્દીગીરીમાં પ્રપંચને સ્થાન ન હોય. એમાં દુષ્ટ સામે દુષ્ટતા ન હોય !'

'એમ કરશો, નિહારબાબુ ! તો મારા રાજ્યની શી

દશા થશે ? મારું મોત પણ બગડશે. અને દેવી જીવતી રહેશે તો પ્રતાપની દાસી થશે. નિહારબાણુ ! આનો કાંઈ ઉપાય નથી ?'

'તમારી બધી વાત સાચી છે, બાપુ ! પણ બીજો ઉપાય પણ શો ? તમે જ કહો ને ?'

"કોઈ પણ માર્ગે—નિહારબાણુ ! એને પ્રપંચ કહો તો પ્રપ્રંચને માર્ગે પણ પ્રતાપને અટકાવવો જોઈએ. એની આશા બર આવવી ન જોઈએ ! એણે આજે મારા પર-મારી રાણી પર ચોકી બેસાડી છે ! સ્વાર્થ ખાતર ઘરના કજિયામાં બહારનાને સંડોવ્યા છે. બાણુ ! બાણુ ! હું એ સહન નથી કરી શકતો !'

'સત્યનો માર્ગ ચૂકાય ! બાપુ !' નિહાર બાણુ રાજાની બદલાયલી વૃત્તિ જોઈ આશ્ચર્ય પામ્યા હતા.

'એ સત્ય હોય કે અસત્ય—પણ એ જ સાચી રાજનીતિ છે. મડમને હાર આપવો એ એક રાજનીતિ છે; પુત્રી અવતરે તો એને બદલે પુત્ર મૂકી દેવો, એ બીજી રાજનીતિ છે, નિહાર બાણુ ! મારું આ એક જ વેણ રાખો ! આ એક જ માગણી પૂર્ણ કરો ! બાણુ ! એમાં મારું અને પ્રજાનું કલ્યાણ છે. તમે ધારો છો, પ્રતાપ મારી પ્રજાને સુખ આપી શકે ?'

'બાપુ ! તમારી વાત સાચી છે કે પ્રતાપને હાથ ગાદી જાય તો પ્રજાની પાયમાલીના ગણેશ બેસી જાય. રાજ્યલક્ષ્મી દારુ અને વિલાસમાં વેડફાઈ જાય. પણ મારા હાથે કદી નહિ અને આજે પ્રપંચ ખેલાય ? મારા હાથને કલંક બેસે !'

'એકજ વાર, નિહાર બાબુ ! એક જ વાર મારૂં વેણુ માનો ! એ પણ રાજનીતિ છે, બાબુ ! એમાં શું ?'

રાણીની પ્રેરણાથી જાણે રાજા દોરાતો હતો !

'એમાં શું ?' દિવાને પ્રશ્ન કર્યો. 'એક ડગલું મૂકાય એટલે બીજું પણ મૂકવું પડે ! અને એમ એ રીતે 'એમાં શું ?', 'એમાં શું ?'કરતા જઇએ તો ક્યાં જઈ પહોંચાશે ? બાપુ !' રાજાનો ખભો હલાવીને દિવાને પૂછ્યું.

'માત્ર એક જ પગલું ! નિહાર બાબુ ! વચન આપું છું કે ફરી આપને નહિ કહું !'

રાજાના શબ્દો પર નિહાર બાબુ વિચાર કરી રહ્યા. રાજાનું વેણુ ઠેલવું એને માટે આકરું થઈ પડયું. રાજાનો સ્નેહ, રાણીની ઇચ્છા, પ્રજાનું કલ્યાણુ, પાપીને દંડ, અવિશ્વાસનો બદલો એક જ પગલે એ બધું થઇ શકે ! કેટલીક વારે એ બોલ્યા:

'સારું ! બાપુ ! આપના વચન ખાતર જીવનમાં આ એક રમત રમી લઇશ ! આ આખરી દાવ ખેલી લઇશ. આપ નિશ્ચિંત રહેજો !' કહી નિહાર બાબુ જવા માટે ઉઠયા.

પ્રકરણ ૪ થું

– આગ લાગી

આ પછી થોડે દિવસે એક રાત્રે કંચનપુરમાં આગ લાગી.

આગ ઘણી ભયંકર હતી. શહેર બહાર ઘાસની ગંજીઓ સળગી રહી હતી. આગના ભડકાની ભયાનક શિખાઓ આકાશને રંગી રહી હતી. વચ્ચે વચ્ચે કડાકા ભડાકા થતા હતા. શહેર આખામાં હાહાકાર થઇ ગયો.

આગનો ઘંટ શરુ થયો. ભયસૂચક પાવો વાગવા લાગ્યો. લોકોનાં ટોળાં ગામ બહાર ધસવા લાગ્યાં.

મહેલમાં મડમો હજુ સૂતી નહોતી. તેમણે ઘંટના ટકોરા સાંભળ્યા. પાવાનો અવાજ સાંભળ્યો. લોકોના ઉદ્‌ગારોને ઘોંઘાટ રુપે સાંભળ્યા. આકાશમાં ધૂમાડાના ગોટ ચઢતા જોયા.

એવામાં દાસી શોભના ત્યાં આવી પહોંચી. રોઝે પૂછ્યું : ‘દાસી ! આ શું છે ? ’

‘આગ લાગી છે--ભયંકર આગ ! ’ ગભરામણમાં હોય એમ દાસી બોલી.

‘ કયાં ? ’

‘ અહીં. થોડે દૂર. ’

‘કોઇનાં મકાન સળગ્યાં હશે.’

'ના, જી. ઘાસની ગંજીઓ સળગી છે. કોઇ કહે છે, દારુખાનું સળગ્યું છે.'

'દારૂખાનું ?'

'હા, જી. જુઓ ને, કેવા કડાકા થાય છે !'

'શું કહે છે એ ?' બન્નેની વાતચીત સમજી ન શકતાં એલિસે રોઝને અંગ્રેજીમાં પૂછ્યું.

'કહે છે, ઘાસની ગંજી સળગી છે. કોઇ કહે છે, દારૂખાનું સળગ્યું છે.' રોઝે એલિસને અંગ્રેજીમાં કહ્યું.

'સાહેબ, ઉપર ચાલો. ઉપરથી સરસ દેખાય છે.' શોભના વચ્ચે બોલી; અને પાસેની સીડી પર ચડવા લાગી. મડમો પણ તેમની પાછળ ગઈ. બધાં ઉપર અગાસીમાં આવ્યાં.

આગના ભડકા ત્યાંથી દેખાતા હતા. શિખાઓ વધુ ઉંચે ચડતી હતી અને તેજસ્વી બનતી જતી હતી. લાલ, પીળી જવાળાઓ ધજાની પેઠે ફરકતી ઉંચે ઉડતી હતી. કડાકા ભડાકા ચાલુ હતા. લોકો શેરીઓમાં દોડાદોડી કરતા હતા.

'દારૂખાનું સળગ્યું છે, નહિ ?' રોઝે ફરીથી શોભનાને પ્રશ્ન કર્યો.

'હા, જી. દારૂખાનું જ હશે ! કદાચ પેટ્રોલ સળગ્યું હોય ! જોઈએ તો ખબર પડે !'

બન્ને મડમો ભડકા જોવા લાગી.

'પાસે જ લાગે છે નહિ ?' રોઝે એલિસને પૂછ્યું.

'એ તો એમ લાગે. પણ ઘણે દૂર હશે.' એલિસે કહ્યું. એને લાગ્યું કે રોઝની કુતુહલતા રોકવી જોઈએ.

'સાહેબ! જોવા જવું છે?' શોભનાએ પૂછ્યું. 'લિજ્જત પડે એવું છે મૉટર મંગાવું?' જવાબની રાહ જોયા વિના શોભના નીચે ઉતરી.

'કેમ! જઈશું ને?' દાસીના ગયા પછી તેની પાછળ પગથિયાં ઉતરતાં રોઝે એલિસને પૂછ્યું.

'આજે ન જવાય.' એલિસે ધીમે અવાજે કહ્યું. 'પાછળથી પ્રસૂતિ આવી જાય તો!'

'તે દિવસે તળાવ જોવા જવું હતું, ત્યારે પણ તમે એમ જ કહ્યું હતું; અને પાછળથી કંઇ જ બન્યું નહિ.' રોઝે બાળક જેવી દલીલ કરી હોય એમ એલિસને લાગ્યું. એણે પગથિયાં ઉતરતાં કહ્યું: 'હવે પ્રસૂતિને ઝાઝી વાર નથી. ઘણું કરીને આ રાતમાં જ.........................'

'કેમ જાણ્યું તમે?' વચ્ચે રોઝ બોલી. 'એવાં કશાં ચિહ્નો દેખાતાં નથી. બે ત્રણ દિવસ હજુ નીકળી જશે. હું કહું છું ને?' રોઝે 'હું' શબ્દ પર ભાર દઇને કહ્યું: તબીબી જ્ઞાનનો ગર્વ તેના મુખ પર જોઈ શકાતો હતો.

'પણ કદાચ એવું બન્યું, તો એનાં ગંભીર પરિણામ......' એલિસ બોલતી હતી, તેને અટકાવી રોઝે કહ્યું: 'તમે નાહક ભય દર્શાવો છો. ચાલો, ચાલો. આવી તક ફરી નહિ મળે.' રોઝની જિજ્ઞાસાવૃત્તિ ખૂબ સતેજ થઇ હતી.

'મારું મન નથી માનતું.' પગથિયાં ઉતરી ઓરડામાં જતાં એલિસે કહ્યું. એને પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ હતો. એટલે એ આજે મહેલ છોડવા બિલકુલ તૈયાર નહોતી. 'રોઝ! તું ભૂલ કરે છે.'

'પાંચ–દસ પળમાં શું ખાટું મોળું થઈ જાય છે, એલિસ! તમે તો ભારે બીકણાં!' રોઝે જીદ લીધી. એ આ તક જતી કરવા માગતી નહોતી. 'બસ, પાંચ જ પળ! ના પાડશો નહિ.' એલિસનો હાથ પકડી લાડ કરતી હોય તેમ રોઝે એલિસના મોઢા આડો હાથ ધર્યો.

આખરે રોઝ જીતી. એલિસે સચિંત મને નમતું મૂકયું.

શોભના આવી પહોંચી: 'મૉટર નીચે તૈયાર રાખી છે.' કહી તે એલિસ સામે જોઈ રહી.

'આપણા માણસને કહેતા જઈએ, કે જરૂર પડે તો ખબર આપે.' રોઝ બોલી. એ વધુ ન બોલે એ માટે એલિસે સિસકારો કર્યો.

'એ અંગ્રેજી નથી જાણતી.' રોઝે સિસકારાનો અર્થ સમજી જઈ જવાબ આપ્યો. પણ એલિસ શોભનાનો વિશ્વાસ કરવા તૈયાર નહોતી. એણે શોભનાને કહ્યું: 'અમારા માણસને અહીં મોકલ!'

શોભના તેના સામે ટગર ટગર જોતી ઉભી; એ જોઈને રોઝે જાણ્યું કે એલિસે અંગ્રેજીમાં બોલવાની ફરી ભૂલ કરી હતી. તેણે એ સુધારી ગૂજરાતીમાં કહ્યું: 'અમારા નોકરને મોકલ.'

શોભના ગઈ; જતાં જતાં તેનું મુખ મલકતું જતું હતું. નોકર આવ્યો તે પહેલાં બન્નેએ ઉતાવળે બહાર જવાની તૈયારી કરી લીધી, અને પ્રસૂતિનો વખત આવે તો તરત ખબર પહોંચાડવા, અને ત્યાં સુધી પ્રસૂતિગૃહની બાજુના ઓરડામાં જાગતા બેસી રહેવાની નોકરને સૂચના આપી બન્ને આગ જોવા ઉપડી ગઈ.

શોભના મંત્રણાગૃહના પાછળના ઓરડામાં દોડી જઈ નિહાર બાબુને મળી. સમાચાર કહ્યા : ' આખરે મોટી મડમે રોઝની જીદને વશ થઈને નમતું મૂક્યું અને બન્ને આગ જોવા ઉપડી ગઈ છે. તેમના નોકરને સૂચના આપીને પ્રસૂતિગૃહની બાજુના ઓરડામાં બેસાડયો છે: એનું શું કરશું ?' સચિંત હૃદયે શોભનાએ પૂછયું.

' એની ચિંતા કરવાની તારે જરૂર નથી. બને ત્યાં સુધી એને રોકી રાખજે. બાકી હું સંભાળી લઈશ.' કહી નિહાર બાબુ ઉભા થયા. ' હા, એક ગાડી મગાવજે તો !' એમણે શોભનાને કહ્યું.

શોભના મોટર લેવા ગઈ.

પ્રકરણ ૫ મું

—નિહાર બાબુની યોજના

નિહાર બાબુએ બિછાવેલી જાળમાં બન્ને માછલીઓ આબાદ સપડાઇ.

આગ લગાડવામાં આવી હતી તે જગ્યા રાજમહેલથી બે માઇલ દૂર હતી. પણ દોડતી મૉટરને શી વાર લાગે?

મૉટર આવીને ઉભી રહી. દિવાને કરેલી ગોઠવણ મુજબ પાસેના ઉપાહારગૃહમાં બન્ને સ્ત્રીઓને લઈ જવામાં આવી. તેની અગાશી ઉપરથી આગનું દ્રશ્ય સરસ રીતે દેખાતું હતું.

અગાશી ઉપર આસનો ગોઠવાઇ ગયાં હતાં. વિજળીક રોશની અને પંખાની સગવડ પૂરી પાડવામાં આવી હતી. બન્ને સ્ત્રીઓ રસપૂર્વક આગ નિહાળતી ત્યાં બેઠી.

આગની યોજના તૈયાર કરનારે પણ જોનારને રસ પડે એવી તરકીબો ગોઠવી જ હતી. ઘાસની ગંજીઓમાં દારૂખાનું ગોઠવ્યું હતું, તેના કડાકા ભડાકા ચાલુ હતા. દારૂખાનાની વિવિધ રમતો ફૂટયે જતી હતી. બીજી બાજુ બંબાઓ આગ હોલવવાના ખોટા પ્રયત્નો કરી રહ્યા હતા.

એવામાં નિહાર બાબુ આવી પહોંચ્યા અને મડમોને સોબત આપી. 'જોયું ને, મડમ સાહેબ! ગંજીવાળા મૂર્ખાએ ઘાસ પાસે દારૂખાનું ભર્યું હતું. કહે છે કે કોઇનું ચોરીને

સંતાડયું હતું.' દિવાને હસીને કહ્યું. 'આવી ચોરી ક્યાં સુધી છૂપી રહે? ઘાસ ગયું, ને દારૂ એ ગયો!'

બન્નેને જોવામાં ભારે રસ પડતો હતો, અને નિહાર બાબુ પણ વાતો કર્યે જતા હતા. એમ લગભગ અર્ધો–પોણો કલાક વહી ગયો. રોઝ તો નિરાંતે બેઠી હતી, પણ એલિસને ચિંતા થવા લાગી. તેણે કાંડા ઘડિયાળમાં જોઇને કહ્યું, 'હવે જઇએ.'

'બેસો ને! કેવું સુંદર! જુઓ' જુઓ! ઉંચે કાતળી ચઢી! અહા! હા! પેલા તારાઓ કેવા રંગબેરંગી! જાણે આકાશમાંથી ફુલડાં ખરે છે! મને તો ઉઠવું નથી ગમતું!' રોઝે કહ્યું. એ તો આખા જગતને જાણે ભૂલી ગઇ હોય એવી તલ્લીન બની ગઇ હતી.

'હા, બેસો ને! પાંચ પળ વધારે!' રોઝના સૂરમાં સૂર મિલાવીને દિવાને કહ્યું.

'પણ મને તો ઉંઘ આવે છે.' એલિસે બહાનું કાઢયું. શું કહેવું એ તેને સૂઝયું નહિ. દિવાનની હાજરીમાં રોઝને સમજાવવું પણ શી રીતે?

'જરા કૉફી લ્યો ને? સુસ્તી ઉડી જશે' કહીને દિવાને પાસે ઉભેલા હજુરીઆ સામે જોયું.

'લાવું સાહેબ' કહી હજુરીઓ તૈયારી કરવા ગયો. થોડીવારે ચા–કૉફી આવ્યાં. નાસ્તાની રકાબીઓ પણ એક પછી એક આવવા લાગી. પછી આવ્યાં આઇસ્ક્રીમ, ફળ, સુકો મેવો અને મુખવાસ. એલિસ બિચારી શું કરે? રોઝ અને દિવાન નિરાંતે જમતા હતા. રોઝને તો બે ચાર વાર કાનમાં ફુંક મારી, પણ દિવાનને શું કહેવાય? એ તો વાતો

કરતા નિરાંતે જમતા હતા. એની વાતો યે ખૂટતી નહિ. હંમેશના સંકોચશીલ દિવાન આજે વાતોડિયા કેમ બની ગયા, એ એલિસને સમજાયું નહિ. દિવાન જમતા હોય ત્યાં સુધી ઉઠાય પણુ કેમ? સભ્યતા તો જાળવવી જોઇએ ને?

નાસ્તાએ બીજી પોણી કલાક કાઢી નાખી. મુખવાસ લેવાતો હતો, ત્યાં તેમનો ખાનગી નોકર આવી પહોંચ્યો. એને જોઇ એલિસ સમજી ગઈ. એને ધ્રાસકો પડ્યો.

દિવાનને તો અર્ધી કલાક પહેલાં જ ખબર મળી ગયા હતા. પરંતુ શોભના ન આવે ત્યાં સુધી અહીંથી નીકળવાનું નહોતું. દિવાન એલિસના મુખ પરના ભાવ વાંચી એની મુશ્કેલી સમજી ગયા. એણે કહ્યું : 'કેમ, જઇશું ને?'

'હા જી.' એલિસે કહ્યું અને ઉભી થઈ વાત કરવા નોકર પાસે ગઇ. નોકરે કહ્યું : 'બાળક આવી ગયું.'

'ક્યારે?'

'હમણાં જ.' નોકર જુઠું બોલ્યો. અર્ધી કલાક પહેલાં તો દિવાનને ખબર મળી ચૂક્યા હતા.

'કેમ જાણ્યું તેં?'

'બાજુના ઓરડામાં બાળક રડતું હતું.'

'ઠીક.' કહી એલિસ રોઝ પાસે આવી. રોઝ સાથે દિવાન વાત કરતા હતા : 'નીચે સુંદર ઉપાહારગૃહ છે. જરા જોતા જઇએ. પાંચ પળ વધુ!'

'ચાલો બેન! નીચે ઉપાહારગૃહ જોતાં જઇએ.' રોઝે એલિસને કહ્યું. 'કહે છે, બહુ સુંદર છે!'

એલિસને રોઝ ઉપર રોષ ચડ્યો. 'હા, ચાલો' કહી ચાલતાં ચાલતાં તેને દિવાનથી દૂર લઇ જઈ કાનમાં

કહ્યું : ' તમે કાંઇ સમજો છો કે નહીં ? આ માણસ ખબર લાવ્યો છે કે બાળક તો આવી ગયું ! '

' કેમ જાણ્યું એણે ? '

' રડતાં સાંભળ્યું. ' એલિસે ધીમેથી કહ્યું.

' એ તો કોઇનું બાળક રડતું હશે, તે સાંભળી દોડી આવ્યો હશે ! એનું માનવા હું તૈયાર નથી. અગાઉ પણ બે વખત એણે ખોટા સમાચારો આપી આપણને દોડાવ્યા હતા. એક વખત નાટક અધૂરું મૂકાવ્યું ! બીજી વખત-નદીની સહેલ અટકાવી ! '

બિચારી રોઝને શી ખબર કે દિવાનની જાળમાં સપડાઇને, નોકરે બન્ને વખત ખોટા સમાચાર આપીને પોતા પરનો વિશ્વાસ ગુમાવ્યો હતો !

સાચો વાઘ આવ્યો ત્યારે ' વાઘ આવ્યો ' કહેવાને ટેવાએલા છોકરાનું કોઇએ માન્યું નહોતું.

'આ વખતની સહેલ એ જુઠ્ઠા માણસના કહ્યાથી હું અટકાવવાની નથી.' રોઝે મક્કમતાપૂર્વક કહ્યું.

' ચાલો, ચાલો, ઉપાહારગૃહ જોઇ લઇએ. પછી આપને મોડું થશે. ' દિવાને પાસે આવીને કહ્યું. એમને વધુ ચર્ચા કરતાં અટકાવવાનો પણ તેમનો ઇરાદો હતો તેમને વધુ રોકી રાખવાનો પોતાનો પ્રયાસ કળાય ન જાય તે માટે મોઢેથી ઉતાવળના શબ્દો એ બોલી રહ્યા હતા, જ્યારે વર્ત-નમાં તેઓ ખૂબ ઢીલ કરતા. તેમણે ઉમેર્યું : 'કુ. રોઝ ! તમે જરા ઉતાવળ રાખજો, હાં ! શ્રીમતી એલિસને નિદ્રા આવે છે. ચાલો, ઝટ ચાલો !' કહી તે ઉપહારગૃહમાં જવા સીડીના પગથિયાં ઉતરવા લાગ્યા. પાછળ એલિસ અને રોઝ

આવતાં હતાં.

એલિસને રોઝ પર ગુસ્સો ચડયો હતો, જ્યારે ઉતાવળ કરતા દિવાન પ્રત્યે દિલસે જી ઉભરાઈ હતી.

બધાં નીચે ઉપાહારગૃહમાં આવ્યાં અને એક ઝરૂખામાં બેઠક લીધી. ત્યાં પીણાં તૈયાર હતાં. રંગભૂમિ પર સંગીત અને નૃત્ય ચાલુ જ હતાં.

'સરોવરની સુંદરી'નું આકર્ષક નૃત્ય ચાલતું હતું. સરોવરમાં મોટી પાંદડીવાળું લાલ કમળ ખીલ્યું હતું અને તેમાં લક્ષ્મીજીની ભૂમિકા ભજવતી કન્યા ડોલતી હતી. તેના બે કૃત્રિમ હાથ પણ એટલા નૈસર્ગિક લાગતા હતા, કે જો તે કુદરતી હાથની પેઠે ફક્ત વળાંક લેતા હોય તો કુદરતી કયા અને કૃત્રિમ કયા એ જાણવું મુશ્કેલ થઈ પડે.

સરોવર પર કમળ તરતું હતું અને ધીમે ધીમે ડાબી બાજુએ ખસતું હતું. નૃત્ય મૂક હતું પણ લક્ષ્મીના મુખના ભાવ અબોલ નહોતા. પગ તો કમળમાં હતા એટલે સ્થિર હતા, પણ હાથના કાંડાનો વળાંક મોહક હતો. પશ્ચાદ્ભૂમિનું સંગીત તેમાં મનોરમ ચેતન પૂરતું હતું.

કમળ અને લક્ષ્મી ડાબી બાજુએ અદ્રશ્ય થતાં જમણી બાજુએથી બીજી કન્યકા નીકળી આવી. પ્રેક્ષકોનું લક્ષ ડાબી બાજુએ અદ્રશ્ય થતી લક્ષ્મી તરફ હતું; એટલે જમણી બાજુએથી આ કન્યકા ક્યારે નીકળી આવી તેની કોઈને ખબર પડી નહિ. લીલી ચપોચપ ઈજાર અને તેની સાથે ભળી જાય એવાં લીલાં મોજાં પહેરેલા એના પાતળા પગો, કમળની જળમાં ડોલતી દાંડલી સમા નાચતા હતા. કમરની આસપાસ વિશાળ પાંદડીઓવાળું લાલ કમળ

લગભગ છાતી સુધી આવી રહ્યું હતું. અને છાતી ઉપરનું તેનું ઉત્તમાંગ કમળની વચ્ચેની રકતવર્ણી બિડાયલી કળી જેવું દિસતું હતું. કન્યકાના ગળામાંથી મધુર સ્વર ગુંજી રહ્યો હતો, અને તે વાજીંત્ર સાથે એટલો સુમેળ સાધતો હતો કે તેણે સંગીત શરૂ કર્યું તે પહેલાં ચપળ નિરીક્ષક સિવાય કોઈ તે ગુંજારવને પારખી શકયું નહિ.

જેમ આગ જોવામાં, તેમ નૃત્ય જોવામાં રંગીલી રોઝ તો તલ્લીન બની ગઈ હતી. તેનો સ્વભાવ મોજીલો હતો અને આનંદ, ઉપભોગ, પ્રવાસ, મિજલસો, નાટક, સિનેમા અને મિત્રમંડળીમાં તે લીન બની જતી, ત્યારે ત્રણે કાળનું ભાન તે ભૂલી જતી. આનંદ એટલે નર્યો આનંદ. પછી એમાં વચ્ચે કશી અણગમતી વસ્તુ, ખ્યાલ, ચિંતા કે વિરોધી વાતાવરણ ન જોઈએ, એવો તેનો ખ્યાલ હતો. એ દરમ્યાન ગમે તે ઉથલ પાથલ થઈ જાય એની તે દરકાર ન કરતી.

અધિરી બનેલી એલિસ 'હવે તો થવાનું હોય તે ભલે થાય!' એમ મન વાળી, રોઝના હઠાગ્રહથી બેસી રહી. તેનો જીવ તો રાજમહેલમાં ભમતો હતો, અને શરીર ઉપાહારગૃહમાં હતું: જીવને પણ ઉપાહારગૃહમાં લાવવા માટે તે નિષ્ફળ પ્રયાસો કરી રહી હતી.

એક નૃત્ય પૂરું થતાં શાન્ત બેઠેલી એલિસને રોઝે કહ્યું: 'ચાલો હવે જઈએ.'

'ના, ના. હવે તો ધરાઈને જ જુવો ને!' ચીડમાં એલિસે જવાબ આપ્યો.

'તો આ બેઠી!' કહી રોઝ લાંબી પડી

નિરાંતે બેઠી.

એવામાં પ્રતાપ હાંફળો ફાંફળો ત્યાં આવી પહોંચ્યો અને એલિસના હાથમાં ચિટ્ઠી મૂકી.

ચિટ્ઠી વાંચીને એલિસ સફાળી ઉભી થઇ ગઇ. રોઝ પણ ઉભી થઇ. એલિસે પ્રતાપને પૂછ્યું : 'તમને પૂરી ખાત્રી છે ને ?'

'હા, જી. પૂરી ખાત્રી છે.'

'તમને કહ્યું કોણે ?'

'મહેલમાં મારાં ખાનગી માણસો પણ છે; એમણે ખબર આપ્યા કે પુત્રી અવતરી છે. આપ એકદમ દોડો, નહિતર ગોટાળો થઇ જશે.'

વાત ધીમેથી થતી હતી, પણ તેનો સાર દિવાન સમજી ગયા. તેમણે એલિસની નજીક આવી કહ્યું : 'ચાલો, હવે તો જઇએ જ.'

બધાં બહાર નીકળ્યાં અને દિવાનની મૉટરમાં ગોઠવાયાં. પ્રતાપ પણ બહાર નીકળ્યો અને પોતાની મૉટર આગળ મારી મૂકી.

'શોફર! જરા ઉતાવળ રાખ.' દિવાને શોફરને વચલા શબ્દ પર ભાર મૂકી કહ્યું, અને મોટર ચાલતી થઈ. 'હજી ઉતાવળ! જલદી! એકદમ ઝડપ વધાર! બાઈ સાહેબને ઉંઘ આવે છે!'

શોફર શું કરે ? એક બાજુથી દિવાન ઉતાવળ કરે, અને બીજી બાજુથી એ શોફરને સૂચક ઇસારો કરે! મૉટર ચાલે કેમ ? હજુ શોભના આવી નહોતી!

થોડે દૂર જતાં જ મૉટર રિસાઇ ગઈ. ચાલે જ

નહિ ! દિવાન શોફરને ધમકાવ્યા કરે ! શોફર નીચે ઉતરી પતરું ખેંચી સંચા ફેરવ્યા કરી જહેમત ઉઠાવ્યા કરે, પણ ખોટકો દેખાય જ નહિ ! ક્યાંથી દેખાય ? હજુ શોભના આવી નહોતી !

એલિસ અને રોઝ પણ બહાર નીકળી સંચા તરફ જોવા લાગી. પણ જડ સંચા તો તેમની આ દશા જોઇ હસતા હતા ! એલિસ રોષભર્યે ચહેરે રોઝ સામે જોઇ રહી. જાણે બધો વાંક તેનો જ ન હોય ! રોઝ દિવાન સામે, દિવાન શોફર સામે અને શોફર સંચા સામે જોઈ રહ્યા હતા. તેઓ એવા માર્ગે આવી ચડયા હતા કે જ્યાં બીજું વાહન પણ સહેલાઇથી મળી શકે એમ નહોતું. સરિયામ માર્ગ જરા દૂર રહી જતો હતો. ચાલીને જવા જેટલી તો કોઇને હિંમત નહોતી. મધરાત થવા આવી હતી. મહેલ પણ દોઢેક માઇલ દૂર હતો. એલિસ તો નિરાશ થઇ 'જે બને તે જોયા કરવું' એમ માની મૉટરમાં બેસી ગઇ. પરાજીત માણસની નિરાશાનાં ચિહ્ન એના મુખ પર દેખાતાં હતાં. રોઝને પોતાની જીદ માટે હવે પસ્તાવો થતો હતો, અને કોઇ વિમાન મળી જાય, તો ઉડીને પહોંચી જવાના તરંગો તે સેવતી હતી. પણ એ સમયે હિંદમાં વિમાન-યુગ બેઠો નહોતો.

એવામાં એક મોટર ત્યાં આવી ઊભી રહી. એમાં શોભના હતી. આ અણધારી સહાય મળી જવાથી સૌના જીવ હેઠે બેઠા.

'ઓ ! હો ! આપ જો ? શું થયું છે ગાડીને ?' કહેતી તે નીચે ઉતરી અને બોલી : 'પેટ્રોલ જોઇએ છે ?'

'ના; કંઈ ખોટકો છે.' શોફરે કહ્યું.

'તો આપ સૌ આમાં પધારો' શોભનાએ કહ્યું. જો કે એ આમંત્રણ મળે એ પહેલાં તો બન્ને મડમો તેમાં બેસવા માટે નીચે ઉતરી પડી હતી. દિવાનની વિનતિથી તેમણે શોભનાની મૉટરમાં જગ્યા લીધી.

દરમ્યાન શોભનાએ દિવાન સાથે વાત કરી 'આલબેલ' આપી દીધી. સંતોષ પામ્યા હોય એવું દિવાન આજ હસ્યા. આવું હાસ્ય દિવાનના મુખ ઉપર શોભનાએ અગાઉ કદી જોયું નહોતું!

તેમની ગાડી ઉપડે, એ પહેલાં સામેથી એક બીજી મૉટર આવી પહોંચી. એમાં પ્રતાપ હતો. એને ચેન પડતું નહોતું. હજુ સુધી મડમો રાજમહેલે ન પહોંચવાથી એ મડમોની શોધમાં નીકળ્યો હતો.

દિવાને તેની સાથેની વાત ટુંકાવવા કહી નાખ્યું: 'કેમ, કુમાર સાહેબ! કંઈ કામકાજ?'

'ના, જી.' પ્રતાપ બીજું શું બોલે?

'સારું, ત્યારે સાહેબજી. અમે જઈશું. બહુ ઉતાવળમાં છીએ.' કહી દિવાને શોફરને કહ્યું: 'ઉતાવળથી લેજે!'

'હા, જી' કહી તેણે મૉટર દોડાવી. થોડી જ પળમાં તેઓ મહેલ પર પહોંચ્યા. મડમો ઝટપટ ઉતરી રાણીના આવાસમાં દોડી ગઈ! પણ... નાના પલંગ પર તરતના જન્મેલા રુપાળા છોકરાને જોઈ સ્તબ્ધ બની ગઈ!

એક દાસીએ તેમની આગળ સાકરની રકાબી ધરી!

પ્રકરણ ૬ ઠું

—બિચારો પ્રતાપ !

એલિસની મુંઝવણનો પાર નહોતો. રોઝની ચંચળ વૃત્તિ અને જીદ્દી સ્વભાવનું આ પરિણામ હતું. રોઝે તેને ભૂલ ખવરાવી હતી, એટલે રોઝ પર તે અતિશય ચીડાઇ હતી.

પ્રસૂતિગૃહમાંથી પોતાના આવાસમાં આવતાં જ એણે મેજ પર ટોપી પછાડી, અને રોઝ પ્રત્યે એક શબ્દ પણ ઉચ્ચાર્યા સિવાય તે વિરામાસન પર પડી.

પાંચ દસ પળ એ ચૂપ જ પડી રહી. એને બોલાવવાની રોઝ હિંમત કરી શકી નહિ. એના દુઃખનું કારણ પોતે જ બની હતી; એટલે તેને કેમ આશ્વાસન આપવું એ સૂઝયું નહિ. માફી માગવાથી પણ બગડેલી બાજી સુધરે એમ તો નહોતું જ.

થોડી વારે એલિસની પાસે જઈ એ બોલી : 'તમે બહેન, નાહક ઉપાધી કરો છો ! રાજાને દિકરો આવે કે દિકરી, એથી આપણને શો ફાયદો થવાનો છે ? મૂકો ને પંચાત !'

રોષયુક્ત વદને એલિસ તેના સામે જોઇ રહી. શરીરશાસ્ત્રી રોઝને એ રાજકારણના રંગ શી રીતે મસજાવે ? પ્રતાપને એ શો જવાબ આપે ? પ્રતાપ તો ઠીક, પણ પોતાના પતિને એ શો જવાબ આપે ? પ્રતાપ સિ.

મેકફર્સનને ફરિયાદ કર્યા વિના રહેવાનો જ નહિ એની તેને ખાત્રી હતી.

તેણે રોઝને જવાબ ન આપ્યો, પણ તેના મુખ સામે જોયું. રોઝનું ગૌર વદન શરમથી નીચું ઢળી ગયું હતું. તેની આંખો રડું રડું થઈ રહી હતી. એલિસનો રોષ રોઝ પ્રત્યેની દયામાં પલટાઈ ગયો. એણે કહ્યું :

'રોઝ ! તેં કેવું નુકશાન કર્યું છે, એની તને શી ખબર પડે ? મારી સઘળી પ્રતિષ્ઠા આજે ધૂળમાં મળી છે. પણ એમાં તારો શો દોષ ? મેં તારી સાથે આવવાની મૂર્ખાઈ ન કરી હોત તો આમ ન બનત !'

એલિસને તેના પતિના ઠપકાનો ભય હતો, તેથી વધુ એક રાજકારણી પુરુષની પત્ની તરીકે દેશી રાજ્યના અમલદારથી છેતરાયાની–મૂર્ખ બન્યાની–શરમ હતી. રાજા, રાણી, દિવાન અને પ્રતાપની નજરમાં તેની મૂર્ખાઈ ઉઘાડી પડી ગઈ હતી. દેશી લોકો અંગ્રેજોની મશ્કરી કરશે એની તેને વધુ ચિંતા હતી. આગનો પ્રસંગ માત્ર જાળ હતી. અને પુત્રીને બદલે પુત્ર મૂકાઈ ગયો હતો, એ તેની શંકા વધુ મજબૂત બની હતી. પરંતુ હવે તેનો કશો ઉપાય રહ્યો નહોતો. પ્રતાપ કે દિવાન–એમાંથી એકકેને તે પ્રસન્ન રાખી શકી નહિ, એકકે પર આભાર કરી શકી નહિ, એનો એને ખેદ થતો હતો. આ પરાજયથી જમીનમાં સમાઈ જવાનું તેને મન થતું હતું.

છેવટે તેઓ બન્ને સુવાની તૈયારી કરતાં હતાં, એટલામાં દાસીએ આવી ખબર આપ્યા કે 'પ્રતાપ કુમાર મળવા આવ્યા છે.'

'અત્યારે ?' રોક્રે પૂછ્યું.

'હા, જી. કહે છે કે અગત્યનું કામ છે.' દાસીએ જવાબ આપ્યો.

એલિસના મનમાં આશાનો સંચાર થયો. 'પ્રતાપ કંઇ પુરાવા તો નહિ લાવ્યો હોય! તો તો પ્રપંચને ખુલ્લો પાડી શકાય અને દિવાનની લુચ્ચાઇનો યોગ્ય જવાબ વાળી શકાય!' પ્રતાપને અંદર દાખલ કરવા તેણે દાસીને ઇસારો કર્યો.

પ્રતાપ આવ્યો. પરાજયથી તેના પગ પાછા પડતા હતા. હંમેશાં ગુમાનથી ઉંચી રહેતી તેની ડોક આજે નીચી નમી ગઇ હતી. કોટનાં બન્ને ખીસામાં તેણે હાથ નાખ્યા હતા. હળવે પગલે તે અંદર આવી, માથેથી ટોપી ઉતારી, ખુરશી પર બેઠો.

'આપણી સાથે દગો રમાયો છે.' એટલા શબ્દો તે મુશીબતે બોલી શક્યો.

'કેમ જાણ્યું ?'

'મને પાકા સમાચાર મળ્યા છે.'

'કંઇ પુરાવા છે? નક્કર પુરાવા ?' ઉત્સુકતાથી એલિસે પૂછ્યું.

'પુરાવા તો શા હોય? પણ મારા વિશ્વાસુ માણસ મારફત મને ખબર મળ્યા છે કે બાળક બદલાઇ ગયું છે' પ્રતાપે ભાર પૂર્વક કહ્યું, અને એ એલિસના મુખ સામે જોઇ રહ્યો.

'એ માણસ લેખિત કેફિયત આપે ખરો?'

'એને ભય છે કે જો તે એમ કરે તો તેનું માથું

ધડ ઉપર સલામત ન રહે. માત્ર મોઢેથી મને આટલી હકીકત કહેવા માટે મારે ભારે કિંમત ચૂકવવી પડી છે!'

'બીજો કોઇ માર્ગ?'

'હા, જી. એક છે.' થોડો વિચાર કરી પ્રતાપે કહ્યું. 'શહેરમાં જેને તાજી સુવાવડ આવી હોય એવી સ્ત્રીઓની તપાસ કરી જુબાની લેવામાં આવે અને પોલીસ જરા દમ ભરાવે તો સાચી વાત મળી આવે!'

'પોલિસ! કોની પોલિસ? એજન્સીની પોલિસ એમ સીધી ડખલગીરી કયા આધારે કરી શકે? અને અહીંની પોલીસ તમારા માટે તપાસ કરશે, એમ? અને...બીજું શું કહ્યું? ગામ આખાની સુવાવડી સ્ત્રીઓની તપાસ કરાવે? એ શક્ય છે?' હાથની મૂઠી ત્રિપાય પર પછાડી એણે કહ્યું. 'સવારમાં તો હકીકત શહેરમાં ફેલાઈ જશે!'

'સવારમાં શું, અત્યારે જ શહેર આખામાં પુત્રજન્મની વધાઈ જાહેર થઇ ચૂકી છે, બાઇસાહેબ! અત્યારથી જ આનંદ ઉત્સવ શરૂ થઇ રહ્યા છે! મિઠાઇ વહેંચાઇ રહી છે! શહેરમાં રોશની થઇ રહી છે!' બળતા દિલે પ્રતાપ બોલી રહ્યો. મડમની બેદરકારીથી એનું મનોરાજ્ય સ્વપ્નવત્ ભુંસાઇ ગયું! એના માથા પરથી તાજ ખરી પડયો! એનું સર્વસ્વ લુંટાઇ ગયું! અને ખાતર પર દીવો બળે એમ એનું ભૂતકાળનું ખર્ચ—પાણીની પેઠે વેરેલું નાણું—ફના થઇ ગયું!

પડતા પર પાટુ મારે એમ એલિસે કહ્યું: 'હા, ઉત્સવો તો થાય જ ને? ઘણે વર્ષે રાજાને ત્યાં યુવરાજનો જન્મ થયો, ત્યારે તો જેટલું થાય એટલું ઓછું! તમારે

પણ, કુમાર સાહેબ! તમારા કાકાને અભિનંદન આપવા જવું જોઈએ. કેમ ખરું ને?'

બળતામાં ઘી હોમાયું. મડમ શું બોલી રહી છે, એ ન સમજતાં પ્રતાપ બોલ્યોઃ 'હું અભિનંદન આપવા જાઉં, મડમ સાહેબ! આ તો નર્યો પ્રપંચ છે! જુઠાણું છે! મને અન્યાય થઈ રહ્યો છે. આપ સાહેબે આ પ્રપંચને અટકાવવો જોઇએ.' એનું દીન મુખ કરગરી રહ્યું.

'કોણ કહે છે કે પ્રપંચ છે?' એલિસ તાડૂકી. 'રાણીને પુત્ર જ પ્રસવ્યો છે!'

'શું આપ પણ એમ માનો છો, ખરેખર? એ વખતે તો આપ......' પ્રતાપને બોલતો અટકાવી એલિસ વચ્ચે બોલીઃ 'હા હું એ વખતે પ્રસૂતિગૃહમાં જ હતી; ખુદ રાણીના પલંગ પાસે!'

'આ કોણ એલિસ બોલી રહી છે!' રોઝ વિચારી રહી. એલિસના કહેવાનો મુદ્દો તેનાથી સમજાયો નહિ.

'આગ લાગી હતી..........' પ્રતાપ બોલવા જતો હતો. પણ એને ન બોલવા દેવાનો એલિસે નિશ્ચય કર્યો હોય એમ એ ફરી વચ્ચે બોલીઃ 'આગ? શાની આગ? તમે શું કહો છો? કંઈ સમજ પડતી નથી!'

પ્રતાપ ગભરાઈ ગયો. રાણીને પુત્રી પ્રસવ્યાની વાત એણે જ મડમને ઉપાહારગૃહમાં કહી હતી! 'આપ આગ જોવા ગયાં હતાં. મેં આપને ખબર આપ્યા. ફરી મોટરમાં મળ્યા!' પ્રતાપે હકીકત રજૂ કરી.

'મિ. પ્રતાપકુમાર! તમને સ્વપ્ન આવ્યું હોય એમ લાગે છે! અત્યારે અર્ધી રાત્રે તમે સ્વપ્નને સાચું માની

ઉંઘમાંથી ઉઠી દોડી આવ્યા લાગો છો !'

રોઝ આ પ્રકારના કાવાદાવાથી છેક અજાણ હતી. પ્રતાપની સાચી વાતને એલિસ કેમ જુઠી ઠરાવે છે, એનો ભેદ એ પારખી શકી નહિ. આગ જોવા પોતે પણ એલિસની સાથે જ ગઇ હતી. શું એ બધું સ્વપ્ન હતું ! કે એલિસ જ અત્યારે સ્વપ્નમાં બોલતી હતી ! એલિસની ભૂલ સમજાવવા એ વચ્ચે બોલવા જતી હતી–એના હોઠ જરા ઉઘડયા. પણ એમાંથી ઉચ્ચાર નીકળે એ પહેલાં જ એલિસ બોલી: 'આ રોઝ પણ મારી સાથે જ ત્યાં હાજર હતી, પ્રસૂતિગૃહમાં.' કહી તેણે રોઝ સામે જોઇ તેને મૌન રહેવા ઇસારો કર્યો. રોઝ મૌન રહી.

પ્રતાપ પ્રથમ તો મડમના આ વલણથી ડઘાઇ જ ગયો. તે વિચારમાં પડયો: 'મડમે બાજી કેમ બદલી ? દિવાને લાલચ આપી હશે ? આવી સ્પષ્ટ વાતનો, નહિતર, મડમ ઇન્કાર કેમ કરે ? તેણે ધીમેથી કહ્યું: ' સાહેબ ! આપને હું પ્રસન્ન કરીશ.'

'મને લાંચ આપવા માગો છો, કુમાર ?' એલિસે ચાંટો પાડી કહ્યું: 'એ નહિ બને ! સત્ય છે તે સત્ય જ રહેશે. આપ સિધાવો. ઘણું મોડું થયું છે.' તેણે પ્રતાપને ચાલ્યા જવાનો અતિ વિવેકભરી ભાષામાં હૂકમ કર્યો.

' સારૂં ત્યારે.' ઉઠીને ટોપી પહેરતાં પ્રતાપ બોલ્યો. 'મારે છાવણીમાં જઇ સાહેબને ખબર આપવા પડશે ! આ દગો હું ચલાવી નહિ લઉં !' પ્રતાપે ગર્જના કરી, અને ઉતાવળે પગલે ધબ ધબ કરતો ચાલતો થયો.

'ઉભા રહો.' સત્તાવાહી અવાજે એલિસે બૂમ પાડી.

પ્રતાપ દ્વારમાં જ ઊભો રહ્યો અને પાછો ફર્યો. એલિસે પૂછ્યું:

'અત્યારે તમારી પાસે કંઈ ગામ–ગિરાસ છે કે?'

'હા,જી.' પ્રતાપને આશા આવી. એણે માન્યું કે ધમકીની મડમ પર અસર થઈ છે.

'કંઈ રોકડ? ઝવેરાત?'

'હા,જી. ઠીક છે.'

'એ બધું ગુમાવી બેસવું છે? આવી ખટપટો કરશો તો ભિખારી થઇ જશો. તમારી કાવત્રાંખોરીની સાહેબને જાણ કરવી પડશે. તમે લોકોને ડરાવીને તેમની પાસે ડાકાર વિરૂદ્ધ કરાવેલી અરજીઓ, વર્તમાનપત્રોને લાલચ આપી છપાવેલા હેવાલો–એ બધું તમારી વિરૂદ્ધમાં જશે! કહો, સાહેબને ખબર આપવાનો પ્રયત્ન કરવો છે?'

'ના,જી.' પ્રતાપ ધ્રુજી ઊઠયો. મડમની ભયંકરતાનો તેને પ્રથમ જ પરિચય થયો. 'માફ કરજો. એવું નહિ કરૂં.' કહી પ્રતાપ નિરાશ વદને અને લથડતે પગલે ઓરડામાંથી બહાર નીકળ્યો. બરાબર એ જ વખતે નિહાર બાબુ તેને મડમના ઓરડા તરફ જતા સામા મળ્યા.

પ્રકરણ ૭ મું

—શોભના

દિવાનને જોતાં પ્રતાપ જરા ખંચકાયો. સામાન્ય રીતે તો તેને રાજમહેલમાં પગ મૂકવાની પણ રજા નહોતી. પરંતુ એલિસને મળવાને બહાને તે રાજમહેલમાં આવતો જતો થયો હતો. જો કે ત્યારે પણ જાસુસો તો તેની હિલચાલ પર દેખરેખ રાખતા જ.

આજે રાત્રે તેના આગમનના સમાચાર શોભનાએ જ આપ્યા હતા. શોભના રાણી માયાવતીના પિયરમાં ઘણું સન્માન પામેલી દાસીની પુત્રી હતી. થોડા સમય પહેલાં જ રાણી એને કંચનપુર લાવ્યાં હતાં અને પોતાની વિશ્વાસુ દાસી તરીકે તેને રાજમહેલમાં રાખી હતી. તેનું લગ્ન પણ રાજમહેલના ખાસ હજુરિયા રાઘવ સાથે કરવામાં આવ્યું હતું.

શોભના માત્ર દાસી તરીકે જ નહિ પણ મંત્રી તરીકે, રંજક સખી તરીકે અને જાસુસ તરીકે પણ રાણીની સેવા કરતી. થોડું અંગ્રેજી પણ શીખી હતી, અને તેથી જ મડમની સેવામાં એને રોકવામાં આવી હતી.

રાણી ઉપરાંત ઠાકોર અને દિવાનનો વિશ્વાસ પણ એણે થોડા સમયમાં સંપાદન કર્યો હતો. રાજમહેલની ભાગ્યે જ કોઈ વિગત એનાથી છૂપી રહેતી.

એનું હૃદય વિશાળ હતું. એમાં કેટલાયે પ્રસંગો, ખાનગી વાતો, દુઃખ દર્દો, વેદનાઓ સમાઈ જતાં. રાઘવ પણ એમાંની કશી વાત મેળવી શકતો નહિ.

પ્રતાપ મડમને મળવા આવ્યો ત્યારે દિવાન પણ ત્યાં જવાને વિચારી રહ્યા હતા. એવામાં પ્રતાપ આવ્યો, એટલે મડમે શોભનાને દૂર કરી. શોભના એ સમાચાર આપવા દિવાન પાસે આવી. મંત્રણાગૃહની બાજુમાં જ એક નાના ઓરડામાં દિવાનની ખાસ કચેરી હતી.

'પ્રતાપકુમાર મળવા આવ્યા છે. મને ત્યાંથી ચાલ્યા જવા મડમે સૂચના કરી.'

'કંઈ ચિંતા નહિ' દિવાને શાન્તિથી કહ્યું. 'ઉપરના જાળિયામાં ગોવિંદને મોકલ્યો છે.'

મહેમાનગૃહ, જ્યાં મડમોને ઉતારો આપ્યો હતો, તેની છતમાં વિજળીનું એક મોટું ઝુમ્મર લટકતું હતું. આ ઝુમ્મર ઉપર છતમાં એક મોટું જાળિયું હતું. અને ઉપરના ઓરડામાંથી એ જાળિયા વાટે નીચે જોઇ શકાતું. વાતો પણ સંભળાતી. છત ઉપર કોઈની નજર ભાગ્યે જ પડે. પડે તો પણ ઉપરના ઓરડામાં અંધારું રહેતું, એટલે જાળીમાંથી ઉપર બેઠેલ માણસને જોઈ શકાય નહિ. મડમો આવી ત્યારથી જ અહીં બેસી રહેવાનું કામ ગોવિંદને સોંપાયું હતું.

'શોભના! પ્રતાપ આગ લાગી હતી ત્યાં ઉપાહાર-ગૃહમાં આવ્યો હતો. મડમને તેણે જ ખબર આપ્યા. વારુ, એને એ ખબર ક્યાંથી મળ્યા ?'

'મડમના નોકરે ખબર આપ્યા હોય!'

'એમ બને ખરું. નોકર પણ સારું થયું કે તારા

ખબર મળ્યા પછી અર્ધો કલાકે ત્યાં આવેલો. એને કદાચ તેં જ રોકી રાખ્યો હશે !'

'હા, જી. મહામુશીબતે અર્ધો કલાક રોકી રખાયો.'

'એટલી વાર પણ તું એને રોકી કેમ શકી ?'

શોભનાએ આ પ્રશ્નનો તરત ઉત્તર ન આપ્યો. થોડી વારે કહ્યું: 'મેં એને વાતોમાં ને ગીતમાં રોકી રાખ્યો. એની આગળ થોડું નાચવું પણ પડયું !' બોલતાં એના સુકોમળ કપોલ પર શરમના શેરડા પડયા. એ નીચું જોઇ ગઇ.

શોભનાને મડમના નોકરને અટકાવવા માત્ર નૃત્ય નહિ, સંગીત નહિ, પણ કેટલી યે પ્રેમચેષ્ટાઓ કરવી પડી–સહન પણ કરવી પડી. એનું કાર્ય નોકરને મૂર્ખ બનાવી રોકી રાખવાનું હતું. અને એમ કરવા જતાં એની મશ્કરીઓ અને ચેષ્ટાઓ પણ સહન કરવી પડી હતી. આ વાત વડિલ નિહાર બાબુને શોભના ન કરી શકી. એના હોઠ બિડાઈ રહ્યા.

ખવાસ કોમની વફાદારીનો ઇતિહાસ મોટે ભાગે અપ્રગટ જ રહ્યો છે. એની વફાદારી પર કેટલાં યે મહારાજ્યોનાં ચણતર થયાં છે. રાજકૂળને માટે કેટલા યે ખવાસોએ પોતાના પ્રાણ આપ્યા છે, અને ખવાસણોએ નીતિ સુદ્ધાંનો ભોગ આપ્યો છે. એની વફાદારી અને સેવાવૃત્તિ એમ છતાં છૂપી જ રહી છે. એ કોમની ત્યાગવૃત્તિ પર રાજ્યોનો મહિમા વધ્યો છે; અને છતાં એ કોમ કામની કિંમત કઢાવવાની વૃત્તિને અભાવે હજુ સુધી કચડાયલી અને પછાત જ રહી છે. એનો બદલો એને મળ્યો નથી;

બદલાની આશા એણે સેવી નથી. શોભના આ ઈતિહાસ જાણતી હતી, અને એ જ સંસ્કારિતામાં ફના થવામાં એ માનનારી હતી.

શોભનાનું અધૂરું વાકય નિહાર બાબુ સમજી શકયા. વધુ સાંભળવા એ ઇચ્છતા નહોતા.

શોભનામાં એક ખાસ ગુણ હતો. એની કોમની સેવાવૃત્તિ હવે ખુશામતમાં પલટાતી જતી હતી. એ અવ-ગુણને એની કોમની ભાગ્યે જ કોઇ વ્યકિતમાં અભાવ હતો. મુસદ્દી નાગર અને વણિક અમલદારો પણ હવે ખુશામત પર નભવા માંડયા હતા. એ સ્થિતિમાં પણ શોભના ખુશામતથી પર રહી હતી.

આ કારણે ઘણી વાર એને એના પતિ સાથે પણ ઝગડો થતો. કોઈ વાર પતિદેવની સોટીનો સ્વાદ પણ એને ચાખવા મળતો. રાઘવ જેની ખુશામત કરે, એના સામે શોભના ગુમાનથી માથું ઉંચું રાખી ફરે. રાઘવને આ ગમતું નહિ. પણ એનો ત્રાસ શોભનાના જીદ્દી સ્વભાવને કે દ્રઢ મનોબળને નમાવી શકતો નહિ.

રાઘવ થાકતો ત્યારે કહેતો: 'તું ભલે કોઇની ખુશામત ન કરે; પણ તારું રુપ જ સૌની ખુશામત કરી રહ્યું છે.'

શોભના એનો જવાબ ન આપતી. હલકી ગણાતી કોમ છતાં એના ખમીરમાં ખાનદાની હતી. એના રુપ-ગુણની કોઈ ચર્ચા કરી બેસે ત્યારે તે નવવધુની પેઠે શરમાઇ જતી.

એટલે જ નિહાર બાબુએ કહ્યું, કે 'શોભના ! તું

ભારે ઉસ્તાદ છે!' ત્યારે શોભના નીચું જોઇ ગઈ.

'સારું ત્યારે, શોભના! તું હવે જા. અને પ્રતાપને નીકળવાનો વખત થાય ત્યારે ખબર આપજે.'

શોભના નીચું જોઇ ચાલી ગઈ. ખવાસ જ્ઞાતિમાં દાસીપણું કરતી આવી શરમાળ મુગ્ધા તેમણે કદી જોઇ નહોતી.

જ્યારે જવા માટે પ્રતાપ ટોપી પહેરી ઉભો થયો ત્યારે શોભનાએ નિહાર બાબુને ખબર આપ્યા. નિહાર બાબુને પ્રતાપ સામો મળ્યો ત્યારે તે નીચું જોઇ ચાલ્યો જતો હતો, તે પરથી એમણે વસ્તુસ્થિતિ માપી લીધી.

ચિઠ્ઠી મોકલી નિહાર બાબુ અંદર દાખલ થયા. 'માફ કરજો, બહુ મોડી રાતે મળવા આવ્યો છું.' આસન પર બેસતાં તેમણે કહ્યું.

'બહુ જ ખુશી!' હસીને એલિસ બોલી. 'રાજા સાહેબ અને રાણી સાહેબને મારા અભિનંદન પહોંચાડશો.'

'ઘણી ખુશીથી! વારુ, છાવણીમાં ખબર મોકલાવ્યા કે?'

'ના, જી. સવારના મોકલીશું.'

'સવારના આપને ઉઠતાં મોડું થશે. સાહેબ જાગૃત થાય ત્યારે જ એમને કુમારશ્રીના જન્મના સમાચાર મળવા જોઇએ. એમને ભારે હર્ષ થશે.'

'તાર લખી આપું?'

'હા, જી. નિવેદન સવારના તૈયાર કરશો તો ચાલશે.' કહી નિહાર બાબુએ તારનો કાગળ તેમના હાથમાં મૂક્યો.

એલિસે બે લીટી લખી આપી. પ્રતાપના આગમનની કશી અસર મડમ ઉપર થયેલી દિવાનને જણાઇ નહિ.

નહિતર મેડમ આટલી આસાનીથી તાર લખી આપત નહિ. એટલે પ્રતાપની વાત એણે છોડી નહિ. તેમને તો ગોવિંદ પાસેથી બધી વિગત મળવાની જ હતી. એટલે તાર લઇ ગજવામાં મૂક્યો ને ઉભા થયા. 'હવે મારે આપને અડચણ-કર્તા નહિ બનવું જોઇએ. મોડી રાત થઇ છે. આપ આરામ કરો.' કહી નિહાર બાબુ ઓરડાની બહાર નીકળ્યા. એમના પ્રૌઢ મુખની ઝીણી કરચલીઓમાં સંતોષની આછી રેખાઓ દૃષ્ટિગોચર થતી હતી.

પ્રકરણ ૮ મું

--વાસંતીને ખાતર

કંચનપુરના 'બ્રહ્મપુરી' નામે ઓળખાતા એક લત્તામાં સરિતાનું નાનું ઘર હતું. સરિતા ઓગણીસ-વીસ વર્ષની બ્રાહ્મણ યુવતી હતી.

આ લત્તામાં મુખ્યત્વે બ્રાહ્મણોનો વસવાટ હતો. અને તેમાંના ઘણાખરા-એક રાજપુરોહિત અને જોષી સિવાય બધા જ- નિર્ધન હતા: એમાં એ સરિતાનો પતિ વિશ્વનાથ તો સૌથી વધુ કંગાળ અને દરિદ્ર હતો. તેનું વડવાઓનું મકાન રાજપુરોહિત શિવશંકર ભટ્ટને ત્યાં ગિરવી મકાએલું હતું. પણ તે ધનવાન સાથે ઉદાર પણ હતો, એટલે તેણે વિશ્વનાથ અને સરિતાને વગર ભાડે રહેવાની છૂટ આપી હતી.

બ્રાહ્મણત્વના ધર્મ અને સંસ્કારને નામે સરિતાનું લગ્ન બાર વર્ષની વયે થઈ ગયું. સરિતા ત્રણ-ચાર ચોપડી ગૂજરાતી ભણી હતી; અને વધુ અભ્યાસ કરવાની ઇચ્છા છતાં લગ્ન માટે કન્યાકાળ વીતી જતો હોઈ તેને પરણાવી દેવામાં આવી હતી. વિશ્વનાથે તો કાળા અક્ષર કૂટી માર્યા હતા. અક્ષરો સાથે વેર બાંધ્યું હોવા છતાં તે થોડા સંસ્કૃત શ્લોકો, પૂજાપાઠ અને ગાયત્રી મંત્ર મુખપાઠે કરી ગયો હતો, અને તેનું ફળ પૈસે ટકે ખાલી

છતાં બ્રહ્મપુરીમાં સૌથી ખાનદાન હતું; એટલે સરિતાના મામાએ માતાપિતા વિનાની એ છોકરીને આ વિપ્રને સોંપી મહાન ફત્તેહ મેળવી હતી. વિશ્વનાથ અણકમાઉ તો ન જ કહેવાય; કારણ કે એ ભિક્ષાવૃત્તિ અને દાનદક્ષિણા મારફત ગુજરાન ચાલી શકે એટલું કમાઈ લાવતો.

સરિતા મુગ્ધાવસ્થામાંથી પસાર થઈ રહી હતી, પણ તે મુગ્ધા તો નહોતી. એ રૂપવતી નહોતી એમ તો નહિ, પણ વિશ્વનાથને યૌવન, સૌંદર્ય, કલા, જીવન–એવા ગગનગામી વિષયોમાં બહુ ગમ પડતી નહિ. એવી ફિલસુફીમાં એ કદી ઉતર્યો નહોતો–એવી કોઇ જીવનની મસ્તીનો એને ખ્યાલ નહોતો. અને એથી જ સરિતા એને ગમતી હોવા છતાં એ કદી એના પર મુગ્ધ થયો નહોતો. સ્ત્રી વિષે એના વિચાર ધર્મપત્ની કે બહુ તો ગૃહિણી જેવી ગણવામાં પર્યાપ્ત થઈ જતા. જેની સાથે ધર્મકાર્ય થઈ શકે, પિતૃઓને પિંડ આપવા પુત્રની ઉત્પત્તિ માટે જ સંસાર ભોગવી શકાય, અને ઘરને સંભાળી શકાય–એથી વિશેષ સ્ત્રીની જરૂર કે ઉપયોગ એને હતાં નહિ. સરિતાએ પતિગૃહે આવ્યા પછી મુગ્ધ જીવન ગાળ્યું જ નહોતું. એના આગમન પહેલાં જ સાસુ–સસરો પરલોક સિધાવ્યા હતા. લગ્ન વખતે ઘરમાં નવદંપતી એકલાં જ હતાં. સંયુક્ત કુટુંબના ગેરફાયદા મુશ્કેલીઓ, શરમ, સંકોચ, વિકાસ-વિરોધી કશાં તત્ત્વો, એમના પરિણીત જીવનના આરંભકાળે એને નડયાં નહોતાં. અને છતાં એમના જીવનમાં કોઇ રમૂજ, મશ્કરી, આનંદ, મસ્તી–એવી વસ્તુને પ્રથમથી જ સ્થાન નહોતું. સરિતા વિશ્વનાથ સાથે કદી વાતોનાં ગપ્પાં

મારતી નહિ, મોટેથી હસતી નહિ, તેમજ શરમ કે સંકોચ અનુભવતી નહિ. મિત્રો તો વિશ્વનાથને નહોતા જ, પણ તે અતિ ગરીબ હોવાથી સગાંઓનો પણ તેમને ત્યાં અવર જવર નહોતો. લગ્ન વખતે હજુ છોકરમત હતી; અને સાથે સાથે જ ઘર ચલાવવાની જવાબદારી આવી પડી હતી; એટલે નાની ઉમરે મોટો બોજો આવી પડ્યો હોય અને જીવનમાં રસ જેવું કંઇ ન રહ્યું હોય એમ તેઓ જીંદગી જીવી નાખતાં હતાં.

છતાં એમની વચ્ચે પ્રેમ નહોતો એમ તો નહિ. પ્રેમ તો હતો જ, પણ પ્રેમચેષ્ટા નહોતી. આનંદ હતો પણ આનંદનો ઉભરો નહોતો. વિષયવૃત્તિ હતી પણ વિષયની લાલસા નહોતી. જીવનમાં શાન્તિ હતી, પણ શાન્તિને શોભાવતી લડાઇ નહોતી. મેળ હતો પણ એની વચ્ચે સુગંધ ફેલાવતી રીસ નહોતી.

અને એ બધાંના કારણરૂપ અજ્ઞાન અને નિર્ધનતા હતાં. જીવન જીવવા કરતાં ખેંચવા જેવું થઇ પડયું હતું. વિશ્વનાથે પુસ્તકો તો વાંચ્યાં નહોતાં, પરંતુ નાટક–સીનેમા યે જોયા, નહોતા; રસિક મિત્રો એને મળ્યા નહોતા તેમ જ ગામ પરગામ પ્રવાસ પણ કર્યો નહોતો. એટલે એનામાં યુવાની હતી, પણ યુવાનીની ઊર્મિઓ નહોતી.

સરિતા થોડું ભણી હતી. થોડી વાર્તાઓ વાંચી હતી. રસિક સખીઓ મળી હતી. પણ એ બધું તો મામાને ઘેર જ મૂકી આવી હતી. વિશ્વનાથને અનુરુપ તે બની ગઇ હતી–માત્ર સહવાસથી. બાલ્યાવસ્થાના વિચારો વ્યવહારમાં નહિ મૂકાતા હોય એમ તેણે માની લીધું. એટલે

માત્ર કોઈ વાર સુખ, આનંદ, મઝા, ઉત્સવ, ઉલ્લાસ—એ બધું દૂર દૂર અંતરીક્ષમાં દેખાતું. પણ ચંદ્રની મઝા દૂર રહીને માણી શકાય; એને હાથમાં લઈ રમાડી શકાય નહિ; એમ સુખ અને આનંદનાં તત્ત્વોને એ અસ્પૃશ્ય ગણી રહી.

વિશ્વનાથ દમનો દર્દી હતો એટલે ઘણીવાર તે ભિક્ષાટન અર્થે જઈ શકતો નહિ: અને જો ઘરમાં લોટ-દાળ ન હોય તો સરિતાને ભિક્ષાવૃત્તિ અર્થે જવાનો પ્રસંગ પ્રાપ્ત થતો. એની જુવાની ઉઘડતી જતી હતી એટલે શરમ અને સંકોચ તેના માર્ગમાં આવી ઉભા રહેતાં અને એનાં હૃદયનાં કમાડને ખખડાવતાં. પણ ઘરમાં તાવડી તડાકા મારતી હોય ત્યારે ભિક્ષાર્થે ગયા સિવાય બીજો માર્ગ નહોતો. આવે વખતે તે જાણીતા પાંચ-સાત યજમાન કુટુંબોમાં ફરી આવતી.

વીસમી સદીનો આરંભ થઈ ચૂક્યો હતો. અને કળિયુગ એના યૌવનકાળમાંથી પસાર થઈ રહ્યો હતો; એટલે જનતાએ બ્રાહ્મણોમાંથી શ્રદ્ધા ગુમાવી હતી. બ્રાહ્મણ હતે મહારાજ, ગુરૂદેવ, વિપ્ર અને ભૂદેવ મટીને મારાજ. ભટ્ટ અને રસોયો બન્યો હતો. એટલે લોકો બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપવાનો ધર્મ ચૂકતા જતા હતા. બ્રાહ્મણોને મન યજમાનો નાસ્તિક બનતા જતા હતા, અને લોકોને મન બ્રાહ્મણો ભિખારી અને આળસુ બનતા જતા હતા. કેટલાક વિશ્વનાથને 'મારાજ ! મજૂરી કરતાં શીખો !' એવી કડવી સલાહ આપતા; એટલે વિશ્વનાથ ચાલીસ—પચ્ચાસ ઘેર ફરી આવે તો પણ તેને પેટ—પૂરતું ન મળતું, જ્યારે કોઇવાર સરિતા તુરતમાં સારો જથ્થો મેળવી આવતી.

આમ થવામાં સરિતાની જુવાની અને સુંદરતા કારણભૂત હશે એવો ખ્યાલ વિચાર કરતાં વિશ્વનાથને આવી જતો; પણ ભલી ભોળી સરિતાના વર્તન માટે એને પૂરો વિશ્વાસ હતો, અને લોભી પ્રકૃતિનું એનામાં જોર હતું એટલે એ ખ્યાલ પર એ બહુ લક્ષ ન આપતો. અને સામાન્ય બિમારી કે આળસને કારણે એ સરિતાને જ ભિક્ષા માટે મોકલતો.

ભિક્ષાવૃત્તિ કરતાં સરિતા શરમની મારી અર્ધી થઇ જતી. અને જ્યાં સામાન્ય રીતે ઘેર સ્ત્રી વર્ગ જ હોય ત્યાં જતી. શરમ, ચિંતા, ગૃહકાર્યનો બોજો, ગરીબી અને નિરુત્સાહે જીવતા પતિને લીધે એના શરીર પર અસર થવા માંડી હતી; અને જ્યારે એની યુવાનીની વસંત ખીલી ઉઠવાનો વખત આવ્યો ત્યારે એનું રૂપ અને યુવાની કરમાતાં ચાલ્યાં. એને ટકાવી રાખનાર તત્ત્વોનો સંપૂર્ણ અભાવ હતો.

અત્યાર સુધી તો તેઓ માત્ર રોટલો અને દાળ ખાઇને રહેતાં; પણ હવે તો નાની વાસંતી પણ ખાતાં શીખી હતી, અને તેને માટે શાક કે ભાત કરવાની અને ગોળ, દાળિયા, મમરા એવી વસ્તુઓ લાવવાની એને લાલચ થતી. આથી એક બાજુએ શરમ અને સંકોચ અને બીજી બાજુએ વાત્સલ્ય અને ફરજ–એની વચ્ચે ઝોલાં ખાતી સરિતા અનેક અપમાનો પણ સહન કરતી ભિક્ષાવૃત્તિ કરતી થઇ ગઇ હતી.

એમ છતાં એની કંગાલિયત વધતી ગઇ. વિશ્વનાથ વધુ આળસુ બનતો જતો હતો. ઘરનો બધો બોજો સરિતા પર આવી પડયો હતો. વાસંતી પ્રત્યેનું તેનું વાત્સલ્ય વધતું

જતું હતું; અને તેને માટે દૂધ અને સાકર પણ આવતાં થયાં હતાં. કરજ કરીને પણ પુત્રીને લાડ લડાવવાનું એ ચૂકતી નહિ.

યજમાનને ત્યાં એ ભિક્ષા માગવા જતી, ત્યાં તે એમનાં લાડકોડમાં ઉછરતાં બાળકો જોતી ત્યારે એનું મન દુઃખી દુઃખી થઈ જતું. એનું ચિત્ત ભમી જતું. વેપારી વાણિયા અને અમલદારનાં બાળકો શિયાળામાં મોજાં, ટોપી અને સ્વેટરથી ઢંકાયેલાં હોય! તેમનાં નાનાં ખીસાં ચોકલેટ, પીપરમેટ અને રેવડીથી ભરેલાં હોય! એમાંથી બિસ્કિટ છલકાતી હોય! અને એ ખાદ્ય પદાર્થો નીચે ઢોળાઈ જતા હોય! સરિતાને વાસંતી માટે એ ઢોળાઇ જતી રેવડી કે પીપરમેટ ઉપાડી લેવાનું મન થતું; પણ એ બ્રાહ્મણની પુત્રી હતી. ઢોળાએલ વસ્તુ એનાથી નીચા વળીને લેવાય જ કેમ? એમ કરતાં પ્રતિષ્ઠા–રહી સહી ઉંચ વર્ણના કહેવાવાની પ્રતિષ્ઠા–નષ્ટ થઇ જાય, અને એથી ભિક્ષા મળતી પણ અટકી જાય! સુથાર, લુહાર અને કડિયાનાં બાળકો માટી, કાચ અને જાપાની રમકડાથી રમતા અને એવાં કેટલાં યે હાથમાંથી પડી ફુટી જતાં ત્યારે વળી નવાં આવતાં! અને તેની વાસંતી માટે એક સારી ઢીંગલી પણ નહિ!

એમ વાસંતી માટે કંઇ કંઈ આવતું ગયું, અને કરજ વધતું ગયું. છેવટે ઘર વેચ્યું. પણ એમાંથી તો શિવશંકર ભટ્ટનું આગલું કરજ ચૂકવાતાં પચ્ચીસ રુપિયા વધ્યા; અને કરજ તો પચ્ચાવન રુપિયાનું થઇ ગયું હતું. અને એમ ત્રીસ રુપિયા ખૂટતા હતા.

ત્રીસ રુપિયા એટલે એક કારકૂનનો એક મહીનાનો

પગાર ! ત્રીસ રુપિયા એટલે એક વકીલ કે તબીબની એક દિવસની કમાણી ! ત્રીસ રુપિયા એટલે એક છેલબટાઉની બે ઘડીની મોજ ! પણ સરિતાને મન ત્રીસ રુપિયા તો ત્રીસ વર્ષની ભિક્ષાવૃત્તિની બચત થાય! એણે ત્રીસ રુપિયા મેળવવા ક્યાંથી ?

એણે કદાચ વધુ કરજ કર્યું હોત; પણ વધુ તો એને ધીરનાર કોઈ નહોતું. ભિક્ષાથી એ કંટાળી પણ ગઈ હતી. ખાનદાન કુટુંબના નબિરાઓ એની સામે પ્રેમ-ચેષ્ટા કરતાં શીખ્યા હતા. અને પતિ પાસેથી સાંભળવા નહોતા મળ્યા એવા શૃંગારશબ્દો એના કાન સાથે અથડાવા લાગ્યા હતા. બ્રાહ્મણથી પારકું કામ પણ થઈ શકે નહિ ! અને બીજી નોકરી કરી શકે એટલું તે ભણી પણ નહોતી.

એવામાં સરિતાને બીજી સુવાવડ આવી. પુત્ર જન્મથી વિશ્વનાથને આનંદ થયો હતો; કારણ કે હવે તેની સદ્ગતિ થવાની એને ખાત્રી થઈ ચૂકી હતી. પણ સરિતાની વેદના અપાર હતી. દોઢેક માસથી એને ભિક્ષાવૃત્તિ ફરજીયાત બંધ કરવી પડી હતી, અને તેથી જે કંગાલ રાચરચીલું એના ઘરમાં હતું તે પણ વેચવું પડયું હતું, અને ત્રીસ રુપિયાનું કરજ તો ડોળા ઘુરકાવતું ઉભું જ હતું ઉઘરાણીવાળાને જવાબ દેવા પણ આકરો થઈ પડતો.

છતાં પુત્રજન્મથી સરિતાને આનંદ તો થયો જ. એ પુત્ર એને એના ભાગ્યના તાળાંની ચાવી ફેરવતો લાગ્યો. અને એનો હર્ષ માયો નહિ. એના પગ પાસે સમૃદ્ધિની છોળો ઉડતી એણે જોઇ.

પુત્રનો જન્મ થયો એ જ રાત્રે એને સ્વપ્ન આવ્યું. છોકરો મોટો થઈ ગયો અને ફળિયામાં લીંબડાનું ઝાડ હતું એના પર ચડી એને હલાવવા લાગ્યો. ઝાડ પર પીળી પાકેલ લીંબોળીઓ લટકતી હતી અને ઝાડ હલાવવાથી એ નીચે ખરતી ત્યારે સોનાની ગોળીઓ થઇ જતી! તેની નિદ્રા ઉડી ગઈ. પણ એનું સ્વપ્ન ઉડી ગયું નહિ.

દિવાન નિહાર બાબુની નોંધપોથીમાં સરિતાનું નામ નોંધાઈ ચૂક્યું હતું. શહેરની ઉચ્ચ કોમની ગર્ભવતી સ્ત્રીઓની નોંધ ગોવિંદે નિહાર બાબુ પાસે રજુ કરી હતી, અને તેમાં સરિતાનું નામ અગ્રપદે હતું; કારણ કે સરિતા સુંદર હતી, ગરીબ હતી, ઉચ્ચ કૂળની હતી, અને રાણીની સાથે એને પણ નવ માસ પૂરા થયા હતા. વળી વિશ્વનાથ લોભી પ્રકૃતિનો હતો. એટલે નિહાર બાબુ ગોવિંદ મારફત સરિતાને મળ્યા અને મોટી લાલચ આપી. દિકરો મહાન સમૃદ્ધિ પામે, ગાદી વારસ બને અને માબાપને લાખ રૂપિયા મળે! લાલચ કંઇ જેવી તેવી નહોતી.

સરિતાને નિહાર બાબુની યોજના ગમી ગઇ. 'ભિખારી માબાપને ત્યાં છોકરો દુઃખી થઇ રિબાય! છે એટલાનું પૂરું થતું નથી ત્યાં એનું પોષણ કેમ કરવું?' એ પણ એક પ્રશ્ન હતો. 'છોકરાને કંચનપુરની રાજગાદી મળે! એ મહારાજા થાય! એનાં સંતાનો રાજકર્તા બને! પેઢીની પેઢી તરી જાય! અહા! મારા ભિખારણના સંતાનને એ સુખ—એ સદ્ભાગ્ય—ક્યાંથી હોય! અને વધારામાં રુપિયા એક લાખ! વાસંતી કેવી સુખી થવાની?' એને વાસંતી યાદ આવી. એ કાલું કાલું બોલતી 'ટોકલેટ' માગી રહી

હતી. 'ચૉકલેટ! હા. એના તો કોથળા ભરીને એના પગ પાસે ઠાલવીશ. મારી વાસંતી પણ રાજકુમારી જેવું સુખ ભોગવશે. વાસંતી કંચનપુરના રાજાની બેન થશે. અહા! હા!' તેનો હર્ષ માયો નહિ. વિશ્વનાથને એણે સમજાવી લીધો. એની લોભી પ્રકૃતિ જ એને સમજાવવાને પૂરતી હતી. સરિતાએ નિહાર બાબુને કહાવ્યું કે પુત્ર આવશે તો એમને મળશે.

પ્રસૂતિનો સમય નજીક આવ્યો. 'બધાં સ્વપ્ન તો રચ્યાં, પણ પુત્રી આવશે તો? એકમાં બીજી-ત્રણમાં ચાર ઉમેરાશે તો?' એ વિચારે એ ઝંખવાણી પડી ગઈ. 'ના, ના. ઈશ્વર દયાળુ છે.' ઈશ્વરની પ્રાર્થના કરી એ પુત્રની યાચના કરવા લાગી.

અને ઈશ્વરે જાણે એની પ્રાર્થના સાંભળી હોય. એમ એક સવારે એણે પુત્રને જન્મ આપ્યો. એ ઘેલી ઘેલી થઈ ગઈ. બાળકની સામે જોઈ તે હસી રહી. તેનું અંતર ઉલ્લાસથી ઉછળી રહ્યું. વળી એને ચિંતા ઉપજીઃ 'રાણીને જ પુત્ર આવશે તો એના પુત્રની શી કિંમત?'

પણ રાણીને સરિતાના સદ્‌ભાગ્યે પુત્રી અવતરી-એ જ દિવસે બાર કલાકને અંતરે. સરિતાને પુત્ર જન્મ્યાના સમાચાર પણ નિહાર બાબુને મળી ચૂક્યા હતા. એણે ગોવિંદને બધી સૂચના આપી દીધી હતી. મડમો આગનું દ્રશ્ય નિહાળતી બેઠી હતી ત્યારે ગોવિંદ બાલકોની અદલાબદલીનું કાર્ય ત્વરાથી કરી રહ્યો હતો. નાની રાજકુમારી વિશ્વાસુ દાસી સુરમાને સોંપાઈ અને સરિતાનો પુત્ર રાજમહેલમાં શોભનાની દેખરેખ નીચે આવી ગયો.

પુત્રને મુક્ત કરતાં સરિતાને ભારે દુઃખ થયું. ઉગતા સૂર્યે એને બાળકનું મોં દેખાડયું, અને આથમતા સૂર્યે એને જગતની પેઠે અંધકારમાં છુપાવી દીધો. ગોવિંદને પુત્ર સોંપતાં પહેલાં એકવાર બધાં સુખદ સ્વપ્નને ઘડીભર લાત મારવાનું તેને મન થઈ આવ્યું. વાસંતીના સુખ માટે–કે પોતાના જ સુખને માટે–દેવ જેવા સુંદર પુત્રને એ વેચી રહી હતી ! ગોવિંદ આવ્યો ત્યારે એકવાર તેના હોઠ સુધી 'ના' આવીને અટકી ગઈ. તેની આંખ સામે તેની તૂટેલી ગોદડી, વાસંતીનાં ફાટેલાં વસ્ત્રો અને શિયાળાની ઠંડીમાં ઠરતાં તેનાં નાનાં કોમળ ગાત્રો, ત્રીસ રુપિયાનું કરજ અને એથી યે વધારે ભયંકર ભાવી–ખડું થયું.

બીજી બાજુ દિવાનની શાંત મુખમુદ્રા પણ આજે એને ભય ઉત્પન્ન કરનારી લાગી. નિહાર બાબુને વચન અપાઈ ચૂકયું હતું. અને વચનભંગ એટલે મૃત્યુ ! બાળક તો એ બળજબરીથી પણ લઈ જાય. અને ચડભડ કરે તો તેનો પોતાનો પણ જાન જાય ! દેશી રાજ્યનો મામલો ! આ કટોકટીની પળે ફરી બેસવામાં પણ ઓછું જોખમ નહોતું.

'પણ તે બાળકને લઈને નાસી જાય તો ?' બેસવાની પણ તેનામાં શક્તિ નહોતી. ગોવિંદ બારણે આવી ઉભો હતો, અને ઉતાવળ કરતો હતો. એટલે ધરતીકંપ થાય અને મકાનોનો કડડભૂસ ઢગલો થઈ પડે એમ એના બધા વિચારો, કલ્પનાઓ અને તરંગો તૂટી પડયા. આંસુથી છલકાતી આંખોએ, વિયોગ–દુઃખથી–પીડાતા હૈયે અને શંકાથી ધ્રૂજતા હાથે એણે પુત્રને ગોવિંદના હાથમાં સોંપ્યો.

પુત્રને જતો એ જોઈ શકી નહિ. તેણે આંખો

મીંચી દીધી. બરાબર એ જ વખતે પવનનો નાનો ઝપાટો આવ્યો, અને ધીમો પ્રકાશ આપતો કોડિયાનો દીવો બુઝાઇ ગયો. એનો જીવ ઉંડો ઉંડો અંધકારને તળિએ ઉતરી જવા લાગ્યો. તે ક્યાં જઈ રહી છે એની કલ્પના કરી શકી નહિ.

વહેલી સવારે એ શુદ્ધિમાં આવી ત્યારે નિહાર બાબુ એની ઝુંપડીએ આવ્યા હતા. આગ અને પછી ઉત્સવ—એ બન્ને કાર્યક્રમમાં રોકાએલા લોકો શ્રમિત થઇને ઉંઘતા હતા. નિહાર બાબુ જાતે ત્યાં એકલા ગુપ્તવેશે આવ્યા હતા. સરિતા જાગૃત થઇ હતી. એના ખાટલા પાસે વિશ્વનાથ બેઠો હતો.

નિહાર બાબુનું હસતું મુખ દેખાયું. સરિતાના ગળામાં અર્ધા લાખનો હીરાનો હાર પડ્યો. અર્ધા લાખની નોટો એના ઓશીકા નીચે દબાઇ. અને પંદર દિવસમાં શહેર છોડી જવાનું એને ફરમાન પણ મળ્યું. સરિતા સ્વપ્નવત્ જોઈ રહી હતી. વિશ્વનાથ ચિત્રવત્ બેઠો હતો. ગુપ્તતા જાળવવાની છેલ્લી સૂચના આપીને નિહાર બાબુ બહાર નીકળ્યા.

પ્રકરણ ૯ મું

—જેમાં સરિતા દાસત્વ સ્વીકારે છે.

પુત્ર વિયોગનું એક વર્ષ સરિતાને એકસો વર્ષ જેટલું લાંબું થઇ પડયું હતું. દિવાન સાહેબના મૌખિક ફરમાનથી તેને કંચનપુર છોડવું પડયું હતું. જો કે વિશ્વનાથ બાપિકું ગામ છોડવાને ખુશી ન હતો. સરિતાએ એને ઘણો સમજાવ્યો. એ માત્ર નિરક્ષર હતો એટલું જ નહિ, પણ જડ અને જીદ્દી હતો. સરિતા તેને સમજાવી શકી નહિ એટલે છેવટે સરિતાએ વાસંતીને લઇને ચાલ્યા જવું એવો નિર્ણય થયો.

સરિતાએ કંચનપુર છોડયું ત્યારે એના મનમાં દુઃખ અને ક્ષોભની મિશ્ર લાગણીઓ ઉછળી આવી હતી. એ જાણે એના પ્રાણ મૂકીને ખાલી ખોળિયું લઇ જતી હતી. ગાંઠમાં લાખ રૂપિયાની મત્તા છતાં તે પોતાનું સર્વસ્વ છોડીને ખાલી હાથે હિજરત કરી રહી હતી.

ઉપડતાં સુધીમાં કયાં જવું એનો એણે નિશ્ચય કર્યો ન હતો. પરગામમાં કોઇ ઓળખીતું નહોતું. માત્ર એક બહેન મુંબઇમાં રહેતી, એ તેને યાદ હતું. એટલે તેણે મુંબઇ જવાનો વિચાર કર્યો. બહેન તો ગરીબ હતી; પણ એને કયાં એની ગરજ કરવાની હતી? એની પાસે પૈસા હતા. પુષ્કળ પૈસા હતા. અને તેના જોરે એ હિંમતવાન બની

હતી. અત્યાર સુધીનું એનું જીવન કંગાલિયતમાં એણે વિતાવ્યું હતું. હવે શા માટે દુઃખ વેઠવું? શા માટે મુંબઇ જેવા સમૃદ્ધ શહેરમાં જઇને ન રહેવું?

અત્યાર સુધી તો ત્રીસ રુપિયાનું કરજ એને મુંઝવતું હતું. રોજના ૭ પૈસાના આટાદાળ માટે એને શરમ મૂકી, સંકોચ મૂકી, ઘેર ઘેર આથડવું પડતું અને યજમાનોનાં કટુ વાક્યો અને કોઇવાર નફ્ટ મશ્કરી સુદ્ધાં સહન કરવા પડતાં. એનો એને નિવારણ માર્ગ જડી ગયો અને લાખ રૂપિયાની મુડી લઇ તે ચાલી નીકળી હતી. હવે તેને કોઈની ગરજ નહોતી. ભય નહોતો. ચિંતા નહોતી. તેના શરીરમાં અને મનમાં અજબ ચેતન આવી રહ્યું હતું. તે ગાડીમાં બેસીને સ્ટેશને આવી. ભપકાબંધ રીતે નીચે ઉતરી રુવાબ-ભેર કુલી પાસે સામાન ઉપડાવ્યો અને બીજા વર્ગના ડબામાં તેની વહાલી વાસંતી સાથે બેઠી.

એણે અગાઉ એકવાર આગગાડીમાં મુસાફરી કરી હતી. એક સ્ટેશને ચડી અર્ધા કલાકે બીજા સ્ટેશને ઉતરી હતી, અને માથે પોણા મણનો બોજો ઉપાડી દોઢ માઇલ ચાલી હતી. ત્યારે તો તે પૂરાં બાર વર્ષની યે ન હતી.

આજે તેનું ભવિષ્ય પલટી ગયું હતું. નશીબે એને યારી આપી હતી. લોભવૃત્તિ એના સ્વભાવમાં મૂળથી જ નહોતી અને એટલે જ વાસંતી માટે ઘી–દૂધ આવતાં થયાં હતાં. બ્રહ્મપુરીના પાડોશીઓ તેને ઉડાઉ કહેતા; કારણ કે રોજની પાંચ છ પૈસાની તેને કમાણી હતી અને બે આનાનું તે ખર્ચ કરતી.

બીજા વર્ગની વિશાળ મુલાયમ બેઠક પર વાસંતીને

સુવાડતાં જ એ ઊંઘી ગઈ. એટલે વખત પસાર કરવા તેણે ફેરિયા પાસેથી ચાર આનાની વાર્તાની ચોપડી ખરીદી. સાત વર્ષ પહેલાં ભણેલી છતાં એ લખતાં વાચતાં ભૂલી નહોતી, એમ ચોપડીના પાનાં ઉઘાડતાં જ એણે જાણી લીધું.

ગાડી ઉપડી. કંચનપુરના ઉંચા મકાનો અને મિનારાઓ પણ અદ્રશ્ય થયાં. પછી તો સ્ટેશન પછી સ્ટેશન પસાર થવા લાગ્યાં.

વડોદરા સુધી તે ડબામાં એકલી હતી. ત્યાં સુધી તો તેણે વાંચ્યા કર્યું. વાર્તા હજુ પુરી થઇ નહોતી. વડોદરા સ્ટેશને એક જાજરમાન સ્ત્રી અને પુરુષ તે ડબ્બામાં ચઢયા. સ્ત્રીનો દેહ કિંમતી વસ્ત્રો અને મુલ્યવાન આભરણોથી લદાયલો હતો. સાથે એક બાળકી હતી. એણે સોનેરી જરી વાળું રેશમી પણ મેલું ફરાક પહેર્યું હતું. અને ગળામાં, કાંડા ઉપર, બાવડાં ઉપર, પગમાં, કાનમાં અને નાકમાં–બધે–જ્યાં જ્યાં પહેરી શકાય ત્યાં ત્યાં ઘરેણાં પહેર્યાં હતાં. સરિતાને એમને જોઈ જરા પણ ક્ષોભ થયો નહિ. ન્હાનપ લાગી નહિ. શા માટે લાગે ? એ પણ લાખ રુપિયાની ધણીઆણી હતી. આવતી કાલે વાસંતી પણ એથી બમણાં ઘરેણાં પહેરવાની. આવનાર દંપતીની સામે પણ જોયા વિના તે ગર્વથી બેસી રહી.

સુરત સ્ટેશને એક અર્વાચીન નારી ડબામાં ઘૂસી આવી. તેણે ઉંચી એડીના જોડા પહેર્યા હતા, સાડીમાં પિન ખોસી હતી અને કાંડે ઘડિઆળ બાંધી હતી. તેણે વાળ કપાવેલા હતા અને બાંય વિનાનું પોલકું પહેર્યું હતું. હાથમાં છત્રી તથા પૈસાની થેલી હતાં. એનો રુવાબ જોઇને

કોઇપણ સામાન્ય દરજ્જાનો અને સમાધાની માનસ વૃત્તિના સ્ત્રી કે પુરૂષ ટ્રેઇનમાં કે ટ્રામમાં, સીનેમા ગૃહમાં કે સભાગૃહમાં તરત જ જગ્યા કરી આપે. પણ સરિતા તો આજે કોઇથી દબાવાની નહોતી. એ તો પડી હતી એ જ રીતે પોતાના બાંકડા પર પડી રહી. આવનાર સ્ત્રી--પેલાં ધનાઢ્ય દંપતીની બાજુમાં બેસી ગઇ; કાં તો એને ઝગડો કરવો નહોતો, અથવા તો તે ભિખારણ જેવી સરિતાની બાજુમાં બેસવા ઇચ્છતી જ નહોતી. કદાચ એણે એને ધનાઢ્ય દંપતીની ચાકરડી ધારી હોય ! એ વીના આવી કંગાળ સ્ત્રી બીજા વર્ગમાં ક્યાંથી હોય ?

એમ રોફથી, ગર્વથી, ગુમાનથી મદભરી ચાલ ચાલતી સરિતા 'ગ્રાંટરોડ' સ્ટેશને ઉતરી, અને તેની બહેનને ત્યાં ગઈ.

વિશ્વનાથ જો સાથે ન આવે તો તેને એક પણ પાઇ આપવાની સરિતાએ ના કહી હતી. પણ એની ધમકીથી ડરી જઇને તેની હઠ તે મૂકે એવો ન હતો. સરિતાને રાજ્ય તરફથી દર માસે સો રુપિયા મળવાનું નક્કી થયું હતું. તેમાંથી તે દર મહીને પચીસ રૂપિયા વિશ્વનાથને મોકલતી. અન્તે તો તે હિન્દુ નારી--બ્રાહ્મણત્વના સંસ્કાર પામેલી સ્ત્રી હતી; એટલે તેનું મન માન્યું નહી, અને તેને ખર્ચ જોગી રકમ તે મોકલાવતી રહી. પાંચ રૂપિયાથી જે ચલાવી શકતો તેને પચ્ચીસ રુપિયા ઘણા થઈ પડતા. વળી તબિયત સારી હોય ત્યારે તે ભિક્ષાટન કરવાનું ચૂકતો નહિ. અને એ રીતે બને તેટલી મૂડી બચાવવાનું તેણે ચાલુ રાખ્યું.

સરિતાએ એક સારા લત્તામાં સારું મકાન ભાડે રાખ્યું. એક કામવાળી બાઈ રાખી. એ રસોઇ સિવાય

બધું કામ–સાફસુફી, કપડાં ધોવાનું, વાસંતીને રમાડવાનું અને તેને નજીકના બાલમંદિરે લઈ જવા લાવવાનું સંભાળતી. સરિતા બચત વખતમાં વાસંતી સાથે ગેલ કરતી કે ફરવા જતી. અને ફુરસદે પુસ્તકો વાંચ્યા કરતી. આગગાડીમાં વાંચેલી ચાર આનાની વાર્તાની ચોપડીએ એનો વાચનશોખ જાગૃત કર્યો હતો. અને 'પ્રિન્સેસ સ્ટ્રીટ' પરના ગ્રંથ-વિક્રેતાની નવલકથાઓ અને નવલિકાસંગ્રહો એણે પોતાના પુસ્તકાલયમાં વસાવ્યા હતા. એનું જીવન ઠીક ઠીક ખર્ચાળ બની ગયું હતું. પણ માસાસનની રકમ અને પચાસ હજારનું વ્યાજ એને માટે ઘણું થઇ પડતું. સરિતા જેટલી છૂટથી પૈસા વાપરતી, એટલી જ કંજુસાઇથી વિશ્વનાથ બચાવતો, એટલે એમની સંયુકત મૂડીમાંથી તો ખાળે ડૂચા અને દરવાજા મોકળા' જેવું થતું. પણ વિશ્વનાથનું અર્થશાસ્ત્ર એવા ખ્યાલોથી પર હતું. એની લોભવૃત્તિ તો માઝા મૂકતી જતી હતી.

એક દિવસ અચાનક તે રાજદરબારમાં જઈ ચડયો. હજુર કચેરીમાં રાજા સજ્જનદેવ એકલા બેઠા બેઠા કંઇ હેવાલ વાંચી રહ્યા હતા. પટાવાળો કંઈ કામે ગયો હતો, અને એને અટકાવનાર ત્યાં કોઈ નહોતું. કચેરીનું અર્ધદ્વાર ઉઘાડી તે સીધો ઠાકોરની સામે આવી ઉભો.

'કેમ ભાઇ! શું કામ આવ્યા છો?' ઠાકોરે તેને પૂછ્યું. એમની વાણીમાં મિઠાશ હતી. સામાન્ય અરજદાર સાથે વાત કરતાં પણ એ વિનય છોડતા નહિ.

'આપ જાણો છો હું કોણ છું? હું આપના રાજકુમારનો બાપ છું! આપ સમજ્યા!' વિનય કે મર્યા-

દાના ખ્યાલ વિના વિશ્વનાથ બોલ્યો.

એના શબ્દો સાંભળી રાજા વિચારમાં પડી ગયા. ‘ આ કોઈ પાગલ હશે, કે ખરેખર એનો બાપ હશે !’ એને સમજ પડી નહિ. નિહાર બાબુએ કહ્યું હતું કે રાજકુમાર બ્રાહ્મણનો પુત્ર હતો. અને ટુંકી પોતડી, ધૂળથી ઢંકાએલા એના ખુલ્લા પગ, ટુંકા મેલા પહેરણ ઉપર કળચલીવાળો દુપટ્ટો, લીરા લીરા થઈ ગએલી પાઘડી અને કપાળમાં ઉજળું ત્રિપુંડ–એ જોઈ એ એ જ બ્રાહ્મણ હશે એમ રાજા વિચારતા હતા, ત્યાં તો એ ફરી એવી જ ઉદ્ધત ઢબથી બોલ્યો.

‘ આપ સમજ્યાને? મારે મારા દીકરાને જોવો છે. એને વેચ્યો, એથી કંઈ હું બાપ નથી મટી ગયો ! આપ સમજ્યા કે ?’

‘એ હશે. પણ તમે એને મળી શકશો નહિ રાજાએ શાન્તિથી જવાબ આપ્યો.

‘આપ શું બોલો છો, નામદાર? બાપ દિકરાને ન મળી શકે? કાલે હું મહેલ પર આવીશ. આપ ના નહિ કહી શકો. આપ સમજ્યા કે?’ કહી નફ્ફટ રીતે એ હસ્યો.

‘હા. હું સમજ્યો.’ રાજાએ હોઠ પીસી કહ્યું. એની શાન્તિ લૂંટાઈ જતી હતી.

‘જી, હા. એમ કહો તો કેવું સારું લાગે?’ રાજાના શબ્દો પાછળનો ભાવ સમજ્યા વિના એ અણઘડ બ્રાહ્મણ બોલ્યો: ‘હાલમાં, નામદાર! મને પાંચેક હજારરૂપિયાની જરૂર છે. આપ મોકલી આપશો ને ? દિવાન સાહેબે મારૂં ઘર જોયું છે.’

રાજાની આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. એણે પટાવાળાને બોલાવવા ટોકરી વગાડી.

એ વખતે નિહાર બાબુ કચેરીમાં દાખલ થયા. વિશ્વનાથને કચેરીમાં જોઇને તે ચોંક્યા. ઠાકોર ગુસ્સાથી ઉકળી ઉઠ્યા હતા. બ્રાહ્મણ નિર્લજ્જ રીતે અદબ વાળી, ઉંચી ડોક કરી, ગંગાના પ્રવાહને ઝીલવા મહાદેવ શમ્ભુ ઉભા હતા, એમ દૃઢતાથી ઉભો હતો. દિવાન રહસ્ય પામી ગયા. ટોકરી સાંભળી અંદર આવતા પટાવાળાને રોકીને એણે કહ્યું: 'હમણાં જા.'

પછી તે ઠાકોરને નમસ્કાર કરી બાજુના આસન પર બેઠા.

'શું છે, બાપુ?'

'આ ભૂદેવ—એને કંઇ સમજાવો, નહિતર...' ઠાકોરને ગરમ થતા અટકાવી દિવાને બ્રાહ્મણને પૂછ્યું: 'કેમ મહારાજ! શું છે?

'આપ તો મને ઓળખો છો. મારે જરા છોકરાને—અરે! ભૂલ્યો! આપણા રાજકુમારને જોવા છે. એનાં દર્શન કરવાં છે, અને......અને......બીજું તો શું? પાંચેક હજારની જરૂર છે. આપ સમજ્યાને?' કહી તે હસ્યો એના હાસ્યમાં લુચ્ચાઇ કરતાં પાગલતા વધુ જણાતી હતી.

'ઓ! હો! હો! મહારાજ! એમાં શું? તમે તો અમારા ગોર મહારાજ! તમારે માટે અમારાં દ્વાર સદા ખુલ્લાં જ હોય! કાલે જરૂર પધારજો. હાં, કે? અને શું કહ્યું? કેટલા? પાંચ હજાર ને? જરૂર મોકલી આપીશ, હો! વધુ જોઇએ તો પણ માગી લેજો. તમારાથી શું અધિક

છે? કહી ઉભા થઈ એમણે બ્રાહ્મણનો વાંસો થાબડ્યો અને તેને કચેરી બહાર મૂકી આવ્યા.

બીજી સવારે વિશ્વનાથને એના ગોઠિયા નદીએ સ્નાન કરવા જવા નિયમ મુજબ તેડવા આવ્યા, ત્યારે એ ઘરમાં નહોતો. બપોર થઇ સાંજ પડી. રાતનો અંધકાર છવાયો, પણ એ પાછો નહોતો ફર્યો. કોઇએ કહ્યું: 'સરિતા યાત્રાએ ગઇ છે, અને વિશ્વનાથ એની પાછળ ગયો છે.' કોઈએ વાત ચલાવી: 'એ સંન્યાસી થઈ ગયો.' ગમે તેમ પણ એ ગયો તે ગયો જ. પાછો ન આવ્યો. વખત જતાં લોકો વાત કરતા પણ થાક્યા. એક વખતના ચમત્કારિક બનાવો વખત જતાં સામાન્ય થઇ પડે છે, અને કાળ સર્વને ખાઇ જાય છે. વિશ્વનાથને એમ લોકો ભૂલી ગયા.

પણ સરિતા એને ભૂલી નહિ. વિશ્વનાથના કંઇક વિચિત્ર સ્વભાવનો એને ખ્યાલ હતો એટલે. કોઈ સાધુ સન્યાસીના સંસર્ગમાં આવી એ પણ સાધુ સન્યાસી ભેગો ચાલી નીકળ્યો હોય, એ એને અસંભવ ન લાગ્યું. વિશ્વનાથનો આળસુ સ્વભાવ, બેજવાબદારી ભરી વર્તણુક, અતિલોભ અને જીદ્દીપણું—એથી એ કંટાળી ગઇ હતી. નવયુવાનીમાં પણ જીવનની મજા એ માણી શકી નહોતી. પણ ગરીબી અવસ્થામાં એ એવી દબાઈ ગઇ હતી કે એ વખતે જીવન કે જીવનની મજા—એનું એને સ્વપ્ન પણ નહોતું આવતું. આજે આરામ, સગવડતા, વાચન વગેરેના પ્રતાપે એને જીવન જીવવાની વૃત્તિ થઇ આવી હતી. અને એક વાર કંચનપુર જઇ આવી વિશ્વનાથને સમજાવીને અહીં તેડી લાવવા એ વિચાર કરી રહી હતી એવામાં

એના ગુમ થયાના સમાચાર સાંભળી એની વૃત્તિઓ મુંઝાઈ ગઈ. છતાં એની તપાસ કરવા કંચનપુર જઈ આવવાનો એણે નિર્ણય કર્યો.

આ નિર્ણય પાછળ એક બીજું બળ કામ કરી રહ્યું હતું. પુત્રવિયોગ એને અકળાવતો હતો. એક વર્ષ થયાં પુત્રના કશા સમાચાર તેને મળ્યા નહોતા. ભૂલવાના પ્રયત્ન છતાં પુત્રને એ ભૂલી શકતી નહોતી. એક દિવસની ઉમરના બાળકને માત્ર બાર કલાકના સહવાસ પછી એણે છોડયું હતું. આજે એને બાર માસ થઈ ગયા. 'એ તો હવે બેસતાં શીખી ગયો હશે! હસતો હશે! રમતો હશે! ગાડી મોટરમાં ફરતો હશે! સોનાનાં રમકડે રમતો હશે! દાસ દાસીઓ એની પરિચર્યા કરતાં હશે. એ બધું હશે પણ એને માતાનો સ્નેહ નહિ હોય; અંતરના ઉમળકાથી એને ચૂમનારું કોઈ નહિ હોય.' સરિતાનું વાત્સલ્યબળ જોર કરી રહ્યું. એણે કંચનપુર જવાનો નિર્ણય મજબૂત કર્યો.

ત્રણ ચાર વર્ષની વાસંતીને એણે એક બાલ–છાત્રાલયમાં મૂકી, અને એની બહેનને વાસંતીની તપાસ રાખવાની સૂચના આપી. બહેન બિચારી ગરીબ હતી, અને સરિતા તરફથી તેને સીધો કે આડકતરો લાભ મળ્યા કરતો; એટલે એણે એ કામ સહર્ષ સ્વીકાર્યું.

સરિતાને કંચનપુર આવવાની મનાઈ હતી. એ મનાઈ કાયદેસરની નહોતી. છતાં રાજ્યસત્તાની ઇચ્છા એ જ દેશી રાજ્યમાં કાયદો હોય છે; એટલે ખુલ્લી રીતે તો એનાથી આવી શકાય એમ નહોતું. વળી એ તેના બાળકને જોવા આતુર હતી, અને જો બને તો ગુપ્ત રીતે એના

સહવાસમાં રહેવાની એની પ્રબળ ઇચ્છા હતી. પણ કોઈ વિનંતિ, માગણી કે કાલાવાલાથી એ બની શકવાનું નહોતું. યુક્તિ–પ્રયુક્તિથી જે થઈ શકે એ જ થઇ શકે એમ હતું. એટલે એણે ગુપ્ત વેશે કંચનપુરમાં પ્રવેશ કર્યો.

એકાદ દિવસ ધર્મશાળામાં રહી રાજમહેલની સામે જ એક સામાન્ય ઘર એણે ભાડે રાખી લીધું. તેના પ્રત્યે કોઇનું લક્ષ ખેંચાય નહિ એ માટે દેખીતી ગરીબાઈથી એ રહેવા લાગી. રાચરચીલું પણ જરુર જોગું જ વસાવ્યું. એના જૂના ઘરમાં કંઈ અગત્યનો સરસામાન નહોતો. તેમ જ એ ગુપ્ત રીતે જ રહેવા ઇચ્છતી હતી; એટલે શરુઆતમાં તો બ્રહ્મપુરીમાં એણે પગ પણ ન મૂકયો.

રાજમહેલની સામે રહેવામાં તેનો એક એ પણ આશય હતો કે રાજકુમાર કોઇવાર બહાર જતો આવતો તેની નજરે પડે. પણ પાછળથી એને ખબર મળ્યા કે રાજકુમારને કદી બહાર કાઢવામાં આવતો નહિ. દિવાનને હજુ કાવત્રાંનો ભય રહેતો. વિશ્વનાથ હવે ફરીને જાહેર થઈ શકે એ સ્થિતિમાં નહોતો. સરિતા ડાહી અને સમજુ સ્ત્રી હતી, એવી દિવાનના મન પર છાપ પડી હતી; અને એ તો કયાંક ચાલી ગઈ હતી. એટલે એની પણ દિવાનને ચિંતા નહોતી. છતાં રાજ દરબારનાં કેટલાંક દાસ દાસીઓ આ વાત જાણતા હતા; અને જો કે તેઓ વિશ્વાસુ હતા, છતાં પ્રતાપ કોને ભોળવીને કશી નવી ચિંતા ઉભી નહિ કરે એની એને ખાત્રી નહોતી

રાજકુમાર વિજયસિંહની દેખરેખ શોભનાને સોંપવામાં આવી હતી. અને એને કોઈપણ સંજોગોમાં મહેલના

દરવાજા બહાર કાઢવાની સખ્ત મના ફરમાવવામાં આવી હતી. એટલે સરિતા કદિ એનું મુખ જોવા પામી શકી નહિ.

સરિતાને બે કાર્ય સાધવાનાં હતાં—એક તેના પતિની શોધ, અને બીજું કુમારનાં દર્શન. એક વાર તે ગુપ્ત વેશે બ્રહ્મપુરીમાં જઇ આવી, પણ ત્યાં કોઇ એના વિષે જાણતા નહોતા. વિશ્વનાથ વિષે કંઇ નવી કે વિશેષ માહિતી એને ત્યાંથી મળી શકી નહિ. કોઈ સાધુ સંત મળે તો એને પણ એ કંચનપુરના યુવાન સંન્યાસી વિષે પૂછતી; પણ કોઈ એને કશી બાતમી આપી શકતું નહિ.

કુમારના દર્શનના કાર્યમાં પણ એને સફળતા ન મળી. પણ એના પાડોશમાં એક નાનો ચપળ છોકરો રહેતો હતો એની પાસેથી એને થોડી વિગત મળી આવી. છોકરો આઠ નવ વર્ષની ઉમરનો હશે. એ સરિતાને ત્યાં કોઇવાર આવીને બેસતો, અને ગામની આડી અવળી વાતો કરી ચાલ્યો જતો. 'આજે તો ધનિયાનું માથું ફુટયું. કાલે મૂળજીને માસ્તરે માર્યો પણ મૂળજીના બાપે માસ્તર પર કેસ કર્યો. ગઇ રાત્રે આપણા લત્તામાં ચોર આવ્યા હતા, પણ કુતરા બહુ ભસવાથી એ નાસી ગયા. ત્રણ દિવસ પહેલાં એક બાઈ તળાવમાં પડી હતી, એનું મુડદું આજે પાણી પર તરતું હતું. એ હું જોઇ આવ્યો ' આવી વાતો પ્રમથ પાસેથી મળતી. પ્રમથને વાતો કરવાનો આનંદ આવતો, અને દરેક વાત એટલા રસપૂર્વક કહેતો કે એને સાંભળ-વાની ના પાડીને એને નાસીપાસ કરવાની સરિતાની હિંમત નહોતી.

એક દિવસે એ અગત્યની વાત લાવ્યો. વાત તો

તદ્દન સામાન્ય હતી, પણ સરિતાને એ અગત્યની હતી. એણે કહ્યું: 'કાકી! એક વાત કહું? આજે મેં રાજાની રાણીને જોયાં!'

'એમ! ક્યાં જોયાં?' બાળકને વાતમાં ઉત્સાહ આપવા ખાતર જ સરિતાએ વાત લંબાવી.

'હા. એ જ કહું છું ને! વાત તો સાંભળો! વિરાટ છે ને, વિરાટ! એ મારો જુનો દોસ્ત છે. એનો બાપ વિશ્વેશ્વર મહાદેવનો પૂજારી છે. રાણી ત્યાં દર સોમવારે આવે. પણ સોમવારે મારે નિશાળ હોય, અને રાણીને તો જોવાં જ 'તાં! એમાં કાલ સોમવાર આવ્યો ને રજા પણ હતી. એટલે સાયકલ ભાડે કરી હું ત્યાં ગયો. ક્યાં?'

'હા.'

'હા, નહિ. કહો જોઉં ક્યાં? તમે મારી વાત સાંભળતા નથી. તો હું નહિ કહું.' એને કોઈ એની વાત પર ધ્યાન ન આપે તો રીસ ચડતી. અને સાંભળનારનું લક્ષ છે કે નહિ એ જાણવા એ વચ્ચે પ્રશ્નો પણ પૂછતો જાય.

'હું સાંભળું તો છું.' સરિતાએ કહ્યું.

'તમારું ધ્યાન તો બહાર હતું!'

'પણ કાન તો તારી વાત સાંભળે છે.'

'તો કહો. હું શું કહેતો હતો?' એણે પરીક્ષા કરવા પૂછ્યું.

'તું સાયકલ ભાડે કરી ગયો.'

'ક્યાં?'

'વિશ્વેશ્વર મહાદેવ.'

'હા' હવે સાચું. વિશ્વેશ્વર મહાદેવ. હું સાઇકલ પર ગયો. કાકી! હું નાનો હતો ને, પાંચ–૭ વર્ષનો, ત્યારથી

સાઈકલ જાણું છું, હો ! હજુ જો કયાંયથી બે પૈસા, મળી જાય તો એક કલાકની સહેલ સાચી !'

'અરે ! પણ તું રાણીની વાત તો ભૂલી ગયો, અને સાયકલની વાત પર ચડી ગયો !' સરિતાએ એને વચ્ચે અટકાવી કહ્યું.

'હા સાચી વાત.' પોતાના કાન પકડી પ્રમથ બોલ્યો. 'મારી બા પણ કહે છે કે હું વાત કરવા બેસું છું ત્યારે મારો ધડો નથી રહેતો. જુઓ, હવે એમ બન્યું કે રાણી તો પડદામાં રહે. ને એનું મોઢું તો જોવાય જ નહિ. શિવાલયમાં આવે ત્યારે પડદો કાઢી નાખે. પણ કોઈ પુરૂષને એ વખતે ત્યાં આવવા ન દે. અરે ! મને કે વિરાટને પણ કાઢી મૂકે કે ઓરડામાં પૂરી દે. રાણીને તો અમારે જોવા જ 'તાં. એટલે અમે શું કર્યું ? કહું ? પરસાળમાં શણનો એક પડદો ટાંગી રાખે છે–તડકો અટકાવવા; એની પાછળ અમે સંતાઈ ગયા. અને એ થોડું ફાટેલું હતું તે, એને વધારે ફાડી નાખ્યું; અને એ ચીરામાંથી રાણીને જોઈ લીધાં. શું કહ્યું ?'

'રાણીને જોઈ લીધાં.' સરિતાએ કહ્યું.

'હા, બસ. રાણીને જોઇ લીધાં. રાણીજી બહુ સરસ. બહુ રૂપાળાં. કેવાં ? કહું ? રાજાની રાણી જેવાં ! કહી તે હસ્યો.

'રાણી દર સોમવારે આવે ?'

'હા. દર સોમવારે. પણ બહુ ભલાં, હો ! વિરાટની નાની બેન છે ને, એને ખૂબ રમાડે ! બચીઓ ભરે ! ધરાય જ નહિ. ને જાય ત્યારે રમકડાં આપી જાય, ને મિઠાઇ પણ આપી જાય.'

સરિતાને નવાઇ લાગી. વાત નકામી તો નહોતી. એને કુતુહલ થયું: 'રાણી શિવાલયે તો આવે' એ સમજી શકાય એવી વાત છે, પણ પૂજારીની છોકરીને આટલું વહાલ કરે, એ શું? એના મનમાં એક વિચાર સ્ફુર્યો. રાણીને પુત્રી અવતરી હતી, અને માટે જ એનો દીકરો લેવાયો અને રાજકુમારી ગુમ થઇ. એ રાજકુમારી તો નહિ હોય? એ વિના રાણી આટલા લાડ શાને કરે?'

'એ એની ત્યજેલી પુત્રીને લાડ કરી શકે, અને હું મારા ત્યજેલા પુત્રને જોઇ પણ ન શકું? મારે એને જોવો જ જોઇએ. એ મા છે, ને હું મા નહિ? એને હૃદય છે, ને મારે હૃદય નહિ? એ રાણી છે, તો એનાં બાળકને રૂપાનાં રમકડાં આપે: હું માટીનાં તો આપી શકું? રમકડાં તો કંઇ નહિ, પણ વ્હાલથી બે ચુંબન તો કરી શકું!'

પ્રમથ ગયા પછી એણે વિચાર કર્યો કે તેણે પણ દર સોમવારે શિવાલયે જવું. અને રાણીના પરિચયમાં આવવું. એની સાથે મૈત્રી સાધવી અને એ બહાને મહેલમાં જતાં આવતાં થઇ જવું.

બીજે સોમવારે એ શિવાલયે ગઇ, બરાબર રાણીના આવવાના સમયે. અને જાણે બીજી કોઇ વાત સાથે એને નિસ્બત ન હોય એમ અંદર જઇ પોઠિયા પાસે બેસી ગઇ.

રાણી આવ્યાં. એની સાથે શોભના હતી. એમણે સરિતાને જોઇ. એનો કંઇ પરિચય તો નહોતો, એટલે સરિતાને એ ઓળખી શકે એમ નહોતું. બન્ને પરિક્રમા કરી, બાજુની પરસાળમાં ગઇ. પૂજારીની છોકરીને રમાડી, ચુંબન કરી, રાણી ઉભી થઈ. શોભના પણ ચાલી. સરિતા

હજુ ત્યાં જ બેસી રહી વિચાર કરતી હતી કે: 'પરિચય સાધવો શી રીતે ? રાણી સાથે વાત શી કરવી ?' અને વાત કરી શકાય એટલી વાર એ ત્યાં થોભી પણ નહિ ! રાણીને પરસાળમાંથી ઉતરતાં જોયા પછી એ પણ ઉભી થઇ.

રાણી અને શોભના મોટરમાં બેસવા જતાં હતાં ત્યાં થઇને એ નીચું જોઈ પસાર થઇ. શું બોલવું, અને કેવી રીતે બોલવું, એની જ મુંઝવણ એને થતી હતી. પરંતુ શોભનાએ જ એને બોલાવીને એની મુંઝવણ ટાળી.

'ક્યાં જવું છે, તમારે ?'

સરિતાએ પાછું વાળી જોઇ ઉભા રહી જવાબ આપ્યો: 'ગામમાં.'

'આટલાં મોડાં કેમ આવો છો ? અંધારૂં તો થવા આવ્યું છે ?'

'મને ખબર નહિ, આ આટલું દૂર હશે !'

'એક ગાઉ છે. આવા ઉજ્જડ રસ્તા પર અત્યારે એકલું નીકળાય ?' કહી શોભનાએ રાણી સામે જોયું, અને એની સંમતિ મેળવી લીધી હોય એમ બોલી:

'મોટરમાં બેસી જાવ. દરવાજા બહાર ઉતરી જજો.'

સરિતા કંઇ પણ બોલ્યા વિના હાંકનારની બાજુમાં લપાઇને બેસી ગઇ.

આ વાત બન્યા પછી એણે રાણી સાથે તો નહિ, પણ શોભના સાથે ખૂબ જ પરિચય વધારી દીધો, અને રાજમહેલમાં આવતી જતી થઇ ગઇ. હવે એને કોઈ કોઈ વાર કુમારનાં દર્શન થતા. પણ માતૃહૃદયની તૃષા એમ છીપે એમ નહોતું. એને તો પુત્રને રમાડવો હતો. બચીઓથી નવરાવવો

હતો. એને તો માતૃત્વનો લ્હાવો લેવો હતો.

'બ્હેન! મને કંઈ રાજમાં નોકરી ન મળે?' એણે એની સખી શોભનાને પૂછ્યું

'તારે શા માટે નોકરી કરવી જોઈએ? તારી પાસે ગુજરાન ચાલે એટલા પૈસા તો છે.' સરિતાની સ્થિતિ વિષે શોભનાને થોડો ખ્યાલ ટુંક પરિચયથી આવ્યો હતો. એ સરિતાને ઘેર પણ જતી આવતી થઈ હતી.

'બેઠાં બેઠાં તો રાજના ભંડાર પણ ખૂટી જાય, બ્હેન! વળી આખો દિવસ મારે કરવું પણ શું? કંઈ કામ હોય તો મન આનંદમાં રહે.'

'રાણી સાહેબને પૂછી જોઇશ. આપણને ખવાસ જાતને તો રાજમાં કામ મળી જ રહે. હું ખાસ ભલામણ કરીશ.'

'તારો ઉપકાર.' સરિતા બોલી. એણે પોતાની જાતને પણ ખવાસણ તરીકે ઓળખાવી હતી.

એમાં ઉપકાર શાનો, તેજબા? આપણને આખો દિવસ સાથે રહેવાનું મળશે.' કહી શોભનાએ રજા લીધી.

બીજે દિવસે સરિતા–તેજબા–ને રાજમહેલમાં દાસીનું કામમળી ગયું;

પ્રકરણ ૧૦ મું.

—માતાનું હૃદય

સરિતાને પતિનો પત્તો તો ન જ મળ્યો. પણ પુત્રના સહવાસમાં પતિવિયોગનું દુઃખ ઓછું થતું ગયું. રાણીના આવાસમાં જ એને કામ મળ્યું હતું. પરંતુ કુમાર ત્યાં બહુ આવતો જતો નહિ. એને માટે જુદો જ આવાસ કાઢી આપવામાં આવ્યો હતો અને એને દાસીઓની સંભાળ નીચે મૂકવામાં આવ્યો હતો. રાણીને એના વિષે વધુ કાળજી હોવાનું કશું કારણ નહોતું. એનું મન તો પોતાની પુત્રીમાં જ ભમ્યા કરતું. એની પ્રબળ ઇચ્છા અને કાલાવાલાને કારણે જ એને કંચનપુરમાં રાખવાનું નિહાર બાબુએ કબૂલ્યું હતું. નહિતર તો એ કોણ જાણે ક્યાં ગુમ થઈ ગઈ હોત! નિહાર બાબુને રાજકુમારીને અહીં રાખવાનું ગમ્યું નહોતું. એ તો એને કોઈ અજાણ્યા મુલકમાં છોડી દેવા માગતા હતા. પણ એનું કોમળ હૃદય રાણીનો વિલાપ સહન કરી શક્યું નહિ. એ કઠોર બની શક્યું નહિ. એક માતાને એના પુત્રથી વિખુટો પાડવાનું પાતક એણે કર્યું હતું એ એમને ડંખતું હતું. પ્રતાપ અને મડમોને છેતરવાનું એક પાપ તેણે રાજાના અત્યાગ્રહને વશ થઈને કર્યું હતું, અને તેને અંગે વિશ્વનાથને ગુમ કરવાનું અને સરિતાને પુત્રથી વિખુટો પાડવાનું પાપ પણ તેને કરવું પડયું હતું. 'એમાં શું?' કહી

એક ડગલું નીચે ઉતરનારને વધુ ને વધુ નીચે ઉતરવું પડયું હતું. પણ નીચે ઉતરનારને પોતે નીચે ઉતરી રહ્યો છે એવો સતત ખ્યાલ હતો, એટલે એનું હૃદય જાગૃત હતું. એણે બુદ્ધિને વધુ આગળ વધતી અટકાવી. અને રાજકુમારી શહેર બહારના શિવાલયમાં રહી શકી.રાણીને માત્ર સોમવારે જ ત્યાં જવાની છૂટ હતી.

પૂજારીને ખબર નહોતી કે એ રાજકુમારી છે. દિવાનની એના પર પ્રીતિ છે અને રાણી પણ એના પર મમતા ધરાવે છે, એટલી તેને ખબર હતી. વળી તેને સાચવવા દિવાન તરફથી મોટી રકમ તેને દર માસે મળ્યે જતી. એટલે એ વિષે વધુ ચિંતા કરવાની એને જરુર નહોતી. એને સાચવવા એક દાસી પણ રોકવામાં આવી હતી, એટલે એ તો નિશ્ચિંત થઇને જ ફરતો. તેને મળતી રકમમાંથી ઘણું ઓછું ખર્ચ થતું અને સોમવારની મિઠાઈમાંથી એના વિરાટને પણ ભાગ મળતો.

આથી પૂજારી ઘણો ખુશ રહેતો અને રાણીના બાળપ્રેમ અને ધર્મપ્રેમની ઠેરઠેર પ્રશંસા કરતો ફરતો. રાણીની ધાર્મિક વૃત્તિની લોકોમાં પણ સારી અસર થતી. વળી દર સોમવારે સવારે રાણી શહેરના ગરીબ બાળકોને મિઠાઇ વહેંચતાં. એ રીતે રાણીની આંતરિક ભાવનાઓ પોષાતી અને એની પ્રશંસા પણ થતી.

સરિતા બને ત્યારે મુંબઈ જઇને વાસંતીને મળી આવતી. એણે રાણીની આ કહેવાતી ધાર્મિક વૃત્તિનો લાભ લીધો. મુંબઇ જવા માટે એ નાશક—ત્ર્યંબક જવાનું બહાનું કાઢતી. રાણી ધર્મપ્રેમી ગણાતાં, એટલે દાસીને યાત્રાએ

જવાની ના કેમ પાડી શકે ? એને તો ઇચ્છે ત્યારે જવાની રજા મળતી.

આમ બન્ને સમાનહૃદયા ધર્મને નામે પોતાની વૃત્તિને પોષતી. એકની વૃત્તિ શિવાલય તરફ ઢળી હતી. બીજીને રાજમહેલ અને મુંબઈ વચ્ચે આંટાફેરા ખાવાના હતા.

એક વખત સરિતા ઓંકારેશ્વર જવાનું બહાનું કાઢી મુંબઈ ગઇ. પાછળથી કુમાર માંદો પડયો. રાણીને કુમાર પ્રત્યે પ્રેમ ન હતો; હોવાનું કંઈ કારણ નહોતું. એટલે દાસીઓ પણ બેદરકાર બની ગઇ હતી. કુમારના પાલન વિષે કોઇ બહુ ચિંતા રાખતું નહિ. પણ એની માંદગીથી રાજા અને રાણીનો જીવ ઉંચો થઈ ગયો. કેટલા પ્રબળ પ્રયાસે એમણે પુત્ર પ્રાપ્ત કર્યો હતો ! એનો નાશ એટલે સર્વનાશ ! નિહાર બાઝુની ચિંતાનો પાર ન રહ્યો. કુમારની સુશ્રુષા માટે એમણે જાતે તપાસ રાખવા માંડી. એની પરિચર્યા માટે પરિચારિકાઓ પણ રોકી.

તબીબોએ જણાવ્યું કે એને 'ટાઇફોઇડ' તાવ છે; અને એમાં દવા કરતાં સુશ્રુષા વધારે ઉપયોગી નીવડે. એ વખતે 'ટાઇફોઈડ'નું નામ હિંદુસ્તાનમાં નવું હતું, અને એના ઉપચારના અજ્ઞાનથી ઘણા એ દરદનો ભોગ થઇ પડતા. કુમાર રાજકુમાર હતો. યુવરાજ હતો. કંચનપુરની ગાદીનો એકલો વારસ હતો. છતાં એ કોઇનો પુત્ર નહોતો, કોઇનો ભાઇ નહોતો. એની પાછળ મરી ફીટવાની કોઇને તમન્ના નહોતી.

અને જેનો એ પુત્ર હતો, એની પાછળ મરી ફિટવાની જેની ભાવના હતી, એ ત્યાં હાજર નહોતી. શોભનાએ એને નાશિક પત્ર લખેલો; એમાં કેટલાક સામાન્ય સમાચાર

હતા. અને એવા જ સામાન્ય સમાચાર તરીકે કુમારની માંદગીના ખબર બેદરકારીપૂર્વક લખાયા હતા. પત્ર ગોઠવણ મુજબ નાશિકથી મુંબઈ આવ્યો. સરિતા વાંચીને ગભરાઇ. એને ભારે આઘાત થયો. એ એકદમ કંચનપુર આવવા ઉપડી.

આજે આગગાડી એને ખૂબ ધીમી ગતિએ ચાલતી લાગી. એને ઉડીને કંચનપુર પહોંચી જવાનું મન થયું. પણ એ વખતે હિંદમાં વિમાની વ્યવહાર નહોતો. હોત તો પણ સરિતાને એની ગતિ ધીમી લાગત!

કંચનપુર આવી સરિતાએ કુમારની સારવારનું કાર્ય પોતાના હાથમાં લીધું. દાસીઓ તો બધી ખૂબ કંટાળી ગઈ હતી; એટલે એમણે સરિતાને એ ઢસરડો કરવા દીધો. એમણે એને મૂર્ખ માની. પરિચારિકાઓનું કામ પણ હળવું થયું. સરિતાને રાત દિવસ ઉજાગરા થવા લાગ્યા. અન્ન તેને ગળે ઉતરતું નહિ. આરામ તો તેને દુર્લભ થઇ પડયો. એની આંખો ઉજાગરાથી સોજી ગઇ હતી–લાલઘૂમ થઈ ગઈ હતી. એની કાયા કૃશ થતી ચાલી. એનું મુખ ફિક્કું પડી ગયું. એને પણ અતિ શ્રમથી થોડો તાવ શરૂ થયો. છતાં કુમારની સેવા સિવાય બીજી કોઈ વાત પર એણે લક્ષ આપ્યું નહિ.

ડાક્ટરની દૃષ્ટિથી સરિતાની સેવા ગુપ્ત ન રહી. સરિતાના મુખ ઉપરના ફેરફાર રાણીએ અવલોકયા. એની આંખે અંધારાં વળતાં રાણીએ જોયાં.

'તેજબા! તું થોડીવાર આરામ લે.' રાણીએ સરિતાને સૂચના કરી.

'બા કુમારને તાવ નરમ પડયો છે; પણ જો હજુ

યે જરાક બેદરકાર રહીએ તો ફરી તાવ ચડવા માંડે. દાકતર સાહેબે કહ્યું છે કે હજુ આઠ દિવસ આવી જ સારવારની જરૂર પડે.' એણે કહ્યું.

'તેજબા ! મારા પુત્રનું તેં તારો જ પુત્ર ગણીને જતન કર્યું છે! પ્રભુ તને એનો બદલો આપશે!' રાણીએ એના ખભા પર હાથ મૂકી કહ્યું અને ફિક્કું હસી. એના મુખમાં કોઈ બળજબરીથી આ શબ્દો લાદી રહ્યું હોય, એવી કૃત્રિમતાથી એ બોલી. સરિતાએ એનો જવાબ ન આપતાં એની આંખો સામે નજર કરી. રાણી જમીન તરફ જોઈ રહી. સરિતાની આંખ સામે જોવાની એની હિંમત ન ચાલી. એનું હૃદય પોકારતું હતું. 'પુત્ર તો ખરો, પણ કો.........નો ?'

સરિતાને એની પ્રશંસા–ઉક્તિ સાંભળવાનો સમય નહોતો. રાણીને ઉત્તર આપવાની એની ઈચ્છા નહોતી. એને તો એક જ ધૂન લાગી હતી–પુત્રને સાજો કરવાની. એને એક જ ઈચ્છા હતી–પુત્રને છાતી સરસો ચાંપવાની!

એણે ઉત્તર ન આપ્યાથી રાણી બોલ્યાં : 'તેજબા ! બહેન ! તું સૂઈ જા.' રાણીએ એને ખભે હાથ મૂક્યો; પણ એણે કહ્યું: 'મને દિવસના ઊંઘ નહિ આવે.'

તેજબા એ એક જ એવી દાસી હતી, જેને રાણીએ 'બહેન'ના નામે સંબોધી હોય. દાસીને બહેન કોણ કહે ? શા માટે કહે ? પણ રાણી એના ત્યાગ પર ખુશ થયાં હતાં. અથવા એના અજ્ઞાત પ્રભાવથી દબાયાં હતાં ! સુરમા એની વિશ્વાસુ દાસી હતી; શોભના ભારે ચપળ અને બુદ્ધિમાન હતી; છતાં એને કદી 'બહેન'નું માનભર્યું–સમાનતાભર્યું

સ્થાન એણે આપ્યું નહોતું.

'ઊંઘ ન આવે તો પડી રહેજે.' રાણીએ આગ્રહ-પૂર્વક કહ્યું. 'ચાલ ઉઠ જોઈએ.' કહી એણે એનો હાથ ખેંચ્યો. હાથ પકડ્યો, પણ તરત જ હાથમાંથી હાથ સરી પડ્યો.

'અરે ! રે ! તને તો તાવ આવ્યો લાગે છે !' ગાલ ઉપર હાથ મૂકી તેમણે કહ્યું. 'તારું અંગ તો ધખી રહ્યું છે ! અને સૂવાની તું ના પાડે છે ?'

'બા! હું અહિં જ સૂઈ રહીશ.' કુમારના પલંગ પાસે એક વિંટાળેલી પથારી પડી હતી, તેને ઉખેળતાં સરિતાએ કહ્યું. રાણી તેને વધુ આગ્રહ કરી શક્યાં નહિ.

કુમારને ફરી તાવ ચડ્યો નહિ; અને સરિતા પણ જરા આરામ મળવાથી બે ત્રણ દિવસમાં સ્વસ્થ થઈ ગઈ. સરિતાની સેવાવૃત્તિની વાત રાજાએ અને રાણીએ દિવાનને કરી. નિહાર બાબુ ખુશ થયા. એમણે સરિતાને શિરપાવ આપ્યો—પાંચ સુંદર ઝીક ભરેલી રેશમી સાડીઓ. સરિતાની કદર થઈ !

બીજી દાસીઓને એની ઈર્ષા ન થાય એ જોવા સરિતા હંમેશ સાવચેત રહેતી. કારણ કે એથી ઉત્પન્ન થતા દ્વેષ અને ખટપટથી કદાચ એને રાજમહેલનો ત્યાગ કરવાનો પણ વખત આવે ! એણે એ સાડીઓ બીજી દાસીઓને ભેટ આપી. કહ્યું: 'તમે પણ કુમારની ક્યાં ઓછી સેવા કરી છે ? આ મળ્યું છે એ તો આપણે સૌએ વહેંચી લેવા માટે.' કુમારનું પુનર્જીવન એ જ એને મન મોટો શિરપાવ હતો.

મિત્ર કરતાં દુશ્મનની સંખ્યા જગતમાં બહુ મોટી

છે. અને એમાં યે નિષ્કારણ વૈરીની સંખ્યા તો એથી યે મોટી છે. મિત્રો તો આપણને ગણ્યા ગાંઠયા હોય! દુશ્મનો તો–જેની સાથે આપણને લેવા દેવા ન હોય, જેનું આપણે કાંઇ ખૂરૂં કર્યું ન હોય, જેનો આપણે દ્વેષ કર્યો ન હોય; અને છતાં માત્ર આપણે સુખી હોઇએ, સમૃદ્ધ હોઇએ, સ્વમાનશીલ હોઇએ, અરે! માત્ર સારા કહેવાતા હોઇએ તો પણ આ જગતમાં એવા અસહિષ્ણુ અને પરસુખભંજન લોકો હોય છે કે જેઓ આપણા નિષ્કારણ વૈરી બની રહે! સરિતા આ પ્રકૃતિનિયમ જાણતી હતી અને તેથી એ પોતાના નિષ્કારણ વૈરીઓ સરજાવવા દેવા નહોતી ઇચ્છતી. તે જાણતી હતી કે બીજી દાસીઓએ કુમારની કશી સેવા કરી નહોતી. તો પણ એ દાસીઓની હાજરીમાં એ રાણી સમક્ષ એમની પ્રશંસા કરતી. એને ખુશામત કહો તો ખુશામત પણ જો એને રાજમહેલમાં ટકી રહેવું હોય, કુમારની સાથે જીવન વીતાવવું હોય તો એમ કર્યા વિના છુટકો નહોતો.

આ પ્રસંગ પછી કુમારને સરિતાની સીધી દેખરેખ તળે મૂકવામાં આવ્યો. સરિતાને એ જ જોઇતું હતું. એ આખો દિવસ એની સેવાસુશ્રુષામાં જ ગાળતી. દાસીઓને પણ આથી નિરાંત થઈ. એ બધી તો સરિતાને મૂર્ખ જ સમજતી. એને શી ખબર કે સરિતાના હૃદયસાગરમાં માતૃત્વની ઊર્મિઓ ઉછળી રહી છે! એને શી ખબર કે સરિતાની નસેનસમાં વાત્સલ્યનો રક્તધોધ વહી રહ્યો છે!

કુમાર ચાલતાં શીખતા હતા. ચાલણગાડીના ટેકાની હવે તેને જરૂર નહોતી. સરિતાની આંગળી પકડી તે 'પા–પગી' ડગલાં માંડતો. સરતિા એને એ રીતે ચલાવતી

ચલાવતી પાસેના રાણીના આવાસ સુધી લઇ ગઈ. રાણીએ જોયું: સરિતાની આંખમાંથી પ્રેમામૃત વર્ષતું હતું. કુમાર મંદ મંદ હસી રહ્યો હતો. એના નવા આવેલા આગલા દાંત એની છાતી પર લટકતી માળાના મોતીથી વિશેષ ચળકતા અને શુભ્ર દેખાતા હતા. એને નિહાળીને સરિતાનું હૃદય હર્ષથી છલી જતું હતું. એણે કહ્યું: 'જુવો ને, બા! આ તમારો લાડકવાયો હવે દોડવા યે માંડ્યો!'

પણ એથી રાણીને જરા યે હર્ષ ન થયો. એ એનો લાડકવાયો ક્યાં હતો? એ તો હતો 'કોઇનો-અજાણ્યો અણપ્રીછેલો!' એની લાડકવાયી તો પૂજારીના મંદીરમાં સુરમાનો ખોળો ખુંદતી હશે! એના પણ સફેદ દાંત ઉગી નીકળ્યા હશે! સુરમા એને આંગળીયે ચલાવતી હશે!' રાણીના મગજમાં વિચારો ઉભરાવા લાગ્યા. રાજકુમાર સામે ઉભો હતો એ ભૂલાઇ ગયો; અને એની જગ્યાએ પૂજારીના મંદિરમાંની રાજકુમારી રજુલાની મોહક મૂર્તિ ખડી થઇ!

સરિતાના પ્રશ્નનો રાણીએ કેમ જવાબ ન આપ્યો એ સરિતા સમજી શકી. માતૃહૃદય માતૃહૃદયને પિછાની શક્યું. એણે ફરી પ્રશ્ન ન પૂછ્યો. વિચાર કરતાં રાણીને એ સ્થિતિમાં રહેવા દઇ કુમારને લઇ એણે ચાલવા માંડ્યું.

તે બારણા સુધી ગઇ ત્યારે રાણીને ભાન આવ્યું અને તેને અટકાવી. 'કેમ ચાલી જાય છે? બેન તજબા! ઉભી તો રહે!'

સરિતા અટકી: 'શું કહો છો, બા?'

'બેસ ને, થોડી વાર! ક્યાં ચાલી જાય છે?'

'આવું, લ્યો.' કહીને તે પાછી વળી, અને કુમારને

એક ગાદી ઉપર બેસાડી તે રાણી પાસે આવીને બેઠી.

'તેજબા !' રાણીએ આસપાસ નજર કરી ધીમેથી કહ્યું, 'એક વાતમાં મારે તારી સલાહ લેવાની છે.' તે સરિતાની પાસે કુમારને બેસાડયો હતો તે ગાદી પર બેસીને બોલ્યાં, 'મારે તારી સલાહ લેવી છે. શિવાલયના પૂજારીને ત્યાં એક સરસ છોકરી છે. છે તો હજુ નાની, બિજુ દાદા જેવડી.' મહેલમાં કુમાર વિજયસિંહને બિજુ દાદા કહેવાનો રિવાજ હતો. રજવાડામાં કુમારોને 'દાદા'નું સંબોધન સામાન્ય રસમ ગણાય છે.

'હા જી. છે.'

'તેં જોઇ છે ને ? કેટલી નાજુક અને રમતિયાળ છે ? જાણે લક્ષ્મીનો જ અવતાર ! એ હસે, ને મુખમાંથી ફુલડાં ઝરે ! મારે પુત્ર તો છે, પણ પુત્રી નથી. આપણે એને અહીં લાવીને દીકરી કરી રાખીએ તો ?' તે સરિતા સામે જોઈ રહ્યાં.

'મારી ના નથી–પણ બિજુ દાદાની સંભાળમાંથી મને વખત જ કયાં મળે છે, તે હું એની સંભાળ લઇ શકું ?' સરિતાને આ ઉપાધી જોઇતી નહોતી.

'તારે કયાં એની સંભાળ રાખવાની છે ? બાળક પર તારો સ્વાભાવિક ભાવ જ એવો છે કે એને તો તારી અમી દ્રષ્ટિથી જ પોષણ મળે. અને હું યે કયાં નથી ? હું તને મદદ કરીશ.'

કહેતાં તો કહેવાઇ ગયું; પણ પાછળથી તે પસ્તાયાં. તે રાણી હતાં, એક સમૃદ્ધ રાજ્યની રાજમાતા હતાં. પણ પોતાના પદનું એને વિસ્મરણ થઈ ગયું હતું. અત્યારે તો

એ માતા હતી. એના આત્મામાં માતૃત્વ કૂદાકૂદ કરી રહ્યું હતું. એની તલ્લીનતામાં એ સમાઈ ગઈ હતી.

પણ તરત જ એ તલ્લીનતામાંથી બહાર નીકળ્યાં. દિવાસ્વપ્નમાંથી એ જાગૃત થયાં. એમણે વિચાર્યું: 'પોતાના પુત્રની સંભાળ ન રાખી શકનાર પોતે પારકી પુત્રીની સંભાળ લેવા તૈયાર થઇ છે, એ તેજબાને કેટલું વિચિત્ર અને હાસ્યાસ્પદ લાગ્યું હશે !' એમણે વાત જરા બદલાવી: 'મારી મદદની જરુર જ ક્યાં પડવાની છે ? એ તો સુરમા છે ને ? એને ત્યાં સાચવે છે, એમ અહીં સાચવશે.'

'પણ બાપુ સંમતિ આપશે ખરા ?'

'શું કરવા નહિ ?'

'કારણ કે એ જાણે......છે.'

'શું ?'

'કે......' જરા ખંચકાઈ એ બોલી, 'કે...એ આપની પુત્રી છે.'

'મારી પુત્રી ? એ તને કોણે કહ્યું ? તેજબા !' રાણી વિસ્મિત અને ભયપૂર્ણ નજરે તેના સામે જોઇ રહ્યાં.

સરિતાએ જાણ્યું કે એણે ભૂલ કરી નાખી. રાણી ગુસ્સે થશે, તો શું થશે ? એકની એક સનાતન ચિંતા એના ચિત્ત પર છવાઇ. પુત્રનો સહવાસ ગુમાવવાની એને બીતી લાગી.

'આપની પાસે રહીને એટલું અનુમાન ન કરી શકું ? બા ! હું યે કોઈની મા હોઇશ ને ? માનું હૃદય મા ન સમજી શકે ?'

થોડી વારે એ ફરી બોલી : 'એ તો માત્ર અનુમાન

છે. ખોટું હોય તો મને માફ કરજો.' એ દીન બની રાણીના મુખ સામે જોઇ રહી. પણ એણે ત્યાં ક્રોધની. અણગમાની, નારાજીની–એક પણ નિશાની જોઈ નહિ. એણે આરસીમાં જોયું. પોતાના મુખ કરતાં રાણીના મુખ પર એણે વધુ દીનતાનાં ચિહ્ન જોયાં. એને હિંમત આવી. રાણીને શાન્ત જોઈ એ બોલી: 'હા. ખોટું હોય તો માફ કરજો; અને સાચું હોય તો મારા પર વિશ્વાસ રાખજો. હું આપનું લૂણ ખાઉં છું. લૂણહરામ નહિ થાઉં !'

જેમ સરિતાને એક પ્રકારનો ભય ઉત્પન્ન થયો હતો, એમ રાણીને બીજા પ્રકારનો ભય ઉત્પન્ન થયો હતો. પણ સરિતાના છેલ્લા શબ્દોથી એનો ભય નરમ પડયો. એને સરિતા પર વિશ્વાસ બેઠો.

રાજરાણીની મહત્તા સ્વપ્નમાં માણનાર ભિખારણ જો અકસ્માત્ રાજરાણીપદે આરૂઢ થઈ જાય, તો એને એના ભૂત જીવનનો આનંદ ત્યાં ન મળી શકે. એની ઝુંપડીની નિશ્ચિંતતા, નિર્ભયતા અને સ્વતંત્રતા એને રાજમહેલમાં ન મળે.

રાજરાણીઓને અકળ દુ:ખો અને પીડાઓ તો હોય છે જ; પણ એની વેદનાનાં ગીત સાંભળનારું યે ત્યાં કોઇ નથી હોતું. રાણી માયાદેવીને આજે એના દર્દનું રુદન સાંભળનારી એક સખી મળી આવી, અને તેની આગળ તેનું હ્રદય પ્રથમ જ ઉઘડયું. એણે પોતાનું મનોમંથન સરિતા પાસે રજુ કર્યું. આજે એ પહેલી જ વાર રડયાં. એનું રુદન સાંભળનાર આજે મળી ગયું.

લાંબી વાતચીતને અંતે સરિતાએ કહ્યું. 'બા !

આપની વાતને હું સંમતિ આપું છું.'

'બેન, તેજબા ! હવેથી મને બા ન કહેતી. બા હું કોઈની થઇ શકી નથી. જેવી હું આ કુમારની બા છું એવી તમારા સૌની બા છું. મારી દીકરી રજુલાની બા પણ હું બની શકી નથી !'

'ઇશ્વરેચ્છા, તો આપ રજુલાનાં બા બની શકશો !' કહી સરિતા કુમારને લઇને ઉઠી.

પ્રકરણ ૧૧ મું

—ઠાકોરે શું જોયું ?

ઠાકોર સજ્જનદેવના પુસ્તકાલયના ઘડિઆળમાં અગ્યાર ટકોરા થયા ત્યારે એમણે પુસ્તક બંધ કરી શયનગૃહ તરફ પ્રયાણ કર્યું. વાચન વિના એમને ભાગ્યે જ ઉંઘ આવતી. એટલે ઉંઘ લાવવાના સાધન તરીકે પણ વાચનનો એમનો નિયમ ઘડાઇ ગયો હતો.

મહેલમાં શાન્તિ હતી. મેના પણ કદાચ શયન કરી ગઇ હશે; કારણ કે એનો ટહુકો સંભળાતો નહોતો. દાસ-દાસીઓ કેટલાંક નિવૃત્ત થઈ ઘેર ચાલ્યાં ગયાં હતાં, અને કેટલાંક મહેલમાં જ સૂઈ ગયાં હતાં. માત્ર ચોકીદારો જ જાગૃત હતા. અગ્યાર વાગ્યે પુસ્તકાલયમાંથી શયનગૃહ તરફ જવાનો શિરસ્તો સજ્જનદેવે થોડા અપવાદ સિવાય પાળ્યો હતો. અને તેથી એ વખતે દરેક ચોકીદાર બરાબર સાવધ રહેતો.

એમને પસાર થવાનો માર્ગ કુમારના આવાસ પાસેથી નીકળતો હતો. સામાન્ય રીતે આ વખતે દાસીઓ અને કુમાર ઉંઘી ગયાં હોય, અને અતિ ઝાંખો રાત્રિદીપક બળતો હોય. પણ આજે સ્થિતિ એથી ઉલટી હતી. ઝુમ્મરના બધા દીપકો પૂર્ણ તેજથી પ્રકાશી રહ્યા હતા, અને એનો પ્રકાશ ઝીણી બારી વાટે બહાર નીકળી પરસાળમાં પડતો હતો.

આ પ્રકાશ પર થઇને પસાર થતા ઠાકોરની નજર સહેજે કુમારના આવાસમાં ગઇ. આવાસનાં બધાં બારી બારણાં બંધ હતાં એમ આ એક ઉઘાડી રહી ગએલી બારી વાટેથી દેખાતું હતું. અંદરનું દ્રસ્ય જેટલું નવીન એટલું વિચિત્ર હતું. દાસી તેજબા પોતાની પથારીમાં કુમારને લઇને બેઠી હતી, અને આજ મોડી રાત સુધી એને રમાડી રહી હતી. એ માત્ર રમાડી રહી હતી એટલું જ નહિ, પણ 'બેટા' કહી એના માથા પર હેતથી હાથ મૂકતી, અને એના વાંકડિયા ઝુલ્ફામાં આંગળાં પરોવી ગેલ કરતી હતી.

ઠાકોરે આ દાસીની કાળજીભરી સેવાવૃત્તિ વિષે સાંભળ્યું હતું, પણ એ આજે હતી એ સ્વરુપમાં એને કદી જોઈ નહોતી. માથેથી ઓઢણી ખસી ગઈ હતી અને એના ખુલ્લા માથા પર પથરાયલા છુટ્ટા વાળ હવામાં ફરફરતા હતા.

રાજા એ દ્રસ્ય નિરખવાને ઘડીભર ત્યાં થંભી ગયા. અને દીપકના ઝળહળાટમાં સ્નાન કરતા આવાસમાં એણે શું જોયું ?

તેજબા કુમારને પોતાના ખોળામાં બેસાડી એના પર વહાલ વરસાવી રહી હતી. એને એ ચૂમીઓથી ન્હવરાવી રહી હતી, અને ઉમળકાભેર છાતી સાથે ચાંપી રહી હતી.

આ દાસી તે પાગલ છે કે પ્રેમાળ, તે રાજા નક્કી કરી શકયા નહિ. એના મનમાં ગૂંચવણ ઉભી થઈ, પણ એને એ ઉકેલી શકયા નહિ.

પ્રેમાળ મનુષ્ય પાગલ હોય છે. એ કાં તો પાગલ બની જાય છે, અથવા તો લોકો એને પાગલ ગણી કાઢે

છે. ગમે તેમ પણ પ્રેમ અને પાગલપનને બહુ અંતર નથી.

રાજાએ ત્યાંથી પ્રસ્થાન કર્યું; પણ એણે જોએલા દ્રશ્યને દ્રષ્ટિથી દૂર કર્યા છતાં મગજથી દૂર કરી શકયા નહોતા. એ તો એના મગજના પટ ઉપર છપાઇ ગયું હતું—કોતરાઇ ગયું હતું. એના વિચાર એને છોડતા નહોતા.

હજુ આજ સવારે જ રાણીએ રાજકુમારીને મહેલમાં લાવવાની માગણી રાજા પાસે રજુ કરી હતી, એના વિચારો સાંજ સુધી એના મગજમાં ઘૂમતા હતા. રાત્રે તેજબાને કુમાર પર વહાલ વરસાવતી જોઇને એને રાણીની માગણી વ્યાજબી લાગી. બાળક તો સુંદરતા, નિર્દોષતા અને હાસ્યની મૂર્તિ સમું પવિત્ર અને મોહક હોય છે. અજ્ઞાત દાસી જો એ બાલસ્વરુપથી આટલી પ્રસન્ન રહે છે, તો રાણી પોતાની જ બાલ્યપુત્રીના સહવાસથી કેટલી પ્રસન્ન રહે ? રાણીની માગણી સ્વીકારવાનો એણે નિર્ણય કરી લીધો.

બીજી સવારે એમણે નિહાર બાબુને મળવા મહેલે બોલાવ્યા. રાજાનું નિમંત્રણ મળ્યું ત્યારે એ એના બાળક-પુત્ર તારાનાથ સાથે ચા-બિસ્કિટ લઈ રહ્યા હતા. આટલી વહેલી સવારે રાજાએ એને કદી બોલાવ્યા નહોતા. એટલે એને આશ્ચર્ય અને ચિંતા બન્ને થયાં: ‘ કંઈ મુશ્કેલી તો નહિ આવી પડી હોય ને ?’

એની દ્રષ્ટિએ રાજા હજુ બાળક હતા. ભોળપણ અને નિર્દોષતા એ બન્ને બાળકનાં લક્ષણો તો એનામાં હતાં જ. એમના રાજ્યારોહણની શરુઆત પછીથી તરત જ રાજ્યધુરા એમણે સંભાળેલી. પણ અત્યાર સુધી કશા

ખટપટ–પ્રપંચ વિના સરળ અને સાહજીક રીતે રાજ્ય ચાલ્યાં કરતું હતું. પરંતુ મડમોના આવ્યા સાથે રાજ્ય-વહીવટમાં કાવાદાવા શરુ થયા. અને એક દાવ નાખ્યા પછી આગળ અને આગળ એ રસ્તે વધવું પડતું હતું. પાછળ હઠી શકાય એવો તો માર્ગ જ નહોતો રહ્યો. એટલે વહેલી સવારે રાજાનું નિમંત્રણ મળ્યે એને ચિંતા થઈ.

એણે પ્રાતઃકાર્ય ઉતાવળે આટોપી લીધું, અને તારાનાથ સંબંધમાં નોકરોને કેટલીક સુચનાઓ આપી એ રાજમહેલ તરફ જવા ઉપડયા.

નિહાર બાબુ રાજમહેલે પહોંચ્યા ત્યારે ઠાકોર એમની રાહ જોતા શયનગૃહમાં જ બેઠા હતા. હજુ પ્રાતઃકાર્ય પણ એમણે પૂરું પતાવ્યું નહોતું.

'આવો, નિહાર બાબુ!' તેમણે દિવાનનું સન્માન કરતાં કહ્યું: 'બહુ વહેલી આપને તસ્દી આપવી પડી.'

'આ વખતે હું લગભગ તૈયાર થઈ ગયો હોઉં છું.' દિવાને કહ્યું. 'પણ તારાનાથ હજુ બાળક છે ને ? એને તૈયાર કરતાં વખત લાગે. જાત દેખરેખ વિના બધું કાચું. વારુ, બાપુ !' ખેસ ગળા આસપાસ ફેરવતાં એમણે પૂછ્યું : 'શો હુકમ છે ? ફરમાવો !'

ઠાકોરે રાણીની દરખાસ્ત કહી સંભળાવી અને 'રાજકુમારીને મહેલમાં રાખવામાં કશી અડચણ નથી' એવો પોતાનો નિખાલસ અભિપ્રાય પણ જણાવ્યો. વળી ગઈ રાત્રે જે દ્રશ્ય એમણે જોએલું તે પણ વર્ણવી બતાવ્યું. એમના મુખ પર પ્રસન્નતા ઝળકી ઉઠી હતી.

નિહાર બાબુ એમની દરખાસ્ત સ્વીકારવા તૈયાર

નહોતા. કેટલીક વાર એ મૌન બેસી રહ્યા. ઠાકોરના ભોળપણુ સામે આજે એમને દયા છૂટવાને બદલે તિરસ્કાર આવ્યો. આજે એમની વાત માત્ર ભોળપણુ નહિ, પણુ મૂર્ખાઈભરી લાગી. થોડીવારે એમણે કહ્યું : 'બાપુ ! આપની દરખાસ્ત ન સ્વીકારી શકું તો મને માફ કરજો. એવા લાગણીવેડા કરશો તો જીતેલી બાજી હારી જશો. રાજરમત ખેલનારનાં હૈયાં પોલાદનાં જોઈએ, ફુલનાં નહિ ! બાપુ ! રાજકુમારીને મહેલમાં લાવતાં બધો ભેદ ખૂલી જવાનો પૂરો સંભવ છે.'

'ભેદ ખૂલી જવાનું કારણુ જ ક્યાં છે ? રાજકુમારીની વાત તો ગુપ્ત જ રહેશે ને ?' ઠાકોરે પૂછ્યું. દિવાન એમને વધુ પડતા ચીકણા સ્વભાવના લાગ્યા. એમના નકારથી ઠાકોરના મુખ ઉપરની પ્રસન્નતા તો જાણે ધોવાઈ જ ગઈ.

'એ આપ નહિ સમજો. પણુ હું સમજું છું.' દિવાને આસન એની નજીક ખેંચી કહ્યું. 'જાણો છો, એ તેજબા કોણુ છે, જેની આપ બહુવિધ પ્રશંસા કરી રહ્યા છો ?'

'કુમારને સાચવનારી દાસી, જેને આપે તે દિવસે શિરપાવ આપ્યો.'

'બાપુ ! આપ ભૂલો છો. એ દાસી ન હોય.' દિવાને દ્રઢતાપુર્વક કહ્યું. 'તન તોડીને પારકા પુત્રની સેવા કરનારી એ દાસી ન હોય ! મળેલી ભેટની દાસીઓમાં લ્હાણી કરી દેનારી એ દાસી ન હોય ! પરના સંતાનને હૈયે ચાંપનારી એ દાસી ન હોય ! એ તો

માતા જ હોય !'

'હેં ?'

'હા. બાપુ ! મારૂં અનુમાન છે કે એ બાઇ કુમારની સગી મા જ છે. ભવિષ્યમાં આપ જાણશો કે મારું અનુમાન સત્ય છે.'

બરાબર એ જ સમયે સરિતા ત્યાંથી પસાર થઈ. તેના પર દિવાનની દ્રષ્ટિ પડી. દિવાને બૂમ મારીઃ 'સરિતા !'

'જી' ઉત્તર મળ્યો. સરિતાનો પગ ખચકાયો. એનાથી કહેતાં તો કહેવાઈ ગયું પણ પછી મુંઝવણ થઈ. રાજ-મહેલમાં એ સરિતા નહોતીઃ તેજબા હતી. એક પળમાં એકસો વિચાર એના મગજમાંથી પસાર થઇ ગયા. એ પાછી વળી અને બોલીઃ 'હું......મારૂં નામ તેજબા.' તે નીચું જોઇ ઉભી રહી. 'દિવાન ઓળખી ગયા કે શું ?' એના અંતરમાં ફાળ પડી !

'ત્યારે તું નહિ. હું ભૂલ્યો. જા !' દિવાને કહ્યું. સરિતા વિદ્યુતવેગે ત્યાંથી ઉપડી ગઈ. એનું હૃદય થડક થડક થઇ રહ્યું હતું. એનો શ્વાસ માતો નહોતો. કુમારના આવાસમાં આવી એ ધબ કરતી એક આસનમાં બેસી પડી.

'મારું અનુમાન સાચું છે.' દિવાને ડોક હલાવી કહ્યું.

'કેમ જાણ્યું ?'

'મેં 'સરિતા' કહ્યું, ને એનો પગ થંભી ગયો. એનાથી 'જી' કહેવાઇ ગયું અને પછી ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો.

થોડી વાર રહી એ બોલ્યા : 'મારે મા-દિકરાને જૂદા પાડવાનું પાપ કરવું જ પડશે; અને રાજકુમારીને

પણ શહેરમાંથી દૂર કરવી પડશે.' એણે મક્કમ અવાજે
'શું કહ્યું ? બાબુજી !' એક ઝીણો કોમળ
સંભળાયો. પાછળ જોયું તો રાણી આવીને ઉભાં હતાં.
'એ જ, મહારાણીજી, કે મારે આપનું મન દુભ
પડશે. આપની માગણીનો અનાદર કરવો પડશે.'
'શું કરવા ? બાબુજી !' એમણે ગભરાયલ ચહેરે પૂછ
'કુમારના ભેદને પ્રગટ થતો અટકાવવા !' થોડી
એ આગળ બોલ્યા : 'મહારાણીજી મને માફ કરશો
રાજકુમારી અહીં નહિ આવી શકે. અને તેજબા પણ અ
નહિ રહી શકે ! આપ જાણો છો એ કોણ છે ?'
'ના !' કુતુહલભરી દ્રષ્ટિથી રાણીએ કહ્યું.
'એ સરિતા છે ! રાજકુમારની સગી મા !'
'હેં ?'
'ખરું કહું છું. મેં ખાત્રી કરી જોઇ છે. આજે
એને મહેલમાંથી રજા મળશે; અને રાજકુમારીને શહે
છોડવું પડશે !' દિવાને જાણે હૂકમ સંભળાવ્યો.
'બાબુજી ! બાબુજી !' રાણીની આંખમાંથી આંસુન
ધાર ચાલી જતી હતી. એ વિશેષ બોલી શક્યાં નહિ.
'બાબુજી શું કરે ?' દિવાન ખિન્ન સ્વરે બોલ્યા.
'બાબુજીએ લડાઈ આરંભી છે—કુદરતના કાનૂન સામે—માતૃસ્નેહની
ભાવના સામે ! એમાં બાબુજી સફળ થાય કે નિષ્ફળ જાય !
પણ એણે તો આખર સુધી લડી જ લેવું જોઇએ. મહા-
રાણી ! આપની માગણી મંજુર નહિ થાય !'
રાણી ત્યાંજ ઢગલો થઇને પડયાં ! દિવાને આંસુ
લુછવા પોતાની આંખ પરથી ચશ્મા ઉંચા કર્યા !

પ્રકરણ ૧૨ મું

—સમયના પ્રવાહમાં

અમદાવાદથી મુંબઈ જતી ગાડીના બીજા વર્ગના સ્ત્રીઓના ડબ્બામાં સરિતા શોકમગ્ન વદને નીચું જોઈ બેઠી હતી. તેના પહેલા પ્રવાસ વખતે જે નિર્ભયતા, નિશ્ચિંતતા, ગર્વ અને ચેતનનો પ્રવાહ તેના ગરમ લોહીમાં ફરી રહ્યો હતો, એથી ઉલટી લાગણીઓ તેના ઠંડા લોહીમાં આજે વહેતી હતી. ઢીલી, પોચી, ચિંતાતુર અબળા જેવી આજે તે ઠરી જઇને બેઠકના એક ખૂણામાં લપાઇને બેઠી હતી.

સામેની બેઠક નીચેની તેની પેટીમાં હજાર–હજારની પચ્ચીસ નોટોની થોકડી પડી હતી; પરંતુ આજે એ સમૃદ્ધિ પુત્ર વિયોગનાં આંસુ સારતી માતાને આશ્વાસન આપી શકતી નહોતી. આર્થિક દ્રષ્ટિએ તે વધુ સમૃદ્ધ થઇને જતી હતી; પણ ભાવનાની દ્રષ્ટિએ–માનસિક દ્રષ્ટિએ–એ વધુ કંગાલ બનીને આજે પ્રવાસ કરી રહી હતી. પહેલા પ્રવાસ વખતે એનાં નયનો ઉલ્લાસથી પ્રકાશી રહ્યાં હતાં. આ પ્રવાસ વખતે એનાં નયનો ઉન્હાં આંસુઓને નીચોવીને એના ગાલને ભીંજવતા હતા.

કેટલી યે વાર સુધી રડી રડીને એ ઉંઘી ગઇ. જાગતી હતી ત્યારે પણ પ્રવાસમાં એણે શું જોયું, શું અનુભવ્યું, કોણ ડબ્બામાં આવ્યું–ગયું, એ કંઇ એના

લક્ષમાં રહ્યું નહિ.

સવારમાં એ ને એ મુંબઈ, એ ને એ ધમાલ, દોડતી ટ્રામના ખડખડાટ, મૉટર બસના ભુંગળાનો અવાજ અને કાલબાદેવી ઉપરનું એ ને એ મકાન! પણ પહેલાંના ઉત્સાહ નહિ, ઓજસ નહિ, ચેતન નહિ!

એને એક જ આશ્વાસન હતું–વાસંતી. એને છાત્રાલયમાંથી ઘેર બોલાવી લીધી અને પોતાની દેખરેખ અને કાળજી નીચે એને અભ્યાસ આપવાનું શરુ કર્યું. એના વિકાસ અર્થે, એના આનંદ અર્થે, એણે એની મિલ્કત અને જાતમહેનત વેરવા માંડી.

દિન પર દિન વાસંતી વધુ ચપળ, બુદ્ધિશાળી, યુવાન અને સુંદર બનતી જતી હતી. એને જોઈને સરિતા બ્રહ્મપુરીના લત્તાની કંગાળ ઝુંપડી, કરજના બોજા તળે કચડાએલી કંગાલિયત, ગુમ થએલો પતિ અને આશા આપતો પુત્ર–વગેરે ધીમે ધીમે ભૂલતી જતી હતી.

બીજી બાજુ કંચનપુરમાં જીવન નિયમિત વહ્યે જતું હતું. રાજકુમાર અને રજુલા જુવાન થતાં જતાં હતાં: રાજા, રાણી અને દિવાન વૃદ્ધ થતા જતા હતા. રાણીની હૃદયભેદક કાકલુદીઓ આગળ પીગળી જઈને દિવાને રજુલાને દેશવટો આપવાનું મોકૂફ રાખ્યું હતું.

અને એમ કંઈ પણ વિશિષ્ટ પ્રસંગ બન્યા વિના, જુવાનોની નવી દુનિયાના નવા રંગો જમાવવા એકાદ દસકો પસાર થઈ ગયો.

એમાં શું ?

દ્વિતીય ખંડ

પ્રકરણ પહેલું

—અહિંસા : ધર્મ કે નીતિ ?

મુંબઇના 'આદર્શ વિનય મંદિર'ના મધ્યખંડમાં શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સાપ્તાહિક વિવાદ સભામાં ચર્ચા અર્થે એકઠા થયા હતા. ચર્ચાનો વિષય 'અહિંસા–ધર્મ કે નીતિ ?' એ હતો. શાળાના મુખ્ય અધ્યાપક પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

ચર્ચાની શરુઆત વિનીત વર્ગનો આગેવાન વિદ્યાર્થી પ્રમથકુમાર કરવાનો હતો. ખંડ આખો વિદ્યાર્થી–પ્રેક્ષકોથી ચિકાર ભરાઇ ગયો હતો. જ્યારે જ્યારે પ્રમથકુમાર મુખ્ય વકતા હોય ત્યારે ત્યારે વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં હાજરી આપતા. પ્રમથકુમારની વાક્છટા એટલી મોહક હતી. એમની દલીલો ભલે સજ્જડ ન હોય, છતાં એ રજુ કરવાની શૈલી અને મધુર ભાષા જરૂર આકર્ષક હતાં.

પ્રમુખની પરવાનગીથી ચર્ચાની શરૂઆત પ્રમથકુમારે કરી. એણે કહ્યું :

'આજનો વિષય સામાજિક, ધાર્મિક, આર્થિક તેમ જ રાજકીય પણ છે. સામાજિક એટલા માટે કે એને આખા સમાજ સાથે નિસ્બત છે. દરેક પ્રકારના સામાજીક વ્યવહારમાં હિંસક કે અહિંસક ભાવ રહેલા છે. ધાર્મિક એટલા માટે

કે આર્યાવર્તની સંસ્કૃતિ અહિંસાથી ઘડાઇ છે, અને દરેક ધર્મના પયગંબરોએ અહિંસા પ્રબોધી છે. અહિસાને આધ્યાત્મિક ઉન્નતિના સબળ સાધન તરીકે ગણવામાં આવી છે. આપણા દેશના આગેવાનોએ અહિંસાને આર્થિક મુક્તિ અને રાજકીય સિદ્ધિના સાધન તરીકે ગણેલ છે, એ રીતે આ પ્રશ્ન આર્થિક અને રાજકીય પણ છે.'

'સરસ શરૂઆત! પ્રમથ હમેશાં આરંભમાં તો શૂરોજ હોય છે.' એક વિદ્યાર્થીએ બીજાના કાનમાં પોતાનો અભિપ્રાય કહ્યો.

નેકટાઇની પિન ફેરવતાં ફેરવતાં પ્રમથ આગળ બોલ્યો: 'આ સ્થળે અહિંસાની વ્યાખ્યા, ઉત્પત્તિ અને પ્રયોગ વિષે વિવેચન કરીને આપ સૌનો સમય ન રોકતાં જે વિવાદાત્મક પ્રશ્ન છે એને જ હું ચર્ચીશ.'

'વકતા મહાશય એ વિવેચન કરશે તો આનંદ પડશે.' એક ખૂણામાંથી અવાજ આવ્યો. સૌ અવાજ સાંભળી શકયા, પણ બોલનારનાં કોઇને દર્શન થયાં નહિ.

'એ પિષ્ટપિંજણની જરાએ જરુર નથી. જ્યાં બે મત છે એ જ વસ્તુની ચર્ચા થવી જોઇએ. દરખાસ્ત મૂકનાર બિરાદર આ ચર્ચાને આનંદને બદલે અભ્યાસની દૃષ્ટિએ જોશે એવી આશા રાખું છું.' એક આગલી હારમાં બેઠેલો નાનો વિદ્યાર્થી ઉભો થઇને બોલ્યો. એ જ વખતે એકી સાથે જુદા જુદા અભિપ્રાયોના ઉચ્ચારો આવવા લાગ્યા અને સભામાં ઘોંઘાટ થઇ રહ્યો.

પ્રમુખે ટોકરી વગાડી શાન્તિ સ્થાપી કહ્યું: 'દરખાસ્ત કનાર મહાશય નેપથ્યમાંથી બોલ્યા હોઇને એમની દર-

ભારત પર વિચાર કરી શકાય નહિ.' વિદ્યાર્થીઓ હસી પડ્યા. 'વક્તાને એમની રીતે આગળ બોલવાની હું વિનતિ કરું છું.'

પાટલુનના ખીસામાંથી રૂમાલ કાઢી મોં લૂછતાં પ્રમથે આગળ ચલાવ્યું: 'આજને તબક્કે છૂપી રીતે ત્રાસવાદી ચળવળ ચલાવનારા થોડા એક વધુ પડતા ઉત્સાહી જુવાનિયાઓ સિવાય હિંદમાં સૌ કોઇ અહિંસાના માર્ગનું સમર્થન કરે છે. પરંતુ કેટલાક તેને ધર્મ (Creed) તરીકે અને કેટલાક નીતિ (Policy) તરીકે સ્વીકારે છે. આ બે વર્ગમાં હું પહેલા વર્ગનો છું અને અહિંસાને ધર્મ તરીકે સ્વીકારવામાં માનું છું. હિંસક લડાઇઓ વર્ષો થયાં લડાતી આવી છે, અને છતાં જગતમાં કદી શાન્તિની સ્થાપના થઇ શકી નથી. જો આપણે જગતમાં સાચી શાન્તિ સ્થાપવાની ઇચ્છા રાખતા હોઇએ તો તે અહિંસાનું સામ્રાજ્ય પ્રસર્યા વિના નિષ્ફળ જવાની છે. તલવારના બળે મેળવેલી સત્તા કે સ્વતંત્રતા તલવારના બળે જ નાશ પામશે. અહિંસાના બળે મેળવેલી સ્વતંત્રતા અને અહિંસાના બળે ચાલતી સત્તા સદાકાળ ટકી રહેશે. અહિંસા એ આત્મિક બળ છે, અને તેથી સાચું બળ છે. હિંસા એ પશુબળ છે, દાનવી બળ છે. દાનવી બળનું શાસન જગતમાં લાંબો સમય ટકી શકતું નથી.'

'હિંસા આજની પરિસ્થિતિમાં અવ્યવહારુ પણ છે. આપણી પાસે હિંસાનાં એટલાં સાધનો પણ નથી કે જેથી આજની વૈજ્ઞાનિક હિંસાના જબરદસ્ત બળ સામે આપણે ઝઝૂમી શકીએ ! હિંસાના રાક્ષસી બળ સામે અહિંસાનું દૈવી

બળ જ લડી શકશે, અને વિજય મેળવી શકશે.'

તાલીઓના અવાજ શાન્ત પડતાં પ્રમથ આગળ બોલ્યો: 'આપણને સ્વતંત્રતા જોઈએ છે, પણ એ હિંસાથી મેળવેલી-મનુષ્યનાં લોહીથી ખરડાએલી સ્વતંત્રતા નહિ! આપણને સ્વતંત્રતા જોઇએ છે. શત્રુના હૃદય પર વિજય મેળવીને, ભયથી શત્રુને તાબે કરીને નહિ!'

'અહિંસા ધર્મ છે. ધર્મ સનાતન અને અચળ છે. નીતિ પલટાય છે; ધર્મ પલટાતો નથી. એ તો જીવન સાથે, આત્મા સાથે જડાએલો છે! અહિંસા–ધર્મ માત્ર સ્વરાજ્ય આપશે એટલું જ નહિ પણ માનવીની આધ્યાત્મિક ઉન્નતિ પણ સાધશે.'

'ધર્મ રૂપે અહિંસા–એ બંધનમાંથી મુક્ત કરશે સ્વદેશને, સમાજને અને આત્માને! અહિંસા ધર્મ એ પુનિત પયગામ છે મહંમદ અને ઈસુનો, જરથોસ્ત અને બુદ્ધનો, મહાવીર અને મહાત્મા ગાંધીનો!'

તાલીઓના ગગડાટ વચ્ચે પ્રમથનું ભાષણ પૂરું થયું.

પ્રમથ વિવાદ સભામાં કોઈ વાર જ બોલતો; પણ જ્યારે તે બોલતો ત્યારે પ્રેક્ષકોને છક કરી દેતો. તેનો પહાડી સુર હવામાં ગાજી રહેતો. તેની ભાષા સાંભળનારના હૃદયને હલાવી શકતી. તેના ભાષણ પછી વિરોધ કરવાની અને તેમાં સફળતા મેળવવાની કોઇ હિંમત કરી શકતું નહિ.

પ્રમુખે ચર્ચાનો વિરોધ કરવા વિદ્યાર્થીઓને આમંત્રણ આપ્યું. સર્વત્ર ચૂપકીદી ફેલાઈ રહી હતી. કોઇ બોલનાર નથી એમ માનીને પ્રમુખ ઉપસંહાર માટે ઉભા થયા. એટલામાં ડાબી બાજુના ખૂણામાંથી તાલીઓના

અવાજ સંભળાયા.

'સાહેબ ! રજા આપો તો બે શબ્દ બોલું.'

સૌની દષ્ટિ જે દિશામાંથી અવાજ આવતો હતો, તે દિશા તરફ વળી. પંદર–સોળ વર્ષની એક કન્યા પ્રમુખની રજા માગી રહી હતી.

'કોઇને પણ બોલવાની છુટ જ છે.' કહી પ્રમુખ પાછા આસન પર બેઠા. કન્યા તાલીઓના ગગડાટ વચ્ચે વ્યાસપીઠ પર આવીને ઉભી.

શાન્ત અને મધુર એનું વદન હતું. આછી શ્વેત સાડી તેણે પરિધાન કરી હતી. મધુર અને મોહક એનો કંઠ હતો : જાણે સાક્ષાત્ સરસ્વતી !

'બિરાદરો !' એણે શરૂઆત કરતાં પ્રેક્ષક–વર્ગમાં શાન્તિ સ્થપાઇ ગઈ. કેટલાંક પ્રમથની જોરદાર અને છટાદાર શૈલી પાસે એ કેવી ઝાંખી લાગશે એની કલ્પના કરતા હતા. કેટલાક પ્રમથને આજે જવાબ દેનાર મળી, એથી જ પ્રમથનું માન ઉતરી ગયું માનતા હતા. પણ ભાષણ શરૂ થતાં બધી ચર્ચા બંધ પડી.

'બિરાદરો ! પ્રમથભાઈએ પ્રસ્તુત વિષયના વિચારકો અને મતવાદીઓના બે વર્ગ પાડયા; તેમાં હું બીજા વર્ગની છું; એટલે એમના મંતવ્યનો હું વિરોધ કરવા ઉભી થઇ છું.'

'અહિંસાને હું નીતિ તરીકે સ્વીકારું છું; ધર્મ તરીકે નહિ. અહિંસાને હું ધર્મ તરીકે નથી સ્વીકારતી, એનો અર્થ કોઈ એમ ન કરે કે હું હિંસાને ધર્મ તરીકે સ્વીકારું છું ! કોઇપણ સંજોગોમાં હિંસા એ ધર્મ હોઇ

શકે જ નહિ; હિંસા એ કદી જીવનસિદ્ધાંત હોઈ શકે નહિ એ હું કબૂલું છું. પરંતુ હિંસા એ અહિંસાની પેઠે અમૂક સંજોગોમાં નીતિ હોઈ શકે.'

'ચર્ચાકારે કહ્યું કે આર્યવર્તની સંસ્કૃતિ અહિંસા ધર્મથી ઘડાઇ છે. મને લાગે છે કે એમ કહેવામાં એમણે અતિશયોકિત કરી છે, અથવા ઇતિહાસ પ્રત્યે દુર્લક્ષ કર્યું છે. જેમને આપણે આદર્શ રાજવી અને મહાત્મા માનીએ છીએ, તે રામચંદ્રજીએ રાવણ સાથે હિંસક યુદ્ધ ખેલ્યું હતું! જેમને આપણે ધર્મરાજા ગણીએ છીએ એ યુધિષ્ઠિર અને પાંડવોએ કૌરવો સામે હિંસક યુદ્ધ જ આદર્યું હતું; અને હિંદુઓના ભગવાન શ્રી કૃષ્ણે એની પ્રેરણા અને દોરવણી આપી હતી. આપણા વકતા મહાશય શત્રુના હૃદય પર વિજય મેળવવાની અર્થાત હૃદયપલટાના સિદ્ધાંતની રજુઆત કરે છે—એનું સમર્થન કરે છે; પરંતુ એ સિદ્ધાંત આર્યાવર્તની સંસ્કૃતિને સંગત થતો નથી. શ્રી કૃષ્ણ ભગવાને કંસના હૃદય પર વિજય મેળવવાને બદલે કંસના દેહ પર જ વિજય મેળવ્યો હતો! અને નૃસિંહ ભગવાને હિરણ્ય કશ્યપના લોહીથી પોતાના નખ ખરડયા હતા! ભારતવર્ષની આર્ય—સંસ્કૃતિનો કાળ તે એ જ કાળ હતો કે નહિ?'

આ કન્યાની દલીલો વધુ સાંભળવા પ્રેક્ષકો તલ્લીન બન્યા હતા. એણે આગળ ચલાવ્યું.

'મારી હિંસા—અહિંસાની આ વ્યાખ્યા છે: સ્વાર્થને વશ થઈ કોઈ વ્યકિત કે દેશની સ્વતંત્રતા પર આક્રમણ કરવું, તે હિંસા; અને દેશને ગુલામીમાંથી મુકત કરવા કે વ્યકિતનું શોષણ અટકાવવા વિપ્લવ જગાડવો તે અહિંસા.

એક બળવાન સત્તા રાજ્યલોભને વશ થઈ પોતાની વિશાળ લશ્કરી સત્તાના જોરે એક નિરાધાર નાની પ્રજાને માત્ર ભય દર્શાવી એક પણ જાનની ખુવારી વિના એ પ્રજાની સ્વતંત્રતાને છિનવી લ્યે, એને હું નરી હિંસા–ક્રૂરતમ હિંસા જ કહું! અને એક શોષિત પ્રજા પોતાના શિર પર લદાએલી ઝારશાહીને–અમલદારશાહીને–હિંસક બળવો જગાડીને ઉખેડી નાખી પોતાની સ્વતંત્રતા પાછી મેળવે એને હું અહિંસા કહું!'

પ્રમુખે મેજ પર હાથ પછાડી તાલીઓના ગગડાટને શાન્ત પાડયો.

વિદ્યાર્થિનીએ ચાલુ રાખ્યું: 'માફ કરજો, મારાથી જરા વિષયાંતર થઇ ગએલ છે. આપણી ચર્ચા 'હિંસા વિરુદ્ધ અહિંસા' ના વિષયની નથી; પણ 'અહિંસા : ધર્મ કે નીતિ?' એ વિષયની છે. પરંતુ લાચાર છું કે મુખ્ય વક્તાએ એ વિષય પડતો મૂકીને 'હિંસા વિરુદ્ધ અહિંસા' વિષે કહી નાખ્યું હતું, એટલે મારે એનો જવાબ વાળવો પડયો.'

એણે પ્રમુખ સામે દ્રષ્ટિ કરી. પ્રમુખને પોતાની ભૂલ સમજાઇ. એમણે વિષયાંતર અટકાવવો જોઇતો હતો. 'કંઈ વાંધો નહિ. આગળ ચલાવો.' કહી એમણે નીચું જોઇ મેજ પરના કાગળ પર નોંધ ટપકાવવી શરૂ કરી. વિદ્યાર્થીઓમાં સ્મિતનું ઝીણું વાતાવરણ પ્રસરી રહ્યું.

કન્યાએ પ્રેક્ષકો સામે જોઇ ભાષણ ચાલુ રાખ્યું: 'આપણા ચર્ચાકાર મહાશયે કહ્યું કે 'હિંસા આજની પરિસ્થિતિમાં અવ્યવહારુ છે.' એમની આ વાતને હું સંમત

થાઉં છું, અને તેથી જ હિંદમાં અત્યારે ત્રાસવાદીઓ તરફથી છુટા છવાયા જે હિંસક પ્રયોગો ચાલી રહ્યા છે એને હું વ્યાજબી માનતી નથી. હિંસા આજની પરિસ્થિતિમાં અવ્યવહારૂ છે, એમ અહિંસા પણ ભવિષ્યની કોઈ પરિસ્થિતિમાં અવ્યવહારૂ બને તો શું કરવું ? આપણે વ્યવહારૂ તો બનવું જ જોઈએ ને ? વકતા મહાશય કહે છે કે આપણી પાસે હિંસાનાં સાધનો નથી. ખરી વાત છે. પણ સાધનો હોત તો ? તો એનો ઉપયોગ કરવો; ખરૂં ને ? એ જ મારી માન્યતા છે કે હિંસા અને અહિંસા એ નીતિ છે. મને લાગે છે કે વકતાએ આ દલીલો કરીને મારા મંતવ્યનું જ સમર્થન કર્યું છે ! એનું કારણ એમની માન્યતાની—એમના વાદની—નિર્બળતા !'

વિદ્યાર્થીઓ આ કન્યાના વાક્ચાતુર્ય પર ખુશ થયા જણાયા. થોડી હસાહસ પણ થઈ રહી.

'હું અહિંસામાં માનું છું, પણ નીતિ તરીકે. ધર્મ તરીકે નહિ ! અહિંસા આજે પ્રયોગ દશામાં છે. હું અધ્યાત્મની વાત કરતી નથી. આધ્યાત્મિક મુકિત માટે મથનારા સાધુ, સંન્યાસીઓ અને પ્રભુભકતો ભલે અહિંસાને ધર્મ તરીકે માને ! રાજકારણને લાગે વળગે છે ત્યાં સુધી અહિંસા જે આજે પ્રયોગ દશામાં છે—કોઈ પ્રજાએ પોતાની રાજકીય મુકિત અર્થે એને સફળ સાધન તરીકે વાપરી સિદ્ધ કરી બતાવ્યું નથી—તે અહિંસાનો આપણો પ્રયોગ જો નિષ્ફળ જ જાય, અને વ્યવસ્થિત હિંસાના સફળ સાધનો આપણી પાસે હોય, જે વડે આપણે નિશ્ચય સત્તા હસ્તગત કરી શકીએ એમ હોય, તો

પણ અહિંસાને નામે હાથ જોડીને બેસી રહેવામાં હું માનતી નથી. આપણું ધ્યેય સ્વાતંત્ર્યનું છે. અહિંસા એને માટે એક શસ્ત્ર છે. એ શસ્ત્ર નિષ્ફળ નીવડે તો એને ફેંકી દઇને બીજું સફળ શસ્ત્ર સ્વીકારીએ અને આપણા દેશની મુકમ્મિલ આઝાદી હાંસલ કરીએ.'

દ્વિગુણ જોસથી તાલીઓના ગડગડાટ અને 'ઇન્કીલાબ ઝીંદાબાદ'ની બૂમો વાતાવરણને ગજાવી રહ્યાં.

કન્યાના લલાટ પર વિજેતાનું તેજ ચમકવા લાગ્યું. શૌર્યભરી એની આંખો વિદ્યુત પેઠે ચળકી રહી. શરૂઆતમાં કેટલાક ઉગતા કવિઓએ એને 'સાક્ષાત્ સરસ્વતી'નું આપેલું બિરૂદ પાછું ખેંચી લીધું અને એને 'ક્રાન્તિની કન્યા'નું ઉપનામ ભેટ ધર્યું.

'જ્યાં જ્યાં શોષણ ચાલી રહ્યું છે મૂડીવાદને નામે, શાહીવાદને નામે, નાઝીવાદને નામે—ત્યાં ત્યાં હિંસા છે. શોષણને નાબુદ કરવા શોષકોની એ જમાતને નાબુદ કરવી પડશે. અને જ્યારે શોષક અને શોષિત, માલિક અને મજૂર, રાજા અને પ્રજા—એવા અસમાન ભેદ દૂર થઇ વર્ગવિહીન સમાજ રચના સ્થપાશે ત્યારે જ શોષણ બંધ થતાં હિંસા બંધ થશે અને સાચી અહિંસા સ્થપાશે. એટલે જો આપણને દેશના શોષિતો અને પીડિતોની મુક્તિ જોઇતી હોય, મજદૂરો અને કિસાનોને રોટી અપાવવી હોય, તો અહિંસા નિષ્ફળ જતાં હિંસાને નીતિ તરીકે—ભલે એક આવશ્યક અનિષ્ટ તરીકે પણ—સ્વીકારીને આગળ ધપવું જોઇએ, અને દેશની મુકમ્મિલ આઝાદી પ્રાપ્ત કરવી જોઇએ.'

ભાષણ પૂરું થયા પછી કેટલીક વાર સુધી તાલી-

ઓનો ગડગડાટ મચી રહ્યો.

'સાહેબ ! પાંચ મિનિટ.' જમણી બાજુએથી એક જુવાન આગળ આવ્યો.

'કોણ, વિરાટ ! પાંચ નહિ ને દસ મિનિટ !' પ્રમુખે ઉદારતા દર્શાવી. આજની ચર્ચા સરસ રીતે જામવાથી પ્રમુખ ખુશ થયા હતા. વિદ્યાર્થીઓ પણ સાંભળવા ઉત્સુક હતા એમ દર્શાવવા તેમણે વિરાટને તાલીઓથી વધાવ્યો. ધીમે પગલે વિરાટ વ્યાસપીઠ પર આવ્યો.

'ભાઇઓ !' વિરાટે શરૂઆત કરી.

'અને બહેનો !' વચ્ચેથી એક અવાજ આવ્યો.

'માફ કરજો !' વિરાટ બોલ્યો. 'ભાઇઓ અને બહેનો ! શ્રીયુત પ્રમથકુમારની માન્યતાને હું મળતો થાઉં છું. પરંતુ એમણે એના સમર્થનમાં રજુ કરેલી દલીલોનો હું વિરોધ કરૂં છું. હું અહિંસાને ધર્મ તરીકે માનું છું. ધર્મ એ ત્રિકાળ સત્ય છે. એનું પાલન એ જ એને અંગિકાર કરનારનું કર્તવ્ય છે. સંજોગો અને સાધનોથી એ પર છે. આપણી પાસે હિંસક સાધનો નથી, માટે આપણે અહિંસાને વળગ્યા છીએ એ માન્યતા બરાબર નથી. એ તો નિર્બળતા છે ! અહિંસા એ બળવાનનું શસ્ત્ર છે; નિર્બળનું નહિ !'

'બીજી વાત. અહિંસાને માર્ગે સ્વતંત્રતા ન મળે તો અમારે સ્વતંત્રતા નથી જોઇતી એમ નહિ. સ્વતંત્રતા અમારે જોઇએ છે જ અને તે અહિંસાને માર્ગે મળી શકે એમ છે જ; એમાં અમને વિશ્વાસ છે.'

ખાદીના ઝભ્ભાના ખીસામાં બન્ને હાથ નાખી

ડોલતો ડોલતો વિરાટ બોલ્યે જતો હતો. એની ભાષા શાન્ત અને એકધારી વહ્યે જતી હતી.

'આજનાં યુદ્ધો હિંસક વિચારોમાંથી ઉભાં થાય છે. એની પાછળ સ્વાર્થ અને અસંતોષ છે. બળવાન રાજ્ય કે પ્રજા પોતાનાં સંસ્થાનો ટકાવવા માટે. પોતાની સત્તા નીચેની ગુલામ પ્રજા પરનો પોતાનો કાબુ કાયમ નભાવવા માટે, પોતાને માટે વધુ જગ્યા મેળવવા માટે, પોતાનાં આયાત-નિકાસની સગવડો અને વ્યાપારી લાભ માટે બીજા દેશ પર ગુલામીની જંજીરો પાથરે છે, અથવા પાથરેલી રાખે છે એ નરી હિંસા છે. એ હિંસાવૃત્તિને નાબૂદ કરવા એમણે અસંતોષ ત્યજવો જોઇએ, પોતાની જરુરિયાતો ઘટાડવી જોઇએ અને સાદું જીવન ગાળવું જોઇએ.'

'આજે જગતમાં દુઃખ છે; કારણ કે હિંસા છે. મહાભારતના યુગમાં પણ દુઃખ હતું; કારણ કે ત્યારે પણ હિંસા હતી. જો અહિંસાને ધર્મ રુપે આચરવામાં આવે અને સંતોષ અને સ્નેહથી મનુષ્ય જીવે અને વિકાસ સાધે તો જ દુઃખ ટળે. હિંસાને નીતિ રુપે માનીને જરુર પડયે એનો ઉપયોગ કરતા રહીએ તો 'શાન્તિના સમયમાં અહિંસા અને અશાન્તિના સમયમાં હિંસા' એ સિદ્ધાંત પડી જશે; અને જગતમાં યુદ્ધોનો દાવાનળ સળગતો જ રહેશે.'

વિરાટે પૂરું કર્યું. અને હળવેથી પોતાની જગ્યાએ ગયો. એક ટિખળી કિશોર તેની પાછળ બોલ્યો: 'વેદિયો ઢોર !'

વિરાટ અચકાયા વિના, પાછું વાળી જોયા વિના, ચાલ્યો ગયો. એણે એ શબ્દો સાંભળ્યા કે નહિ, એનો

કોઇને ખબર પડી નહિ.

વખત વધુ વીતી જવાથી પ્રમુખે ઉપસંહાર ન કરતાં સભા વિખેરી નાખી. ચર્ચા કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ મધ્યખંડની બહાર નીકળવા લાગ્યા.

પ્રકરણ બીજું

—વાસંતીનું આમંત્રણ

ચર્ચા-સભામાં ભાગ લેનાર ત્રણે વિદ્યાર્થીઓ કંચનપુરના વતની હતા. પ્રમથ કંચનપુરની એક વિધવાનો પુત્ર હતો. વિરાટ કંચનપુરના શિવાલયના પૂજારીનો છોકરો હતો અને જેણે પોતાનાં છટાદાર ભાષણથી સૌને મહાત કર્યાં હતા, એ કન્યા વાસંતી હતી! વાસંતી આ શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી.

ચર્ચા પૂરી થતાં પ્રમથ વાસંતીને મળ્યો, અને તેને અભિનંદન આપ્યા. 'આજે તમે મારો પરાજય કર્યો એ બદલ તમને અભિનંદન આપું છું.'

પ્રમથની ખેલદિલીથી વાસંતી પ્રસન્ન થઈ: 'કોણે કહ્યું તમારો પરાજય થયો?'

'પ્રેક્ષકોએ!'

'ના, ના. પ્રેક્ષકોની મતગણત્રી થઇ નહોતી! માત્ર વિદ્યાર્થીઓની તાલીઓના ગડગડાટ પરથી જય-પરાજયનું માપ નીકળી શકે નહિ!'

'હું એ ઉપરથી નથી કહેતો. મારું અંતર જ કહે છે કે હું પરાજિત થયો છું. બીજાઓના અભિપ્રાયની ગણના હું કરતો નથી!'

'અત્યાર સુધી કોઇએ તમારી ચર્ચાનો જવાબ નહિ

વાળેલો, અને આજે મેં જવાબ વાળ્યો એને તમે પરાજય નથી માનતા ને ?'

'ના. એવો ગર્વ હું રાખતો નથી. પણ તમારી અને વિરાટની દલીલો બહુ સજ્જડ હતી. તમે મને મૂળ વિષય પર શિકસ્ત–હાર આપી. વિરાટે મારા મંતવ્યને ટેકો આપ્યો, પણ મારી દલીલો જૂઠી પાડી. તમને એમ નથી લાગતું કે આજે હું વસ્તુની રજૂઆત બરાબર કરી શક્યો નથી ?'

'આપણે ચાલતા થઈએ; ચાલતાં ચાલતાં વાતો કરીશું.' કહી વાસંતીએ ચાલવા માંડયું. પ્રમથ પણ ચાલ્યો. વાસંતીએ કહ્યું : 'એનું કારણ જાણો છો ?'

'શું ?'

'વસ્તુની રજુઆત કરવાની તમારી રીત, ભાષા, છટા, અને તમારો કંઠ–એ બધું ઘણું સુંદર છે. પણ આજે તમારી ચર્ચામાં એક જ ખામી હતી.'

'શી ?'

'અભ્યાસનો અભાવ. જે વિષય પર ચર્ચા કરવાની હોય તેનો તલસ્પર્શી અભ્યાસ જોઈએ. વિરાટને થોડો અભ્યાસ છે પણ રજુઆત નબળી! એની દ્રષ્ટિએ એણે હકીકત તો બરાબર રજુ કરી છે.'

'રાજકારણના વિષયમાં કોઈ કોઈવાર આમ બને છે. તમે કહો છો તેમ રાજકારણનો મારો અભ્યાસ બહુ ઓછો છે. તમે જાણો છો કે શાળાના વિષયો તૈયાર કરતાં કેટલો બધો સમય રોકાઈ જાય છે !'

ચાલતાં ચાલતાં વાસંતી ઉભી રહી. એણે કહ્યું;

'વિદ્યાર્થી અવસ્થા એ બધી જાતનો અભ્યાસ કરવાનો કાળ છે. પછી તો જીવનવિગ્રહમાં એટલાં અટવાઈ જવાનાં કે કશું વાંચી શકવાના જ નહિ. વર્ગમાં હું પાછળ રહું એની ચિંતા નથી કરતી. વર્ગનો અભ્યાસ એ મનુષ્યની બધી શક્તિઓ માપવાનું સાધન નથી. વર્ગના પ્રવીણ વિદ્યાર્થીઓ સામાન્ય જ્ઞાનમાં બહુ પછાત હોય છે! તમારું પણ એવું નથી ને ?'

'કંઈક અંશે એવું ખરું. પાંચ માસ પછી વિનીતની પરીક્ષા આપવાની છે. જો એમાં પહેલા વર્ગમાં પસાર થાઉં તો જ રાજ્ય તરફથી શિષ્યવૃત્તિ મળે; અને તો જ હું મહાશાળામાં અભ્યાસ કરવા જઈ શકું !'

'ત્યારે તો મુશ્કેલી ખરી ! પણ જે કંઈ બચત સમય હોય તેમાં વાચન વધારવું. ઠીક લ્યો, ત્યારે. હું તો જઈશ !' વાસંતીએ કહ્યું અને પ્રમથને પૂછ્યું: 'તમે ક્યાં રહો છો ?'

'સેન્ડહર્સ્ટ રોડ ઉપર—મંગલાશ્રમમાં. મારે તો ટ્રામમાં જવું પડશે.' પ્રમથે જવાબ આપતાં કહ્યું.

'હું અહીં જ રહું છું. આ માળામાં બીજે દાદરે. કોઈ વાર આ બાજુથી નીકળો તો મળજો !' વાસંતીએ આમંત્રણ આપ્યું.

'હવે તો લાંબી રજાઓ પડશે. એટલે હું મારે ગામ જવાનો.'

'ક્યાં ?'

'કંચનપુર.'

'કંચનપુર ?' વાસંતીએ આશ્ચર્યચકિત થઈ પૂછ્યું.

'હા. કેમ ?'

'અમે પણ કંચનપુરના જ છીએ. પણ રજાઓમાં ત્યાં નથી જતાં. હું નાની હતી ત્યારથી જ મારાં માતુશ્રી અહીં રહે છે.'

'મારી વિધવા માતા ત્યાં છે. બીજું તો કોઇ નથી. વખત વીતાડવો પણ ભારે પડે છે!'

'ત્યારે, ત્યાં જઇને શું કરશો ? અહીં જ રહો ને મુંબઇમાં !'

'ત્યાં જઉં તો ત્રીસ ચાલીસનું ખર્ચ બચે.'

'કેવી રીતે ?'

'મારું ખર્ચ મારા મામા આપે છે. વિનીત સુધીનું ખર્ચ તેમણે આપવા વચન આપ્યું છે. એ કંઈ બહુ પૈસાદાર તો નથી. પણ મને સારી કેળવણી મળે એમ ઇચ્છે છે, એટલે મને મુંબઈ મોકલ્યો છે. કંચનપુર જઉં તો અહીંનું બે માસનું ખર્ચ એમને બચે ને ?'

'પણ અહીં રહો તો બીજો ઘણો ફાયદો થાય. આપણે સાથે રાજકારણનો અભ્યાસ કરીએ. મારી પાસે પુસ્તકો છે, તે વાંચીશું. અહીં અભ્યાસવર્તુલો પણ ચાલે છે.

'ક્યાં ?'

'સમાજવાદી પક્ષની કચેરીમાં. રજામાં તમે મારે સાથે રહેજો. આપણે સાથે વાંચીશું. વિરાટ પણ ભલે આવે ! એ અહીંના જ છે કે ?'

'ના. એ પણ કંચનપુરના છે!'

'બધાં જ કંચનપુરના ! ઠીક પરિચય થયો. એ તો જવાના હશે ?'

'કંઈ ચોકકસ નહિ. પણ અભ્યાસવર્તુલમાં એ નહિ આવે.'

'કેમ ?'

'તમે જાણતા નથી ? એ તો પકકો ગાંધીવાદી છે. આજે જ કોણ જાણે કેમ બોલ્યો ! નહિતર એ તો ચર્ચાનો વિરોધી છે. એ કહે છે કે તર્કવિતર્કમાં સમય બગાડવા કરતાં એટલો સમય રેંટિયો કાંતશો તો સ્વરાજ વહેલું મળશે !'

'રહેણી કરણીમાં પણ બહુ સાદા છે, નહિ ?'

'હા. તમારા જ વર્ગમાં છે ને ? એ મારાથી એક વર્ષ આગળ હતો; પણ સત્યાગ્રહની લડતમાં જઈ આવ્યો એટલે પાછળ પડી ગયો.'

'છે બહુ ભાવનાશાળી !'

'હા. મારો મિત્ર છે. એટલે કોઈવાર પરિચય કરાવીશ. વારુ ત્યારે, રજા લઉં ?'

'હા. પણ રજામાં અહીં જ રહેવાનું છે, એ ભૂલતા નહિ.'

'તમારે ત્યાં તો નહિ રહું. તમારાં માતુશ્રી સાથે કંઈ પરિચય નહિ ને !'

'આવશો તો પરિચય થઈ જશે. ન ફાવે તો સામ્યવાદીઓની કલબમાં રહેજો. ત્યાં મજા પડશે. ખર્ચનો બંદોબસ્ત હું કરીશ. તમારા મામા પાસેથી કંઈ ન મગાવતા.'

'સારું. તમારો ઉપકાર.' કહી પ્રથમ છુટો પડયો. વાસંતી માળાનાં પગથિયાં ચડવા લાગી.

પ્રકરણ ત્રીજું

—સોનાના પાંજરામાં પૂરાએલી મેના

વિરાટ શાળાના નિવાસગૃહમાં રહેતો હતો. એટલે ચર્ચાગૃહમાંથી નીકળી, રસોડે જઈ ભોજન કરી તે ફરવા નીકળ્યો.

આજે તેનું મન બે કારણે અસ્વસ્થ બન્યું હતું. એક તો એ કે :આજનો જુવાન અહિંસાના રાજમાર્ગ પરથી દૂર ને દૂર ઘસડાતો જતો હતો, અને સંતોષમાં સુખ ન માનતાં જીવનની જરુરિયાતો વધાર્યે જતો હતો. હિંદુસ્તાનમાં વર્ગવિગ્રહની ભાવના વિશેષ પ્રચાર પામ્યે જતી હતી અને સમાજવાદીઓ, સામ્યવાદીઓ અને કિસાનકાર્યકર્તાઓ મજદૂરો અને કિસાનોને તેમના માલિકો સાથે હકકની લડત લડી લેવા ઉશ્કેરી રહ્યા હતા. સ્વરાજ મેળવવાનો શુદ્ધ અને શાન્તિમય માર્ગ એને જોખમમાં તણાતો લાગ્યો. આ વાતનું એને ભારે દુઃખ હતું.

તેની અસ્વસ્થતાનું બીજું કારણ એ રજુલાનો પત્ર હતો. એ પત્ર વાંચ્યા પછી એનું મન વ્યગ્ર બન્યું હતું. અને શાળાની વિવાદ સભાની ચર્ચામાં તેની ગંભીર મુખ-મુદ્રા આ પત્રને જ આભારી હતી.

ચાલતો ચાલતો તે પાલવાને સાગરકાંઠે જઇ પહોંચ્યો અને 'હિંદના પ્રવેશદ્વાર'ની બાજુમાં એક પત્થરની બેડક પર બેઠો. ખીસામાંથી રજુલાનો પત્ર કાઢી એ ફરીવાર નિરાંતે વાંચવા લાગ્યો.

પત્રમાં એણે લખ્યું હતું: 'તમે ખુશીમાં હશો. પૂજારી બાપુની ચોપડીમાંથી તમારૂં સરનામું મળી ગયું એટલે આ પત્ર લખી શકું છું. તમે લડતમાં ક્યારે ગયા એની તો મને ખબર પણ પડી નહિ. નહિતર હું તમને જવા ન દેત. એ તો જેલમાંથી તમારો પત્ર આવ્યો ત્યારે ખબર પડી. તમે જેલમાં જાવ અને ખાદી પહેરો ને ઢેઢ ભંગીને અડો એ બધું પૂજારી બાપુને ગમતું નથી. ને અહીં બેઠાં જે કોઇ મળે એને મોઢે તમને ગાળો આપે છે કે: 'સાલો, કમજાત વંડી ગયો.' તમે જેલમાંથી છૂટી અહીં ન આવ્યા એ સારૂં થયું; નહિતર મોટો ઝગડો થાત, ને તમને ઘરમાં પગ મૂકવા ન દેત! આવ્યા હોત તો મને બહુ મજા પડત પણ ન આવ્યા એ જ સારૂં થયું.

'પણ મને અહીં તમારા વિના ગમતું નથી. આખો દિવસ કરવું પણ શું? સુરમા બિચારી બહુ ભલી છે, અને મારા પર બહુ પ્રેમ રાખે છે. પણ એના પ્રેમને હું શું કરૂં? તમે હતા તો રોજ નવી નવી વાતો લાવતા અને સમાચાર આપતા. તમને યાદ છે ને, એક વાર પૂજારી બાપુ ગામ ગએલા, ને તમે મને આખા ગામમાં ફેરવી હતી! ગામ જોવું ને બહાર ફરવું મને બહુ જ ગમે. પણ કોણ જાણે કેમ, મને કોઇ બહાર નીકળવા જ નથી દેતું! તમે લખ્યું હતું કે જેલમાં યે કેટલા મિત્રો સાથે હતા! બધા

સાથે રમતા અને જમતા. મને તો આ જેલથી પણ અકારૂં લાગે છે. અંદર કોઈ મિત્ર નહિ, અને બહાર નીકળવાનું નહિ. સુરમા બહુ ભલી છે; પણ બહાર જવાની વાત કાઢું એટલે સાફ ના પાડે. મને સમજાતું નથી કે બધું આમ કેમ ? એક દિવસ તો હું બહુ રડી, એટલે મોટરમાં બેસાડી ફેરવી આવ્યા. મોટરમાં તો ગયા એવા પાછા આવ્યા ! એમાં બેઠાં જોવાય પણ શું ? મને તો પગે ચાલીને રખડવું બહુ ગમે ! તમે રખડાવી હતી ને, એ રીતે ! પૂજારી બાપુ કહે છે કે હું બહાર નીકળું તો ખોજા પકડી જાય ! શું ખોજા એવા ખરાબ માણસો છે ? અને બીજી છોકરીઓ તો બહાર નીકળે છે, નિશાળે ભણવા જાય છે અને વગડામાં છાણ મેળવવા પણ જાય છે, તો ય એને કોઈ ઉપાડી જતું નથી ! પ્રમથભાઇને તો ખોજા દોસ્તદાર છે, ને એ કહેતા હતા કે ખોજા તો બહુ ભલા હોય છે; ને એમના વિષે લોકો ખોટી વાતો જ ઉડાડે છે ! પ્રમથભાઇ કદી જૂઠું ન જ બોલે !

'વિરાટભાઇ ! હું તો હવે બહુ મુંઝાઉં છું ! મને સારૂં સારૂં ખાવા આપે છે. મજાનાં કપડાં સિવડાવી આપે છે. પણ એને હું શું કરૂં ? હવે કંઇ હું નાનકડી છું, કે રમકડે રમું ? સખીઓમાં તો જે ગણું તે સુરમા. એ બિચારી ચોપાટ રમે કે ગીતો ગાય ! પણ તમારા જેવી વાતો ક્યાંથી લાવે ?

'રાણી માતા આવે જાય છે. એ મને બહુ પ્યાર કરે છે. મને એક તાવડી-વાજું લઇ આપ્યું છે. એ કેવાં ભલાં છે ? હું એમને 'બા' કહું છું, એ એમને

બહુ ગમે છે, ને મારી ઉપર બહુ હેત રાખે છે. કહે છે કે મારી બા મરી ગઇ છે ! રાણીમાતા ન હોત તો હું કોને 'બા' કહેત ?

'હવે હું અંગ્રેજી શીખું છું. માસ્તર રોજ આવે છે. એ કોઇવાર નિશાળની વાતો કરે છે, એમાં મને બહુ રસ પડે છે. કહે છે કે એકેક નિશાળમાં તો પાંચસો–સાતસો છોકરાઓ ને છોકરીઓ સાથે ભણે ને સાંજે રમે ! અહા ! નિશાળમાં મને જવા દો તો કેવી લહેર પડે ?

'અહીં તો હું બહુ જ અકળાઉં છું. મને ખાવું યે ભાવતું નથી, ને રમવું યે ગમતું નથી. આના કરતાં તો તમારી જેલ સારી કે મિત્રો તો મળે ! ભલે ને, જાર બાજરી ખાવા મળે ! આ મેવા મિઠાઈ કરતાં જાર–બાજરી સારાં !

મને, વિરાટભાઈ ! અહીંથી ન છોડાવો ? કાં તો મુંબઇ લઇ જાઓ અને ત્યાં તમારી સાથે રાખો, અને કાં તો તમે જ અહીં આવીને રહો. નહિતર, હું શું કહું ? હું કાંઈ કરી બેસીશ તો મારો વાંક કાઢશો નહિ ! એમ થાય છે કે ક્યાંક નાસી જાઉં ! પણ જાઉં ક્યાં ? મારૂં તો તમારા સિવાય કોઇ નથી !

'આજ સુરમા માંદી પડી છે. એને તાવ આવ્યો છે. એટલે જ કાગળ લખી શકી છું ને ? નહિતર તો એ બેળીને બેળી જ ! દિવસ અને રાત ! તમને આ કાગળ મળ્યો છે એની કેમ ખબર પડશે ?

'તમે ખુશીમાં હશો. પ્રમથભાઇ ત્યાં જ છે ને ? એમને મારા પ્રણામ કહેશો. બીજું કોઈ યાદ કરે એને

સ્મરણ......પણ મને ત્યાં કે ક્યાંય કોણ યાદ કરનારું છે ? તમારા સિવાય ! હું તો મે'ની પેઠે તમારી વાટ જોઇ રહી છું. ઝટ આવજો.'

લી.

તમારી રજુલાના વંદન

કાગળની ઘડી વાળી, ખીસામાં મૂકી વિરાટ ઉભો થયો, અને વ્યગ્ર ચિત્તે પાલવા છોડી શહેર તરફ જવા ઉપડયો. પાછળ સાગર એવો ને એવો જ ઘૂઘવતો હતો ! અને એના મનનો ઘૂઘવાટ ઉત્તેજિત કરતો હતો ! એ ઘુઘવાટમાં એણે નિશ્ચય કરી લીધો–કંચનપુર જવાનો અને રજુલાને ઉગારવાનો.

પ્રકરણ ચોથું

—મિલન અને......?

જ્યારે રજુલાને ખબર પડી કે વિરાટ કંચનપુર આવે છે ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ. રાત્રે સુરમા સાથે વિરાટની જ વાતો કરી તે મોડેથી સૂઈ ગઇ.

આખી રાત તેને વિવિધ સ્વપ્નાંએ ઘેરી લીધી. જાણે તે નાની બાળકી બની ગઈ હતી અને વિરાટ એને ઉંચે ઉછાળીને ઝીલતો હતો. ઘડિક તે વિરાટ સાથે શિવાલયના ફળિયામાં લિંબડાના ઝાડ પર ચડી કુદકા મારતી, તો ઘડિક તે તેની સાથે કંચનપુરની ગલીઓ અને બજારોમાં ઘુમતી ! એક વાર તો તે મુંબઈના ધમાલિયા રસ્તા પર આવી પડી ! એક રાતમાં તે આબુના શિખર પર જઈ આવી અને નર્મદામાં હોડીની મુસાફરી પણ કરી આવી !

સ્વપ્નના વિચારોથી સવારે તેને ભારે હસવું આવ્યું. તેણે સુરમાને બધી વાત કહી.

'તું તો વિરાટભાઈ પાછળ ગાંડી થઈ છે !' સુરમાએ કહ્યું.

જવાબમાં રજુલા હસીને ચાલી ગઇ.

રજુલાના હૈયામાં આજે આનંદનાં એવાં પૂર વહેતાં

ભણવામાં પણ ચિત્ત ચોંટ્યું નહિ. આખો દિવસ તે આમથી તેમ વિના કારણ હરફર કરી રહી હતી. એના હોઠ પર વિરાટ સિવાય બીજું નામ નહોતું. 'વિરાટભાઈ આવશે, એની સાથે દેશદેશની વાતો કરશે, એને ગામમાં અને બાગમાં ફરવા લઇ જશે, એને નિશાળે ભણવા મોકલશે,' એવી એવી આશાઓ એ બાંધી રહી.

સાંજે વિરાટ આવ્યો. રજુલા તો એની રાહ જોતી ક્યારની ઝાંપા પાસે ઉભી હતી. વિરાટ ટાંગામાંથી ઉતર્યો અને એને ભેટી પડ્યો. રજુલા તો છુટી પડે જ નહિ ને!

'હવે તમે મને છોડીને નહિ ચાલ્યા જાવ ને?' રજુલાએ વિરાટનો હાથ પકડી એની હડપચી ઝાલીને પૂછ્યું.

'ના. ક્યાંય નહિ જાઉં, રજુ!' વિરાટે એના માથા પર હાથ મૂકી કહ્યું. રજુલાના હૈયામાં ઠંડક વળી. બન્ને આગળ ચાલ્યા. સુરમાએ આવી સામાન અંદર લીધો અને ગાડીવાળાને પૈસા આપી રવાના કર્યો.

'ચાલ, રજુ! મહાદેવજીના દર્શન કરતા જઈએ.' કહી વિરાટ રજુને લઇ મંદિરના પગથિયાં ભણી વળ્યો.

'ખબરદાર!' શિવાલયના પગથિયાં પર પગ મૂકે એ પહેલાં વિરાટે ત્રાડ સાંભળી. 'એ પગથિયાં ચડીશ નહિ!'

વિરાટે પાછળ જોયું તો એના પિતા ટુંકી પોતડી પહેરી, ખુલ્લે શરીરે, હાથમાં મોટી ડાંગ લઈ ઉતાવળે પગલે એની તરફ આવી રહ્યા હતા.

વિરાટ ઉભો રહી ગયો. પૂજારી નજીક આવતાં એણે પૂછ્યું : 'શું છે બાપુ! એ તો હું છું!'

ના પાડી ને ! દેવાલયને મારે ભ્રષ્ટ થવા નથી દેવું !' રજુલા તો એની રૌદ્ર મૂર્તિ અને પહાડી અવાજથી ડઘાઈ જ ગઇ હતી.

એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યા વિના વિરાટ પાછો વળ્યો.

'સ્નાન કર્યા વિના રસોડામાં જતો નહિ.' બીજો હુકમ છૂટયો.

'મારે જમવું નથી. અહીં બહાર જ બેઠો છું.' કહી વિરાટ પરસાળમાં જઈ બેઠો. રજુલા પણ તેની સાથે જઈ બેઠી.

'પૂજારી બાપુનો સ્વભાવ હમણાં વિચિત્ર થઈ ગયો છે. જુવો ને ભાઈ ! તમે આવ્યા ત્યારે તબિયતના સમાચાર અને ખબર-અંતર પૂછવા તો બાજુએ રહ્યું, પણ ઉલટા ધમકાવવા જ માંડયા !' રજુલાએ વિરાટના મુખ સામે જોઈ કહ્યું.

'રાણી માતા અહીં બહુ આવે છે, એ પણ એમને નથી ગમતું ! સુરમા સાથે પણ ઝગડયા કરે છે ! કોણ જાણે એમને શું થઈ ગયું છે !'

વિરાટે એનો કશો જવાબ ન આપ્યો. એટલે રજુલા ચૂપ રહી. થોડી વારે એ બોલ્યો : 'રજુ ! હું અહીં બહુ રોકાઈ નહિ શકું !'

'હેં ? ત્યારે મારું શું થશે ?' રજુલા ગળગળી થઇ બોલી. 'હું અહીં નહિ રહી શકું, વિરાટભાઇ !'

'તને સાથે લઇ જઇશ.'

રજુલાને નિરાંત વળી.

થોડી વારે પૂજારી ત્યાં આવ્યો. વિરાટને કહ્યું : 'મને ખાત્રી છે કે તું નહિ માને ! ચાલ, જમી લે.'

'નથી જમવું.' વિરાટે કહ્યું.

'કેમ નથી જમવું ?'

'ભૂખ નથી લાગી.' ટૂંકું પતાવવા વિરાટે જવાબ આપ્યો.

'એ....મ ? ભૂખ નથી લાગી ! કાં ? ડાહ્યો થઈને જમી લે, નહિતર ભૂખ્યો રહીશ. હા ! રસોડામાં તો નાહ્યા વિના નહિ જ બેસવા દઉં. ના પાડી તો ય ગાંધીવાળામાં ભળ્યો. કહ્યું કે ઈ આપણું કામ નહિ ! આપણે તો ધરમ સાચવવો રહ્યો. વટલાઈ જવું આપણને નોં પોષાય ! નાત કે' છે કે તને ઘરમાં ઘાલું તો મારો દંડ થાય. અમારી મુશ્કેલી તો તારે સમજવી જ નહિ, કાં ? આટલું ખર્ચ કરીને તને ભણવા મુંબઈ મોકલ્યો એનું આ પરિણામ ? તું ઢેઢને અડે, હોટલુંમાં ખાય, સંધ્યાપૂજા ન કરે ! બ્રાહ્મણનો પુત્ર છો કે કોણ છો ? શિવ ! શિવ ! શો કળજુગ આવ્યો છે ! ધરમ રસતાળ જવા બેઠો ! તેં ભણેલાએ તો મારાં બારે વહાણ ડૂબાડયાં ! શું કરું ? એકનો એક દિકરો મુઓ છે, નહિતર તારા નામનું નાહી નાખું !'

વિરાટ નીચું મુખ રાખી, આંખો ઢાળી દઈ પિતાનું ભાષણ સાંભળી રહ્યો.

'ચાલ, હવે જમી લે ! પુત્ર કુપુત્ર થાય, પણ કાંઈ માવતરથી કમાવતર થવાશે ?'

વિરાટે ઉત્તર ન આપ્યો.

'જમી લે, ભાઇ ! જમી લે. તને તો કાંઇ કહેવાય પણ નહિ, કાં ?'

'ભૂખ નથી લાગી !'

'તો તું જાણ ! જાણે ભાઇ કમાઇને આવ્યા છે ! ગુન્હો કરવો ને વળી રોષ શો ? આવડો મોટો થયો ને કાંઈ સમજણ જ ન આવી. સનાતની મંડળનો હું પ્રમુખ, ને તું મારો પુત્ર ઉઠીને ગાંધીવાળામાં ભળ્યો. જેલમાં જઇ મારું નામ બોળ્યું ! જેલમાં તો વર્ણાશ્રમ ધર્મ પળાય જ ક્યાંથી ? ઢેઢ ને બ્રાહ્મણ સૌ સાથે ! મારે ઈ ન પોષાય, ગગા ! મારે આ મંદિર ચલાવવું છે, હા. કાંઈ બાવા નથી બની જવું. તને મંદિરમાં જવા દઉં તો આ ધંધો ખોઈ બેસું, ને રાજનું વર્ષાસન મળે છે એ પણ બંધ થાય ! આ મુંબઈ જઈને ભણો છો, ને તાગડધિન્ના કરો છો, એ કોના ઉપર ? સનાતન ધર્મના પ્રતાપે, ભાઈ ! લાગું છું ભિખારી જેવો; પણ આમાંથી અર્ધો લાખ મેળવ્યા છે ! એ બધા તારા જ છે ને ! મારે છે કોઇ બીજું ખાવાવાળું ? તું ડાહ્યો થા, તો તારે કમાવા જવું ન પડે, ને બેઠા બેઠા એશઆરામ કરે !'

પિતાની ધર્મચૂસ્તતાનું કારણ એનો ધર્મપ્રેમ નહિ, પણ એની લોભી વૃત્તિ હતી, એ વિરાટ સમજતો હતો. અને તેથી એક બે વખત એમને પોતાના વિચારો સમજાવ્યા પછી એમની સાથે વિચારભેદ સંબંધમાં ચર્ચા કરવાનું એણે બંધ કર્યું હતું. એટલે પિતાના આ લાંબા ભાષણનો કશો જવાબ ન વાળતાં એણે મૌન સેવ્યું.

'કેમ, ચાલે છે કે ?'

'ના, જી.'

જેમ પુત્ર પિતાની પ્રકૃતિને પિછાનતો હતો, તેમ પિતા પુત્રની પ્રકૃતિને પિછાનતા હતા. એના જીદ્દી સ્વભાવનો એને પૂરો પરિચય હતો, એટલે એણે વધુ આગ્રહ ન કર્યો.

'તો ચાલ, રજુલા ! આપણે જમી લઇએ.' જવાબમાં રજુલાએ ના પાડી. પણ પૂજારી એને આગ્રહ કરી, હાથ ખેંચી પરાણે ઘસડી ગયો, અને જમવા બેસાડી.

પૂજારીને દિવાન નિહાર બાણુએ આ કન્યાની સોંપણી કરી ત્યારે એને બ્રાહ્મણ ગણવાની સૂચના આપી હતી, અને ચૂસ્ત સનાતની કહેવાતા પૂજારીએ એને બ્રાહ્મણ કન્યા તરીકે ગણાવી હતી. રાજકુમારના જન્મ વખતે કંઇક ગોટાળો થયાની વાત એને કાને આવી હતી, અને તેથી આ કન્યા રાજપૂત રાજકુમારી હશે, એવી એને શંકા થઇ હતી, એટલું જ નહિ પણ રાણી વારંવાર એને મળવાને આવતાં અને એના પર પ્યાર રાખતાં; એ જોઇ એની શંકા સાચી હોવાની એને ખાત્રી પણ થઇ હતી. છતાં એણે કદી કશો બાદ ગણ્યા વિના એની સાથે ભોજન વ્યવહાર રાખ્યો હતો! હરિજનોમાં એની ધીરધાર પણ ચાલતી કારણ કે એમના તરફથી એને વધુ સારું વ્યાજ મળતું; અને નાણાંની કે વ્યાજની ઉઘરાણી માટે એને હરિજનવાસમાં જવું પડતું ત્યારે એ રાત્રિના છૂપી રીતે જઈ આવતો. શરૂઆતમાં તો એનું હૃદય જૂના સંસ્કારને લીધે જરા ડંખતું ખરું; એટલે ઘેર આવીને એ સ્નાન કરી લેતો; પણ પછી એણે એ વિધિને પણ

ત્યજી દીધી હતી. વિરાટ સામે એનો વિરોધ લોકલાજને કારણે વધુ હતો; અને તેથી વિરાટ જે કંઇ ધર્મ વિરૂદ્ધનું પગલું જાહેર રીતે ભરતો, એની સામે જ એને વાંધો હતો. વિરાટે અહીં કંચનપુરમાં મહાસભાવાદીઓ સાથે ભળવાનું શરૂ કર્યું ત્યારથી જ એને અભ્યાસને બહાને મુંબઇ મોકલી દીધો હતો કે જેથી એની ધર્મભ્રષ્ટતા લોકોની નજરે ન ચડે. પણ મુંબઇ ગયા પછી તો એ ખુલ્લી રીતે ચળવળમાં ભળ્યો અને અસ્પૃસ્યતા નિવારણનું કાર્ય હાથ ધર્યું, ત્યારે તેના પિતાને ભારે મોટો ભય ઉત્પન્ન થયો હતો. રાજ્યમાં એની સારી લાગવગ હતી એટલે સામાન્ય સંજોગોમાં તો કોઇ એનું નામ લઇ શકે એમ નહોતું. પણ જો વિરાટ કંચનપુરમાં એને ત્યાં આવીને રહે, એના જ રસોડે જમે અને દેવાલયમાં પ્રવેશ કરે, તો ભારે ધાંધલ મચી જવાનો ભય હતો.

વિરાટ આ પરિસ્થિતિથી વાકેફ હતો, અને તેથી જ એ કંચનપુર ભાગ્યે જ આવતો. આજે તો રજુલાનો પત્ર મળતાં એને આવ્યા વિના છુટકો ન હતો. નહિતર એ અહીં ફરીથી આવત જ નહિ. એણે ઘણીવાર એના પિતાને લખી નાખ્યું હતું કે એને એના પૈસાની જરુર નથી. પણ પિતાએ એને છોકરમત ગણી હસી કાઢ્યું, અને મોટો થશે ત્યારે એ પૈસાની કિંમત સમજશે. એમ માન્યું.

પૂજારી જમીને પરસાળમાં આવ્યો ત્યારે વિરાટ ત્યાં ન હતો. રજુલા હજુ જમતી હતી; એને ખબર મળ્યા કે વિરાટ પરસાળમાં નથી, અને ક્યાંક ચાલ્યો ગયો છે, ત્યારે એ જમતી જમતી ઉભી થઇ ગઇ.

જમવાનું તો એને આમેય આજે ભાવતું નહોતું, પણ પૂજારીના અત્યાગ્રહને વશ થઈ એ જમવા બેઠી હતી. હાથ મોં ધોઈ એ બહાર આવી અને વિરાટને ખોળવા ચારે બાજુ દોડી રહી. દેવાલય, ધર્મશાળા, પાછલી પરસાળ, ફળિયાના ખૂણા ખાંચા–સઘળે તે ફરી વળી; પણ ક્યાંય વિરાટ નહોતો. પૂજારી તો પૂજાની તૈયારી કરવા દેવાલયમાં ચાલ્યો ગયો હતો.

રજુલા નિરાશ થઇને પાછી પરસાળમાં આવી બેઠી. વિરાટનાં ટ્રંક અને પથારી હજુ ત્યાં પડયાં હતાં એ જોઇને એને જરા હિંમત આવી.

એટલામાં કોઇના આવવાનાં પગલાં સંભળાયાં. એણે જોયું કે વિરાટ ઝાંપામાં પ્રવેશ કરતો હતો. રજુલા દોડીને એને બાઝી પડી.

'ક્યાં ગયા હતા ?'

'હોટલમાં–કોફી પીવા.'

'હા......શ ! મેં જાણ્યું કે તમે ચાલ્યા ગયા !'

'એકવાર કહ્યું ને, તને મૂકીને નહિ જાઉં !'

બન્ને ચુપ ચૂપ પરસાળમાં પાછાં આવ્યાં. પૂજારી હજુ શિવાલયમાં જ હતો. સુરમા રજુલાને શોધતી પરસાળમાં આવી :

'ચાલો, બેન ! માસ્તર આવી ગયા.'

'કોણ ?' વિરાટે પૂછ્યું.

'બેનના સંગીત શિક્ષક.'

'એમને કહે કે આજે નથી ભણવું. આજે તો વિરાટભાઈ સાથે વાતો કરવાની છે.' રજુલાએ કહ્યું.

'હા. કહે કે આજે રજા.' વિરાટે સુરમા સામે જોઇ કહ્યું.

'સારું.' કહી સુરમા ચાલી ગઇ.

'જો, રજુ !' સુરમા ગયા પછી વિરાટે કહ્યું. 'કાલે સવારે હું અહીંથી ચાલ્યો જનાર છું.'

'હેં ? આટલી ઉતાવળે શા માટે ?'

'આ સ્વાર્થી વાતાવરણમાં હું હવે નહિ રહી શકું.'

'ક્યાં જશો, મુંબઇ ?'

'ના. મુંબઇ જવા માટે મારી પાસે પૈસા નથી. બાપુનો પૈસો હવે હું વાપરવા માગતો નથી.'

'ત્યારે ક્યાં જશો ?'

'કોઇ ગામડામાં જઇશું. કેમ, ત્યાં તું આવશે ને ?' તેણે રજુલાને પૂછયું.

'હા. તમે જ્યાં જશો ત્યાં જઇશ. જ્યાં કહેશો ત્યાં આવીશ. ફક્ત આ પાંજરામાંથી મને છુટી કરો.'

'ગામડામાં તને ફાવશે ?'

'કેમ નહિ ફાવે ? ત્યાં તમે હશો, છોકરા છોકરીઓ હશે–નાની બજાર અને ઘર હશે– વાડીને ખેતર હશે. એમાં રખડવું તો મને બહુ ગમે.'

'સારૂં ત્યારે. સવારમાં તૈયાર થઇ જજે.'

'અત્યારે જ તૈયાર છું, જવું હોય તો !'

'ના. અત્યારે નહિ.'

તેઓ વાત કરતા હતા, ત્યાં પૂજારી અને સુરમા આવ્યાં.

'બાપુ ! કાલે હું જઈશ.' વિરાટે કહ્યું.

'ક્યાં, મુંબઈ?'

'ના. હવે મુંબઇ તો નહિ જાઉં.'

'ત્યારે ?'

'કોઇ ગામડામાં.'

'ગામડામાં? ત્યાં શું કરીશ?'

'પીડિતોની સેવા!'

'ભણતર પૂરું કર્યું ?'

'ના. એક ભણતર, નિશાળનું પૂરું કર્યું. અનુભવનું ભણતર હવે શરૂ કરવાનું છે.'

પિતાને પુત્ર ચક્રમ થઇ જતો લાગ્યો. એણે કહ્યું: 'ગામડામાં અનુભવ શું મેળવવાનો છે? ત્યાં તો હશે ધૂળિયા રસ્તા, ઝુંપડા જેવાં ખોરડાં, અબૂધ ગામડિયા અને તેના મેલાં, ઘેલાં, નાગાં, રખડતાં છોકરાં!'

'હા, એની જ મારે સેવા કરવી છે. એ રસ્તા અને ઝુંપડામાં મારે સ્વર્ગ ઉભું કરવું છે, એ છોકરાંને મારે નહાતા કરવા છે, ને કપડાં પહેરાવવાં છે. એટલા માટે જ ગામડામાં જવું છે.'

'એવી આડોડાઇ મારે નહિ પોષાય!'

'એ આડોડાઇ કહો તો આડોડાઇ અને ગાંડાઈ કહો તો ગાંડાઈ—મારે કરવી છે. તમારી પાસે હવે એક પાઇ માગું તો કહેજો !'

'પણ હું ના પાડું તો ?'

'તો યે કરીશ !'

'તારા ગાંધીએ એમ કહ્યું છે કે માબાપનું કહ્યું ન માનવું ?'

'હા. ગેરવ્યાજબી હોય તો ન માનવું.'

'એમ ? શરમાતો નથી તડાક તડાક જવાબ દેતાં ? આજકાલના છોકરા—નહિ વિવેક—નહિ શરમ !' પૂજારી ગુસ્સે થયો. 'હું કહું છું કે ગામડામાં નહિ જવાય !' એણે ફરમાન કાઢયું.

'હું તો જઇશ.'

'ઢેઢાની નિશાળ કાઢવી હશે !'

'હા. એ જ કરવું છે. આપને ન પોષાય તો આ આપનું ઘર રહ્યું. ફરી કદી આ માર્ગે પણ નહિ આવું.'

'ધમકી આપે છે ?'

'ના, જી. મારો નિશ્ચય જણાવું છું.'

'હવે જાણ્યો તારો નિશ્ચય ! જવું હોય તો માર્ગ ખુલ્લો પડયો છે; અત્યારે જ ચાલ્યો જા ને !'

પૂજારીને ખાત્રી હતી કે વિરાટ કયાંય જઈ શકશે નહિ. કારણ કે એની પાસે પૈસા નહોતા.

'સારૂં. રજુલાને સાથે લેતો જાઉં છું !'

'રજુલાને ?' પૂજારી અને સુરમા એકી સાથે બોલી ઊઠયાં.

'હા. એને મારી સાથે આવવું છે.'

'તારે જવું હોય ત્યાં જા. એને હું નહિ મોકલું.'

'કેમ ?'

'એ મારી મરજી !'

'એ અહીં મુંઝાય છે. થોડા દિવસ હવાફેર થશે તો ખુશી થશે.'

'તું એક વટલી ગયો એટલે બસ છે ! મારે એને

નથી વટલાવવી !'

'એને નાહક શું કામ દુઃખી કરી રહ્યા છો ?'

'અહીં એને દુઃખ શું છે, અને ત્યાં ગામડાગામમાં શું સુખ મળવાનું છે ?'

'અહીં તો કેદ જેવું છે ! નહિ ક્યાંય જવાનું, નહિ ક્યાંય આવવાનું ! ગામડામાં એને મજા પડશે. કેમ ખરું ને રજુ !'

'હા.' નીચું જોઇ રજુલા બોલી.

પૂજારી અને સુરમા મુંઝાયા. સુરમાએ એના કાનમાં કહ્યું : 'એને જરા સમજાવો.'

'એ જાણે !' કહી પૂજારી ઉઠયો અને શિવાલય પાછળના ઓટા પર જઇ બેઠો. સુરમાએ ધીમેથી વિરાટને કહ્યું : 'પૂજારી બાપુને ન દુભવો. એને બહુ દુઃખ થયું છે.'

'તે હું શું કરું ?'

'એમને ખુશી રાખો. ઘરભંગ થયા પછી એ તમારે ખાતર ફરી પરણ્યા નથી. તમારે ખાતર આ વહીંતરું કરે છે ! એને બીજું છે કોણ ?'

'એ હું જાણું છું.'

'તો જાઓ. પાછલે ઓટલે બેઠા છે. એમની વાત સમજી લ્યો.'

'સારૂં' કહી વિરાટ ઉઠયો અને ઓટલે ગયો.

ત્યાં એના પિતા ખિન્ન ચહેરે લમણે હાથ દઇ બેઠા હતા. વિરાટે ત્યાં જઇ પૂછયું : 'શું કહો છો, બાપુ !'

'તારે જવું હોય તો ગમે ત્યાં જા. પણ રજુલાને

નહિ લઇ જઇ શકે. તું જાણે છે એ કોણ છે ?'

'હા. માબાપ વિનાની અનાથ છોકરી, જેને તમે અને સુરમા ગામડામાંથી લઇ આવ્યા છો.'

'ના. એના માબાપ છે, કે ગુજરી ગયાં છે એની કંઇ માહિતી નથી. એને ગામડામાંથી નથી લાવ્યા ! દિવાન સાહેબે રાણી સાહેબની ઇચ્છાથી મારી અને સુરમાની દેખરેખ નીચે એને સોંપી છે. એને તારી સાથે કેમ મોકલાય ? એના પર મારો કે તારો કોઇનો હક્ક નથી !'

વિરાટ વિચારમાં પડી ગયો. શું કરવું એ એને સૂઝયું નહિ. એણે પૂછ્યું : 'પણ એને અહીં ગોંધી શા માટે રાખવામાં આવે છે ?'

'દિવાન સાહેબનો હૂકમ !' યંત્રવત્ પૂજારી બોલ્યો.

'દિવાન સાહેબનો હૂકમ !' વિરાટ એ શબ્દો ચીપીને ફરી બોલ્યો. 'દિવાન સાહેબનો હૂકમ—એક કિશોર કન્યાને ચગદી નાખવાનો ? દિવાન સાહેબનો હૂકમ—એ કુમળી કળીને કચડી નાખવાનો ? એ હૂકમ તમને માન્ય હશે, મને નહિ ! હું તો એને લઇ જ જઇશ !'

'હું એને નહિ લઇ જવા દઉં !' પૂજારી ગર્જી ઊઠયો. 'એ છોકરી પર તને શો અધિકાર છે ? વિરાટ ! તું મારું સત્યાનાશ કાઢવા બેઠો છે ? કમજાત છોકરા ! તું અત્યારે જ અહીંથી ચાલ્યો જા. હું માનીશ કે હું વાંઝિયો હતો ! જા. તારું કાળું કર !' તે ઉભો થઈ ગયો. ક્રોધથી એનું શરીર ધ્રૂજી ઉઠયું.

વિરાટ ત્યાંથી પરસાળમાં આવ્યો. ટ્રંકમાંથી એક થેલી કાઢી એક જોડ કપડાં, ટુવાલ પંચીયું અને પુસ્તકો

તેમાં ભર્યાં અને પિતાને નમસ્કાર કરી જવા ઉપડયો.

'વિરાટભાઇ!' કહેતી રજુલા એને વળગી પડી. એ કંઇ બોલ્યો નહિ; પણ એની આંખમાંથી દડ દડ આંસુઓ ખરી પડયાં.

'વિરાટભાઇ! મને નહિ લઇ જાવ?' દયામણે ચહેરે રજુલા પૂછી રહી.

વિરાટ જવાબ આપી શકયો નહિ, પૂજારી આવીને રજુલાને દૂર ખેંચી ગયો. ભારે હૈયે અને ધીમે પગલે વિરાટ ઝાંપા બહાર નીકળ્યો.

તે કેટલેક દૂર ગયો ત્યાં સુધી એના કાનોમાં શબ્દો અથડાઈ રહ્યાઃ 'વિરાટભાઈ! વિરાટભાઈ!'

વિરાટનું હૃદય કંપી ઉઠયું. એના આત્માએ પોકાર પાડયોઃ 'વિરાટ! તારું વચન?'

પ્રકરણ પાંચમું

—રજુલા ગુમ થઇ !

બીજી સવારે કંચનપુરના શિવાલય અને રાજમહેલ
ાચ્ચે થોડી દોડધામ થઈ રહી. શિવાલય અને રાજમહેલનું
શાન્ત વાતાવરણ હલી ઉઠયું. છુપો અવરજવર, નોકરોનો
ાણગણાટ, નિહાર બાબુનું આવાગમન—એણે અનેક શંકા–
:લ્પનાઓને જન્મ આપ્યો.

વહેલી સવારમાં દાસી સુરમા સિગરામ જોડાવી
શહેરમાં આવી અને નિહાર બાબુને બંગલે ગઈ.
નેહાર બાબુ હજુ દાતણ લઇ ઝરુખામાં બેઠા હતા. તેમને
સુરમાએ રજુલાના શિવાલયમાંથી ગુમ થવાના ખબર આપ્યા.

'કેવી રીતે ગુમ થઇ?' દિવાને આશ્ચર્યચકિત થઇ
પૂછ્યું. એમનું દાતણ એમના હાથમાં જ રહી ગયું.

'એ તો નથી માલુમ. પણ સવારમાં એની પથારી
ખાલી હતી.' સુરમાએ જવાબ આપ્યો. એનાં ગાત્રો
ભયથી થર થર કંપી રહ્યાં હતાં. રજુલાની બધી જવાબ-
ારી એને શિર હતી.

'આસપાસ તપાસ કરી કે?'

'હા, જી. શિવાલય, મકાન, પરસાળો, ધર્મશાળા,
ખૂણા–ખાંચા–બધું જ જોઈ વળ્યાં. કયાંય પત્તો ન જ લાગ્યો.
પૂજારી બાપુ તપાસ કરવા બહાર નીકળ્યા છે. ચારે બાજુ

માણુસો પણ દોડાવ્યાં છે.'

'આગલી રાત્રે–દિવસે કંઈ બન્યું હતું? કોઇએ ઠપકો આપ્યો હતો? કંઈ અનુમાન થઇ શકે છે?'

'ગઇ કાલે વિરાટ આવ્યો હતો.'

'વિરાટ ?'

'હા, જી. પૂજારીનો દિકરો. એ મુંબઈથી આવ્યો હતો. બાપ દિકરાને થોડી તકરાર થઈ હતી. એ છે સુધારા વાળો–ગાંધીવાળો–એટલે. ગઇ રાત્રે એ ઝગડીને ચાલ્યો ગયો. એ કહેતો હતો કે રજુલાને સાથે લઇ જાઉં; પણ પૂજારીએ ના કહી એટલે એકલો ચાલ્યો ગયો.'

'એના પર તમને શક આવે છે ?

'હા, જી. કદાચ એ લઈ ગયો હોય !'

'કહે છે ને, એ તો એકલો ચાલ્યો ગયો છે ?

'હા, જી. પણ બન્નેએ કંઇ સંતલસ કરી હોય, રજુલાને પાછળ આવવા કહ્યું હોય; અને પછી બન્ને સાથે નાસી ગયાં હોય !' સુરમાએ અનુમાન કર્યું.

'રાત્રે એકલી બહાર પગ મૂકવાની રજુલામાં હિંમત ખરી ?

'ના જી.'

'એણે બહારના રસ્તા જોયા છે?'

'જોયા તો નથી!' સુરમાએ જરા વિચારી કહ્યું. થોડી વારે એ બોલી: 'એનામાં એટલી હિંમત જ નથી કે બહાર પગ મૂકી શકે! પણ વિરાટ તો વહેલો ચાલ્યો ગયો હતો. ત્યાર પછી રજુલા મારી પાસે જ સૂઇ ગઇ હતી! પૂજારીએ છોકરાને ના કહ્યા પછી તો તે સીધો બહાર

ચાલ્યો જ ગયો. એણે રજુલા સાથે કંઇ વાત પણ કરી નહોતી. રજુલાએ પોતાને સાથે લઇ જવા એને કહ્યું; પણ એ તો એને મૂકીને—તરછોડીને—ચાલ્યો જ ગયો.'

દિવાનને એના અભિપ્રાય પર લક્ષ આપવા જેવું કશું ન લાગ્યું. એમણે કહ્યું: 'તું પાછી જા, અને ફરી આજુબાજુ તપાસ કરો. હું થોડી વારમાં ત્યાં આવી પહોંચું છું.'

નમન કરીને સુરમા ચાલી ગઇ. સીધી એ શિવાલયને પંથે પળી. દિવાન પણ મુખપ્રક્ષાલન કરી, કપડાં પહેરી, ગાડી જોડાવી રાજમહેલે ગયા.

'સ્વપ્ન વિહાર'માં હજુ સવાર પડી નહોતી. દાસ દાસીઓ જાગૃત થતાં હતાં.

'શોભના ક્યાં છે ?' દિવાને પગથિયાં ચડતાં સામે મળેલા નોકરને પૂછ્યું.

'બિજુ દાદાના ખંડમાં છે.' ઝુકીને નોકરે જવાબ વાળ્યો.

'અહીં મોકલ.'

'જેવો હુકમ !' આપણા રાજમહેલોમાં તો હજુયે મધ્યયુગના રાજમહેલનું વાતાવરણ પ્રવર્તે છે. 'જી, હજુર !' 'ખમ્મા બાપુને !' 'જેવો હુકમ !' એવાં વાક્યો હજુએ ત્યાં વપરાય છે. અને આ બાપુઓ હજુ પણ પોતાને 'ઇશ્વરના અંશ' માની રહ્યા છે !

દિવાનના આગમનથી વિસ્મય પામતો નોકર નમીને ચાલ્યો ગયો અને શોભનાને સંદેશો કહ્યો. શોભના દોડતી મધ્યખંડમાં ગઈ.

'બાપુ જાગ્યા છે ?' શોભના આવતાં જ નિહાર બાણુએ પ્રશ્ન કર્યો.

'ખબર નથી. કહો તો તપાસ કરું !'

'રાણી ?'

'એ તો પોઢેલાં જ હશે.'

'બાપુને જગાડ ! કહેજે કે હું અગત્યના કામે આવ્યો છું.'

શોભના ગઈ. નિહાર બાણુનું આટલી વહેલી સવારનું આગમન એને કંઈ અનિષ્ટ આગાહી સૂચવી રહેતું જણાયું. એણે જઈને સજ્જનદેવને જગાડયા, અને નિહાર બાણુના આગમનના સમાચાર આપ્યા.

'કેમ ! શું છે ?'

'કહ્યું છે કે અગત્યનું કામ છે.'

'તો એમને અહીં જ બોલાવી લાવ.' થોડી વાર વિચાર કરી તેમણે કહ્યું.

શોભના ઉતાવળે ગઈ અને નિહાર બાણુને ઠાકોરના શયનગૃહમાં તેડી લાવી.

'હવે હું જાઉં કે ?' શોભનાએ રજા માગી. પરિસ્થિતિની ગંભીરતા અને ગુપ્તતાનો એને સહજ ખ્યાલ આવી ગયો હતો. કેળવાયલા નોકરોને 'તું જા.' એમ કહેવાની જરૂર પડતી નથી.

'હા, જા. પણ આટલામાં જ રહેજે. કદાચ તારી જરુર પડે.' નિહાર બાણુએ શોભનાને કહ્યું. શોભના ગયા પછી તેમણે ઠાકોરને કહ્યું : 'સુરમાએ ખબર આપ્યા છે કે સવારથી રજુલા ગુમ થઈ છે.'

'હેં !' રાજાથી અચાનક ઉદ્‌ગાર નીકળી ગયો.

'હા, જી. મેં આપને એક દિવસ કહ્યું હતું કે હદ ઉપરાંતનું બંધન એક દિવસે અચિંત્યું તૂટી જવાનું છે. પણ શું કરું ? તમારે એને શહેરમાં જ રાખવી હતી, એટલે મારે અનિચ્છનીય બંધનો તેના પર લાદવાં પડયાં હતાં. દૂર અજાણ્યા સ્થળે રાખી હોત તો એ સ્વતંત્ર રીતે હરતી ફરતી હોત અને કદી આવો પ્રત્યાઘાત ન થાત ! થયું ! હું અત્યારે જ શિવાલયે જાઉં છું. પૂજારીનો છોકરો એને ઉપાડી ગયો હોય એવો શક છે. વિશેષ તો ત્યાં ગયા પછી જ ખબર પડે.'

'રસાલામાંથી તપાસ કરવા માણસો મોકલું ?' રાજાએ પૂછ્યું.

'ના, જી. બહુ ધમાલ કરવી નથી. લોકોમાં કોલાહલ થાય કે પૂજારીની છોકરી પાછળ રાજા આટલી ચીવટ કેમ રાખે છે ! આપણે બધું જ ગુપચૂપ કરવાનું. બે મોટર અને બે સ્વારને સાદા પોશાકમાં મારી પાછળ શિવાલયે મોકલાવજો. વિશેષ કંઈ કહેશો નહિ. હું એમને ત્યાં સૂચના આપીને યોગ્ય સ્થળે મોકલાવીશ.'

ત્યાં શોભનાએ આવી ખબર આપ્યા કે 'રાણીજી જાગૃત થયાં છે.'

દિવાનના આગમન પછી મહેલમાં થોડો ગણગણાટ શરૂ થઇ ગયો હતો. સાચી હકીકતની કોઇને માહિતી નહોતી; એટલે સૌ જૂદાં જૂદાં અનુમાન બાંધી રહ્યાં હતાં. આવા નવીન પ્રસંગે મહેલમાં બહુ વાતચીત નથી થતી હોતી; પણ વાતચીત કરતાં વધુ સૂચક મુંગા ઇસારા અને

હરફર થવા માંડે છે. આ હરફર અને ધમાલથી રાણી જાગી ગયાં.

દિવાને શોભનાને કહ્યું : 'રાણી સાહેબને કહે કે હું એમને યાદ કરું છું.' નમીને શોભના ચાલી ગઇ અને રાણીને દિવાનનો સંદેશો કહ્યો.

રાણી સ્વસ્થ થયાં. જરા વાળ સમાર્યા અને સાડી બદલાવી, ઠાકોરના શયનગૃહમાં ગયાં. ઠાકોર અને દિવાન ચૂપ બેઠાં હતાં. ઠાકોરની મુખમુદ્રાપરની ગંભીરતા જોઇ રાણીનું હૃદય જોરથી ધબકવા લાગ્યું. પાસેના આસન પર તે બેસી પડયાં. નિહાર બાણુએ પ્રશ્ન કર્યો : 'રજુલાને મળવા ક્યારે ગયાં હતાં ?'

'પરમ દિવસે.'

'ખાસ કંઇ કહેતી હતી ?'

'ના, ના. કેમ ? શું થયું છે ?'

'આજ સવારથી તેનો પત્તો નથી. ક્યાંક ચાલી ગઈ છે !'

'ક્યાં ?' ગભરાયલે ચહેરે રાણીએ પૂછ્યું.

'એની તપાસ કરું છું.'

'ક્યાં તપાસ કરશો ?'

'જ્યાં થઇ શકે ત્યાં.'

'એમ શું કહો છો. બાણુજી !' ગળગળાં થતાં રાણી બોલ્યાં: 'મારી રજુલાને ઝટ શોધી લાવો. ગમે ત્યાંથી —ગમે તેમ કરીને—બાણુજી ! ચારે બાજુ ઝટ માણસો દોડાવો !'

'રાણીજી !' કડક સ્વરે દિવાન બોલ્યા. 'એમ વેવલાં ન બનો. રજુલાને તમે ભૂલી જાઓ !' દિવાનની ઉગ્ર દ્રષ્ટિનો

તાપ રાણી ઝીલી ન શક્યાં. એ ચૂપ થઈ ગયાં. એની આંખોમાંથી અશ્રુબિંદુઓ ટપકવા લાગ્યાં.

'એકવાર મેં કહ્યું હતું કે રજુલાને ભૂલી જ જવી જોઈએ. રાજરમતના દાવ ખેલનારનાં હૈયાં આવાં કુમળાં હોય તે ન ચાલે, રાણીજી!'

'પણ બાપુજી! મારી લાડકી......'

'મહારાણીજી!' દિવાનનો કઠોર અવાજ ગાજી રહ્યો. 'તમારી આ સ્થિતિ જોઈને મને એમ જણાય છે કે એની શોધ ન કરવી. એ ગુમ થવા જ સરજાઈ હતી. આજે ગુમ થઈ એ સારું થયું.'

રાણીએ એક શબ્દનો પણ ઉચ્ચાર ન કર્યો. પણ એનું હૈયું તો ઊંડી વેદનાથી રડી ઉઠ્યું હતું.

'તમે તપાસ કરવા તો જતા હતા ને?' ઠાકોરે ધીમેથી પૂછ્યું.

'હા. પહેલાં મેં એમ ધાર્યું હતું. હવે મારું મન પાછું હઠે છે. રાણીજીની નિર્બળતા કોઈ દિવસ વિપરીત પરિણામ લાવી મૂકે એવો મને ભય રહે છે, બાપુ! રજુલા ગૂમ થયેલી રહે એમાં જ આપણું હિત છે. રાણીજી! કુમારને તમારો જ સમજો. સમજવાની ટેવ પાડો. જગતની દૃષ્ટિએ એ જ તમારો છે; રજુલા નહિ.'

રાણીએ ઉત્તર ન આપ્યો. દિવાનની દરખાસ્ત એને ગળે ઉતરે એમ નહોતી, એટલે એમને સમજાવવું વ્યર્થ હતું. આંખમાં ઉભરાતાં આંસુ સાથે એમણે ઠાકોર સામે જોયું. ઠાકોર આંખનાં આંસુમાં ગુંથાયલા રાણીના મનોભાવ પારખી શક્યા. એમણે કહ્યું:

'બાપુ! માતાનું હૃદય તમે નહિ પારખી શકો!'

'બાપુ! હું સમજી શકું છું. તારાનાથને મેં માતાના હૃદયથી જ પોષ્યો છે. એની માતાના મૃત્યુ સમયની મનોવેદના–પુત્રના વિયોગે ઝુરતું એનું હૃદય–એ ચિત્ર આજ પણ હું ભૂલ્યો નથી. આજે જે પ્રપંચો મારે ખેલવા પડે છે એથી મારું હૃદય કોરાય જાય છે. મને એ નથી રુચતું. પણ હું શું કરું? એક વખતે 'એમાં શું?' કહી એક ડગ ભર્યું; હવે એ માર્ગેથી પાછા ફરી શકાય એમ નથી.'

થોડી વાર શાન્ત રહી નિહાર બાબુ બોલ્યા. 'હવે હું જઇશ. તમે ચિંતા છોડી દેજો. વનવાસી પશુપંખીની ચિંતા કોણ કરે છે! સરજનહાર એની સંભાળ લેશે.' કહી એ ઉભા થયા.

ઠાકોર પણ ઉભા થયા. એમણે કહ્યું: 'તમે કહ્યું હતું ને, મોટર અને સ્વાર મોકલવાનું!'

'હા. પણ હવે જરુર નથી. જે થયું તે સારા માટે–એમ હું સમજું છું. તમે પણ એમ જ સમજો.' કહી નિહાર બાબુ ઓરડામાંથી બહાર નીકળ્યા.

બરાબર એ જ સમયે ઓરડામાં એક ધબાકો થયો. ઠાકોરે પાછું વાળી જોયું તો રાણી બેશુદ્ધ થઇ નીચે પડયાં હતાં.

નિહાર બાબુની બહાર નીકળતી ગાડીના ઘોડાના ડાબલાનો અવાજ સંભળાતો ધીમો પડતો જતો હતો.

પ્રકરણ છઠ્ઠું

—મધુર પ્રવાસે

ગુસ્સાની ગરમીમાં વિરાટ માઇલ–દોઢ માઇલ ચાલ્યો જ ગયો. એ ક્યાં જઈ રહ્યો હતો, એનું પણ એને ભાન નહોતું. સ્વચ્છ આકાશમાં ચંદ્ર પૂર્ણ કળાએ ખીલ્યો હતો અને પૃથ્વીના પટ પર પ્રકાશ પાથરતી ચાંદની વનશ્રીને શોભાવી રહી હતી. પરંતુ પ્રકૃતિની મજા માણવા જેટલું તેનું મન સ્વસ્થ નહોતું. એનું મનઃપુષ્પ ચિંતા રૂપી શિલાના ભારથી ચગદાઈ રહ્યું હતું.

ઘર છોડી નાસી જનાર યુવકના મન ઉપર સ્વાભાવિક રીતે જે બોજો હોય છે, તે તેના મન ઉપર નહોતો. પિતૃ–ગૃહને પોતાનું માનવાનું એણે ઘણા વખતથી ત્યજી દીધું હતું. પિતાની એક પાઈ પણ એને શિવનિર્માલ્ય હતી. પોતાની પાસે કશી મૂડી ન હોવા છતાં એ પોતાના સ્વાશ્રય બળ ઉપર મુસ્તાક હતો. આજે એને ઘર છોડયા જેવું કંઈ જણાતું નહોતું. માત્ર જે કાર્ય માટે તે કંચનપુર આવ્યો હતો તેમાં નિષ્ફળતા મળી એ જ તેને ચિંતાનું પ્રયોજન હતું.

સાંજે તેણે ભોજન લીધું નહોતું; પરંતુ હોટલમાં જઈ કૉફીપી આવ્યો ત્યારે રજુલા માટે તે રેવડી અને સિંગદાણા લઈ આવેલો, તે તેના ઝભ્ભાના ખીસામાં પડયા હતા. ચાલતાં

ચાલતાં કશો સ્વાદ અનુભવ્યા વિના તે આ વસ્તુઓને આરોગતો જતો હતો. રેવડીનો છેલ્લો દાણો તેના હાથમાં આવી પડયો ત્યારે—તે પળે રજુલા એને ફરી યાદ આવી. રજુલાને એ દાણુ તે આપી શકયો નહોતો, એનો એને ખેદ થયો. ચાલતાં ચાલતાં વિચારમગ્ન થઈ તે ઉભો રહી ગયો.પવનના સુસવાટાથી પીપળની ડાળીઓ ડોલી રહી હતી એની સામે તેની દૃષ્ટિ ગઇ, અને એ દૃષ્ટિમાં પીપળની ડાળીઓ વચ્ચે હાસ્ય કરતી રજુલાની આંખોનું પ્રતિબિંબ પડયું. બીજી પળે એ ચાલવા લાગ્યો ત્યારે પાછળથી રજુલાનો મીઠો મોહક સ્વર સંભળાયો : 'વિરાટભાઇ! ઉભા તો રહો!'

તેણે ઉભા રહી પાછળ જોયું. પણ ત્યાં રજુલા નહોતી. ચારે બાજુ ભ્રમણા તેને છેતરી રહી હતી. તે જરા ઉતાવળે ચાલવા લાગ્યો; પણ પાછળથી કોઇ ખેંચી રહ્યું હોય એમ લાગ્યા કરતું હતું. રસ્તામાં પડેલો પત્થર તેને સુઝ્યો નહિ અને ઠેસ વાગતાં જરા લોહી પણ નીકળ્યું.

સડકની બાજુએ ખેતરમાં કુવો જોઇ એને તૃષા લાગી. તે કુવે તો પહોંચ્યો તો ખરો, પણ પાણી સીંચવાને દોરડું કે બાલદી ત્યાં નહોતાં. પાસે એક કુંડી હતી, અને કોશથી ભરાયલા તાજા સ્વચ્છ જળમાં ચંદ્રનાં કિરણો ફુવારા પેઠે પ્રકાશકણ વેરી રહ્યાં હતાં. અંજલિ ભરી એણે પાણી પી લીધું.

એનું મન હવે કંઇક શાન્ત થયું. કુવાના શુદ્ધ પાણીથી ધોવાઇને સ્વચ્છ, ચળકતા થઈ ગએલા થાળા પર દુવાલ પાથરી એ વિસામો લેવા બેઠો. તેનો દેહ આરામ લેવા

લાગ્યો. પણ એના મનને આરામ નહોતો. એ તો વધુ વિચારહિંડોળે ચડયો.

લગભગ દોઢ-બે કલાક એ ત્યાં ને ત્યાં બેસી રહ્યો. પછી તે ઊઠયો. ટુવાલ ખંખેરીને થેલીમાં નાખ્યો, અને સડક પર આવી, આવ્યો હતો તે જ રસ્તે પાછો વળ્યો.

કૌમુદીનું અમૃત પીને તેનું મન વિશુદ્ધ બન્યું હતું. જળની શીતળતાએ એના ગુસ્સાની ગરમી હરી લીધી હતી. તેનો દેહ અને મન બન્ને પ્રફુલ્લ બન્યાં હતાં. ઘર તરફ—શિવાલય તરફ—તે નિશ્ચયાત્મક પગલાં ભરી રહ્યો હતો.

રાત્રિએ શાન્તિ અને નીરવતા પાથરી દીધી હતી. એ નીરવતામાં કોકિલાનો સુર આંબાવાડિયામાં સંભળાયો; અને વિરાટના અંતરમાં ચેતન ભરી દીધું. વિરાટને ગાવાનું મન થયું. આશ્રમભજનાવલિમાંથી 'મંગળમંદિર ખોલો' એણે શરુ કર્યું. વાતાવરણમાં ભૈરવીના સુર ગુંજવા લાગ્યા.

તે શિવાલયે પહોંચ્યો ત્યારે મધ્યરાત્રિ થવા આવી હતી. તેનું હૈયું આશા અને ઉલ્લાસથી નાચી ઉઠયું હતું.

હળવે પગલે પાછળની વંડી ઠેકીને તેણે શિવાલયના બગીચામાં પ્રવેશ કર્યો. પરસાળને તો જાળી નહોતી. પણ રજુલા સુતી હતી તે ઓરડો બંધ હતો. જાળીમાંથી દૃષ્ટિ ફેંકી તો રજુલાની પાસેની પથારીમાં સુરમા ઉંઘતી હતી. તે રજુલાને લેવા આવ્યો હતો. એનું વચન પાળવાને એ જંગલમાંથી પાછો ફર્યો હતો. એટલે રજુલાને લીધા વિના પાછા ન જવાનો એણે નિર્ધાર કર્યો હતો. પણ રજુલાને બૂમ મારવા જતાં સુરમા જાગી જાય તો બધી બાજી બગડી જાય! અને એવા ચોકી પહેરા ગોઠવવામાં આવે કે ભવિષ્ય-

માં ફરી કદી એને લઇ જવાની તક ન મળે !

જાળીએથી પાછા ફરવા જતાં એના પગ સાથે પાણીનું માટલું અથડાયું અને ખનન્ કરતો પ્યાલો નીચે ગબડી પડયો. એણે રજુલાનો સ્વર સાંભળ્યો: 'વિરાટભાઇ !'

પાછું વાળી જોઇ વિરાટે નાક પર આંગળી મૂકી એને ચૂપ રહેવા જણાવ્યું. હળવે પગલે તે પરસાળના પગથિયાં ઉતરી બગીચામાં આવ્યો. તેની પાછળ બારણું ઉઘાડી રજુલા પણ બગીચામાં આવી.

'વિરાટભાઈ ! તમે કયાંથી ?' કહી રજુલા એને વળગી પડી.

'બેન ! તને તેડવા આવ્યો છું.' વિરાટે ધીમેથી કહ્યું અને પૂછ્યું: 'સુરમા જાગી તો નથી ગઇ ને ?'

'ના. એ તો છે ઉંઘણશી !'

'અને તું ?' ગાલ પર ટાપલી મારી વિરાટે પૂછ્યું.

'મને આજે ઉંઘ આવી જ નથી !'

'સારું. તારે મારી સાથે આવવું છે કે ?'

'તમે લઇ જાઓ તો !'

'લઇ જવા તો આવ્યો છું.'

'મારાં કપડાં લઇ આવું ?'

'ના રહેવા દે. કોઈ જાગી જશે. આમ ને આમ નાસી છૂટીએ.'

અને બન્ને જણાં ગુપચુપ શિવાલય છોડી બહાર નીકળ્યાં

વિરાટની આંગળી ઝાલી ચાંદનીમાં ચાલવું રજુલાને બહુ ગમ્યું. આવી મોજ એણે જીવનમાં પ્રથમ જ અનુભવી.

ખુલ્લી સડક, બન્ને બાજુએ વિશાળ ખેતરો, આકાશમાંથી વરસતી જ્યોત્સ્ના અને સાથે એનો દીર્ઘસંસ્મરિત ગુરુ અને રંજક મિત્ર વિરાટ! કંગાળ કુટુંબથી છૂટો પડેલો જન્મ-ટીપનો કેદી અચાનક મુક્ત થાય અને તેને પોતાના આત્મજનોને મળતાં જે હર્ષ થાય એ હર્ષ રજુલાના મુખ પર તરી આવ્યો.

એણે પાઠય પુસ્તકમાં વાંચેલી એક વાત અત્યારે તેને યાદ આવી. એક બકરીનું બચ્ચું દોરડું તોડી ખીલેથી છુટી, આવી જ મનોરમ ભૂમિમાં—આવી જ નિર્મળ કૌમુદીમાં—આખી રાત ફર્યું હતું. પણ પાછળથી એને વરુ મળ્યું! રજુલાના અંગમાંથી કંપારી પ્રસરી ચાલી ગઇ. એણે વિરાટની આંગળી જોરથી પકડી. એનામાં હિંમત આવી. એ કંઈ તે બચ્ચાની પેઠે એકલી ન હતી. એની સાથે તો એનો સબળ રક્ષક વિરાટ હતો.

પણ કોમળ કિશોરી વધુ ચાલી શકી નહિ. ચાલવાનો એને મહાવરો જ કયાં હતો? એક માઇલ—બે માઇલ—અઢી માઈલ! એ થાકી ગઈ. પણ વજ્રકાય વિરાટે એને ઉપાડી લીધી. વિરાટને ખભે ચડી રજુલા હસી રહી અને વિરાટના હૈયામાં હાસ્ય ફેલાવી રહી.

આખી રાત એમણે ચાલ્યા કર્યું. વચ્ચે વચ્ચે રજુલા નીચે ઉતરી ચાલતી. એ કહેતીઃ 'હું તે કંઇ બાળક છું, કે મને વારંવાર ઉપાડો છો!'

'મને તો મજા આવે છે, અને કસરત પણ મળે છે.' વિરાટ કહેતો. વચ્ચે વચ્ચે તે બોરડી ઝૂડવા રોકાઇ જતો. કુવો વાવ આવે ત્યાં હાથ મોં ધોઈ પાણી પીતા.

વચ્ચે એકાદ ગાઉ તો કોઈનું ચાલ્યું જતું ગાડું સહેજે ઉપયોગમાં આવી ગયું. તેઓ હરિપર પહોંચ્યા ત્યારે પૂર્વના આકાશમાં પ્રકાશનાં કિરણો ફુટતાં હતાં.

પ્રકરણ સાતમું

—હરિપરમાં નવરાત્રિ ઉત્સવ

રંજુલા ગુમ થયાની વાત જાણી પ્રથમ તો નિહાર બાબુને ભારે રંજ થયો; પરંતુ પાછળથી એમને સંતોષ થયો કે હંમેશની પીડા પતી. રાણીના કાલાવાલાથી એનું હૃદય પીગળી જતું, અને રંજુલાને દૂર કરી શકાઇ નહિ. પરંતુ અનાયાસે એને દૂર થએલી જોઇ એને થોડી શાન્તિ વળી. રાણીને એમણે કઠોર શબ્દો સંભળાવ્યા છતાં પણ તદ્દન પગ વાળીને એનાથી બેસી શકાય એમ નહોતું. એ ક્યાં છે, અને જ્યાં છે ત્યાં તે સુખમાં છે એ તો એમણે જોવાનું હતું જ. અને તે વિના રાણી પણ શાન્તિ પકડી બેસી શકશે નહિ, એવી તેમને ખાત્રી હતી. એટલે જાહેર ઉહાપોહ ન કરતાં ખાનગી રીતે તપાસ કરવાનું એમણે શરુ કર્યું. રાજમહેલથી એ શિવાલયે જઈ આવ્યા, અને બનતી માહિતી મેળવી. પછી વિશેષ તપાસ માટે એમણે પોતાના અંગત ખાનગી જાસુસો રોકયા.

વિરાટને છુપા ફરવાનું કે રંજુલાને સંતાડી રાખવાનું કંઇ કારણ નહોતું. રંજુલાને લઈ જવામાં એનો પોતાનો તો કંઈ એ સ્વાર્થ નહોતો. અને એથી એને કોઇનો ભય પણ નહોતો. હરિપરમાં એક મિત્રને ત્યાં એ ઉતર્યો. એ મિત્રનું નામ સુંદરદાસ હતું. સુંદરદાસ એ ગામડામાં

ધીરધારનો ધંધો કરતો. એના બાપદાદાએ વ્યાજવટામાં એકઠી કરેલી મોટી રકમમાં એ એ જ માર્ગે વધારો કર્યે જતો.

વિરાટે સુંદરદાસને બધી વાત કહી. રજુલાને પોતે મધ્યરાત્રે ઉપાડી લાવ્યાની વાત પણ છૂપી ન રાખી. સુંદરદાસના મિત્રો પણ વિરાટ વિષે બધું જાણતા થઇ ગયા હતા.

એટલે રજુલાની તપાસ કરતાં દિવાનના જાસુસોને બહુ દિવસ ન લાગ્યા. એમણે આવી દિવાનને બધી હકીકતથી વાકેફ કર્યા. રજુલાની સહીસલામતીના સમાચારે રાજારાણીના દિલમાં પણ શાન્તિ થઈ.

'રજુલાને અહીં લઈ આવવા તમે નિહાર બાબુને ન સમજાવો ?' રાણીએ ઠાકોરને પૂછ્યું.

'એ નહિ માને. થોડો વખત પસાર થવા દ્યો. પછી સમજાવી લઇશું.' રાજાએ જવાબ આપ્યો.

બીજે દિવસે રાજાએ નિહાર બાબુને કહ્યું : 'રાણી બહુ વલોપાત કરે છે. રજુલા છે તો સુખચેનમાં ને ?'

'હા. હા. બહુ આનંદમાં છે. દર અઠવાડિયે હું માણસ મોકલી તપાસ કરાવું છું.'

'એક દિવસ આપણે જઇ આવીએ. રાણીનું મન ઉંચક રહ્યાં કરે છે.'

'ભલે ! નવરાત્રિમાં જઇ આવીશું.'

હરિપરની નવરાત્રિ એટલે ભારે ધમાલના દિવસો. ચોકે ચોકે ગરબીઓ લેવાય. ખેડુતો અને કારીગરો મધરાત સુધી ઘૂમે. તે દિવસોમાં માતાજીના ગરબા ગવરાવનારનો

કિંમત વધી જાય. સૌ એવા ગવરાવનારને પોતાની ગરબીએ લાવવાનો પ્રયાસ પણ કરે. એમાં હરિફાઇ પણ થાય. મૂળ તો હરિપર ગામમાં બહુ સંપ. પણ પાછળથી જુદાં જુદાં કારણે ઝગડાઓ શરુ થયા. વાઘેશ્વરીના મંદિરમાં પ્રેમગર નામે એક સાધુ રહેતો. એનો સ્વભાવ જ એવો ખટપટી, કે ચૂપ બેસી રહેવામાં એને ચેન ન પડે. અહીંની ત્યાં, અને ત્યાંની વાત અહીં; અધું સાચું અને અધું ખોટું એમ વાતોનો રંગ જમાવે. એના થોડા જ પ્રયાસે આખા શહેરમાં નિંદા અને કલેશનું વાતાવરણ પ્રસરી ગયું. હુતાશનીના દિવસોમાં દસવીસ માણસો ઘાયલ ન થાય તો એ હુતાશની જ નહિ. નવરાત્રીમાં માતાજીને નામે પણ બે-પાંચ વખત લાકડીઓ ઉડે.

પણ વિરાટના આગમન પછી ગામનું સ્વરુપ બદલી ગયું. જૂનાં વેરઝેર નાબૂદ તો ન થયાં, પણ ઉપર ઉપરથી થોડા ફેરફારો થયા. નિંદા અને કલેશનું પ્રકરણ ઘટી ગયું, અને ગામમાં નવું ચેતન પથરાતું ચાલ્યું.

વિરાટે સુંદરદાસને ત્યાં બે-ત્રણ દિવસ રહી પોતાના ભાવિ કાર્યક્રમનો નિર્ણય કરી લીધો. ગ્રામસેવાને એણે જીવનકાર્ય-ધ્યેય તરીકે સ્વીકારી નવા જીવનની શરુઆત કરી. સુંદરદાસના વડવાઓએ ગામ બહાર એક ધર્મશાળા બંધાવેલી; પણ ગામ નાનું, અને ધર્મશાળાનો ઉપયોગ ઓછો થતો, એટલે એ મકાન ખાલી પડી રહેતું. વિરાટે એને સાફ કરી ત્યાં પોતાનું નિવાસ-સ્થાન બનાવ્યું.

પ્રથમ એની દષ્ટિ ગામનાં બાળકો તરફ ગઈ. ગામની શેરીઓમાં અર્ધનગ્ન કે પૂર્ણનગ્ન, ગંદાં, દુબળાં અને રોગિ-

ચલ બાળકો હાથવતી મોઢાં પરની માખીઓ ઉડાડતાં, ઓટા પર બેસી રહેતાં, કૂતરાં સાથે રમતાં કે પરસ્પર ધૂળ અને કાદવ ઉડાડતાં. ઝગડે ત્યારે ભેંકડા તાણી રડતાં કે ખૂમાખૂમ કરતાં, અને માબાપને હાથે ઢીબાતાં. ગામમાં લીલાપુર રાજ્ય તરફથી એક પ્રાથમિક શાળા ચાલતી. એમાં ચાર ગૂજરાતી ધોરણમાં થઇને ચોવીસ છોકરા–છોકરીઓ ભણતાં. ભણવાનાં સાધનો તો નહોતાં, પણ એક મહેતાજી હતા. મહેતાજી દસ રુપિયા પગાર ઉપરાંત લોટ માગીને પાંચ–સાત રુપિયા જેટલું મેળવી લેતા. દાન–દક્ષિણા અને ભેટ–સોગાદોથી એમનું તહેવારનું ખર્ચ નીકળતું.

ચાર ચોપડી પૂરી કરી–ન કરીને કિશોર વયના છોકરાઓ નિશાળ છોડી દેતા, અને કામધંધામાં પડવાને બદલે ચોરે, દરવાજે કે પાણી ઘાટે જઈ બેસતા અને લોકોની નિંદા, કુથલી અને મશ્કરી કરતા. માત્ર ખેડૂતના છોકરા ખેતરે જતા; પણ તેમને યે બીજાઓનો રંગ લાગતો, અને કોઇવાર મોજમજા કરવા લલચાતા.

વિરાટ પાસે કાર્યનું એક વિશાળ ક્ષેત્ર પડયું હતું અને પોતાની શક્તિઓ તો મર્યાદિત હતી. છતાં એ નાહિંમત થયો નહિ. સુંદરદાસ પાસેથી થોડી રકમ મેળવી એણે બાળમંદિર શરુ કરવા સાધનો વસાવ્યાં. કિશોરો અને કુમારો માટે માધ્યમિક શાળા શરુ કરી. નિરક્ષર પ્રૌઢો અને હરિજનો માટે રાત્રિશાળા શરુ કરવામાં એને ભારે મુશ્કેલી નડી. લોકોની અંત્યજો તરફની સુગ મહાસભાના કાર્યથી–પ્રચારથી ઓછી થઈ હતી, પણ લોકો હજુ હરિજનો સાથે બેસીને અભ્યાસ કરવા તૈયાર નહોતા. ખાસ કરીને ગામડા-

માં તો નહિ. હરિજનો સાથે અભ્યાસ કરનાર માત્ર બે જ માણસો વિરાટને મહાપ્રયાસે મળી શક્યાં. પણ એણે તો એ બે માણસોથી શરૂ કર્યું. આઠ–નવ હરિજનો ભણવા બેઠા. ધીમે ધીમે લોકો શિક્ષણના ફાયદા જોતા ગયા અને તેમને ભણતરની ભૂખ ઉઘડતી ગઈ. રજાના દિવસોએ વિરાટ ચોરે બેસી છાપું વાંચતો; અને લીલાપુર અને કંચનપુરથી માંડીને લંડન અને મોસ્કોના સમાચાર એ લોકોની પાસે વાંચતો; અને સાદી ગામઠી ભાષામાં એમને સમજાવતો. એમાંથી લોકોને જાતે વાંચવાની વૃત્તિ ઉત્પન્ન થઇ અને અસ્પૃશ્યતાના હાઉને ભેદીને લોકો રાત્રિશાળાએ એકઠા થવા લાગ્યા. માધ્યમિક શાળામાં તે વિદ્યાર્થીઓને અંગ્રેજી શિક્ષણ આપવા લાગ્યો. મધ્યમ અને ઉપલા વર્ગના લોકો તેમનાં બાળકોને અંગ્રેજી ભણાવવા ઇચ્છતા હતા; પણ અત્યાર સુધી સગવડને અભાવે એમની ઈચ્છા બર ન આવતી. એટલે અંગ્રેજી શાળાથી વેપારી અને મધ્યમ વર્ગના લોકોને બહુ સંતોષ થયો. તેઓ બાળકોનું શુલ્ક આપવા પણ તૈયાર થયા, અને એ રીતે વિરાટને ગૂજરાનનું સાધન પણ મળી ગયું. વિરાટે આ શાળામાં નામાનું શિક્ષણ પણ રાખેલું. એટલે વેપારી તો પોતાના છોકરાને અચૂક ત્યાં મોકલતો. બાકીની તેની પ્રવૃત્તિઓ માટે દર શનિવારે તે ઝોળી ફેરવતો; અને તેની ઝોળીમાં દર અઠવાડિયે દસ–પંદર રુપિયા પડી જતા.

વહેલી સવારે અખાડો, પછી બાલમંદિર, બપોરના માધ્યમિક શાળા અને રાત્રે રાત્રિશાળા—એમ વિરાટ આખો દિવસ શિક્ષણકાર્યમાં ગુંથાઈ રહેતો. છતાં રજાના દિવસો

એને બીજી પ્રવૃત્તિ માટે ઉપયોગમાં આવતા. સામાન્ય લોક-શિક્ષણ અર્થે તે સભાઓ ભરતો, નવી ઢબે ઉત્સવો ઉજવતો અને પોતાના સાથીઓની મદદથી સંગીત અને નાટકોનો રસિક કાર્યક્રમ યોજી, લોકોને નિર્દોષ આનંદ અને સામાજીક જ્ઞાન આપતો.

આ વખતનો નવરાત્રિ ઉત્સવ એણે સુંદર રીતે યોજ્યો હતો. ચોકે ચોકની ગરબીઓ બંધ કરાવી ગામ બહાર પોતાના નિવાસ-સ્થાન પાસેના ચોકમાં એક સામાન્ય ગરબીની યોજના તેણે કરી હતી, અને લોકોએ એ સ્વીકારી હતી. માતાજીની ગરબી સાથે એણે રાષ્ટ્ર-ગીતો અને ભક્તિરસના રાસો ઉમેર્યા હતા. વળી તેની સાથે સંગીત, નાટિકા, વ્યાયામ અને ભાષણોનો કાર્યક્રમ પણ ગોઠવ્યો હતો. લોકોને તો આ નવરાત્રિ મેળાથી પણ વધુ આકર્ષક લાગી.

ધર્મશાળાની પરસાળમાં એણે એક કળાપ્રદર્શન પણ ગોઠવ્યું હતું. અને તેમાં ગામમાંથી એકઠા કરેલ નમૂનાઓ મૂકયા હતા. તોરણ, ચાકળા, ભરતકામ, વિદ્યાર્થીઓનું ચિત્રકામ, સુથાર, લુહાર, દરજી અને કુંભારના કારીગીરીના વિવિધ નમુનાઓ ઉપરાંત પોતે કેમેરાથી ઝડપેલા ગ્રામદશ્યો અને પ્રકૃતિસૌંદર્યના તથા કેટલાક ગ્રામજીવનના ફોટાઓ અને રજુલાના દોરાથી ગૂંથેલા રુમાલો અને મોતીના પડદાઓને તેમાં સ્થાન મળ્યું હતું. તેણે ગામની એક જ્ઞાનપોથી લખીને પ્રદર્શનમાં રજુ કરી. આ જ્ઞાનપોથીમાં ગામનો સૌથી વધુ ભણેલ વિદ્યાર્થી, વધુ ભણેલી કન્યા, સૌથી પ્રવીણ કંદોઈ, સૌથી કુશળ

સુથાર, વાળંદ, તરવૈયો, ખેલાડી, ગવૈયો, ચિત્રકાર, નિરોગી બાળક—એમ એકેક વિદ્યાકળામાં સૌથી મોખરે સ્થાન લેનાર ગ્રામજનોનાં નામો રજુ કર્યાં હતાં. અનેક પ્રકારનાં વૈવિધ્યથી પ્રદર્શન દીપતું હતું.

હવન—અષ્ટમીની રાત્રીએ ભરચક કાર્યક્રમ રખાયો હતો. વિરાટ, રજુલા અને બીજા જુવાનો સવારથી એની તૈયારીમાં પડયાં હતાં. છેક સાંજના એને ખબર મળ્યા કે લીલાપુરના બે મુસ્લીમ ભાઈઓ અને ઓઝલવાળી મુસ્લીમ ઔરતો તેમનો કાર્યક્રમ જોવા ઇચ્છે છે અને તેમની પરવાનગી માગે છે.

વિરાટે તત્કાળ પંચ બોલાવીને એમની પાસે વાત રજુ કરી. સૌને જરા નવાઈ લાગી, કારણ કે કદી મુસ્લીમોએ આવા કાર્યમાં રસ લીધો ન હતો. થોડી ચર્ચા પછી ગરબીના મંડપમાંથી તેઓ પસાર ન થાય એ શરતે તેમને પરવાનગી આપવાનું નક્કી થયું. એ વખતે ઉત્સવ જોવા ગામના મુસ્લીમોને પણ ખાસ આમંત્રણ અપાયાં. હિંદુ મુસ્લીમ એકતાનાં બીજ તો વિરાટે ધીમે ધીમે એની પ્રવૃત્તિઓ મારફત કયારનાં વાવી દીધાં હતાં. એટલે આજના પંચે સહર્ષ એમની માગણી વધાવી લીધી.

રાત્રે લીલાપુરની મૉટર—ટેકસી હરિપરના ઉત્સવ મંડળ સમક્ષ આવીને ઉભી. મૉટરની અંદર રાણી માયાદેવી અને શોભના બેઠાં હતાં. સજ્જનદેવ અને નિહારબાબુ મુસ્લીમ પોશાકમાં આગળની બેઠકમાં બેઠા હતા. વિરાટે એમનું સ્વાગત કર્યું, અને પ્રેક્ષકોમાં સારી બેઠક આપી. રાણી અને શોભના મૉટરમાં બેસી પડદાની જાળીમાંથી

ઉત્સવના રંગો નિરખવા લાગ્યાં.

એક પછી એક પ્રયોગો શરુ થયા. પ્રેક્ષકોમાંથી તાલીઓના અવાજો થવા લાગ્યા. વ્યાયામ, સંગીત, નાટિકા, ગરબી, કુસ્તી, દાવ, હાથચાલાકીના પ્રયોગો, અભિનયગીતો અને દુહાસોરઠા પછી છેવટે રજુલાનું પતંગનૃત્ય રજુ થયું. આખો સમાજ રસમાં તરબોળ થઈ ગયો. વિરાટ પર તો ગામલોકો ખુશ થઇ ગયા હતા. રજુલાના નૃત્ય પછી તો કેટલીકવાર સુધી તાળીઓના અવાજ વિરમ્યા જ નહિ. રાણી માયાદેવી અને ઠાકોરનાં હૃદય હર્ષથી પુલકિત થઇ ગયાં.

રાત્રે એક વાગે કાર્યક્રમ પૂરો થતાં નિહાર બાબુએ વિરાટ અને રજુલાને અઢીસો–અઢીસો રુપિયા ઇનામ તરીકે એનાયત કર્યા. હિંદુ અને મુસ્લીમ ગૃહસ્થોએ પણ યોગ્ય રકમ ભેટ કરી. મુસ્લીમ ભાઇઓ તરફથી થએલી કદર જોઇને હિંદુઓના મનમાં મુસ્લીમ પ્રજા પ્રત્યે ભલી લાગણીઓ ઉદ્ભવી. વિરાટ અને અને રજુલાએ એ રકમો ગ્રામ–જનતાના હિતાર્થે વાપરવાની જાહેરાત કરી અને ઉત્સવની સમાપ્તિ કરી.

મોટર આવી હતી, તેવી જ ધીમી ચાલે પાછી ફરી. કોઇને કંઇ શક પડયો નહિ. માત્ર વિરાટ ઠાકોર અને દિવાનના ચહેરા પોતાને કંઈક પરિચિત છે એટલું કલ્પી શકયો. વધુ કલ્પના કરવાની એને જરુર નહોતી. એ તો એના કામમાં મસ્ત હતો !

માયાદેવી પોતાનું સર્વસ્વ ગુમાવીને પાછાં ફરતાં હોય, એમ એને લાગતું હતું. પરંતુ એની વેદના સમજવાની જાણે કોઇને પડી નહોતી.

પ્રકરણ આઠમું

—માતાની પ્રાર્થના

વિજાતીય મિત્રો વચ્ચેની મૈત્રીનું કારણ સામાન્ય રીતે જાતીય આકર્ષણ હોવાનું કલ્પવામાં આવે છે. આ કલ્પના કંઈ તદ્દન ખોટી તો નથી જ. શાળા, મહાશાળા કે જાહેર પ્રવૃત્તિ દ્વારા યુવક યુવતીઓ એક બીજાના પરિચયમાં આવે છે, અને કોઈવાર એ પરિચય ગાઢ બનતાં મૈત્રીમાં પરિણમે છે. પરંતુ દરેક પ્રસંગે જાતીય આકર્ષણ જ આવી મૈત્રીનું કારણ છે, એમ માની લેવું ભૂલ ભરેલું છે; ખાસ કરીને પ્રમથ અને વાસંતીના સંબંધમાં. એ બન્નેને એક બીજાનો પરિચય શાળામાંથી થયો. એમની વચ્ચેની મૈત્રીનું કારણ હતું સ્વભાવ અને ટેવોની એકરુપતા અને બન્નેની અભ્યાસક વૃત્તિ અને નિખાલસતા. એમની વચ્ચેનું આકર્ષણ એ બન્નેના ગુણ, શકિતવિશેષ, અને પ્રતિભા હતાં. એમની મૈત્રી વિદ્યાર્થી વર્ગમાં જાણીતી હતી. પરંતુ એમની વચ્ચેનું મર્યાદશીલ વર્તન અને બન્નેનું ઉચ્ચ ચારિત્ર્ય વિદ્યાર્થીઓ ઉપર સારી છાપ પાડતું. આથી એમની મૈત્રી વિદ્યાર્થીઓની ઇર્ષ્યાને પાત્ર બની નહિ.

અધ્યાપકોની નજરે બન્ને ધૂની વિદ્યાર્થી ગણાતાં. વિનીતની પરીક્ષા પસાર કર્યા પછી પ્રમથ જે મહાશાળામાં અભ્યાસ કરતો, તેમાં વાસંતી પણ જોડાઇ હતી. મહાશાળાની

પ્રવૃત્તિઓ બે પ્રકારની હતી : એક જ્ઞાનવિષયક, અને બીજી આનંદ વિષયક. બન્ને મિત્રોને ચર્ચાસભા, સાહિત્ય સભા, મહાશાળાનું સામયિક વગેરે પ્રવૃત્તિઓમાં ખૂબ રસ હતો. પુસ્તકાલય સમિતિમાં પણ બન્ને સભ્ય હતાં; એટલે અભ્યાસ અર્થેનાં ઇચ્છિત વિવિધ પુસ્તકો તેઓ મગાવી–મેળવી શકતાં. ઉત્સવો, સમારંભો અને રમત ગમતો પ્રત્યે તેમને ખાસ અભિરુચી નહોતી. અભ્યાસ, વાચન, ચર્ચા અને વિચારવિનિમય એ તેમનો દૈનિક બૌદ્ધિક ખોરાક હતો. બન્નેની વસ્ત્રપરિધાન વગેરે ટાપટીપ છેલ્લી ઢબની હતી. વાસંતી પ્રમથ કરતાં વધુ હસમુખી અને મળતાવડી હતી. સ્વભાવમાં પણ તે વધુ સ્વતંત્ર હતી. છતાં કોઇ વિદ્યાર્થી નિષ્કારણ એની પડખે ચડતો જ નહિ–ચડવાની હિંમત જ કરી શકતો નહિ. કોઇપણ બીજા વિદ્યાર્થીને એની સાથે ચર્ચા તો શું, પણ સામાન્ય વાતચીત કરતાં પણ લઘુતાભાવ (inferiority complex) જણાવા માંડે. એની સાથે રાજકીય વિષયમાં વિવાદ કરનાર અધ્યાપક પણ એની વિદ્વતા અને મહત્તાથી અંજાઇ જાય, એટલો રાજકારણનો ઉંડો અભ્યાસ એણે કર્યો હતો. ઉપરાંત મહાશાળામાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનની તે ઉત્તમ શિષ્યા (scholar) ગણાતી.

લાંબી રજાઓમાં તો પ્રમથ વાસંતીને ત્યાં જ આવી રહેતો; અને બન્ને સાથે અભ્યાસ વધારતાં. પ્રમથ હજુ કોઇ ખાસ વિચારસરણીનો અનુયાયી નહોતો બન્યો. કોઇ ખાસ વાદનો એ ભકત પણ નહોતો બન્યો. છતાં એના વિષે એમ કહી શકાય કે એ ચુસ્ત રાષ્ટ્રવાદી હતો–મહાસભાવાદી

પણ હતો. છેલ્લા કેટલાક વખતથી, વાસંતીના પરિચય પછી, મહાત્મા ગાંધીજીની વિચારસરણી, કાર્યપ્રદેશ અને તેમના અનુયાયીઓમાં એને દોષ દેખાવા માંડયા હતા; અને વધુ અભ્યાસને પરિણામે એ સમાજવાદી વિચારસરણી તરફ આકર્ષાવા માંડયો હતો. સમાજવાદ વિના હિંદના કરોડો મજુર–કિસાનોનો, શોષિતો અને પીડિતોનો અને નીચલા આમસમૂહનો ઉદ્ધાર એમની મુકિત એને અશકય લાગી. અને એમની મુકિત વિનાનું સ્વરાજ્ય એ એને મન નિર્માલ્ય લાગ્યું. સામ્યવાદી રાજતંત્રનું સ્વપ્ન એને સુખદ ખ્યાલો આપતું. વર્ગો નહિ, શોષણ નહિ, ગરીબી નહિ, બેકારી નહિ—એવી ઉત્તમ આર્થિક અને સામાજીક રાજ્યવ્યવસ્થા એને મોહક લાગી. જ્યાં એવી રાજ્યવ્યવસ્થા પ્રવર્તે છે, એવા દેશ જોવાની એની ઈચ્છા થતી; પણ બીજી જ પળે એની ગરીબી એની સામે ડોળા ઘુરકાવતી ઉભી રહેતી. કોઇવાર અફગાનીસ્તાન અને ઈરાન ઓળંગીને પગે ચાલીને રશિયા જઈ પહોંચવાના તરંગો એના મનમાં ઉઠતા. જ્યારે વાસંતીએ કહ્યું કે રશિયામાં ભૂખમરો નથી, બેકારી નથી, શોષણ નથી, નિરક્ષરતા નથી, વેશ્યાજીવન નથી–ત્યારે પ્રથમ તો પ્રમથને એ વાત પર ભરોંસો ન આવ્યો; પરંતુ એના અભ્યાસવર્ગના અધ્યાપકે એને સામ્યવાદી પત્રનાં પાનાંઓ વંચાવ્યાં, અને રશિયા જઈ આવેલા કેટલાક હિન્દીઓની મુલાકાત કરાવી, ત્યારે જ એ વસ્તુ એ માનતો થયો હતો. આમ છતાં એક ખ્યાલ એના મગજ પર સતત રહ્યા કરતો કે આવું પ્રજાતંત્ર; આવી મજુરવર્ગની મુક્તિ અને આવી દેશની આઝાદી

અહિંસા વડે જ પ્રાપ્ત થાય તો કેવું સારું !

એક દિવસ વાસંતીને ત્યાં પ્રમથ રવિવાર ગાળવા આવેલો. પ્રમથ અને વાસંતી "'૩૦-'૩૨ નો સત્યાગ્રહ અને તેની નિષ્ફળતા" એ વિષે ચર્ચા કરતાં હતાં. સરિતા સાંજનું છાપું વાંચતી પાસે બેઠી હતી. બીજા બે-ચાર મિત્રો પણ હાજર હતા. એ વખતે અહીં પ્રમથ છે કે ?' કહેતો વિરાટ ત્યાં આવી લાગ્યો.

'અરે દોસ્ત ! તું અહીં ક્યાંથી ?'

'કાલે આવ્યો છું, ત્યારનો તને શોધું છું.' આસન પર બેસતાં વિરાટે કહ્યું.

'પણ તું હતો. ક્યાં, અત્યાર સુધી ?' પ્રમથે પૂછ્યું. તું ક્યારે મુંબઇ છોડી ગયો ? શા માટે ગયો ? ક્યાં ગયો ? એનો તો અહીં કોઇને ખબર પડી નહિ !'

'હું ગયો 'તો કંચનપુર. પણ ત્યાં બાપા સાથે ન ફાવ્યું, એટલે હરિપર ગયો. હવે ત્યાં જ રહું છું.

'હરિપર તો આપણે સાઇકલ પર ફરવા જતા, એ જ કે ?'

'હા. એ જ.'

'એ તો ગામડું ! ત્યાં ગામડા ગામમાં શું કરે છે ?'

'ગ્રામસેવા.'

પ્રમથ હસ્યો. એણે પૂછ્યું: 'તારી ગ્રામ-સેવા એટલે રેંટિયો અને ખાદી, કે બીજું કંઇ ?'

'પ્રમથ ! રેંટિયાની અગત્ય તને નહિ સમજાય !'

'કેમ ?'

'કહું ? આ વાસંતી બેન રહ્યાં સમાજવાદી. એની

સાથે તું તણાયો સમાજવાદમાં. એની જાળમાં પડેલાં માત્ર વાતોડિયા બને, અને કરે નહિ કાંઇ !'

'અમે તમને જડ કહીએ, અને તમે અમને વાતોડિયા કહો. અમે તમને ઢીલા કહીએ અને તમે અમને ઉતાવળિયા કહો. અમે કહીએ 'તમારા મગજના તાળાંની ચાવી ગાંધીના ગજવામાં છે' એને તમે કહો 'અમારો સિદ્ધાંત મોસ્કોથી આયાત કરેલો છે.' એમ પરસ્પર આક્ષેપ કરી બેસી રહીએ તો એનું કંઇ પરિણામ ન આવે.' વચ્ચે વાસંતીએ કહ્યું. 'તમે અહીં નિરાંતે આઠ દિવસ રહો તો અમારી વિચારસરણી અને કાર્યરેખા બરાબર સમજાવી દઉં !'

'તમે જાણો છો ને, વાસંતી બેન ! હું વાદવિવાદમાં માનતો નથી. ગાંધીવાદ તો શ્રદ્ધાનો વિષય છે. એમાં તર્કને સ્થાન નથી. તમે રહ્યા તર્કવાદી. બુદ્ધિમાં ઉતરે એટલું જ સાચું માનો. ભલા ! ગાંધી જેવા મહાન ત્યાગવીર પાસે આપણે શા હિસાબમાં ! કયાં એની બુદ્ધિ અને કયાં આપણી બુદ્ધિ ! દેશને આવા સમર્થ નેતા સાંપડયા છે, અને આપણે નાહક આટલી માથાફોડ શી ? આપણે તો મુંગા મુંગા એ કહે તેમ કામ કરવાનું !' વિરાટ બોલ્યો.

'ચાલો ત્યારે એ વાત જ જવા દઇએ. અમારો અને તમારો મેળ નહિ ખાય.' પ્રમથે કહ્યું. 'કહે, અહીં શું આવવું થયું ? રેંટિયા ખરીદવા કે બીજું કંઈ ?'

આટલા પરિચય પછી પણ તું એમ માને છે કે હું એવો જડ ગાંધીવાદી છું ! રેંટિયામાં હું માનું છું ખરો, પણ એ જ સર્વસ્વ છે, અને એમાં જ સ્વરાજ

છે એમ કેટલાક ચુસ્ત ગાંધીવાદીઓ પેઠે હું માનતો નથી. હું લોકોને જાગૃત કરવા માગું છું. લોકોને મારે સમજતા કરવા છે. અંધશ્રદ્ધાથી ગાંધીજી પાછળ દોરી જવા નથી. હરિપરમાં મેં શિક્ષણ કાર્ય શરુ કર્યું છે બાળકથી માંડી વૃદ્ધ સુધીના માણસો માટે. એ માટે મારે થોડાં પુસ્તકો ખરીદવાં છે.'

'બીજું કંઈ ?'

'ખાદી લેવી છે. હરિપરમાં એક નાનો ખાદી ભંડાર ખોલવો છે.' વિરાટે કહ્યું.

'ખેડુતોને ખાદી પોષાશે ? બિચારાને અવળે રસ્તે.......' પ્રમથ બોલતો હતો, એને વચ્ચેથી અટકાવી વાસંતીએ કહ્યું : 'જ્યાં શ્રદ્ધાથી જ આગળ ચાલવું છે, અને કંઈ પણ સમજવા સામે જ સૂગ દર્શાવવી છે, ત્યાં તમારી દલીલો નકામી છે.'

'હું ભૂલ્યો.' પ્રમથે વાસંતી સામે જોઇ કહ્યું. 'પણ મને ઠીક લાગે તેવી સૂચના યે ન કરી શકું ? એને ઠીક લાગે તો સ્વીકારે, નહિતર મને પાછી આપે !'

'હા. કહે ને ! શું કહેવું છે ?' વિરાટે કહ્યું. 'હું સાંભળું છું.'

'જો ખરું શિક્ષણ જ આપવું હોય, તો બાળકો માટે અહીં ચિત્રપોથીઓ મળે છે, તે લઇ જા. મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો અને ચલચિત્રો પણ લઇ જા. રેડિયાની સૂચના તો તને નહિ ગમે. પણ લોક શિક્ષણના અગત્યના સાધન તરીકે ગામડે ગામડે એક જાહેર રેડિયો જોઇએ.'

'રેડિયો તો સમાજવાદી ગામડામાં ભલે આવતો. આજે

તો રેંટિયાનો અખતરો જ કરી લેવા દો. ચલચિત્રો અને બીજાં સાધનો તો પશ્ચિમનો એંઠવાડ છે. મારે એ ન ખપે !'

'અમૂક વિચાર કે પદ્ધતિ પશ્ચિમમાંથી આવ્યાં છે, માટે અસ્પૃશ્ય છે, એમ માની લેવું એ નરી મૂર્ખાઇ છે. આપણે જો લોકશિક્ષણ આપવા જ માગતા હોઇએ તો આપણને જે સાધનો અને પદ્ધતિ વધુ હિતકર જણાય એ જ વાપરવાં જોઇએ.'

'વળી તમે ચર્ચામાં ઉતરી પડશો. આખો દિવસ મગજમારી શું કરવી ? આપણે તો સૈનિક કહેવાઇએ.' વ્યંગમાં બોલતી હોય એમ વાસંતી બોલી. 'આપણે તો સરદારનો હૂકમ એ જ સાચું. આપણી માથે ગાંધીજી જેવા વિચાર કરનાર બેઠા છે, પછી આપણે શી ચિંતા ? ચાલો. ચાલો. કંઇ બીજી વાત કરો. કંઇ હળવી વાતચીત ! (some light talk)' વાસંતી ઊઠી. એણે વિરાટને પૂછ્યું : 'કાફી લેશો કે ?'

'હા, લેશે. એમાં પૂછવાનું શું ?' પ્રમથે કહ્યું. વાસંતી રસોડા તરફ ગઇ. પ્રમથે વિરાટને પૂછ્યું : 'કંચનપુરના શા સમાચાર છે ?'

'ઠાકોર સજ્જનદેવનું અવસાન થયું.'

'એ તો છાપામાં વાંચ્યું.'

'હવે એજન્સી વહીવટ નીમાશે.' વિરાટે કહ્યું. સરિતાએ છાપું નીચે મૂકી વાત સાંભળવા માંડી.

'એક અંગ્રેજ અમલદાર અને દિવાન નિહાર બાબુનું બનેલું એક મંત્રી મંડળ વહીવટ કરશે. કહે છે કે યુવરાજને વિલાયત મોકલવા એજન્સીએ સૂચના કરી છે;

પણ નિહાર બાબુ એમાં સંમત થતા નથી.'

'એજન્સીનો એ નિર્ણય નથી ને ?' સરિતાએ પૂછ્યું.

'એજન્સીની સૂચના એ હૂકમ જેવી જ હોય છે. એમની સામાન્ય સલાહ પણ નિર્ણયાત્મક હોય છે. દેશી રાજ્યને એ શિરસાવંદ્ય જ હોવી જોઈએ !' વિરાટે કહ્યું.

'ક્યાં સુધી ત્યાં રાખશે ?' સરિતાએ વાત લંબાવી.

'ગાદીને લાયક થાય ત્યાં સુધી. ચાર–છ વર્ષ ખરાં !'

'હજુ તો એ બાળક છે !'

'તમે ક્યાંથી ઓળખો એને ?'

'વાહ ! અમે ન ઓળખીએ ? અમે યે કંચન-પુરનાં જ છીએ.' સરિતાએ કહ્યું.

'તમે રાજકુમારને જોએલા ખરા ?' પ્રમથે સરિતાને પૂછ્યું.

'નાનપણમાં જોએલાં, કંચનપુર હતાં ત્યારે. દસ–બાર વર્ષથી અમે અહીં છીએ.' સરિતાએ ઉત્તર આપ્યો. 'લ્યો, કોફી લઇ આવું' કહી તે અચાનક ઉભી થઈ. આ વાત આગળ ચાલે એ તેને ગમ્યું નહિ.

વાસંતી મારફત પ્રમથ અને સરિતા પરસ્પરના પરિચયમાં આવ્યાં. પ્રથમ પરિચયે એમણે એક બીજાંને ક્યાંક જોએલાં છે. એવો ભાસ થયો હતો. કંચનપુરમાં પ્રમથ નામનો એક નાનો, કિશોર વયનો બાળક એની પાડોશમાં–રાજમહેલ સામે–રહેતો હતો. ત્યારે એ તેજબા હતી. ત્યાર પછીની કેટલીક વાતચીતને પરિણામે 'એ જ આ પ્રમથ છે' એવી એને ખાત્રી થઇ ગઈ હતી. પણ એ

વાત ઉખેળવાની તેની ઇચ્છા નહોતી. જરૂર પણ નહોતી. પ્રમથે આવી જ એક માયાળુ બાઇને કંચનપુરમાં જોઇ હતી. પણ એ તો હતી ખવાસણ! એનું નામ હતું તેજબા !એ અહીં કયાંથી હોય ? એટલે સરિતાને તેજબા હોવા સંબંધે પૂછવું પણ તેને અવિવેકભર્યું લાગ્યું. સરિતા તેજબા હોય એ માન્યતા જ એને ભ્રમણા લાગી. એટલે એણે એ વાત કદી સંભારી જ નહિ. બન્ને વચ્ચેનો એ જૂનો સંબંધ એથી તાજો ન થયો.

સરિતા કૉફી લઇને આવી. વાસંતી પાંઉ-બિસ્કીટ લાવી અને બધાં ત્રિપાઇની આસપાસ કુંડાળું વળીને બેસી ગયાં. બીજા મિત્રો જેમને આ વાતમાં રસ નહોતો પડયો, તેઓ છાપું વાંચવામાં પડયા હતા; તેઓ પણ સજ્જ થઇ બેઠા. આ બધા સુકકા કાર્યક્રમ વચ્ચે તેમને નાસ્તાનો રસિક કાર્યક્રમ મળ્યો.

'બા ! આજે કચોરી, ભજિયાં, ઢોકળાં—એવું કંઇ તીખું તમતમતું બનાવજે. પ્રમથને એ વધુ પસંદ છે.' વાસંતીએ કૉફી પીતાં પીતાં કહ્યું.

'મારી પસંદગીનું આજે શું ? આજનો મેમાન તો વિરાટ છે!' પ્રમથ બોલ્યો.

'એમને પણ એ ગમશે; ખરું કે ?' વાસંતીએ વિરાટ સામે જોઇ કહ્યું.

'વળી એમને પૂછ્યું ? એમને ગાંધીવાદીઓને તો રસ-નીરસ જેવું કંઇ ન હોય! સાધુવૃત્તિ !' પ્રમથે હસીને કહ્યું.

'એમને જ કહેવા દો ને! તમે વચ્ચે કાં બોલો છો ?'

'એમનો સ્વાદ હું જાણું છું. ભજિયાં–કચોરી એ નહિ ખાય ! તીખું એટલું તામસી ! તમોગુણમાંથી તો હિંસા જ પ્રગટે ! અહિંસાવાદીને તેના જેવા મન–વચન–કર્મથી અહિંસામાં માનનારને–એ ન ખપે !' પ્રમથ હસીને બોલ્યો.

'તમે ક્યાં ઓછા અહિંસાવાદી છો ?' વાસંતીએ કહ્યું.

'એમના જેવા મક્કમ નહિ. હું તો આજે ગાંધીવાદમાંથી ચળ્યો છું, તે કાલે અહિંસાવાદમાંથી નહિ ચળું એની ખાત્રી શી ?'

'જમવા વખતે પણ ચર્ચા ! તમે લોકો તો ભારે વિચિત્ર છો !' સરિતાએ પ્રમથ સામે જોઈ કહ્યું.

થોડી વાર કોઈ બોલ્યું નહિ. પછી પ્રમથે વિરાટને હળવેથી પૂછ્યું : 'ક્યાં ઉતર્યો છે ?'

'આર્ય નિવાસમાં.'

'એકલો આવ્યો છે ?'

'ના. એક સથવારો છે કંચનપુર સુધીનો.'

'કોણ છે ?'

'તારાનાથ.'

'તારાનાથ ?'

'હા. દિવાન નિહાર બાબુનો પુત્ર. પ્રાથમિક શાળામાં આપણી સાથે ભણતો તે !'

સરિતાના કર્ણ કંચનપુરની વાત સાંભળવા તલ્લીન બન્યા.

'તેને પણ અહીં લાવવો હતો ને ? પરિચય થાત !'

પ્રમથે કહ્યું.

'એ પરિચય કરવા જેવો માણસ નથી. અચાનક ટ્રેઈનમાં મળી ગયો; અને ઉતારો પણ સાથે રહ્યો, એટલું જ. બાકી મારા અને એના રાહ જ ન્યારા! એ ભાઈ ભણવામાં શૂન્ય છે અને કુટેવોમાં અગ્રેસર છે! મેટ્રિકમાં ત્રણ વખત ઉડી ગયો. દારુ અને જુગાર પણ ખેલતો થયો છે. યુવરાજ પણ એની સોબતે ચડયા છે.

સરિતાથી હળવો નિઃસાસો મૂકાઇ ગયો.

વિરાટે આગળ ચલાવ્યું : 'નિહાર બાબુની કડક દેખરેખ છે, એટલે બહુ ધાંધલ નભી શકે એવું નથી.'

'નિહાર બાબુ જાણે છે?'

'ના. એટલે તો છૂપું છૂપું ચાલે છે.'

'તેં ક્યાંથી જાણ્યું?'

'હમણાં વાતવાતમાં બોલી ગયો. જરા મૂર્ખ છે, એટલે બડાઇ કરવા જાય છે. બહુ અકકલ નથી. હૃદયનો ભોળો છે!'

'ત્યારે તો હૃદયપલટો થાય ખરો!' પ્રમથે કટાક્ષમાં કહ્યું. વિરાટ એ ન સમજી શકયો. એણે કહ્યું : 'માણસ નિખાલસ છે. ગઇ ગાંધી જયન્તી પર હું એને ત્યાં ખાદી વેચવા ગયો હતો. પચ્ચીસ–ત્રીસ રુપિયાની ખાદી ખરીદી. એમના પિતાએ લીધી એ તો જૂદી!'

'તમે ગાંધીવાદીઓ પચ્ચીસ–ત્રીસ રુપિયે વેચાઇ જાવ ખરા! ખાદી ખરીદી એટલે ભોળો, ને નિખાલસ! તમારાં માપ છે બહુ સારાં!'

'વળી ગાંધીવાદ ને સમાજવાદની ચર્ચાએ ચડયા?'

સરિતાએ કહ્યું; અને ચર્ચા બંધ પડી.

નાસ્તો કરી પ્રમથ અને વિરાટ ફરવા ગયા. વાસંતી પક્ષની કચેરીએ અગત્યની સભામાં હાજરી આપવા ગઈ. મિત્રો પણ વિખરાયા. સરિતા એકલી પડી વિચારવા લાગી :

'મારો પુત્ર–બ્રાહ્મણનો દિકરો-દારુ અને જુગારની લતે ! પ્રભુ એને બચાવજે !' માતાના અંતરના ઉંડાણમાંથી પ્રાર્થનાના સ્વરો નીકળ્યા.

પ્રકરણ નવમું

—સગીર વહીવટ

સુજનદેવના અવસાન પછી થોડા વખતમાં જ રાણી માયાદેવીનું અવસાન થયું. પુત્રીનો વિયોગ એનાથી સહન ન થયો. એના મુખ પર હરહંમેશ ચિંતાનું વાદળ છવાએલું રહેતું. તેનું એકનું એક સંતાન—તેની પુત્રી રજૂલા—એને દૂર રાખવી પડી; અને માયાવી પુત્ર પર જગતની દષ્ટિએ પ્યાર કરવો પડયો! આ નાટકી ચાલે એને ચાલવું મુશ્કેલ થઇ પડયું. આ કરતાં પુત્રીના જન્મને જાહેર કર્યો હોત તો તેને આ આકરો વિયોગ સહન કરવો પડયો ન હોત. વળી વિજયસિંહ તો પરાયો પુત્ર હતો. પ્રતાપ કરતાં વિજયસિંહમાં કંઇ વધુ સારા ગુણ તો નહોતા. એ પરાયાના હાથમાં ગાદી જાય, એના કરતાં પ્રતાપ શું ખોટો હતો? પણ એ વિચાર એને બહુ મોડો સૂઝયો. શેતરંજની રમત તો એની જ પ્રેરણાથી—એના જ અત્યાગ્રહથી—રમાઇ હતી. હવે એ કોઇને શું કહે? આખી ખટપટનું મૂળ એણે જ સર્જ્યું હતું. એણે બીજ વાવ્યું. અને નિહાર બાણુએ વૃક્ષ ઉભું કર્યું. હવે તેમનાથી પાછાં ડગ ભરી શકાય એમ નહોતું. હવે પશ્ચાત્તાપ નિષ્ફળ હતો. છતાં એ તાપમાં એનું હૃદય બળતું રહ્યું. એના દેહમાં જવરે પ્રવેશ કર્યો. એનું દુઃખ નિહાર બાણુ અને શોભના

સિવાય કોઈ સમજી શકે એમ નહોતું. નિહાર બાબુ એને આશ્વાસન આપતા. પણ એની કંઈ અસર થઇ નહિ. અને એણે છેવટે દેહ છોડયો.

પતિના અવસાન પછી તરત દેહ છોડનાર રાણીની પતિભક્તિ અને પતિપ્રેમ કંચનપુરમાં પંકાઇ ગયાં. એમની ધર્મનિષ્ઠા પણ એટલી જ પંકાઈ હતી. પણ ધર્મ-નિષ્ઠા અને પતિભક્તિને બદલે કયા બળો કામ કરી રહ્યાં હતાં એની પ્રજાને કદી જાણ ન થઈ અને રાણી માયાદેવી સતીનું બિરુદ પામી સ્વર્ગસ્થ થયાં.

દિવાન નિહાર બાબુ યુવરાજને વિલાયત મોકલવાની એજન્સીની સૂચના સામે વિરોધ કરવાથી એજન્સી મંડળોમાં અળખામણા બન્યા હતા. જે એજન્સી અમલદારો આજ સુધી એમને મુસદ્દી લેખતા હતા, તે હવે વેદિયા ગણવા લાગ્યા. રાજકીય નોકરીમાં જે ઉપરી અમલદાર કે રાજા મહારાજાને ખુશ કરીને પોતાનો અંગત સ્વાર્થ ન સાધી શકે એવા નોકરોને વેદિયા કે મૂર્ખ લેખાતા. નિહાર બાબુએ ધાર્યું હોત તો આ એક જ પ્રસંગથી વડા રાજકીય અમલદારને એ ખુશ કરી શકત અને એમની મહેરબાનીથી કોઈ પહેલા વર્ગના દેશી રાજ્યમાં એ દિવાનગીરી મેળવી શકયા હોત.

અંગ્રેજ અમલદારની નીચે રહી કામ કરવાનું એમને ફાવતું નહિ. બન્ને વચ્ચે મતભેદો અને અથડામણ ઉભી થતી. અંગ્રેજ અમલદાર કેટલાંક બાંધકામ કરી પોતાનું નામ અમર કરવા ઇચ્છતો હતો. વળી એવાં મોટાં ખર્ચ ઉભા કરવામાં એને અંગત લાભ પણ હતો. પરંતુ એથી

રાજ્યની નાની તિજોરી ખાલી થઈ જવા સંભવ હતો. એટલે એમની યોજનાઓ નિહાર બાબુ મંજૂર રાખતા નહિ. આથી તે અમલદાર દિવાન વિરુદ્ધની ફરિયાદો સરકારી રાજકીય ખાતામાં નોંધાવ્યે જતો.

નિહાર બાબુએ યુવરાજના સોબતી તરીકે તેની સાથે પોતાના પુત્ર તારાનાથને પણ વિલાયત મોકલ્યો. તારાનાથ અને યુવરાજની મૈત્રી અને છુપી કુટેવોથી નિહાર બાબુ વાકેફ નહોતા. તારાનાથ યુવરાજથી બે વર્ષ મોટો હતો; અને બહારના જગતમાં તે ખૂબ મળતાવડો. ચાલાક અને કુશળ હતો; એટલે તે યુવરાજ પર બરાબર દેખરેખ રાખી શકશે એવી તેમને ખાત્રી હતી. વળી યુવરાજ સંબંધી પૂરી માહિતી એની મારફત એને મળ્યા કરશે એમ પણ તેમણે માન્યું હતું. યુવરાજ સાથે મોકલી શકાય એવો. બીજો કોઇ વધુ વિશ્વાસુ માણસ એમની નજરમાં ન આવતાં એમને એ કામ માટે તારાનાથ જ દરેક રીતે યોગ્ય લાગ્યો.

તારાનાથ મોજીલો અને બેદરકાર હોઇને મહાશાળામાં જઇ વધુ અભ્યાસ કરી શક્યો નહોતો; એટલે તે વિલાયત જઈ કંઈ પદવી મેળવી આવે તો તેને તે ભવિષ્યમાં ઉપયોગી નીવડે એવી એમની માન્યતા હતી; અને તેથી એને વિલાયત મોકલવાને તેઓ થોડો વખત થયાં વિચારી રહ્યા હતા જ. એવામાં આ તક મળવાથી 'એક કાંકરે બે પક્ષી મરે' એવું થયું. તેમને તારાનાથ સિવાય કંઈ સંતાન નહોતું અને તેમની પાસે પુષ્કળ દોલત પણ હતી. એટલે રાજ્ય તરફથી વિલાયતનું ખર્ચ મેળવવાની એની દૃષ્ટિ

નહોતી. છતાં અંગ્રેજ અધિકારીને તેમાં એના સ્વાર્થની ગંધ આવી; અને તેણે એ બાબત સરકારી ખાતાને લખી પણ જણાવી. આ અને એવી બીજી કેટલીક ફરિયાદો ઉભી કરીને એ અમલદારે નિહાર બાબુનો કાંટો કાઢી નાખવા ભારે પ્રયાસ કર્યો; પણ પ્રજામાં નિહાર બાબુનું એટલું ઊંડું સ્થાન હતું કે એમને એ જગ્યાએથી ખસેડવાનું જોખમ ખેડવાનું એજન્સીને વ્યાજબી ન લાગ્યું.

નિહાર બાબુને હોદ્દાનો મોહ નહોતો રહ્યો. આજે સજ્જનદેવના અવસાન પછી સત્તા એને કડવી ઝેર થઇ પડી હતી. અને જો રાજ્યનો કોઇ હિતેચ્છુ અને વિશ્વાસુ અમલદાર તેના લક્ષમાં હોત, અથવા તારાનાથ પોતાની જવાબદારી સમજતો થઇ ગયો હોત, તો તે ક્યારના વાનપ્રસ્થ થયા હોત! પણ કંચનપુરની પ્રજાના હિત ખાતર સગીર ઠાકોર ગાદીનશીન ન થાય ત્યાં સુધી હોદ્દા પર ચોંટી રહેવું એમને આવશ્યક લાગ્યું હતું.

એમ ચાર-પાંચ વર્ષ વીતી ગયાં અને તેમણે ધારેલી તક તેમને મળી ગઇ. એજન્સીના વડા રાજકીય પ્રતિનિધિની બદલી થતાં સર વિલ્યમ વિલ્સન નામના અંગ્રેજ અધિકારીની તેમની જગ્યાએ નિમણુંક થઇ. નિહાર બાબુને વિલ્સન સાહેબ સાથે જૂની ઓળખાણ હતી તે તેમણે તાજી કરી; અને એમની લાગવગથી સગીર ઠાકોર વિજયસિંહને વિલાયતથી પાછા બોલાવી ગાદી આપવાનું નક્કી કરાવ્યુ અંગ્રેજ અધિકારીને આથી ભારે આઘાત થયો. નવા સાહેબ આવતાં એમને ભરમાવીને નિહાર બાબુને આ પદેથી ખસેડવાની એમની યોજના હતી; પણ એ યોજના

અમલમાં આવે તે પહેલાં તો તેની પાસે સરકારી ખાતા-માંથી રાજ્યારોહણની તિથિ આવીને પડી. એણે એ અટકાવવા વ્યર્થ પ્રયાસો કર્યા; પણ એમાં નિષ્ફળ જતાં એમણે એમની જગ્યાનું રાજીનામું આપ્યું. નિહાર બાબુએ ઠાકોરના રાજ્યારોહણ સુધી રોકાઈ જવા એમને સુઝાવ વિવેક કરી જોયો. પણ એના હૃદયમાં પરાજયનો કારી ઘા લાગ્યો હતો એટલે એ રોકાઈ શકે એમ નહોતો.

એમના છુટા થયા પછી બીજે દિવસે નિહાર બાબુએ તારથી સમાચાર મોકલતાં બિજુદાદા અને તારાનાથ વિલાયતથી પાછા ફર્યા.

પ્રકરણ દશમું

—એમાં શું !

વિજયસિંહ અને તારાનાથ વિલાયતથી પાછા ફર્યા ત્યારે તેમની સાથે કેટલાક ભયંકર દુર્ગુણો અને દુસ્તર મુશીબતો પણ લાવ્યા હતા. બન્ને જુવાનો હતા. અનેક પ્રકારના બંધનોથી બંધાયલા તેઓ અનિચ્છાએ સંયમી જીવન ગાળી રહ્યા હતા. વિજય તો કદી મુક્ત રીતે હરી ફરી શકે એવી તેની સ્થિતિ નહોતી. કારણ કે તે રાજ-કુમાર હતો. રાજકુમારોની આ સ્થિતિ તેને ભારે દુઃખદ લાગી. 'આ કરતાં તો સામાન્ય મનુષ્યના છોકરાનું જીવન વધુ સુખી હોય છે, કે તે સ્વતંત્ર રીતે હરી ફરી શકે, મિત્રોમાં રખડી શકે, ઇચ્છે તે ખાઈ પી શકે!' એમ વિજય ઘણીવાર વિચારતો. કોઇવાર એને રાજમહેલ છોડીને નાસી જવાનું મન પણ થઇ જતું; પણ ભવિષ્યમાં તેને મળનારી રાજ્યગાદી, અખૂટ ધન અને અમર્યાદ સત્તાનો ખ્યાલ આવતાં તેને રાજમહેલમાં ગોંધાઇ રહી પિતાના મૃત્યુની આતુરતાથી રાહ જોવી પડી.

રજવાડાંઓ સામાન્ય રીતે કૌટુંબિક પ્રેમથી વંચિત હોય છે. રાજાને રાણીના કાવત્રાનો ભય લાગે છે. પોતાનો પતિ ક્યારે પોતાને માથે શોક્ય લાવીને નહિ બેસાડે, કે

ક્યારે કોઈ વેશ્યા કે રખાતના બાહુમાં નહિ સપડાઇ જાય એની રાણીને ખાત્રી હોતી નથી. પિતાને પુત્રનો વિશ્વાસ હોતો નથી, અને પુત્રને અપર માતાનો વિશ્વાસ હોતો નથી. નોકર ચાકરો પણ જાસુસ કે દુશ્મન જેવાં લાગ્યાં કરે છે. આમ અવિશ્વાસ અને ભયના વાતાવરણ વચ્ચે રાજા, રાણી અને રાજકુમારો જીવતા હોય છે.

ગમે તેમ પણ વિજયની ઇચ્છા બર આવી, અને સજ્જનદેવનું અવસાન થયું. પરંતુ એથી એને તાત્કાલિક સ્વતંત્રતા તો ન જ મળી. હજુ એ સગીર હતો; અને એજન્સીના હૂકમ સિવાય એના હાથમાં સત્તા મળે એમ નહોતું. છતાં કેટલીક સામાન્ય છુટછાટો એને મળવા લાગી.

તારાનાથ તો સ્વેચ્છાએ મિત્રોમાં ફરતો ત્યારથી જ એ દારુ પીતો થઇ ગયો હતો. પરંતુ એને માટે જોઈતા પૈસા એને નિહાર બાબુ પાસેથી મળી શકે એમ નહોતું; એટલે એણે વિજયસિંહની મિત્રાચારી સાધી. કોઈવાર તે વિજયસિંહને મોટરમાં ઠેઠ અમદાવાદ લઈ જતો, અને નાટક સીનેમા ઉપરાંત પીણાંઓનો સ્વાદ પણ ચખાડતો. સજ્જનદેવને દારૂની બિલકુલ ટેવ નહોતી; એટલું જ નહિ પણ એમને દારુ સામે ભારે તિરસ્કાર હતો અને તેના રાજ્યમાં દારૂ લાવવાની કે વાપરવાની સખ્ત મનાઇ હતી. એટલે તેમના બંગલામાં કદી દારૂએ પ્રવેશ કર્યો નહોતો. આથી પ્રથમ તો વિજય દારૂના નામ માત્રથી ચમકતો; પરંતુ તારાનાથની સોબતમાં એને દારૂથી દુર રહેવું ચાલે એમ નહોતું. તારાનાથે ધીમે ધીમે એને પોતાની પાછળ ઘસડયો; અને એ નાદાન કુમાર ઘસડાયો. તારાનાથના

આગ્રહનો એ અસ્વીકાર કરી શક્યો નહિ: 'મારા સમ, દાદા! થોડો લઇ જુઓ. ચાખી તો જુઓ! એમાં શું! આ તો દરેક રાજકુમાર પીએ છે! થોડો લેશો તો નુકશાન નહિ કરે. માત્ર મુખવાસ પુરતી, બસ આ એક જ પ્યાલી! એની લિજ્જત તો જુઓ!'

તારાનાથ કોઈ કોઇવાર એને લલચાવતો, તો કોઇવાર દાખલા દલીલ આપી સમજાવતો: 'મિત્ર-મંડળીમાં કે લગ્ન પ્રસંગના જલસામાં જ્યાં મદિરાની નદીઓ વહેતી હશે, ત્યાં શું તમે એક ખૂણે જઇ એકલા અટુલા બેસી રહેવાના? તમારા બાપુને તો એવું દરદ હતું એટલે એ ન પીતા. તમને જુવાનને શું? આપણે ટેવ ન પાડીએ, પણ પીવાની અનાવડત ધરાવીએ, તો તો મિત્રોમાં મશ્કરી જ થાય ને! સાચું કહું છું-દરેક વસ્તુની આવડત હોવી જોઇએ.'

આવે વખતે કુમાર દલીલ કરતો: 'તારાનાથ! દરેક વસ્તુની આવડત હોવી જોઇએ? તમે શું કહો છો! કાલે તો કહેશો કે વ્યભિચાર કરવાની પણ આવડત હોવી જોઈએ!'

અને તારાનાથ નિર્લજ્જ રીતે જવાબ આપતો: 'હા. હા. અભ્યાસ માટે એ પણ કરવું પડે! એમાં શું? જાણવું-સમજવું તો બધું જ જોઇએ. રાજકુમારો અને શેઠ શાહુકારના છોકરાઓને સંસારની તાલીમ લેવા વેશ્યાને ત્યાં મોકલાતા, એ મેં તમને એક દિવસ નહોતું વંચાવ્યું? અને ભલા! આ ક્યાં વ્યભિચારની વાત છે? આ તો એક લિજ્જતદાર પીણું છે! એમાં શું! એ તો

અંગ્રેજો અને યુરોપવાસીઓ પણ ક્યાં નથી ગટગટાવતા? નરમ, મીઠો, ઉંચી જાતનો થોડા પ્રમાણમાં લઈએ તો કશું નુકશાન નહિ થવાનું. આપણા જંગલી લોકો સમજે નહિ. અને મહુડાંના શીશા પેટમાં ઠાલવ્યે રાખે! લ્યો, આટલો તો પી જાઓ! એમાં શું!' એમ કહી તે વળી એકાદ પ્યાલી પીવરાવી દેતો. અને એમ 'એમાં શું!', 'એમાં શું!' કરતાં નવા નિશાળિયા સમા યુવરાજ મદ્યપાનનો એકડો ઘૂંટવા લાગ્યા અને નરમ જમીનમાં ઉંડા ને ઉંડા ઉતરવા લાગ્યા. નિહાર બાબુ માનતા કે છોકરાઓ જુવાન છે, તે અમદાવાદ જેવા શહેરમાં નાટક–સિનેમા જોવા જાય તો એમાં શું ખોટું? પરંતુ છોકરાઓ પ્યાલીને માર્ગે ચડી રહ્યા હતા, એનો તેમને ખ્યાલ નહોતો.

દેશમાં જ વિલાસી જીવનને માર્ગે ચડેલાને વિલાયતનું વિલાસી વાતાવરણ વધુ રંગરાગને માર્ગે ચડાવે, એમાં શી નવાઈ? બંને જુવાનો અભ્યાસ અને પુસ્તકોનાં થોથાંને બાજુએ મૂકી સુરા અને સુંદરી પાછળ ઘેલા બન્યા. નાચ–મુજરા અને જલસામાં તેમની હાજરી અવશ્ય હોય જ. ઉપાહારગૃહો અને ઉદ્યાનમિજલસોમાં તેમનું સ્થાન હોય જ. કુમાર અને તારાનાથ એમ વિલાયતની મજા ઉડાવવા લાગ્યા.

હિંદના રાજા-મહારાજાઓ વિષે આંગલ–લલનાઓ ખૂબ વિચિત્ર ખ્યાલો ધરાવે છે. તેઓની એ પ્રચલિત માન્યતા છે કે આ રાજાઓ અને યુવરાજો અઢળક દોલત અને પાર વગરની સમૃદ્ધિના સ્વતંત્ર માલિક હોય છે; સંગીત નૃત્યાદિ લલિત કળાઓના ભારે રસિક હોય છે; અને રંગરાગ, ભોગવિલાસ વગેરેમાં ખૂબ તલ્લીન રહે છે.

એટલે નાના ઠાકરડા કે જમીનદારને પણ જો તેઓ હિંદના રજવાડાના દરબાર તરીકે ઓળખી લ્યે, તો પછી તેમનો કેડો જ ન મૂકે; અને તેમની મોહજાળમાં ફસાવી એમને બની શકે એટલા લૂંટે. તારાનાથ બિજુદાદાને હિંદના એક મોટા રાજ્યના સગીર મહારાજા તરીકે ઓળખાવતો ફરતો; એટલે એના સાથી તરીકે તેને પોતાને માનપાન મળતાં રહેતાં અને યુવરાજની સાથે રસના ઘુંટડા પણ પીવા મળતા.

એક જલસામાંથી તેમને કુમારી લ્યુસી નામની એક યુવાન અને સુંદર આંગ્લ લલનાનો પરિચય થઇ ગયો. લ્યુસી ઘણી છટાદાર અને મોહક લાગતી એટલે બિજુદાદાનું મન એના તરફ આકર્ષાયું. તારાનાથે લ્યુસીની મુલાકાત લઈ જરૂરી ગોઠવણ કરી લીધી, અને બિજુદાદાનો લ્યુસી સાથે મેળાપ કરાવ્યો. લ્યુસીનું કામ પણ તારાનાથ વિના પાર ઉતરે એમ નહોતું; એટલે લ્યુસી યુવરાજ તરફથી પોતાને મળતી રકમમાંથી તારાનાથને પણ અમૂક ભાગ આપતી. પણ તારાનાથને એટલેથી સંતોષ ન થતો એટલે લ્યુસી તારાનાથને યુવરાજથી છુપી રીતે રસભોગ લૂંટવા દેતી.

યુવરાજ અને તારાનાથ રાતદિવસ લ્યુસીને ત્યાં જ પડયા રહેવા લાગ્યા. તારાનાથે લ્યુસીને એવા 'આંબા—આંબલી' દેખાડી દીધા હતા, કે લ્યુસી યુવરાજને છોડી શકતી નહિ. વળી લ્યુસીનો મોહક દેહ, ગૌર અને લાલિત્યભર્યું મુખ-સૌંદર્ય, માદક આસમાની નયનો અને મસ્તીભર્યાં સ્તન-યુગલ યુવરાજને વિવશ બનાવી દેતાં. સંગીત—વાદન અને નૃત્યમાં પણ લ્યુસી કુશળ હતી. તે નૃત્ય કરતી ત્યારે તેની

પાતળી કમરથી તેનો અંગ–મરોડ ધનુષ્ય પેઠે વળી જતો; અને 'હમણાં જ તે લચી પડશે' એમ કહી યુવરાજ તેની પાસે દોડી જઇ કમરથી તેને ઝીલી લેતો. વિલાયત પહોંચ્યા પછી યુવરાજ બૉલનૃત્ય શીખ્યો હતો; એટલી બન્ને ઘણીવાર સાથે નૃત્ય પણ કરતાં. પિયાનો પર તેની કોમળ અંગુલીઓને ચપળતાથી ફરતી તે જોઈ ગેહેતો અને ડોલન અનુભવતો. તેના કંઠની મધુરતા પણ યુવરાજને ઘેલો કરતી.

આમ યુવરાજ લ્યુસીના મોહમાં ફસાતો ગયો. પણ કેટલેક દિવસે નાણાં ખૂટયાં. વધુ પૈસા મગાવતાં નિહાર બાબુને વહેમ જવાનો ભય હતો. વળી અંગ્રેજ અમલદાર પણ નાણાંકીય વહીવટ પોતાને હસ્તક રાખી બેઠો હતો એટલે વધુ પૈસા મળવાનું અશકય હતું. છેવટે બાકીના દિવસોના રંગરાગના બદલામાં લ્યુસી સાથે લગ્ન કરવાનું યુવરાજે વચન આપ્યું; અને તેના લેખિત કરારો પણ થયા. હિંદી રાજાની રાણી થવામાં શા લાભ છે, એનો સાચો ખ્યાલ લ્યુસીને કયાંથી હોય ! એ તો એમ જ માનતી હતી કે અહીંની જેમ ત્યાં રાજ્યની અઢળક સમૃદ્ધિ વડે વધુ રંગરાગ માણવાના હશે !

યુવરાજ લ્યુસીના મોહમાં ફસાતો હતો, છતાં તેની સાથે લગ્ન કરવાની તો તેને ઇચ્છા જ નહોતી. લાંબા પરિચયથી લ્યુસી પરનો તેનો મોહ ઘટયો હતો. વળી અંગ્રેજ સ્ત્રીનો ભરોસો રાખવાને તેનું મન ના પાડતું. એ કંઈ હિંદુ નારી પેઠે એના કાબુમાં રહેવામાં કે પાતિવ્રત્યના ખ્યાલમાં માનતી નહોતી ! પરંતુ એને થાપ આપી ચાલ્યા જવાની એની ધારણા હતી, અને લ્યુસી એને માટે હિન્દ

સુધી દોડી આવી એની શોધ કરવાની નહોતી, એમ તે માનતો હતો.

વિલાયત છોડવાનો વખત આવ્યો ત્યારે એ વાત બન્નેએ લ્યુસીથી છુપાવી. તારાનાથે લ્યુસીને કહ્યું: “ બિજુદાદા ન્યુયોર્કના એક ગૃહસ્થ પાસે પાંચેક હજાર પાઉન્ડ માગે છે, અને ત્યાં ગયા વિના એ પતે એમ નથી; એટલે જો તમારે વાંધો ન હોય તો અમે એકાદ પખવાડિયું ન્યુયોર્ક જઈ આવીએ.'

લ્યુસીને તારાનાથની વાતમાં અવિશ્વાસ ન બેઠો. એ તો ખુશી થઈ કે જો વધુ પૈસા આવે તો એને વધુ મળે. એણે તેમને જવાની રજા આપી. બિજુદાદા એનું છેલ્લું આભૂષણ–હીરાની એક વીંટી લ્યુસીને ભેટ આપી, એનું મનરંજન કરી, એમણે વિલાયતનો કિનારો છોડયો.

પ્રકરણ અગીઆરમું

—અશ્રુબિંદુ

સરિતાને એ ખબર મળી ચૂકયા હતા કે વિલાયતથી પાછા ફરતા કુમાર મુંબઈ ઉતરવાના છે; પરંતુ ચોકકસ તારિખની એને માહિતી નહોતી.

એક દિવસ ભુલેશ્વરના લત્તામાં કંઇ ખરીદી કરવા એક દુકાને ચડી, એ વખતે એણે કંચનપુરના રાજમહેલના વિશ્વાસુ નોકર ગોવિંદને પોતાની પાસેથી પસાર થતો જોયો. એણે તરતજ બૂમ મારીઃ 'અરે ! એ......ભાઇ ગોવિંદ!'

ગોવિંદ ચમકયો. અહીં મુંબઇમાં તેનું કોણ ઓળખીતું હોય ! એણે પાછળ નજર કરી, પણ ત્યાં કોઇ જાણીતી વ્યકિત ન જણાતાં એણે ચાલવા માંડયું.

સરિતા દુકાનેથી પાછી ફરી તેની પાછળ ગઇ.

ભુલેશ્વરના લત્તામાં ખાસ કરીને સાંજના એટલી ગિરદી હોય છે કે એક વાર બે માણસો જુદા પડી જાય, તો પછી ગમે તેટલી શોધ છતાં ભાગ્યે જ એનો મેળાપ થઇ શકે. એટલે સરિતા ઉતાવળે એની પાછળ ગઇ અને બૂમ મારી. 'અરે ! ઓ ગોવિંદ!'

ગોવિંદ ઉભો રહ્યો. સરિતા તેની નજીક આવી, અને પૂછયું; 'કંઈ ઓળખાણ પડે છે ?'

'કયાંક મળ્યાં તો છીએ. પણ બરાબર યાદ આવતું

નથી !' ગોવિંદ સરિતાના મુખ સામે તાકીને બોલ્યો.

'બસ ! ભૂલી ગયો ? કંચનપુરમાં.........'

સરિતાને અટકાવી ગોવિંદ વચ્ચે જ બોલ્યો: 'હા, કંચનપુરમાં જોયાં છે. તમે તો............?'

'હા, કોણ ? કહેને !'

'તેજ.........સરિતા બેન !'

'હા એ જ. તેજબા કહે તો યે કંઈ ખોટું નથી. તારાથી શું અજાણ્યું છે ?'

'હા, દિવાન સાહેબને મારા તરફ બહુ લાગણી, એટલે અગત્યનાં કામ મને સોંપતા.' ગોવિંદે કહ્યું.

'લાગણી જ માત્ર નહિ ! પણ વિશ્વાસ. એટલે જ ગુપ્તમાં ગુપ્ત કામ તને સોંપાતુ મેં જાણ્યું છે. ગોવિંદ ! તારામાં એક મહાન ગુણ મેં જોયો છે. તું તારા હૃદયમાં ગંભીર બાબતો આશ્ચર્યજનક રીતે સંઘરી શકે છે ! તું મને ઓળખતો હતો, સરિતા તરીકે—કુમારની મા તરીકે. તેં મને મહેલમાં જોઈ તેજબા તરીકે ! હું જાણતી હતી કે તેં એ વાત તારા હૃદયના એક ખૂણામાં અજબ રીતે સંઘરી રાખી છે. તેં ધાર્યું હોત, તો ઘડિના છઠ્ઠા ભાગમાં તું મને ઉઘાડી પાડી શકત અને મનધાર્યું ઇનામ મેળવી શકત. પણ લાલચ તને લપટાવી શકી નથી.'

'સરિતા બેન ! માણસને હૃદય પણ હોય છે ને ? તમારા પુત્રને તમારી પાસેથી છિનવી લેતી વખતે તમારું રડતું હૃદય હું જોઈ શકયો હતો. હું જાણતો હતો કે માતાને પુત્રથી છુટો પાડવાનું પાપી કાર્ય હું કરી રહ્યો હતો. ચિઠ્ઠિના ચાકરથી બીજું થઇ શકે પણ શું ? એનો

મને પશ્ચાત્તાપ થઇ રહ્યો હતો. તમારી ગુપ્તતા જાળવી રાખીને કરેલા પાપનું કંઈક અંશે પ્રાયશ્ચિત હું કરી શક્યો છું.'

'ગોવિંદ! તારું હૃદય આટલું કોમળ હશે, એની મને કલ્પના નહોતી. તારા વર્તનથી મારા અંતઃકરણમાં અજબ પ્રકાશ વેરાયો છે!'

ત્યારબાદ કેટલીક પરસ્પર સહાનુભૂતિદર્શક વાતો કર્યા પછી સરિતાએ પૂછ્યું: 'ગોવિંદ! કુમાર ક્યારે આવે છે?'

'કાલ સાંજે સ્ટીમર આવી પહોંચશે. એમને માટે જ હું અહીં આવ્યો છું.' ગોવિંદે કહ્યું.

'મારે ઘેર તો આવશે ને?'

'જો બિજુદાદા અહિં રોકાવાના હશે તો આવી જઈશ.'

'સારૂં.' કહી સરિતાએ એક કાગળમાં પોતાનું સરનામું ગોવિંદને લખી આપ્યું; અને છુટી પડી.

તે રાત સરિતાએ અસ્વસ્થ ગાળી હતી, એ વાસંતીની નજર બહાર નહોતું રહ્યું. રાત્રિ દરમ્યાન બે વખત વાસંતીની ઉંઘ ઉડી ગઈ, ત્યારે એણે સરિતાને જાગતી જ જોઈ હતી. વાસંતીએ એને પૂછતાં સરિતાએ એટલું જ કહ્યું કે 'આજે માથું દુઃખે છે. ઉંઘ નથી આવતી.' વાસંતીએ એનું માથું ચાંપવા માગણી કરી ત્યારે એણે એ નકારી હતી. એના બહાનાંથી વાસંતીને સંતોષ થયો ન હતો.

સવારના વાસંતીએ એની તબિયતના સમાચાર પૂછતાં એણે કહ્યું કે 'હવે સારું છે.' પણ વાસંતીને એના

કથન પર વિશ્વાસ ન બેઠો. કોઈ કામમાં સરિતાનું લક્ષ ચોંટતું નહોતું. દરેક કામ એના હાથમાંથી પડી જતું. ઉઠતાં બેસતાં તે ગંભીર વિચારમાં પડી જતી. વાસંતીને તેની માતાનું આજનું વલણ વિચિત્ર લાગ્યું, પણ એનું કારણ તે કળી શકી નહિ.

સાંજે વાસંતી મહાશાળામાંથી ઘેર પાછી ફરી ત્યારે સરિતા ઘેર નહોતી. ઘાટીને પૂછતાં જણાવ્યું: 'બાઇ સાહેબ ફરવા ગયાં છે.'

સરિતા ભાગ્યે જ એકલી ફરવા જતી. અને તે પણ કદી આટલી વહેલી નહિ! વાસંતીને આજ એના પર વિશ્વાસ ન આવ્યો. એનું મન માના વર્તન વિષે શંકાશીલ બન્યું હતું.

એકલી ઘેર બેસતાં તે અકળાઈ. પ્રમથ પણ આજે આવવાનો નહોતો. પ્રમથનો એક મિત્ર તબીબી પરીક્ષા પસાર કરી લંડનથી આજે આવનાર હતો, એને લેવા એને બંદર પર જવાનું હતું.

વાસંતીને ઘેર બેઠાં મુંઝવણ થવા લાગી. તે બહાર નીકળી પ્રમથને ત્યાં ગઇ. પ્રમથ ત્યાંથી નીકળી ગયો હતો. વાસંતીએ મોટર બંદર તરફ દોડાવી.

બંદર પર પ્રમથનો મેળાપ થતાં એનું ઉદ્વિગ્ન ચિત્ત શાંત પડ્યું. વાસંતીને જોતાં પ્રમથથી પૂછાઈ ગયું; 'કેમ પાછળ આવી ?'

વાસંતીને આ પ્રશ્ન અપમાનજનક લાગ્યો. એણે જવાબ આપ્યો: 'મને ખબર નહિ, તને એ નહિ ગમતું હોય!' એનું મુખ ગંભીર થઇ ગયું. 'મારી ભૂલ થઇ

ગઇ. મને માફ કર.' કહી એ ચાલવા લાગી.

ગાઢ પરિચયે બન્ને મિત્રો પરસ્પર તુંકારે બોલતાં થઈ ગયાં હતાં.

પ્રમથે એનો માર્ગ રોકી કહ્યું: 'આટલી મશ્કરી સહન ન થઈ?'

'આજે હું સ્વસ્થ નથી, પ્રમથ! ઘેર ગઇ, ત્યાં બા નહોતી. તારે ત્યાં ગઇ, તો તું ત્યાંથી નીકળી ગયો હતો!'

'પણ, અહીં તો મેળાપ થયો ને?'

'હા.'

'હું પણ કોઇની સોબત શોધતો હતો. સારૂં થયું, તું આવી પહોંચી. સનત સાથે તારો પરિચય થશે.'

તેઓ વાત કરતા હતા, એટલામાં સ્ટીમરનું ભુંગળું વાગ્યું. મુસાફરો ડૉક પર ઉતરવા લાગ્યા. એક સાંકડા રસ્તાની બન્ને બાજુએ પ્રવાસીઓના સ્નેહી-મિત્રોની કતારો લાગી ગઇ.

આ જ સ્ટીમરમાં યુવરાજ અને તારાનાથ ઉતર્યાં. સરિતાએ તેમને જોયા. શંકા ગઇ, પણ બરાબર ખાત્રી ન થઈ. થોડે દૂર જતાં રાજ્યના માણુસો એને વીંટળાઇ વળ્યાં. ગોવિંદ પણ એમાં હતો. એ ઉતાવળી તેમના તરફ દોડી.

બરાબર એ જ વખતે વાસંતીએ એને જોઈ. 'બા અહીં ક્યાંથી!' એનું મન ઉત્તર આપે એ પહેલાં તો તે પ્રમથને ત્યાં જ રહેવા દઈ સરિતા પાછળ દોડી.

યુવરાજની સામે સરિતા થોડે દૂર ઉભી રહી એકી-ટસે જોઇ રહી હતી. એના મુખ સામે એ મીટ માંડી ઉભી હતી. સામે જ થોડે દૂર વાસંતી આવીને ઉભી. પણ પુત્ર-

દર્શનથી એ ધરાય ત્યારે વાસંતી તરફ જુએ ને? અનિમેષ નયને એ યુવરાજ સામે તાકી રહી હતી.

એનું વર્તન વાસંતીને સમજાયું નહિ. એના અંતરમાં કોઈ અકળ ભયનો સંચાર થઈ રહ્યો. એ સરિતા સામે જોતી ઉભી રહી.

'અરે! પણ આ શું?' સરિતાની આંખમાંથી એક અશ્રુબિંદુ ટપકી પડયું. એની ભીની આંખ વાસંતીએ જોઈ. એ એક જ અશ્રુબિંદુમાં માતાનું પવિત્ર હૃદય આરસી પેઠે દેખાઈ આવ્યું. માતાના વર્તન પર કુશંકા કરવા માટે એનું મન પશ્ચાત્તાપ કરવા લાગ્યું. એ ત્યાંથી ખસી ગઈ!

એનું મન એક રીતે હળવું થયું હતું. માતાની પવિત્ર મૂર્તિ એના હૃદય પટ પર કોરાઈ ગઈ. પરંતુ એની બુદ્ધિ માતાની પરિસ્થિતિનો ખ્યાલ કરી શકી નહિ.

એણે પ્રમથ અને સનતને શોધી કાઢયા. પરસ્પર પરિચય-વિધિ થયો. અને તેઓ મોટરમાં બેસી શહેર તરફ જવા ઉપડયાં.

મોટરની પાછળના કાચમાંથી વાસંતીએ જોયું કે પાછળની ગાડીમાં સરિતા એકલી જઈ રહી હતી!

પ્રકરણ બારમું

—એકરાર

પ્રમથે વાસંતીને સનતને ત્યાં આવવા આગ્રહ કર્યો, પરંતુ આજે વાસંતીનું મન ચગડોળે ચડયું હતું, એટલે એના નિમંત્રણનો એણે અસ્વીકાર કર્યો. સનતને ત્યાં જતાં પ્રમથે એને ઘેર ઉતારી દીધી.

વાસંતી હજુ માળાના પગથિયાં ચડી રહી હતી ત્યાં સરિતાની મોટર પણ આવી પહોંચી. વાસંતીના મનમાં અનેક તર્કવિતર્કો ઉછળતા હતા, છતાં એણે સરિતાને કંઈ પૂછ્યું નહિ. વાસંતી આ કોયડો ઉકેલવા મનોમંથન કરી રહી હતી, પણ એનો પ્રયાસ નિષ્ફળ નિવડયો. એની કલ્પનાશક્તિ જાણે કુંઠિત થઇ ગઇ!

સરિતા પોતાની દુનિયામાં ગરકાવ બની હતી. પુત્રના વિચારમાં એ લીન થઇ ગઇ હતી. બહારના જગતને એ જાણે ભૂલી ગઇ હતી. સામે બેઠેલી વાસંતી પણ એના સ્મરણ પટથી થોડીવાર માટે અદૃશ્ય થઈ હતી. વિજય વિષે જે કંઈ એણે સાંભળ્યું હતું, એથી એને દુઃખ જ થયું હતું.

સરિતા અને વાસંતીએ મુંગા મુંગા ભોજન લીધું. કોઇ કંઇ બોલ્યું નહિ. સરિતાને કંઈ બોલવાનું નહોતું. વાસંતી કંઇ બોલવા ઇચ્છતી નહોતી.

જમીને સરિતાએ હાથમાં છાપું લીધું. વાસંતી પુસ્તક ઉઘાડી બેઠી. પણ આજે એમાંથી કોઇનું વાંચવામાં ચિત્ત નહોતું.

એમને એમ રાત પડી. સુવાનો વખત થયો. બન્નેએ શયનગૃહમાં પ્રવેશ કર્યો અને પલંગ પર સૂતાં. પણ ઉંઘ ન આવી.

ધીમો રાત્રિ દીપક બળી રહ્યો હતો. એનો ઝાંખો પ્રકાશ ઓરડામાં રતાશ પાથરતો હતો. ટ્રામ અને વાહનોનો અવાજ ઓરડાનાં બંધ બારીબારણામાંથી ગળાઈ ગળાઇને આવતો હતો. બાજુના મકાનમાંથી રેડિયોનું મધુર સંગીત એના ધ્વનિકણોને પ્રસારતું એમના શયનગૃહમાં પ્રવેશતું હતું. સરિતા અને વાસંતી પોતપોતાની શાલમાં આળોટતાં હતાં.

એકાદ કલાક પથારીમાં આળોટચા પછી વાસંતી શાલને ઉડાડી દઇ બેઠી થઇ. પલંગની મચ્છરદાનીને હાથ વતી હડસેલી ઉભી થઈ. ધીમેથી તે સરિતાના પલંગ પાસે આવી, તેના ગાદલા પર ઓશિકા પાસે બેઠી. સરિતાએ શાલે દૂર કરી એના સામે જોયું, પણ કંઈ બોલી નહિ.

વાસંતીએ એના કપાળ પર હાથ મૂકી પૂછ્યું: 'કેમ, બા! આજે કંઇ બોલતી નથી?'

'શું બોલું બેટા!'

'ગમે તેમ પણ તારૂં ચિત્ત આજે સ્વસ્થ નથી. આજ તું મારા આવ્યા પહેલાં એકલી ફરવા ચાલી ગઇ! આવીને પણ ગુપચૂપ પડી રહી. કંઇ બોલતી ચાલતી નથી. આજે તું કંઈ મોટી ચિંતામાં છો. તારી મુંઝવણ જાણવાને હું અધિકારી નથી? તારી ચિંતા મારી પાસે

વ્યક્ત કરી તારા હૃદયનો ભાર હળવો નહિ કરે ?'

સરિતાએ જવાબ ન આપ્યો.

બે હાથની હથેલીઓ વડે માના બન્ને ગાલને ચાંપી. તેનું મુખ પોતાના મુખ સામે ફેરવી વાસંતી બોલીઃ 'કહે ને બા ! આજ તને શું થયું છે ? કઇ ગંભીર ચિંતાએ તને આવરી લીધી છે ? મને નહિ કહે, બા !'

સરિતા પડખું ફરી, અને કશો ઉત્તર આપ્યા વિના ઓશિકાં પર ઉંધું માથું મૂકી એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

કેટલીક વારે સ્વસ્થ થઈ તે બોલી. 'બેટા, વાસંતા ! ઘણા દિવસ ગુપ્ત રાખ્યું, તે હવે તારાથી ગુપ્ત નહિ રાખું. મારા મન ઉપરનો વર્ષોનો બોજો હું આજ જરુર ઓછો કરીશ.'

બન્ને થોડી વાર પલંગ પર શાન્ત બેસી રહ્યાં. રાત્રી જામતી જતી હતી. વાહન વ્યવહાર ધીમો પડતો જતો હતો. સરિતા સ્વસ્થ બનતી જતી હતી. વાસંતીનું હૃદય લાગણીપૂર્ણ બની રહ્યું હતું. માતાની એ ગુપ્ત વાત સાંભળવા એ તલસી રહી.

સરિતા ધીમેથી બોલીઃ 'વાસંતી! એ વખતે તું ત્રણ-ચાર વર્ષની બાળકી હતી. આપણે ઘણાં ગરીબ હતાં. ઝુંપડા જેવા ઘરમાં પારકી દયા નીચે વગર ભાડે રહેવાનું, દાળ–રોટલો ખાવાનું, અને તૂટી ગોદડી પર પડયા રહેવાનું. હું અને તારા બાપુ લોટ માગી ગૂજરાન ચલાવતાં. આ ગરીબ ઘરમાં તને પૂરું દૂધ પણ ન મળતું. તને શાક કે ભાત ખાવાનું મન થાય, તો એટલો પણ સંતોષ આપી શકાતો નહિ. યજમાનનાં છોકરાં દૂધના કટોરા ઢોળી નાખે,

અને રેવડી–દાણા વેરી નાખે; પણ તારા મુખમાં એ બાલ્ય વયમાં રોટલાના ડૂચા અને છાશની તાંસળી સિવાય બીજું કંઈ ન પડે! તારું દુઃખ, તારી કંગાલિયત, તારા કાલાવાલા મારાથી ન સહાયા. તારું કરુણ રુદન મારા કાન સાંભળી ન શકયા. તારો ચીંથરે હાલ વેશ–ભીષણ ગરીબીનું એ ચિત્ર–મારી આંખો ન જોઈ શકી. તારી બાળ–કાકલુદીઓએ મારા હૈયાંને હચમચાવી મૂકયું. મારી હિંમત ખૂટી ગઇ! ન કરવાનું કાર્ય મેં કરી નાખ્યું! કદી કોઈએ ન કર્યું હોય, કદી કોઇ ન કરે એવું એક પાપ મેં કરી નાખ્યું. વાસંતી–એ તારે ખાતર!'

વાસંતી લક્ષપૂર્વક સાંભળી રહી. થોડો વિસામો લઇ સરિતા બોલી! 'વાસંતી! દિકરી! તારા સુખની ખાતર, મેં એ પાપ કર્યું. મેં–આ નિષ્ઠુર માતાએ–તરતના જન્મેલા પુત્રને–તારા એક દિવસની ઉમરના ભાઇને વેચી નાખ્યો, માત્ર પૈસાની લાલચે! તને સુખી કરવા મેં એને જતો કર્યો! હા. તને સુખ તો આપી શકી; કારમી કંગાલિયતમાંથી તને ઉગારી તો શકી; પણ મારો રતન જેવો દિકરો ગૂમાવી બેઠી!'

સરિતાની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. ડુસકાં ભરતી એ બોલી. 'થોડાં વર્ષ પહેલાં ભયંકર દુષ્કાળ પડયો હતો–છપ્પનિયો. કહે છે કે લોકોએ પેટ ભરવા ખાતર બાળકો વેચ્યાં. મેં બાળક વેચ્યું ગરીબ મટી ધનિક બનવા માટે! અને વેચ્યું તે એવે સ્થળે, કે કદી પાછું મળી ન શકે! એને જોવા માટે પણ ચોરી–છૂપીનો, છળ-કપટનો આશ્રય લેવો પડે!'

વચ્ચે વાસંતીએ કૌતુહલથી પ્રશ્ન કર્યો: 'બા!

એને તેં વેચ્યો કોને ? એ હાલ છે ક્યાં ?'

'વેચ્યો તો બહુ સારે ઠેકાણે. એ છે પણ મોટા સુખમાં; પણ એની અને આપણી વચ્ચે બહુ અંતર પડી ગયું છે.' આંસુ લૂછતી સરિતા બોલી. 'આજે એ કંચનપુરનો યુવરાજ છે. ગાદી વારસ છે. થોડા દિવસમાં એ મહારાજા બનશે. પણ બેટા! હું તો મારો પુત્ર સદાને માટે ગુમાવી બેઠી !'

સરિતા જાણે ઘેનમાં બોલી રહી હતી; એકરાર કરી રહી હતી. પોતાના કાર્યને માટે વાસંતીને તિરસ્કાર પેદા થશે કે સહાનુભૂતિ, એ જાણવાની અને ચિંતા નહોતી. આ એકરારનું શું પરિણામ આવશે, એનો પણ એણે ખ્યાલ કર્યો નહિ. એ તો તેના મન પર વર્ષો થયાં લદાયલો ભાર હળવો કરી રહી હતી !

વાસંતીની મુંઝવણ પર પ્રકાશ વેરાયો. સરિતાનું આજનું વર્તન, બંદર પર તેનું આગમન અને તેની આંખમાંથી ઝરેલું અશ્રુબિંદુ—એની પાછળનો ઇતિહાસ એના મગજ પર સ્પષ્ટ થયો.

સરિતાએ એના પૂર્વજીવનનું વૃત્તાંત વાસંતીને કહી સંભળાવ્યું. પોતાના પિતા ગૂમ થયાની વાત તો વાસંતી સમજણી થઇ ત્યારથી જ જાણી ચૂકી હતી. પણ એના ગૂમ થવા વિષેની કશી માહિતી સરિતાને જ નહોતી એટલે વાસંતીને એ શું કહે ?

આખું વૃત્તાંત સાંભળી વાસંતીના હૃદયમાં તેની માતા પ્રત્યે હમદર્દી જાગૃત થઇ આવી. 'બા ! બા ! મારે ખાતર........આ પુત્ર ત્યાગ ? આ આત્મભોગ !' એ

લાગણીવશ બની સરિતાને ગળે વળગી પડી.

કેટલીક વારે સરિતાએ વાસંતીનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલી: 'પુત્ર મારા હાથમાંથી ગયો, એથી મને બહુ દુ:ખ નથી થતું. કારણ કે એની આશા તો મેં હવે છોડી દીધી છે. એને હવે મારો ન માનવા હું મારા મનને સમજાવી રહી છું. પણ મને દુ:ખ તો એ જાણીને થાય છે કે એ મારો તો ન રહ્યો, પણ પોતામાંથી યે ગયો. સાંભળ્યું છે કે અનેક દુર્ગુણોનો એ ભંડાર બન્યો છે! તે દિવસે પ્રમથનો મિત્ર વિરાટ નહોતો કહેતો? એ વાત તદ્દન સાચી છે!'

'બા! હવે તું એની ચિંતા છોડ! અને અત્યારે સૂઇ જા! મોડી રાત થઇ ગઇ છે. તારૂં માથું દુ:ખવા આવશે તો રાત આખી ઉંઘ નહિ આવે.' કહી તેને આશ્વાસન આપી, તેના કપાલ પર હાથ મૂકી, સુવાડી, તે નિદ્રાધીન થઇ જાણી, વાસંતી પોતાના પલંગ પર ગઇ.

આજના પ્રસંગે એની ઉંઘ હરી લીધી. એનું મન વિચાર–ચગડોળે ચડયું હતું. એની આંખ સામે પોતાના કુટુંબની નવી દુનિયા ખડી થઇ હતી. એની સામે નવો પ્રશ્ન ખડો થયો હતો. 'ભાઇના વેચાણમાંથી બેનની સાહ્યબી સર્જાઇ છે! એ મને ખપે?'

અનેક વર્ષોનો બોજો હૃદય પરથી ઉતરી જવાથી સરિતા ધસધસાટ ઉંઘી રહી હતી. વાસંતી એનાં નસકોરાંનો અવાજ સાંભળી રહી.

બહારનો વાહન વ્યવહાર તદ્દન બંધ થતાં સર્વત્ર નીરવ શાન્તિ ફેલાઇ રહી હતી.

પ્રકરણ તેરમું

—સર્વ દોષનું મૂળ

કેટલાંક માણસો એવા જાડી ચામડીવાળા હોય છે કે કોઈ પણ પ્રસંગની ઊંડી અસર એના મન પર પડતી નથી. જલિયાંવાળા બાગમાં કત્લેઆમ ચાલે, કે બ્રિટિશ સામ્રાજ્યનો શહેનશાહ એની સત્તાને છોડી ચાલ્યો જાય; બિહારમાં ધરતીકંપ થાય, કે યુરોપમાં મહાન યુદ્ધ જાગે. આવા પ્રસંગોએ પણ 'હા, ઠીક,' અથવા 'હશે. એમ જ ચાલે!' એમ કહી પોતાના જીવનને સીધી રીતે ન સ્પર્શે એવી વસ્તુઓને નજીવી ગણનાર માણસો પણ આ દુનિયામાં ઓછા નથી! વેવાઈના મામાનો સસરો માંદો પડે, નાતમાં પોતાને જવાનું નોતરું ન મળે, દિકરાની વહૂના કરિયાવરમાં એક ચાકળો ઓછો આવે કે નોકર અર્ધા કલાકની રજા માગવાની ધૃષ્ટતા કરે—આ પ્રસંગો જેને મન ભારે મહત્વના ગણાય અને એના ઉપર છ-બાર માસ સુધી ટીકા–ટિપ્પણ ચાલે, એવું પણ આપણા સમાજમાં તદ્દન અસાધારણ નથી.

એથી ઉલટું, ઝીણી ઝીણી બાબતોમાં સિદ્ધાંતને આગળ કરી, નાની નાની ત્રુટીઓને સત્યાનાશ ગણનારા વેદિયા રાષ્ટ્રવાદીઓ પણ આપણે ત્યાં અસાધારણ નથી. છોકરો માથે વાળ રાખે, કે બૈરી પરદેશી બનાવટની કાંસકી ખરીદી લાવે; વિદ્યાર્થી ચા પીએ કે સિનેમા જોવા

જાય; ખેડૂતો રેંટિયો ન કાંતે, કે મજૂરણો યંત્રની ચક્કીમાં બે પૈસા ખર્ચી લોટ દળાવે–આ બધા પ્રસંગોને મહાન સિદ્ધાંતિક પ્રસંગો માની એના ઉપર ચર્ચા ને ભાષણો માંડે, અને પત્રો લખી દેશનેતાઓના અભિપ્રાય માંગે; ગાડાં નીચે કૂતરાનો પગ કચરાઇ જાય, ને કાળો કકળાટ કરી મૂકે; વાળંદ હજામતના દરમાં એક પૈસો વધારે તો એની સામે સત્યાગ્રહ યોજવાના વિચારો કરે. અને બુઢ્ઢા બાપને ખાદી પહેરાવવા પુત્ર ઉપવાસ પર ઉતરે–આવા લડવૈયાઓ પણ આપણા દેશમાં ઓછા નથી!

અને આ બધાની વચ્ચે એક વિચારવંત, શાન્ત, સહનશીલ, અને સાચો ત્યાગી વર્ગ પણ આપણે ત્યાં છે, જેને લીધે આજે આપણે ઉજળા છીએ. એને મન નાની બાબતો નાની હોય છે, અને મોટી બાબતો મોટી હોય છે. નાની બાબતોને એ યોગ્ય કરતાં વધુ મહત્વ આપતો નથી. અને મોટી બાબતો માટે દેહ પણ સમર્પણ કરતાં એ અચકાતો નથી. અગત્યની બાબતોમાં એ લેશ પણ નમતું જોખતો નથી.

પુત્રને વેચીને સરિતાએ મેળવેલી દોલતનો ઉપભોગ વાસંતી કરી શકે? એનું દિલ એને ડંખવા લાગ્યું હતું. એક બાજુ માતાનો પોતા પ્રત્યેનો પ્રેમ, અને તેની ખાતર આત્મત્યાગ! બીજી બાજુ સંતાનને વેચવાની માતાની ધૃષ્ટતા! એના પૈસાથી એ સુખચેન ભોગવે!

વાસંતીનું દિલ ઉકળી ઉઠ્યું. માતાની ધૃષ્ટતા એને હૈયે ન વસી. એને એ પામરતા લાગી. અને એ કૃત્ય કરનાર એની માતા નહોતી, પણ એની જર્જરિત ગરીબા

હતી. કારમી કંગાલીયત પુત્રને વેચાવે એમાં શી નવાઇ?

કોઈ પણ પ્રસંગ પર ઉંડો વિચાર કરવાની વાસંતીને ટેવ હતી. એ કદી ઉતાવળે અભિપ્રાય બાંધતી નહિ. અને કદાચ ભૂલ્યે ચૂકયે એવો અભિપ્રાય બંધાઇ જાય, તો એને તે ફેરવી પણ નાખતી. કુમાર્ગે જતી વિધવા પાછળ એ રૂઢિચુસ્ત સમાજનો દોષ જોતી. વ્યભિચાર અને વેશ્યા જીવન પાછળ એ સમાજ રચનાની ત્રુટીઓ દેખતી. ચોરી કરનાર ચોર પાછળ એને ચોરી કરાવનાર મૂડીવાદી તંત્રનો હાથ દેખાતો. તબીબોને જેમ અનેક રોગોનું મૂળ કબજિયાત જણાય છે, અધ્યાત્મવાદીઓને જેમ સમગ્ર સંસારનું મૂળ માયા જણાય છે, તેમ વાસંતીને અનેક દોષનું મૂળ મૂડીવાદ જણાતો, અને એનો સમાજવાદ વિના ઉગાર નહોતો દેખાતો. પ્રત્યેક દોષ, ગુન્હા કે મેલી વૃત્તિનું એ મૂળ શોધી કાઢતી; અને ઉપરનાં થીગડાં ચોડીને એને વધુ કુરુપ બનાવવાને બદલે એને સર્વાંશે પલટો આપી નવસર્જન કરવાને ઇચ્છતી.

એટલે સરિતાની વૃત્તિની સમીક્ષા કરતાં એની દૃષ્ટિએ દેશની ભયંકર દરિદ્રતા ચડી. દરિદ્રતા લાખો ગુન્હાઓ સર્જાવે છે. એ દરિદ્રતાને ટકાવી રા"નાર તંત્ર જ બધા ગુન્હાઓ માટે જવાબદાર છે. ગુન્હાઓ કરનાર તો પરિસ્થિતિનો ગુલામ છે.

ફરી ફરીને એક વિચાર તેના મન પર અથડાતો—ગર્જના કરતો હતો: 'ભાઇના વેચાણથી મળેલી સમૃદ્ધિ બેનને ખપે?' એનું અંતર એ પ્રશ્નના જવાબ રૂપે 'ના' સંભળાવી રહ્યું હતું. માતાની મિલ્કતપર એનો શો અધિકાર?

ક્યા શ્રમવડે એ મિલ્કત એણે મેળવી હતી કે એના પર એનો અધિકાર સ્થાપિત થાય ! એ મિલ્કતનો ત્યાગ કરવાનો એણે નિર્ણય કરી લીધો.

પરંતુ એને પ્રમથ યાદ આવ્યો. નવા રાજ્ય વહીવટ નીચે એની શિષ્યવૃત્તિ બંધ થઇ ગઈ હતી. અને તે હવે વાસંતીને પૈસે જ પોતાનો અભ્યાસ ચાલુ રાખી રહ્યો હતો. વાસંતીને પણ મહાશાળાનું ખર્ચ ઉઠાવવાનું હતું. મિલ્કતને ઠોકરે મારતાં બન્નેનો અભ્યાસ અટકી પડવાનો પૂરેપૂરો સંભવ હતો.

બીજે દિવસે તે મહાશાળાએ આવી પ્રમથને મળી, અને બાગમાં બેસી આગલા દિવસની બિના તેને કહી. પ્રમથથી એ કદી કશું છુપાવતી નહિ. એણે મિલ્કતના ત્યાગનો વિચાર પણ એને જણાવ્યો.

બન્ને એ મળી એક વાતનો નિર્ણય કર્યો કે ' એ ધન તેમના અંગત ઉપયોગ માટે વાપરી શકાય નહિ. એ રાજ્યલક્ષ્મી છે. પ્રજાનું શોષણ નાબૂદ કરવા માટે જ એનો ઉપયોગ થઈ શકે. એની મિલ્કતની માલકી પ્રજાના પીડિતો અને શોષિતોની હતી. અને એના ઉદ્ધાર માટે જ એ વાપરી શકાય.'

બીજે દિવસે વાસંતીએ પ્રમથને કહ્યું: ' આપણા અભ્યાસ માટે સ્વતંત્ર કમાણીનો માર્ગ મેં શોધી કાઢયો છે. તારે વિનીતના બે વિદ્યાર્થીઓને ખાનગી ભણાવવાનું--અને મારે પત્રોમાં લેખો લખવાનું.'

અઠવાડિયામાં તેઓ બન્ને કામ પર ચડી ગયાં. સ્વાશ્રય પર જીવવાનો તેમનો નિર્ધાર પાર પડવાની તેમને ખાત્રી થઈ. એમને જીવનમાં ખરેખર હવે જ રસ પડવા લાગ્યો.

બીજે રવિવારે વાસંતીએ સરિતાને ચોકખું સંભળાવી દીધું: 'બા! મેં એક નિર્ણય કરી લીધો છે. એથી તને કદાચ બહુ દુઃખ થશે. પણ એ નિર્ણય પૂર્ણ વિચારને અન્તે કર્યો છે, અને તે સદા અફર જ રહેશે.'

'એ શું?' ઉત્સુકતાપૂર્વક સરિતાએ પૂછયું.

'તારી મિલ્કતનો ઉપયોગ હું નહિ કરી શકું. મેં મારી સ્વતંત્ર કમાણીનો માર્ગ શોધી લીધો છે.'

સરિતાને જાણે વજ્ર પડયું. તેણે વાસંતી તરફથી સહાનુભૂતિની આશા રાખી હતી; વિરોધની નહિ! પણ જ્યારે વાસંતીએ એની આખી વિચાર સરણી એને સમજાવી ત્યારે એને કંઈક સંતોષ થયો. પુત્રીની સ્વાર્થ-ત્યાગની ઉજ્જવળ ભાવનાથી એના મનમાં થોડો આનંદ પણ થયો. મિલ્કત પર એનો પોતાનો મોહ પણ હવે બહુ રહ્યો નહોતો. એણે કહ્યું; 'જે ધન તને ન ખપે, એ મને ક્યાંથી ખપે? એ ધનનો ત્યાગ જ મારા પ્રાયશ્ચિતને શુદ્ધ બનાવશે. એ ધન તને યોગ્ય લાગે એ માર્ગે તું વાપરી નાખજે.'

સરિતાએ ઉઠીને તિજોરી ઉઘાડી. બેંકની પાસ બુકો, શેર-લોનનાં કાગળિયાં અને બીજી થોડી રોકડ રકમ અને સોનું-વગેરેનો વાસંતીના પગ પાસે ઢગલો કર્યો અને તેની કુંચી સોંપી કહ્યું: 'હું કંચનપુર જવા ઇચ્છું છું, તારી રજા હોય તો. મેં સાંભળ્યું છે કે બિજુ દાદાના લગ્ન થવાનાં છે. એ લગ્નમાં જવાનો મને હક્ક નથી. મારી ઇચ્છા પણ નથી, પરંતુ નિહાર બાબુ દિવાન પદેથી નિવૃત્ત થયા છે. એમને હું મળવા ઇચ્છું છું. એના વિના બિજુ

દાદાનું જીવન સુધરી નહિ શકે.'

'કંચનપુર જઈને તું શું કરીશ, બા? કાલે ત્રિરાટનો પ્રમથ પર પત્ર હતો. એમાં ભારે દુઃખદ સમાચાર છે. નિહાર બાબુ રાજી ખૂશીથી નિવૃત્ત નથી થયા! બિજુ દાદાએ મદિરાના નશામાં, કહે છે કે, એમનું અપમાન કર્યું, અને દિવાન પદેથી એ છુટ્ટા થયા. એમની જગ્યા એમના પુત્ર તારાનાથને સોંપાઈ છે.'

'જો એ સ્થિતિ હોય તો મારે ખાસ જવું જ જોઈએ. નિહાર બાબુનું અપમાન થાય, એ રાજ્યની પડતીનાં નિશાન છે. રાજ્યની પડતી હું થવા દેનાર નથી.' સરિતાએ કહ્યું.

'ત્યાં જઈને તું વધુ દુઃખી થશે. તું બહુ લાગણીવશ બની જાય છે.' વાસંતીએ કહ્યું.

'ના, વાસંતી. એના પરનો મોહ મેં હવે છોડયો છે; પણ મમતા છૂટી નથી. એને મેં નાનપણમાં રમાડી લીધો છે, અને જુવાનીમાં જોઈ લીધો છે. હવે હું એને જોઈને વિહ્વળ બનવાની નથી. હું તો હવે મક્કમ બનીને એને સુધારવા માગું છું; કારણકે એ મારો પુત્ર છે એ તો હું કદી ભૂલી શકવાની નથી. એ સુધરશે તો પ્રજા સુખી થશે.'

'આ રાજ્યો અને રાજાઓ સુધરે એવી મને આશા નથી. પણ તારે જો જવું જ હોય, તો મારી ના નથી. પણ મારા વચનથી દુઃખી થઈને, રિસાઈને, તો તું નથી જતી ને? મારા ઉપરનો તારો પ્રેમ, તારો ઉપકાર હું ભૂલી શકીશ નહિ! મારે ખાતર તેં જે સહ્યું છે અને મને આજની

સ્થિતિએ તેં પહોંચાડી છે, એ કદી પણ મારા સ્મરણમાંથી ખસનાર નથી. હું આજે આટલો અભ્યાસ કરી શકી છું, આટલી સગવડો ભોગવી શકી છું, આટલા સ્વતંત્ર વિચારો ધરાવી શકી છું–એ બધું તારા પ્રેમને લીધે, તારા પ્રયાસને લીધે.' વાસંતી સરિતાના મુખ સામે જોઇ બોલી; 'નહિતર હું આજે કોઈ ભિક્ષુક વિપ્રને પરણીને તારી પેઠે ભીખ માગતી હોત ! એથી જાણજે કે તારો ત્યાગ સફળ થયો છે, અને તું મને સુખી, સમૃદ્ધ અને સ્વતંત્ર કરી શકી છો. ધનની દૃષ્ટિએ નહિ, તો શકિત, બુદ્ધિ અને સામર્થ્યની દૃષ્ટિએ તો હું ખૂબ સમૃદ્ધ બની શકી છું. અને હવે પણ હું સ્વાશ્રયથી આગળ વધીશ. તું જા. ખુશીથી જા. અને ભાઇનો ઉદ્ધાર કર. એ માટે બને તેટલો પ્રયાસ કરજે. જરુર પડે મારી સેવા પણ તારે ચરણે છે.' કહી એણે માતાના પગ પાસે મસ્તક ઢાળી દીધું.

સરિતા વાસંતીની ગર્વ ભરી વાણી સાંભળી રહી. વાસંતી માટે એના મનમાં પ્રબળ અભિમાન પ્રગટયું. એની મહત્વાકાંક્ષાઓ પાર પડવાની એના મનમાં ખાત્રી થઇ. પુત્રીને આશિર્વાદ આપી, કંચનપુર જવાની એ તૈયારી કરવા લાગી.

પ્રકરણ ચૌદમું

—નિહારબાળુની નિવૃત્તિ

વિજયસિંહે વિલાયત છોડયું, એ વખતે કંચનપુરમાં એના રાજ્યારોહણની તૈયારીઓ શરુ થઇ ગઇ હતી. એણે મુંબઇને કિનારે પગ મૂકયો ત્યારે તો એ તૈયારીઓ પૂરી પણ થવા આવી હતી.

એટલે વિજયસિંહ કંચનપુર આવતાં જ રાજ્યારોહણનો ઉત્સવ શરૂ થયો. આ પ્રસંગનો લાભ લઈને નિહાર બાબુએ સર વિલ્યમ વિલ્સન, સરકારી અમલદારો અને આજુબાજુના ઠાકોર-દરબારોને ખાસ નિમંત્રણો મોકલી કંચનપુરને આંગણે બોલાવ્યા અને વિજયસિંહને તેમનો પરિચય કરાવ્યો, કે જેથી પોતાની નિવૃત્તિ બાદ એ પરિચય નવા ઠાકોરને ઉપયોગમાં આવે.

પરંતુ આ નાદાન ઠાકોરને એની કંઇ પડી નહોતી. સમગ્ર રાજ્યની ગંભીર જવાબદારી એને માથે ખડકાઇ રહી છે, એવી એને લેશ પણ ચિંતા નહોતી. એ અહીં આવ્યા ત્યારથી રાજમહેલમાં પડી રહી નાચગાનમાં મશગુલ રહેવા લાગ્યા. એના આનંદ-પ્રમોદ માટે એને કંચનપુરમાંથી એવી લલનાઓ મળે એમ નહોતું, એટલે એનો બંદોબસ્ત એણે મુંબઈથી જ કરી લીધો હતો; અને એમની પાછળ જ નર્તિકાઓનો એક કાફલો કંચનપુરમાં આવી પહોંચ્યો હતો.

આથી નિહાર બાળાને જરા દુઃખ થયું. પણ એમણે માન્યું કે એમને તો રાજ્યારોહણના પ્રસંગ પૂરતી જ બોલાવવામાં આવી હશે; અને જુવાન રાજવીના એવા નાના શોખનો તાત્કાલિક વિરોધ કરવાનું એમને જરૂરી ન લાગ્યું. પરંતુ રાજ્યારોહણનો પ્રસંગ પતી ગયા પછી પણ એમનો વસવાટ ચાલુ રહ્યો, અને દર અઠવાડિયે નવી નવી નર્તિકાઓ મુંબઈ–અમદાવાદથી આવતી રહી ત્યારે એ ચોંકી ઊઠયા. ઠાકોરને વિલાયત મોકલ્યાનું કરુણ પરિણામ એમણે જાણ્યું, એટલું જ નહિ, પણ પોતાના પુત્ર તારાનાથમાં પણ એ કુટેવો પડેલી એમણે જોઇ ત્યારે એમને ખૂબ દુઃખ થયું.

ઠાકોરને વિલાયત મોકલવાના પ્રશ્ન સામે એમણે ભારે મક્કમ વિરોધ ઉઠાવ્યો હતો; અને એમ કરતાં એને અંગ્રેજ અમલદાર સાથે અથડામણીમાં ઉતરવું પડયું હતું; એ વાતથી પ્રજા પૂરી વાકેફ હતી, એટલે પ્રજામાં એમનાં સન્માન અને પ્રતિષ્ઠા એટલાં જ ટકી રહ્યાં હતાં, એનો એમને સંતોષ હતો. પણ કંચનપુર જેવા નાના રાજ્યને તેના રાજવીનું આટલું વિશાળ અંગત ખર્ચ પોષાઇ શકે એમ નહોતું; અને જો એમાં કાપ ન મૂકાય તો પ્રજાની પૂરી પાયમાલી થવાનો સંભવ હતો.

રાજમહેલમાં નૃત્ય ઉપરાંત દારૂની પણ છોળો ઉડવા લાગી, અને વિલાસી મિત્રોનું એક મોટું જૂથ ઠાકોરની આસપાસ ફરી વળ્યું. રાજમહેલ સુરા અને સુંદરીની મહેફીલનું ધામ થઇ પડયો. કંચનપુરની પ્રજા આ ફેરફારો વિસ્મયપૂર્વક નિહાળતી રહી. પ્રજામાં આથી કેટલાંક અનીતિમાન તત્ત્વોએ પણ પ્રવેશ કર્યો. શેઠ સાહૂકારના

નબિરાઓ પણ કંચનપુરને સહેજે મળેલી તકનો ઉપયોગ કરવા લાગ્યા અને પ્રજામાં પણ અનીતિનાં પગરણ મંડાયાં.

સગીર વહિવટ દરમ્યાન ઠાકોરનો વિવાહ ગૂજરાતના એક સમૃદ્ધ દેશી રાજ્યની રૂપવતી અને વિદ્વાન રાજકુમારી સાથે નિહાર બાબુએ ગોઠવ્યો હતો; અને રાજ્યારોહણ બાદ તરત જ એમનાં લગ્ન કરવાનું પણ નક્કી કર્યું હતું. પરંતુ ઠાકોરનો આ અધઃપાત નિહાળ્યા પછી એમનું લગ્ન કરવાનું એમને ગમ્યું નહિ. કમલકુમારી જેવી સુંદર અને પંડિતા રાજકુમારીનું જીવન આ વિલાસી ઠાકોરના જનાનામાં કચડાવા દેવાનું એમને રૂચ્યું નહિ.

'ત્યારે હવે કરવું શું?' નિહાર બાબુ મુંઝાયા. 'ગાદીનશીન ઠાકોર શું લગ્ન વિના રહી શકે?' ઠાકોરને પોતાને તો લગ્નની કંઈ પડી નહોતી. એણે પોતે તો કદી લગ્નની વાત ઉચ્ચારી નહોતી. છતાં નિહાર બાબુના મન પર એ બોજો રહ્યાં કરતો. એની વફાદારી સજ્જનદેવ પૂરતી નહોતી, પણ રાજ્યગાદી પૂરતી હતી. કંચનપુરની રાજ્યગાદીના એ હિતચિંતક હતા. અને સારો રાજવી પ્રજાને સુખ આપી શકે, સમૃદ્ધ બનાવી શકે, એવો તેનો ખ્યાલ હતો. પ્રજાનાં સુખ સમૃદ્ધિ ખાતર પ્રજાને જ સીધી રીતે જાગૃત અને ચેતનવંતી કરવી જોઇએ, એવો વિચાર એના જૂના માનસમાં પ્રવેશ્યો ન હતો. એમને તો વિજયસિંહને સજ્જનદેવ જેવો પ્રજાપ્રેમી રાજવી બનાવવો હતો, અને રાજ્યનો ભવિષ્યનો એવો જ વારસ નિર્માણ કરવો હતો. જો વિજયસિંહનાં લગ્ન ન થાય તો ગાદી પ્રતાપને હાથ જ જાય. એના કે એના વંશજોના હાથમાં રાજ્યગાદી

ન જાય એવી સજ્જનદેવની પ્રબળ ઇચ્છા હતી. એ માટે તો એમણે મોટું કાવતરું યોજ્યું હતું, અને તેને સફળ રીતે પાર પાડયું હતું. વળી પ્રતાપ કંઇ વિજયથી ઉતરે એવો નહોતો. એ પણ પૂરો દારૂડિયો અને વ્યભિચારી હતો. એના છોકરા નાનપણથી જ રખડુ હતા અને દુષ્ટ સોબતમાં ફસાયા હતા. જ્યારે વિજય કુમાર્ગે ચડેલ હોવા છતાં ભલો અને સરલ હતો. વિલાયતના સંગદોષથી જ એ બગડયો હતો અને સારી સોબતથી એને સુધારવાની એને ઇચ્છા અને આશા પણ હતી. એની ભલમનસાઇ અને સરલ પ્રકૃતિ યાદ આવતાં નિહાર બાબુ લાગણી-વશ થઇ ગયા. સજ્જનદેવના પ્રેમને લીધે એના પુત્ર માટે પણ એના હૃદયમાં લાગણી ઉભરાઇ આવી; અને એને લાગ્યું કે 'રાણી તો જોઇએ જ.'

ઠાકોરને પરણાવવાનો નિર્ણય કરતાં એને એક નવા વિચારે પ્રેરણા આપી. 'કમલકુમારી આવશે, તો જરુર એને ઠેકાણે લાવશે.' એમ એણે માન્યું. એની સુંદરતા અને બુદ્ધિમત્તા ઠાકોરના જીવનમાં પલટો લાવશે એવી એમને આશા પ્રગટી. ઠાકોરના ઉદ્ધારની ચિંતામાં કમલકુમારીના ભવિષ્યનો ખ્યાલ એમણે ન કર્યો-ન કરી શકયા. એક કમનશીબ પળે 'એમાં શું!' કહીને જે પગલું એમણે ભર્યું હતું, એ માર્ગે જ આગળ પગલાં ભરતા ગયા. વફાદારીના ખોટા ખ્યાલો એમના મનમાં રચાયા હતા. વ્યકિતવાદથી દૂર પ્રજાવાદ તરફ કોણ જાણે કેમ એનું લક્ષ ઠરતું નહોતું.

રાજ્યારોહણ બાદ થોડી મુદતે એમણે ઠાકોર સમક્ષ

એનાં લગ્નની દરખાસ્ત મૂકી. ઠાકોર મુંઝાયા. ન 'હા' કહી શક્યા, ન 'ના' કહી શક્યા. એમને લગ્નની જરૂર જ શી હતી? લગ્ન વિના તે યથેચ્છ વિલાસ ભોગવી શકતા હતા. લગ્નથી તો એના પર કાપ પડવાનો સંભવ હતો. વારસની એને ચિંતા કે જરૂર નહોતી. અને વળી......લગ્ન માટે તો એણે લ્યુસીને વચન આપ્યું હતું, લેખિત કરાર પણ થયા હતા! એ આંગ્લ લલના ગમે ત્યારે અચાનક આવીને ઉભી રહેશે અને લગ્નની માગણી કરશે એવી એને પૂરી શંકા હતી. એ શંકા એના જિગરને ડંખતી હતી. એટલે એણે તરત તો નિહાર બાણુની એ દરખાસ્ત ન સ્વીકારી.

પણ નિહારબાણુ હવે રાજકાર્યથી કંટાળી ગયા હતા અને વહેલી તકે નિવૃત્ત થવા ઇચ્છતા હતા. વળી કમલ-કુમારીના પિતા લગ્ન માટે ખૂબ ઉતાવળ કરી રહ્યા હતા; અને એમને શો જવાબ આપવો એ એમને સૂઝતું નહોતું. તેઓ છેલ્લી જવાબદારી પતાવી શાન્તિથી નિવૃત્ત થવા માગતા હતા. એટલે એમણે ઠાકોર પર ફરી દબાણ કર્યું. ના કહેવાનું કંઇ કારણ ઠાકોર આપી શકે એમ તો હતા જ નહિ; એટલે આખરે તેમને હા પાડવી પડી.

લગ્નની તૈયારીઓ થવા માંડી. રાજ્યની નાણાકીય કંગાલ સ્થિતિનો નિહારબાણુને પૂરો ખ્યાલ હતો. સગીર વહીવટમાં રાજ્યની તિજોરીનું તળિયું દેખાઇ આવ્યું હતું. અંગ્રેજ અમલદાર પોતાનો વહીવટ ઉજ્જવળ બનાવવા કેટલાંક મોટાં ખર્ચ કર્યે જતો. વિલાયતમાં પણ કુમાર ભારે ખર્ચ રાખતો. રાજ્યારોહણના ઉત્સવ પાછળ પણ ઠીક નાણું ખર્ચાયું હતું અને ઠાકોરની કુટેવો પાછળ તો

કાયમી દુર્વ્યય વધ્યો હતો. એટલે રાજ્યની આ આર્થિક સંકડામણનો મુકાબલો કરવા દિવાન ઠાકોર સાથે લગ્ન-ખર્ચનું અંદાજપત્ર ચર્ચતા હતા.

'આપણે લગ્ન સાદાઈથી ઉજવવાં પડશે. આ પ્રસંગે નાચમુજરા કે દારુ પાછળ આટલો વિશાળ ખર્ચ ન પોષાય!' દિવાને ખર્ચ પર કાપ મૂકતાં જણાવ્યું.

'આ ઉપાહાર મિજલસો, સરકારી માણસો અને મોટા મહેમાનો—એની શી જરૂર છે? એ તો ફોગટનું ખર્ચ છે!' ઠાકોરે અભિપ્રાય આપ્યો. 'એ બધાંની મોજ માટે આપણી અંગત મોજનો ભોગ શા માટે આપવો?'

'એની પાછળનાં રાજદ્વારી કારણો તમે ન સમજો, દાદા!' નિહાર બાપુએ ગંભીરતાથી કહ્યું.

ઠાકોરને નિહાર બાપુએ 'દાદા' કહી સંબોધન કર્યું એ ન રુચ્યું. એ હવે કુમાર નહોતો રહ્યો. હવે તો એ કંચનપુરનો સ્વતંત્ર રાજવી હતો. પણ નિહાર બાપુની જીભ આટલા વર્ષે એને 'બાપુ' કહેવા વળે એવો સંભવ નહોતો. ખુદ સજ્જનદેવ પણ એમના તરફ મુરબ્બીભાવથી જોતા. ત્યારે વિજય તો બાળક હતો. એમને મન આજનો ઠાકોર બ્રહ્મપુરીના એક ઝુંપડાનો ભિખારી હતો!

'દાદા! આવા સામાજીક પ્રસંગની ઓથે રાજકીય સંબંધો મજબૂત થઇ શકે અને ભવિષ્યમાં કટોકટીના મામલામાં એ કામ લાગે. કેટલીકવાર તો આવા ખાસ પ્રસંગો કંઇ બહાનું કાઢી ઉભા કરવા પડે છે. વિલ્સન સાહેબ બાપુના સમયમાં સરકારી છાવણીમાં ઉંચા હોદ્દા પર હતા ત્યારે એમની સાથે બાંધેલો સંબંધ આજ કામ

લાગ્યો; નહિતર તમારું રાજ્યારોહણ હજુ બે–ચાર વર્ષ દૂર ઠેલાત !'

'હવે આપણને કોઈની ગરજ કરવાનો પ્રસંગ ક્યાં આવવાનો છે ?' ઠાકોરે કહ્યું.

નિહાર બાણુ એની નાદાની પર હસ્યા અને બોલ્યા: 'એની કલ્પના આજ ન થઈ શકે. સંબંધ જાળવ્યો કોઈ અણીને વખતે જ કામમાં આવે. કોને ખબર, ભાવી કેટલું વિકટ છે ? બાપુના સમયમાં પણ કેટલી યે આંટીઘૂંટીઓ ઉત્પન્ન થતી, અને બધી આમ જ ઉકેલાતી. માણસ કોળિયાનો માર્યો નીચું જૂએ !'

'તો આપને યોગ્ય લાગે એને નોતરો, પણ આ ખર્ચમાં તો કાપકૂપ નહિ થાય. મુજરો અને પ્યાલી વિના ગિરાસિયાનાં લગ્ન ન ઉજવાય. અમારી કોમની એ જાણીતી રસમ છે !' ઠાકોર એની ઝીણી મૂછને વળ દેતા બોલ્યા.

'તમારી કોમની રસમ સાચી ! એમાં ના નહિ !' દાંત પીસી નિહારબાણુ બોલ્યા. નાના ઠાકોરનાં વેણ એને આકરા લાગ્યાં. એ મનમાં બોલી ગયા: 'ભામટાનો છોકરો !' પણ શબ્દો હોઠ બહાર ન નીકળ્યા. એમનું સંયમી મગજ એમને સહનશીલ બનાવી રહ્યું હતું. એટલે 'અમારી કોમ' ઉપર કશી ટીકા ન કરતાં એમણે કડક અવાજે કહ્યું: 'એ સાચું. પણ નાણાં જોઈશે ને ? તિજોરીમાં કોથળીઓ ખાલી પડી છે, દાદા !'

'હાલ થોડું કરજ કરો. પાછળથી ભરી દેવાશે.' ઠાકોરે માર્ગ બતાવ્યો.

'આ રાજ્યને હું કરજવાન સ્થિતિમાં મૂકી જવા ઇચ્છતો

નથી. મારા વહીવટ દરમ્યાન રાજ્યને હું દેવાળિયું ગણાવા દેવા ઇચ્છતો નથી. મારી ઉજ્જવળ પ્રતિષ્ઠાને હું એ રીતે ઝાંખપ લાગવા દેનાર નથી. હું નિવૃત્ત થાઉં, ત્યાર બાદ તમે ફાવે તેમ કરજો!' કહી તે ઉભા થઈ ગયા.

'આપ આપની જ પ્રતિષ્ઠા જાળવવા માગતા હો, તો આજથી જ નિવૃત્ત થઇ શકો છો.' ઠાકોર ગુસ્સે થઈ બોલી ગયા.

નિહાર બાબુના હૃદયમાં કારી ઘા વાગ્યો! તેમના મસ્તક પર જાણે વજ્ર તૂટી પડયું! ઉગીને મોટો થતો અક્કલહીન છોકરો તેના જેવા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ વડીલનો અનાદર કરે, તે તેનાથી સહન ન થયું. 'અત્યારથી જ હું છુટ્ટો છું' કહીને એક પળ પણ વધુ થોભ્યા વિના નિહારબાબુ સીડીનાં પગથિયાં ઉતરી ગયાં.

નિહારબાબુના ગયા પછી ઠાકોરને લાગ્યું કે જરા ઉતાવળ થઈ ગઇ. રાજ્ય સાથે લાંબા સમયથી સંબંધ ધરાવતા અમલદાર સાથે-પિતાના માનીતા સલાહકાર અને મિત્ર સાથે–આ રીતે વર્તન કરવું જોઇતું નહોતું. પણ તેનું યે સ્વાભિમાન ઘવાયું હતું. તે રાજા હતો; હુકમ કરવાનો અધિકારી હતો. નિહારબાબુ દિવાન હતા; પણ પગારદાર નોકર હતા. તેમણે શા માટે આટલી જીદ કરવી જોઇએ? તેમનો ધર્મ સલાહ આપવાનો હતો; આગ્રહ કરવાનો નહિ.

ગર્વથી તેનું ડોકું તેણે ઉંચું ઉછાળ્યું, અને ઉભા થઇ બાજુના ઓરડામાં ગયા. ત્યાં તારાનાથ બેઠો હતો. ઠાકોરને લાગ્યું કે તારાનાથ તેના પિતાના અપમાનથી

ગુસ્સે થયો હશે. મુંઝાતા મને તેણે ઓરડામાં પ્રવેશ કર્યો. પગ મૂકતાં જ તારાનાથ સામે આવ્યો અને ઠાકોરનો ખભો થાબડી બોલ્યો, 'સરસ કર્યું, બાપુ! આપને એ જ શોભે!'

તારાનાથ કટાક્ષ કરી રહ્યો છે, કે સત્ય બોલી રહ્યો છે; મશ્કરી કરી રહ્યો છે, કે અભિનંદન આપી રહ્યો છે—તે પળવાર તો ઠાકોરથી ન સમજાયું. કંઇ બોલ્યા ચાલ્યા વિના સોફા પર તે બેસી ગયા. તેની મુંઝવણ જોઇ તારાનાથ બોલ્યો: 'સારૂં થયું! આપણા માર્ગમાંથી કાંટો ખસી ગયો.'

તેના શબ્દો સાંભળી ઠાકોરને હિંમત આવી. તેણે કહ્યું: 'આ પ્રસંગે ઠીક તો નથી થયું. લગ્ન પ્રસંગ પતી ગયો હોત તો વાંધો નહોતો. તેમની જગ્યા પૂરવા બીજો અનુભવી માણસ પણ આપણી પાસે નથી.'

'અરે! એમાં તે કઈ વિસાત છે, સરકાર! કોઇ ન હોય તો એ કામ હું ઉપાડી લઈશ. આજે જ આપ કામચલાઉ દિવાન તરીકે મારી નિમણુંક જાહેર કરી દો. કાગળ પર મત્તાં મારવા સિવાય તેમને બીજું કામ પણ શું હતું? આગળ ઉપર જોઈ લેવાશે!'

ઠાકોરને આશ્વાસન મળ્યું. તારાનાથ જેવો કાબેલ માણસ તેની સાથમાં હોય, પછી તેને શી ચિંતા?

પણ પ્રજાના મન ઉપર આની બહુ ખરાબ છાપ પડી. લગ્ન પ્રસંગે શહેરમાં હાહાકાર થઇ રહ્યો. નિહાર-બાબુની નિવૃત્તિ અને તારાનાથની નિમણુક પ્રજાના મનમાં ખૂંચી રહી. ઠાકોરના લગ્નમાં પ્રજાને રસ ન રહ્યો.

આ જાહેરાત પ્રગટ થઇ તે જ દિવસે સરિતાએ

કંચનપુરમાં પ્રવેશ કર્યો. હવે શી રીતે કામ લેવું, એની તેને સૂઝ ન પડી. તેનો બિજુદાદા તેને મા તરીકે ઓછો જ સ્વીકારવાનો હતો, કે તેની સલાહ માને ?

નિહારબાબુની યોજના મુજબ આમંત્રણો તો અપાયાં; પણ ઉંચા હોદ્દાના કોઇ સરકારી અમલદારે કે રાજા-મહારાજાએ તેના લગ્નમાં હાજરી ન આપી. ઠાકોર તેમને મન બાળક હતા. દિવાન વિના તેમનું માનભર્યું સન્માન થવાની તેમને ખાત્રી નહોતી.

નાચમુજરા અને છાંટાપાણીની લાલચે એકઠા મળેલ રંગીલા જુવાન મહેમાનો સાથે ઠાકોરે લગ્ન ઉત્સવ ઉજવ્યો. જો કે લગ્નમાં તો તેને પોતાને પણ કંઈ રસ નહોતો. પરણવા ખાતર જ તે પરણ્યા હતા, અને એના રંગરાગમાં હાથે કરીને વિઘ્ન હોમ્યું હતું.

કંચનપુરના એક દરવાજેથી ઠાકોરનો વરઘોડો શહેરમાં પ્રવેશી રહ્યો હતો, ત્યારે બીજે દરવાજેથી નિહારબાબુનો સરસામાન સરકારી છાવણીમાં જઇ રહ્યો હતો. નિહારબાબુ છાવણીમાં પોતાના નવા બંગલામાં રહેવા તે અગાઉ જ પહોંચી ગયા હતા.

પ્રકરણ પંદરમું

—એની ધારણા ઉંધી પડી

સરિતાનો પુત્રમોહ જો કે ઓસરતો જતો હતો અને વાસંતીના વિચારોની એના મન ઉપર અસર થતી જતી હતી, તો પણ પુત્ર પ્રત્યેની મમતાને તો તે તદ્દન દૂર કરી ન શકી. એનો પુત્ર દારુ પીએ, જુગાર ખેલે, વ્યભિચારી બને, કુસંગમાં પડી દેવતુલ્ય દિવાનનું અપમાન કરે—એ બધું તેને અસહ્ય થઈ પડયું. પુત્ર જગતની દૃષ્ટિએ ભલે તેનો ન હોય! પણ તેને જે ઉદરે જન્મ આપ્યો હતો, તે જનની તેને પારકો કેમ ગણી શકે? પુત્રને કુછંદે પડતો તે કેમ જોઈ શકે? તેને આદર્શ રાજવી જોવાના તેને કોડ હતા. એ એને માતા તરીકે ન સ્વીકારે તો પણ તેને આત્મસંતોષ તો જરૂર થાય. ભલે પુત્ર તેને માતા તરીકે ન ઓળખે, છતાં તેની ઉન્નતિ માતાના હૃદયને પ્રફુલ્લ બનાવે.

સરિતા તેજમા તરીકે કંચનપુરમાં આવી, અને તેણે પુત્રના સંસર્ગમાં આવવાનો નિર્ણય કર્યો. પુત્ર હવે મોટો થયો હતો. તેને લાડ લડાવવાની કે તેનું મુખદર્શન કરવાની હવે તેની ઈચ્છા રહી નહોતી. માત્ર મમત્વથી પ્રેરાઈને તેના જીવનને સ્પર્શવાની, તેનું હૃદય-પરિવર્તન કરવાની તેની તમન્ના હતી. રાજા અને રાણી મૃત્યુ પામ્યાં

હતાં. નિહારબાણુ નિવૃત્ત થયા હતા. રાજમહેલનો જૂનો નોકર ગોવિંદ પણ નિહારબાણુ નિવૃત્ત થતાં તેમની ખાનગી નોકરીમાં જોડાયો હતો. રાજદરબારમાં તેને ઓળખનાર એક શોભના જ હતી. પણ શોભના તો ખાનદાન હતી. તેની જૂની સખી હતી. તેની ગુપ્ત વાત તેના હૃદયમાં સંઘરી શકે એવી હતી. સરિતા પ્રત્યે પ્રથમથી જ તેને સહાનુભૂતિ હતી. અને સરિતાએ રાજમહેલ છોડયા પછી પણ તે તેની સાથે થોડો પત્રવ્યવહાર રાખતી હતી. એટલે તેની ગુપ્ત વાત તે જાળવી શકશે એવી સરિતાને શ્રદ્ધા હતી. રાજા-રાણીના અવસાન પછી તેને રાજકાજમાં રસ રહ્યો નહોતો. નિહારબાણુની નિવૃત્તિથી તેને ઘણું દુઃખ થયું હતું, અને ઠાકોરના લગ્ન પછી તરત જ નોકરી છોડી દેવા તેણે નિર્ણય કર્યો હતો. બીજી દાસીઓ સરિતાને તેજબા તરીકે જ ઓળખતી. સરિતાના એકાએક મહેલમાંથી ચાલ્યા જવાનું કારણ એ કોઈ જાણતી નહોતી.

સગીર વહીવટ દરમ્યાન કેટલાંક દાસ-દાસીઓને તેઓ બીનજરુરી લાગવાથી કમી કરવામાં આવ્યાં હતાં. પરંતુ ઠાકોરના રાજ્યારોહણ સાથે તેની ભરતી ફરી ચાલુ થઈ, અને તેમની સાથે સરિતાએ પણ એક વખતની જૂની દાસી તરીકે ફરી સ્થાન મેળવી લીધું અને ઠાકોરના લગ્ન સમયે રાણીવાસનો કબજો મેળવી લીધો. બીજાં દાસ-દાસીઓ તેને ઓળખતાં હતાં, એટલે તેની વચ્ચે પડવાની કોઈની હિમ્મત ચાલી નહિ.

ઠાકોરની ઇચ્છા મુજબ લગ્ન પ્રસંગ ઉજવાયો, અને રાણીવાસમાં કમલકુમારીનાં કુંમકુંમ પગલાં થયાં, ત્યારથી

સરિતા કમલકુમારી સાથે ગાઢ સંપર્કમાં આવવા લાગી; અને થોડા જ વખતમાં નવી રાણીનો વિશ્વાસ સંપાદન કરી ચૂકી.

નવી રાણી ભણેલી અને વિદ્વાન હતી. સરિતામાં ઉચ્ચ કુટુંબના સંસ્કારો હતા, અને ખૂબ વાચનને કારણે તેના વિચારો અને વર્તનમાં ઘણો સુધારો થઇ ગયો હતો; એટલે રાણીને તેનો સહવાસ ગમી ગયો. વળી ઠાકોર તો મોટે ભાગે રંગરાગમાં ડૂબી રહેતો. તેને ગૃહજીવન જેવું કંઇ રહ્યું નહોતું એટલે રાણી અને સરિતા વધુ નિકટતા પ્રાપ્ત કરતાં ગયાં, અને બન્ને વચ્ચે મૈત્રીની ગાંઠ પણ બંધાઇ.

લગ્ન થયાંને હજુ ચાર–છ માસ પણ નહિ વીત્યા હોય, એટલામાં એક દુર્ગમ વિઘ્ન ઠાકોરના સુખી જીવનમાં આવી પડયું. ઠાકોરના રાજ્યારોહણના સમાચાર વિલાયતમાં લ્યુસીને મળી ગયા. ઠાકોરનો પ્રપંચ તે પારખી ગઇ. ન્યુયોર્ક જવાનું બહાનું તેને સમજાઇ ગયું. તેને ઠાકોર અને તારાનાથ પર ભારે ક્રોધ ચડયો. તે તો હજુ સુધી સમૃદ્ધિથી પાછા ફરતા ઠાકોરની રાહ જ જોઇ રહી હતી.

એવામાં હિન્દના એક અંગ્રેજી પત્રની નકલ તેને મળી આવી તે જોતાં જ તે વિફરી. તેમાં ઠાકોરનાં લગ્નનો હેવાલ અને ફોટાઓ છપાયા હતા. એ લંડન છોડી તાબડતોબ હિન્દ આવી પહોંચી.

મુંબઇ આવી તેણે તારથી તેના આગમનના સમાચાર ઠાકોરને જણાવ્યા. તે વાંચતાં જ ઠાકોરના હોશકોશ ઉડી ગયા. તારાનાથ પણ ગભરાયો. બધી બાજી ખુલ્લી થઈ જવાનો તેમને ભય લાગ્યો. આખરે તેને

કંચનપુર આવતી રોકવા માટે તારાનાથ મુંબઇ આવી પહોંચ્યો.

ફોર્ટની એક આલીશાન હૉટલમાં લ્યુસીનો ઉતારો હતો. તેના પત્રના સરનામા પરથી તારાનાથ ત્યાં આવી પહોંચ્યો, અને લ્યુસીની તપાસ કરી. તેનો ઉતારો ત્રીજે દાદરે હતો. લિફ્ટ તેને લઇને ત્રીજે દાદરે આવી. સામે જ લ્યુસીની નં. ૨૦ની ખોલી હતી. તારાનાથે બટન દબાવ્યું. થોડીવારે લ્યુસીએ બારણું ખોલ્યું.

'નમસ્કાર! મિસ લ્યુસી!' તારાનાથે અંગ્રેજીમાં કહ્યું અને ખોલીમાં દાખલ થયો. લ્યુસીએ પણ સામે એવો જ વિનય દર્શાવ્યો અને તેની સાથે હસીને હસ્તધૂનન કર્યું.

'કહો, બિજુદાદાના શા સમાચાર છે? મજામાં ને?' લ્યુસીએ પૂછ્યું.

'હા, જી. છે તો ખુશીમાં.' તારાનાથે અચકાતાં જવાબ આપ્યો. સામાન્ય રીતે તે અંગ્રેજી ઠીક બોલી શકતો. પણ આજે તેના મનની મુંઝવણની અસર તેની ભાષા પર પણ પડતી હતી. તે તેના મનમાં અનેક દાવપેચ ગોઠવી રહ્યો હતો.

'મિ. તારાનાથ!' જરા ગંભીર થઇને લ્યુસીએ કહ્યું: 'તમારા પર ગુસ્સે થવાને મને કારણ છે. તમે લોકો મને બનાવી ગયા, કેમ? ન્યુયૉર્ક જવાનું કહીને તમે હિંદ તરફ નાસી આવ્યા! આ છેતરપીંડી હું ચલાવી લેવાની નથી!'

'આપને તેમ લાગવાને કારણ છે. પરંતુ અમે

ન્યુયૉર્ક રોકાઇ જ શક્યા નથી. બિજુદાદાની તબિયત એકા એક બગડવાથી અમારે સીધું હિન્દ આવવું પડ્યું ! માફ કરજો !' કહીને તારાનાથ ફિક્કું હસ્યો.

'એમ ? હજુ મને બનાવો છો, મિ. તારાનાથ ?' દાંત પીસીને લ્યુસી બોલી.

'ના, જી. ખરૂં કહું છું.' તારાનાથે બચાવ કર્યો. પણ લ્યુસી એટલી સાવધ હતી, કે તેનો બચાવ ચાલી શક્યો નહિ.

'તમે ન્યુયૉર્ક થઇને હિન્દ પચીસ દિવસમાં પહોંચી શકો કે, મિ. તારાનાથ ? તમે લોકોએ હિન્દને કિનારે ક્યારે પગ દીધો તે હું જાણું છું. પણ જવા દો એ વાત. હવે શું કરવા માગો છો ? તમારૂં વચન યાદ છે કે ?'

તારાનાથ એટલું તો કળી ગયો કે લ્યુસી સહેલાઇથી નમતું મૂકશે નહિ. એટલે તેણે નવો દાવ અજમાવ્યો.

'મિસ લ્યુસી ! હકીકત એમ છે કે અમે જરા કફોડી સ્થિતિમાં આવી પડ્યા છીએ. ઠાકોરે આપને વચન આપેલું, પણ અમારા રાજ્યમાં કોઇને તેની જાણ નહિ. એટલે દિવાન સાહેબે એમને પૂછ્યા વિના એમનું લગ્ન કરી નાખ્યું.'

'પણ તેમણે લગ્ન થવા જ કેમ દીધું !'

'તેમને તો ખબર નહિ ! તેઓ તો તે વખતે વિલાયત જ હતા !'

'તેમની ગેરહાજરીમાં લગ્ન કેવી રીતે થઇ શકે ?'

'અમારા લોકોમાં એવો જ રિવાજ છે !'

'એમ ? હજુ મને બનાવો છો ? મિ. તારાનાથ !

આ જુઓ.' કહી તેણે મેજના ખાનામાંથી છાપાંની એક કાપલી કાઢી તારાનાથના હાથમાં મૂકી કહ્યું: 'જુઓ ! આ કોના ફોટા છે ? એમાં કઈ તારીખે લગ્ન થયાંનું લખ્યું છે ? તમે ત્યારે લંડન હતા કે ?' લ્યુસી તેના સામે ઉભી પૂછી રહી.

તારાનાથનો એકેક પાસો આજ પોબાર પડતો નહોતો. તેનું જુઠાણું પકડાઇ જતું હતું. 'મિસ લ્યુસી! તેણે ધીમેથી કહ્યું: આ બધાં તો બ્હાનાં જ છે. ખરી વાત તો એમ છે કે હવે તેઓ તમારી સાથે લગ્ન કરી શકે એ સ્થિતિમાં નથી.'

'કેમ ? તમે હિન્દુઓ તો વધુ સ્ત્રીઓને પરણી શકો છો ! ખાસ કરીને રાજાઓ !'

'એ ખરૂં છે. પણ મારૂં કહેવાનું તમે નથી સમજ્યા. એ લગ્ન કરી શકે એવી એમની શારીરિક સ્થિતિ નથી. તમે સમજ્યા કે ?'

'હં. કંઈ ફિકર નહિ. મારે એમની શારીરિક સ્થિતિ સાથે કશી નિસ્બત નથી !' લ્યુસીએ મક્કમતાપૂર્વક કહ્યું.

'આપ ન સમજ્યા ! શારીરિક રીતે તેઓ લગ્નને લાયક નથી. તે સંસાર ભોગવી શકે તેમ નથી, મિસ લ્યુસી !'

'હું સમજું છું, મિ. તારાનાથ ! બરાબર સમજું છું. પણ મેં કહ્યું ને એવી કશી બાબતો સાથે મને નિસ્બત નથી. તેમની સાથે લગ્ન કરવાનો મારો નિર્ધાર મક્કમ છે.'

'તમે ખોટી જીદ કરો છો. તેથી તમને શો ફાયદો

થવાનો છે? તેના જનાનામાં પુરાઈ રહેવું તમને નહિ ગમે. તમે જો મારી વાત માનો, તો પાંચ–સાત હજાર રૂપિયા હું તમને અપાવી શકું.' તારાનાથે છેવટે લાલચ અજમાવી.

'એંહ! પાંચ–સાત હજાર! છટ્! હું એટલી નાની રકમ માટે આટલે દૂર આવી નથી! હા. પાંચ–સાત લાખની વાત કરો, તો વિચાર કરું!' લ્યુસીએ મોટું મોઢું ફાડયું!

તારાનાથ તો તે સાંભળી આભો જ બની ગયો. 'મિસ લ્યુસી!' તેણે કહ્યું. 'એ તો તદ્દન અશક્ય વાત છે. અમારૂં રાજ્ય તો ઘણું નાનું છે! આટલી મોટી રકમ......'

તેને વચ્ચે જ અટકાવી લ્યુસી બોલી: કંઇ ફિકર નહિ! મારે કંઇ નથી જોઈતું. હું તો લગ્ન જ કરવા માગું છું.'

'પણ............'

'પણ નહિ. હું કંઇ વધુ સાંભળવા ઇચ્છતી નથી. તમે કયારે કંચનપુર જવાના છો?'

'કાલે.'

'સારૂં. હું તમારી સાથે જ આવું છું.'

'મારી એક વાત સાંભળશો?' રડમસ ચહેરે તારાનાથે પૂછયું.

'કહો.'

'તમારી દરખાસ્ત હું બિજુદાદા પાસે મૂકી જોઇશ. એમનો જવાબ મળે ત્યાં સુધી રાહ જોશો?'

થોડી વાર વિચાર કરી લ્યુસીએ તેની વાત સ્વીકારી. કારણ કે જો મોટી રકમ મળી જતી હોય તો લગ્ન કરવાનો તેને આગ્રહ નહોતો.

'વહેલો જવાબ મોકલજો. ઠીક જાઓ. મારે હવે બહાર જવું છે.' એણે કહ્યું. એના શબ્દો તારાનાથને તિક્ષ્ણ બાણ જેવા લાગ્યા. આ છેવટનું અપમાન એને બહુ આકરૂં લાગ્યું. એણે આ સ્થિતિ કલ્પી નહોતી. એણે ધાર્યું હતું કે દસ–બાર હજારમાં પતી જશે. આ વહીવટમાં પોતે પણ પાંચ–દસ હજાર ખાઈ શકશે અને વધુમાં એકાદ રાત લ્યુસી સાથે ગાળી શકાશે, એવી ધારણા રાખી હતી.

પણ એની ધારણા તદ્દન ઉંધી વળી. સખ્ત અપમાન સાથે તેને લ્યુસીની ખોલી છોડવી પડી. તે બહાર નીકળ્યો ત્યારે તેની પાછળ 'ધડાક' બારણું બંધ થયું. તેના હૃદયમાં પણ એવો જ એક ધકાકો થયો.

તે લિફ્ટમાં નીચે ઉતર્યો. લિફ્ટ જાણે તેને ઊંડે ઊંડે લઇ જતી હતી.........પાતાળમાં !

પ્રકરણ સોળમું

—એક કાનેથી બીજા કાને

'**પાંચ**-દસ હજાર એને બાળવા 'તા!'

'એ તો આપને પૂછ્યા વિના પણ કહી જોયું, પણ એ માનતી જ નથી ને!'

'બીજી કોઈ રીતે તું એને સમજાવી ન શક્યો?'

'બધી યુક્તિઓ નિષ્ફળ ગઇ. કોઇ રીતે એ સમજતી નથી.'

'વધુ નાણાં આપીએ તો પણ?'

'વધુ કેટલાં?'

'બે–ચાર હજાર વધારે.'

'એમાં એ નહિ માને.'

'ત્યારે, એને જોઇએ છે કેટલા?'

'મોઢું મોટું ફાડે છે.'

'કેટલા કહે છે?'

'પાંચ–દસ લાખ.'

'હેં?' ઠાકોરનો અવાજ ફાટી ગયો. 'પાંચ–દસ લાખ? એને ખબર છે કે પાંચ–દસ હજાર માટે પણ કરજ કરવું પડે એમ છે, તો પાંચ–દસ લાખ લાવવા ક્યાંથી?'

ઠાકોર અને તારાનાથ ભારે મુંઝવણમાં આવી પડ્યા હતા. કોઇને કંઇ રસ્તો સૂઝતો નહોતો.

ઠાકોરની મુંઝવણ રાણી સમજી ગઇ. નાણાંને અભાવે નાચમુજરા હાલમાં નરમ પડયા હતા; એટલે એ રાણીના સંસર્ગમાં વધુ વખત રહેતા. તેનું મન ઉદ્વેગમાં રહેતું, એ રાણી કળી ગઈ. એણે ઠાકોરને ઘણી પૃચ્છા કરી, વિનવણી કરી; પણ ઠાકોર શું બોલે ?

છેવટે રાણીએ સરિતાની સલાહ માગી. સરિતાએ તપાસ કરી સાચી હકીકત મેળવી આપવા રાણીને ખાત્રી આપી. રાણીને માટે નહિ, પણ પોતાને માટે જ એ બધી તપાસ કરવા ઇચ્છતી હતી. એણે તરત જ પ્રયત્નો શરુ કર્યા.

તારાનાથ બધી વાત જાણતો હોવો જોઇએ, એવું તેણે અનુમાન કર્યું. પરંતુ એની પાસેથી હકીકત મેળવવી શી રીતે, એ જ મુંઝવનારો પ્રશ્ન હતો. તારાનાથની સ્ત્રી ભાગ્યે જ ઘર બહાર નીકળતી. વળી તે તાજેતરમાં જ બંગાળથી આવેલ હોઇને ગૂજરાતી ભાષા જાણતી થઇ નહોતી. એટલે એની સાથે તત્કાળ પરિચયમાં આવવું મુસ્કેલ હતું. વળી તારાનાથ એની સ્ત્રીને કંઇ અંગત વાતો કહેતો હોય એમ માનવાને પણ કશું કારણ નહોતું.

તારાનાથ ઉછાંછળો અને બડાઇખોર હતો. એક વખત વિરાટને માત્ર થોડા જૂના પરિચયને કારણે જ કેટલીક અંગત વાતો એણે કહી નાખી હતી, એની સરિતાને ખબર હતી. વળી તે નોકર વર્ગ સાથે બહુ હળતો મળતો રહેતો. એના નોકરોમાં રાઘવનું સ્થાન ઉંચું હતું. રાઘવ પ્રથમથી જ ખુશામતીઓ અને ખટપટી હતો. જો કે એનો સ્વભાવ એની સ્ત્રી શોભનાને બિલકુલ પસંદ નહોતો; અને તે ઘણીવાર એને શીખામણ આપતી; પણ એ એને ગળે

ઉતરતી નહિ. સજ્જનદેવના વખતમાં રાઘવે પૈસાની લાલચે એના ભત્રીજા પ્રતાપને રાજકુમારીના જન્મ વિષેની હકીકત કહી દીધી હતી, એવો શોભનાને શક હતો; અને પાછળથી એ વાત રાઘવે કબૂલી પણ હતી. આજે એ તારાનાથનો અંગત માણસ થઈ પડયો હતો. અને તેથી એ ઠાકોર અને તારાનાથની મુશ્કેલીનું કારણ સમજતો હશે એવી શોભનાને ખાત્રી હતી. એટલે સરિતાએ પોતાની તપાસમાં શોભનાની મદદ માગી ત્યારે શોભનાએ હકીકત મેળવી આપવાનું એને વચન આપ્યું.

અને એણે એ વચન પાળ્યું પણ ખરૂં. રાઘવને ફોસલાવીને લ્યુસીના આગમનની અને છૂપા કરારની વાત તેણે જાણી લીધી; અને એ સરિતાને કહી.

સરિતાને એ સાંભળી ઘણું દુઃખ થયું. પુત્રની આટલી અધોગતિ થઇ હશે, એની તેને કલ્પના પણ નહોતી. એ તો એના સંગતિદોષને કારણે ઉત્પન્ન થએલી કેટલીક નબળાઈઓને દૂર કરી, એને સુમાર્ગે વાળી, એને પ્રજા-પોષક આદર્શ રાજવી બનાવવા ઇચ્છતી હતી. એના આશામહેલ ધૂળ ચાટતા થઇ ગયા. એના માનસપલટાના વિચારો બાજુએ રાખી, હાલ તુરત તો એને લ્યુસીની જાળમાંથી છોડાવવાનો જ પ્રશ્ન એને ગંભીર લાગ્યો.

એણે જઇને રાણીને બધી વાત કહી. એક દુઃખનાં બે ભાગિયાં થયાં. ઠાકોરને આ વિકટ મુશ્કેલીમાંથી ઉગારવાને બન્ને વિચાર કરી રહ્યાં. એ કાર્યમાં શોભના પણ સામેલ થઇ હતી.

પ્રકરણ સત્તરમું

—રાણી માર્ગ કાઢે છે.

તારાનાથની મુલાકાત પછી આઠ–દસ દિવસમાં લ્યુસીને તેના તરફથી સમાધાન અંગે કશો સંદેશ ન મળ્યો ત્યારે તેની ધીરજ ખૂટી ગઇ. એણે તે પ્રાંતના સરકારી રાજકીય પ્રતિનિધિની જાતે મુલાકાત લઇને તેમની સમક્ષ એક લેખિત નિવેદન અને ઠાકોરના દસ્તાવેજની નકલ રજૂ કરી.

તારાનાથે લ્યુસીને રાજ્યની નબળી સ્થિતિની જે હકીકત કહી, તેના પર લ્યુસીને શ્રદ્ધા ન બેઠી. હિન્દુસ્તાનના દેશી રાજાઓ વિષે એના ખ્યાલો બહુ ઉંચા હતા. આરસના રાજમહેલો, મૉટરોની કતારો, સોનાની અંબા-ડીઓ, અત્તરના હોજ, આલીશાન બગીચાઓ અને વિહાર-ઉપવનો જે રાજાઓને ત્યાં સામાન્ય હોય, તેને પાંચ–દસ લાખ રુપિયા શી વિસાતમાં !

ઠાકોરને એજન્ટનો ધમકી ભર્યો પત્ર મળ્યો, ત્યારે એનાં ગાત્ર ઢીલાં થઇ ગયાં. એને પદભ્રષ્ટ થવાનો ભય લાગ્યો. તારાનાથ પણ કંઈ માર્ગ કાઢી શકયો નહિ. બન્ને ખૂબ ગભરાયાં. સલાહ લેવા યોગ્ય બીજો કોઇ કાબેલ અમલદાર રાજ્યમાં નહોતો. વળી બહારના ગમે તે માણસની પાસે આ વાત પ્રગટ પણ કરી શકાય એવું નહોતું.

ચિંતાના બોજા નીચે દબાયલા ઠાકોરને હવે જલસાઓમાં રસ લેવાનું પણ ભારે થઇ પડયું. એના મુખ પર વિષાદની ગંભીર છાયા છવાઈ ગઇ. વર્ષાઋતુના ઘનઘોર આકાશ જેવું એનું મુખ ઝાંખું અને ગમગીન રહેતું. ચિંતાએ તેની તબિયત પર પણ અસર કરી, અને એને કોઈ કોઈ વખતે તાવ પણ આવી જવા લાગ્યો. પ્રતિષ્ઠા ઉપરાંત રાજ્ય પણ ગુમાવી બેસવાનો એને ભય લાગ્યા કરતો હતો. બીજાં રાજ્ય પાસેથી નાણાં મેળવવાનો તારાનાથે પ્રયાસ કરી જોયો; પણ સરકારની દરમ્યાનગીરી વિના એટલી મોટી રકમ એને ધીરવા કોઇ તૈયાર ન થયું. નાણાં મેળવ્યા પછી એને પાછા ભરપાઇ કરવાની પણ એની શક્તિ નહોતી, એટલે એ માર્ગે પણ અન્તે તો ગાદીત્યાગનો જ પ્રસંગ પ્રાપ્ત થવાનો ભય હતો.

એક રાત્રે મુંઝાએલા ઠાકોર મિજલસનો કાર્યક્રમ રદ કરી રાણીવાસમાં આવ્યા. એની મુખમુદ્રા ગંભીર અને ચિંતાતુર હતી. એની આંખો ભારે થઇ ગઈ હતી. એનું માથું ચક્કર ચક્કર ભમતું હતું. રાણીવાસમાં આવતાં વેંત તે એક સુખાસન પર ધબ્બ દઇને બેસી પડયા.

રાણી એની ચિંતાથી વાકેફ હતી. પરંતુ તે ઠાકોરને પૂરી મુંઝવણમાં મૂકાયા પછી છેવટની લાચાર સ્થિતિમાંથી જ એને ઉગારવા ઇચ્છતી હતી. કારણ કે સામાન્ય મુશ્કેલીથી ઠાકોરની સાન ઠેકાણે નહિ આવે એવું એનું માનવું હતું. અને તેથી જ એની હાલતનો પૂરો ખ્યાલ છતાં એને શિખામણ કે ઠપકો આપવાનો પ્રયાસ એણે હજુ સુધી કર્યો ન હતો; અને ધીરજ રાખી જે થાય તે જોયાં કરતી

હતી. આજે તેને એ તક મળેલી જણાઈ કે જ્યારે હારેલા ઠાકોરને કટાક્ષોથી વિંધીને ઠેકાણે લાવી શકાય.

ઠાકોર સુખાસન પર બેઠા કે તરત જ રાણીએ પૂછ્યું: 'ઓ હો! આજ કંઈ બહુ વહેલા?'

'હા.' ઠાકોરે ટુંકો ઉત્તર વાળ્યો.

'આજના જલસાઓ બંધ રાખ્યા કે શું?' રાણીએ બીજો પ્રશ્ન પૂછ્યો.

'હા.'

'તે તમે આજ હડતાળ પાડી છે, કે નાચનારીઓએ સત્યાગ્રહ કર્યો છે?'

ઠાકોરે જવાબ ન આપ્યો. રાણીની મશ્કરી એને વીંધી રહી હતી.

'કે આજે સૂર્ય બીજી દિશાએ ઊગ્યો?' રાણીએ તેની પાસે આવી પૂછ્યું.

'તબિયત ઠીક નથી.' ટુંકું પતાવવા ઠાકોરે કહ્યું. રાણી સાથે ચર્ચા વધુ લંબાવવાની એની ઇચ્છા નહોતી. પણ એથી કંઈ રાણી એને છોડે એમ નહોતી.

'તબિયત તો ઘણા દિવસ થયાં લથડી છે, નહિ? પંદર–વીસ દિવસ થયાં મન સ્વસ્થ નથી જણાતું. મોઢા પરથી નૂર ઊડી ગયું છે.'

'હા.'

'તબિયત જ લથડી છે, કે કંઈ ઊંડી ચિંતાએ આવરી લીધા છે?'

'તું તો મારો જીવ ખાઈશ!' કંટાળીને ઠાકોરે કહ્યું. 'મને તે શી ચિંતા હોય?'

'રાજાઓને એ જાતની ચિંતા. કાં તો નાચમુજરામાં વિઘ્ન નડ્યું હોય, અથવા તો નવી રાણી પરણવાની ઇચ્છા થઈ હોય !'

'નવી રાણી પરણવા હું ઇચ્છતો જ નથી.'

'એટલે જ ચિંતામાં પડ્યા છો, એમ કહો ને ! એ જ વિઘ્ન છે ને ?'

'એમાં વિઘ્ન શાનું ?' ચમકીને ઠાકોરે પૂછ્યું.

'હા. વિઘ્ન શાનું ? તારાનાથ જેવા કુશળ સલાહકાર છે. તે જરૂર કંઈ માર્ગ કાઢશે.' રાણીએ હળવેથી કહ્યું.

'તું શું કહે છે. એ હું સમજી શકતો નથી.'

'ન સમજી શકતા હો, તો તમારા હૃદયને પૂછો. એ કદી જૂઠું નહિ કહે.'

'તું મને હેરાન કરવા ઇચ્છતી હો, તો હું અહીંથી ચાલ્યો જાઉં !'

'ક્યાં જશો, મુંબઈ ?'

'મુંબઈ શું છે ?' ગભરાઈને ઠાકોરે કહ્યું.

'નવી રાણી હોય !'

'તું નાહક માથાફોડ કરી રહી છે. એકવાર મેં કહ્યું કે હું પરણવા ઇચ્છતો જ નથી !'

'પણ એ ઇચ્છે છે, એનું શું ? આપ ખુશીથી જાઓ, અને જૂનો સંબંધ તાજો કરો. આપે એને પરણવા ઇચ્છવું જોઈએ. ક્ષત્રીવટ શું જગતમાંથી ભૂંસાઈ ગઈ છે, કે આપેલું વચન નહિ પાળો ! જાઓ. હું વચન આપું છું કે તમારા માર્ગ વચ્ચે આવનાર નથી. રાજાઓ તો બે-ચાર-છ રાણીઓ પરણે ત્યારે જ ખરા રાજા ગણાય ! વિલાયતની

વનિતા ભલે ને રાણીવાસનાં સુખ માણે! દેશના લોકો પણ જાણે કે વિદેશીઓ દેશનું ધન વિદેશમાં ખેંચી જાય છે, તો તમે વિદેશની લક્ષ્મી દેશમાં ખેંચી લાવ્યા છો! નાહક પાંચ–દસ લાખનું કરજ કરી એને આપી દેવા શા માટે? અને એવી યુવતી ગુમાવવી શા માટે?' રાણીનું એકેક વાક્ય ઠાકોરનાં અંતરને બાળીને ભસ્મ કરતું હતું. એણે જાણી લીધું કે રાણીએ ગમે તેમ પણ બધી બાતમી મેળવી લીધી છે. એનાથી ગુપ્ત કશું નથી. એની નિર્બળતા અને નિરાધારતા ખુલ્લાં પડી ગયાં.

બે–ત્રણ પળ સુધી એ રાણીના મુખ સામે તાકી રહ્યા, અને પછી એકાએક એને વળગી પડી, એના ખોળામાં માથું નાખી દઈ, બાળક પેઠે હિબકા ભરી રડવા લાગ્યા.

રાણીના અંતરમાં દયા અને પ્રેમની મિશ્ર લાગણીઓ ઉદ્‌ભવી. એણે કટાક્ષો બંધ કર્યા, અને પ્રેમપૂર્વક એના માથા પર હાથ મૂકી કહ્યું: 'નાથ! એમાં રડો છો શું? મેદાનમાં પડયા પછી તો લડયે જ છૂટકો! એવી પરદેશી છોકરીથી ડર્યે થોડો જ આરો આવવાનો છે? સ્વસ્થ થાઓ અને વિચાર કરી માર્ગ કાઢો.'

ઠાકોરને આશ્વાસન મળ્યું. જગતમાં તે એકલો નથી, એવું એને ભાન થયું. આવી સ્નેહાળ પત્નીને તે ઓળખી શકયો નહિ, એનો એને પસ્તાવો થયો. ધીમે રહી એણે માથું ઉંચું કર્યું અને કહ્યું: 'મને તો કશો માર્ગ સૂઝતો નથી.'

'મારું કહ્યું માનશો?'

'શું ?'

'નિહારબાબુની સલાહ લઈએ. એમની જ બુદ્ધિ અને લાગવગ તમને ઉગારી શકશે'

ઠાકોર થોડીવાર વિચારી રહ્યા. પછી કહ્યું: 'નિહાર-બાબુને યાચવા હું જનાર નથી. ગમે તે સંકટ આવી પડે. ગાદી સુદ્ધાં ગુમાવવી પડે, તો પણ એમની પાસે માથું નહિ નમાવાય. એમને શરણે જવા કરતાં હું મોત પસંદ કરૂં.' રાણીને લાગ્યું કે ઠાકોરનું પાણી હજુ ઉતર્યું નથી. પરંતુ સાચી વાત એ નહોતી. એનું અભિમાન તો આ સંકટથી એટલું નીચું ઉતરી ગયું હતું કે તે એક ભિખારી પાસે પણ યાચવા તૈયાર થાય! ખરી વાત તો એ હતી કે નિહારબાબુ પાસે જતાં એને એવડી શરમ થતી હતી. એક, એમને વિના કારણ દૂર કરવા માટે: અને બીજું, વિલાયતના એના કુકર્મની વાત એને સ્વમુખે કરવા માટે એને શરમ થતી હતી.

રાણીએ પૂછ્યું: 'નિહારબાબુને હું જ વિનતિ કરૂં તો?'

'કંચનપુરની મહારાણીની કિંમત શું એટલી હલકી છે?'

'મહારાજાથી તો ઓછી જ ને!'

રાણીએ આ વાક્ય કટાક્ષ રૂપે કહ્યું કે સરલ ભાવે એ ઠાકોર સમજી ન શકયા. એણે કશો ઉત્તર ન આપ્યો. રાણીએ કહ્યું:

'બીજો માર્ગ કાઢું. અંતઃપુરમાં તેજબા નામની એક દાસી છે. ભારે ચપળ અને ખાનદાન છે. ગુપ્તતા પણ જાળવી શકે એવી છે. નિહારબાબુના સમયમાં એ

નિમાયેલી, એટલે એમની સાથે સારો પરિચય છે. એને ત્યાં મોકલીએ. તમે એને મોકલી છે, એ રીતે નહિ; પણ પોતે આપણા હિતેચ્છુ તરીકે પોતાની મેળે એમને મળે એ રીતે. એ બધું ઠીક કરી દેશે. તમને વાંધો ન હોય તો હું એને સમજાવીને મોકલું.'

રાણીની આ દરખાસ્તને ઠાકોર સંમત થયા. એની મુંઝવણમાં સાથ આપનાર રાણી પ્રત્યે એને માન અને લાગણી ઉત્પન્ન થયાં. આજના પ્રસંગે એમના મન ઉપરથી ઘણો ભાર ઓછો કરી નાખ્યો. જીવનમાં આજ પહેલી વખત જ એણે ગૃહજીવન જોયું. આજની રાત રાણીની મીઠી છાયા નીચે એણે શાન્તિપૂર્વક હળવા હૃદયે નિશ્ચિંત મને પસાર કરી.

પ્રકરણ અઢારમું
—કોણ ઉગર્યું ? લ્યુસી કે ઠાકોર !

લ્યુસી હિંદમાં પહેલી જ વાર આવી હતી. એને મુંબઈમાં બીજા અંગ્રેજો સાથે કશો ખાસ સંબંધ કે પરિચય નહોતો; એટલે વખત પસાર કરવા તે અંગ્રેજ સહેલાણીઓના આનંદમંડળો અને નૃત્યગૃહોમાં જોડાઈ હતી. કોઈવાર યુરોપીય ઉપાહારગૃહોની પણ મુલાકાત લેતી. પરંતુ તેની સ્થિતિ બહુ સમૃદ્ધ તો નહોતી જ; તેમ જ એનો તરત જ આરો આવે એમ એને લાગતું નહોતું. એણે પ્રથમ તો માન્યું હતું કે બિજુદાદા એની સાથે લગ્ન કરશે જ; કારણ કે એની પાસે લેખિત દસ્તાવેજ હતો. વળી બિજુદાદાને એના પ્રત્યે ખૂબ મોહ હતો. પણ એ બધાં પાણી ઓસરી ગયાનું રહસ્ય તો તારાનાથની મુલાકાત પછી જ એ પામી શકી. એણે આ બાબત એજન્સીમાં લખાણ કર્યું હતું. પણ તુમારે ચડેલ બાબતનો કંઈ તરતમાં નિકાલ ઓછો જ થાય ? એણે માન્યું હતું કે બિજુદાદા એનો તાર મળતાં મુંબઈ દોડી આવશે; એટલે એણે કંચનપુરની ભાવી મહારાણી તરીકે શહેરની ભવ્ય હોટેલમાં મોટે ખર્ચે રહેવાનું શરૂ કર્યું હતું. હવે એની ધીરજ ખૂટી ગઈ. વધુ ખર્ચાળ રીતે લાંબો વખત રહેવાનું અશક્ય જણાયું. એટલે તેણે વાલકેશ્વર પર એક નાનો

બંગલો સામાન્ય ભાડાથી લઇને ત્યાં રહેવાનું શરૂ કર્યું.

ત્યાર બાદ તેણે આનંદ મંડળો અને નૃત્યગૃહોનો માર્ગ પણ ત્યજી દીધો અને પાડોશીઓના પરિચયમાં આવવાનું ધાર્યું. એટલામાં કોઇ અંગ્રેજોનાં નિવાસસ્થાનો તો નહોતાં, પણ એ સમૃદ્ધ લત્તામાં કેટલાક દેશી ગૃહસ્થો વસતા. લ્યુસીને આ નિવૃત્ત સમય દરમ્યાન દેશીઓના પરિચયમાં આવીને તેમના રીતરિવાજ, માનસ અને ઇતિહાસનો અભ્યાસ કરવાનું મન થયું.

પાસેના જ બંગલામાં હમણાં નવા વસાહતીઓ રહેવા આવ્યા હતા. એમાં એક ગુજરાતી વૃદ્ધ ગૃહસ્થ અને તેની પુત્રી બે જણા વસતાં હતાં. લ્યુસી પોતાના બંગલાની બારીમાંથી એમના ફળિયામાં જોઇ શકતી. પિતા–પુત્રી બન્ને ખૂબ આનંદમાં રહેતાં; કોઇ વાર બગીચામાં બેસી ઉપાહાર લેતાં, તો કોઇ વાર સાથે ફરવા પણ જતાં. કંઇ કંઇ બહાનાંઓ કાઢી લ્યુસીએ એમની સાથે પરિચય સાધ્યો. પાડોશીઓ ખૂબ મળતાવડા સ્વભાવના હતા, એટલે એ પરિચય ખૂબ વધ્યો. કોઇ કોઇવાર બધાં સાથે ભોજન લેતાં. ચીજ વસ્તુની આપ-લે પણ કરતાં.

વખત પસાર કરવા તેણે બજારમાંથી બે-ચાર પુસ્તકો ખરીદ કરેલાં, તે વંચાઇ ગયાં. એટલે વધુ પુસ્તકો ખરીદ કરવા તે બહાર નીકળી. દરવાજામાં જ પાડોશી ગૃહસ્થ મળ્યા.

'કેમ, બે-ત્રણ દિવસથી દેખાતાં નથી ?'

'હમણાં વાંચવામાં પડી હતી. આજે પુસ્તકો વંચાઇ ગયાં. બીજાં ખરીદવા જાઉં છું.'

'તમને વાચનનો ઠીક શોખ લાગે છે!'

'હા, જી. વખત પણ પસાર થાય છે.'

'અમારે ત્યાં થોડાં અંગ્રેજી પુસ્તકો છે. જોઇએ તો લઇ જજો. અમારૂં પુસ્તકાલય જોયું છે?'

'ના, જી.'

'તો ચાલો, બતાવું. છે તો નાનું, પણ ઉપયોગી—ખાસ કરીને અભ્યાસનાં—પુસ્તકો છે. બીજાં ગૂજરાતી નવલકથા વગેરે હળવાં સાહિત્યનાં છે, એ મારી દીકરી વાંચે છે. એ અંગ્રેજી નથી જાણતી ને!'

લ્યુસી એમના બંગલામાં ગઇ, અને પુસ્તકાલય જોયું. વૃદ્ધ ગૃહસ્થે ખાનામાંથી એક પુસ્તક કાઢી આપી કહ્યું: 'તમને હિંદ વિષે અભ્યાસ કરવાનું બહુ ગમે છે, નહિ? આ પુસ્તકનું નામ—'બ્રિટિશ શાહીવાદ નીચે દેશી રાજાઓ'. માફ કરજો. તમારી અંગ્રેજ પ્રજા ઘર આંગણે પ્રજાતંત્ર ભોગવે છે, ત્યારે અહીં હિંદની ગુલામી કાયમ રાખવાનું યોગ્ય ધારે છે, એટલું જ નહિ પણ અમારે ત્યાં જે ગમાર, વિલાસી અને જુલ્મી દેશી રાજાઓ આપખુદ વહીવટ ચલાવી રહ્યા છે, તેમને નભાવ્યે જાય છે! અરે! એમને તમારી સરકાર થાબડે છે અને એના જુલ્મી વહીવટમાં સહકાર પણ આપે છે! તમારાં છાપાં મારફત તમે જે નથી જાણી શકતા તે—સાચી બિના—આ પુસ્તક મારફત તમે જાણી શકશો.'

લ્યુસી પુસ્તક લઇ ગઇ. એને તો આખો દિવસ ફુરસદ જ હતી. ત્રણ દિવસમાં એણે એ વાંચીને પૂરૂં કર્યું.

ચોથે દિવસે પુસ્તક બદલાવવા લ્યુસી આવી.

'કેમ ગમ્યું કે?'

'હા. ઘણું સરસ! તમારા દેશી રાજાઓની ખરેખર આવી જ સ્થિતિ છે? આવો જ આપખૂદ વહીવટ છે?' લ્યુસીએ પુસ્તક પાછું આપતાં પૂછ્યું.

'હા. એથી પણ વધુ ખરાબ! એમાં તો ઘણી ઓછી માહિતી આપવામાં આવી છે. કારણ કે અમારે ત્યાં રાજાઓના રક્ષણનો એક કાયદો તમારી સરકારે મંજુર કર્યો છે; અને આ કાયદાને નામે રાજાઓ વિરૂદ્ધનાં સામાન્ય લખાણો પણ જપ્ત કરવામાં આવે છે. અહીંના પ્રકાશકો એના ભયથી ઘણી સત્ય બાબતો કડક રીતે પ્રગટ કરી શકતા નથી. આ પુસ્તકમાં સામાન્ય ત્રાસ અને ગેરવહીવટની વિગતો આપેલી છે. એમનાં વ્યક્તિગત જીવન તપાસવા બેસીએ, તો વાંચીને કમકમાટી ઉપજે.'

'પણ, કંઈ બધા જ રાજાઓ એવા હશે?' લ્યુસીએ પૂછ્યું. તે વિજયસિંહ વિષે કંઈ જાણવા માગતી હતી.

'ભાગ્યે જ કોઇ રાજા ઓછો ખરાબ હશે. એમનું અંગત જીવન ભારે તિરસ્કાર પાત્ર હોય છે. કૌટુંબિક જીવન જેવું તો એમને કંઇ હોતું નથી. રાજાને પત્નીનો કે પુત્રનો પણ વિશ્વાસ હોતો નથી. અનીતિ, વ્યભિચાર અને બેવફાઇની તો હદ જ નહિ. એકેક રાજા બબ્બે–ચચ્ચાર રાણીઓ પરણે અને છતાં નિશાચરની પેઠે રઝળે, અથવા બંગલામાં વેશ્યાઓને બોલાવે!'

'હેં?' લ્યુસી આશ્ચર્ય પામતી બોલીઃ 'કાયદો એમને ન અટકાવે?'

'કાયદો? હેં હેં હેં હેં!' હસીને ગૃહસ્થ બોલ્યા. એકથી માંડીને એક હજાર રાણીઓ પરણવાને અને ગમે તેટલી રખાતો રાખવાને અમારો સામાજીક કાયદો એમને છૂટ આપે છે; અને એક પત્નીવ્રતમાં માનનારા તમારા બ્રિટિશ રાજકર્તાઓએ એ કાયદો મંજુર રાખ્યો છે!'

'અને ઉપરાંતમાં અનીતિ અને વ્યભિચાર!'

'હા. પોતાની હદમાં રાજાઓ સર્વસત્તાધીશ છે. રાજ્યનો કાયદો એમને સ્પર્શી શકતો નથી. એમને કોઇ અટકાવનાર હોતું નથી. કોઈ માથું કાઢે તો એ માથું ધડ પર સલામત ન રહે!'

'શું કહો છો? આવું અંધેર!' લ્યુસીના મનમાં ભારે મુંઝવણ થઈ રહી હતી. એણે કંચનપુરના રાજાની રાણી થવાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં, અને એ માટે પ્રયાસ પણ ચાલુ હતો.

'શું, રાણી થઇને આ દશા ભોગવવાની?' એ વિચારી રહી. એણે તો અત્તરના કુંડોમાં સ્નાન કરવાની, હોડીઓમાં સહેલ કરવાની, ઉપાહાર ગૃહોમાં મોજ માણવાની અને યથેચ્છ નૃત્ય અને નાટયમાં ભાગ લેવાની આશા રાખી હતી.

'હા. બધે જ એવું અંધેર!' લ્યુસીને વિચારમાં પડેલી જોઇ ગૃહસ્થ બોલ્યા: 'દૂર કયાં જઇએ? અમારા જ ગામના દરબાર એનો નમૂનો પૂરો પાડે છે!'

'તમારા ગામના દરબાર?' ઉત્સુકતાપૂર્વક લ્યુસીએ પૂછ્યું. 'એ કોણ?' ઉત્તર સાંભળવાને એ અધિરી બની ગઈ. એના મનમાં થયું: 'બિજુદાદા તો ન હોય!'

'એમનું નામ વિજયસિંહ. કંચનપુરના ઠાકોર.'

'બિજુદાદા તો નહિ?'

'હા. એ જ. તમે ક્યાંથી ઓળખો?'

'વિલાયત આવેલા ત્યારે સ્હેજ પરિચય થયો હતો. ભારે મોજીલા છે.!'

'માત્ર મોજીલા નહિ! બધી વાતે પૂરા!'

'એ તો પરણેલા છે, નહિ?

'હા, જી. અને હજુ કેટલીયે વાર પરણશે.'

લ્યુસીને મુંઝવણમાં મૂકી એ આગળ બોલ્યા: 'જુઓ, આ બીજું પુસ્તક. 'એક મહારાણીની કથની' સાચી બનેલી બિના છે! એ વાંચી જજો. મહારાણીઓને એવાં દુઃખો તો સામાન્ય છે. બંગલાના બંધ વાતાવરણમાં પૂરાઈ રહેવું; પડદો રાખવો; નશીબદાર હોય તો કોઈ કોઈવાર પતિનાં દર્શન પામવાં; નહિતર ખૂણે બેસી ભગવાનનું ભજન કરવું! વરસે વરસે રાજા નવી રાણીઓ લાવ્યાં કરે એનાં દર્શન કરી પાવન થવું અને ખટપટો કરવી. એ રાણીવાસ કરતાં કારાવાસ જ ભલો!'

લ્યુસીના મુખ પરના બદલાતા ભાવો વૃદ્ધ ગૃહસ્થ ટીકી ટીકીને નિહાળી રહ્યા. પોતાનાં વચનોની અસર જોવા તે પ્રયાસ કરતા હતા.

લ્યુસીએ ઊંડો નિશ્વાસ મૂક્યો. એ હજુ સુધી બિજુદાદાને પરણી ન શકી, એથી પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગી.

'રાણીઓ દરબારને કંઈ કહે નહિ?'

'કહેવા જાય, તો બે ગાળો અને બે તમાચા ખાવા

પડે; અને પરિણામમાં શૂન્ય!'

'તો છૂટાછેડા કરે!'

'અમારે ત્યાં છૂટાછેડાનો કાયદો જ નથી!'

'એ તો નરી ગુલામી!'

'હા. અમારા પુરાણા શાસ્ત્રોએ એમ જ કહ્યું છે કે સ્ત્રી સ્વાતંત્ર્યને લાયક નથી. અને તમારી સુધરેલી કહેવાતી સરકારે એ બધું મંજુર રાખ્યું છે.'

'નવાઇ જેવી વાત ને!' લ્યુસીને નવાઇ તો લાગી એટલું જ નહિ પણ સરકાર પર જરા ગુસ્સો પણ ચડ્યો. બીજું બધું તો ઠીક, પણ સરકાર આવી જંગાલિયત પણ ચલાવી લ્યે છે, એ એને ન ગમ્યું.

છેવટે પુસ્તક લઈ એ ઘેર ગઇ.

આખી રાત જાગી એણે પુસ્તક પૂરૂં કર્યું. બીજી સવારે એણે સર વિલ્યમ વિલ્સનને પત્ર લખી પોતાની માગણીઓ પાછી ખેંચી લીધી. સાહેબના મંત્રીએ આનું કારણ સમજવા પ્રયાસ કર્યો; પણ લ્યુસીએ કશો જવાબ ન આપ્યો.

'સદ્‌ગૃહસ્થ! તમારો આભાર!' લ્યુસીએ પુસ્તક પાછું આપતાં કહ્યું. 'તમે આ બધું મને ન કહ્યું હોત તો, ન વંચાવ્યું હોત તો, મને બહુ નૂકશાન થાત.'

'કેમ, તમારે એથી શું?'

'હું એવા એક દરબારને પરણવા ઇચ્છતી હતી. તમારો કેટલો ઉપકાર માનું? તમે મારી આંખ ઉઘાડી ન હોત, તો મારૂં શું થાત?' લ્યુસી એ ગૃહસ્થ તરફ દયા અને આભારની લાગણીથી જોઇ રહી

'જુઓ આ કરારનામું !' કહી તેણે વિજયસિંહની સહીવાળો અસલ પત્ર બતાવ્યો.

'અરે! આ તો અમારા જ દરબાર!' સહી વાંચી ગૃહસ્થ બોલ્યા.

'હા. મને આવી ખબર હોત તો ફોગટ અહીં સુધીનો ધક્કો ન ખાત !'

'સૌ સારું, જેનું છેવટ સારું !' કહી ગૃહસ્થ લાક્ષણિક રીતે હસ્યા, અને કરારનામું એના હાથમાં પાછું આપ્યું.

'હવે આને શું કરું? ફેંકી દો.' કહી લ્યુસીએ એનો ડૂચો વાળી બારીમાંથી બગીચામાં ફેંકી દીધું.

થોડી વાત કરી લ્યુસી ઘેર ગઈ. ગૃહસ્થ ઊઠીને બગીચામાં ગયા, અને કરારનામાનો પત્ર પાછો લઇ આવી એની પુત્રીને બતાવી કહ્યું: 'સરિતા! આ જરૂરી પત્ર છે. એ તારી પાસે રાખ!'

'આ તો બિજુદાદાની સહીવાળું કરારનામું!'

'હા. લ્યુસીએ પોતાનો નિર્ણય ફેરવ્યો છે. આ એણે બગીચામાં ફેંકી દીધું હતું.'

'હું એને શું કરું, નિહારબાબુ!'

'કોઈ વસ્તુ નકામી નથી જતી. ભવિષ્યમાં કામ લાગે.'

સરિતાએ નિહારબાબુના હાથમાંથી પત્ર લઇ લીધો.

બીજે દિવસે લ્યુસીએ જાણ્યું કે આ નવા વસાહતીઓ બંગલો ખાલી કરી ચાલ્યાં ગયાં હતાં. તેઓ આમ અચાનક કેમ ચાલ્યાં ગયાં, એની પાછળનો ભેદ એ સમજી શકી નહિ. એણે પણ પોતાનો સામાન બાંધવા માંડયો.

પ્રકરણ ઓગણીસમું

—તારાનાથ એ તારાનાથ!

મુંબઈથી પાછા ફર્યા પછી સરિતાએ રાણી કમલકુમારીને અક્ષરશઃ બધી હકીકત કહી સંભળાવી અને દસ્તાવેજ એના હાથમાં મૂક્યો. કમલકુમારી નિહારબાળુની બુદ્ધિ અને સરિતાના સેવાભાવ પર ખુશ થઈ.

ઠાકોરને માટે જે પ્રયાસ થઈ રહ્યો હતો તેની તેને સહેજ પણ માહિતી નહોતી. ભાવિ આફતના વિચારોમાં એ હંમેશ ગરકાવ રહેતા. એવામાં એને સર વિલ્સનનો પત્ર મળ્યો:

'કંચનપુર રાજ્યના ઠાકોર શ્રી વિજયસિંહજીને આથી જણાવવામાં આવે છે કે તેઓ નામદારે કરેલી ભૂલ પ્રથમ વખતની ભૂલ હોઈને, અને તેઓ નામદાર હજુ યુવાન વયમાંથી જ પસાર થતા હોઈને, તેમ જ તેઓ નામદાર તાજેતરમાં જ ગાદીનશીન થયા હોઈને નામદાર સરકાર તેમને ઉદાર ભાવે ક્ષમા આપે છે, અને ભવિષ્યમાં સારી રીતે રાજવહીટ ચલાવવા તાકીદ આપે છે.'

સાથે એના મંત્રીએ અંગત ચિઠ્ઠીમાં લખ્યું હતું કે જેને અન્યાય થયો છે, તે કુ. લ્યુસીને તેમણે યોગ્ય બદલો આપવો અને તા. ૭ રવિવારે ના. વિલ્સન સાહેબને રૂબરૂ મળી જવું.

એમ આ મહાન આફતમાંથી પાર ઉતર્યાથી એનો જીવ હેઠો બેઠો.

સાંજે રાણીવાસમાં ઉત્સાહભેર પગ મૂકતાં એણે કમલકુમારીને કહ્યું: 'વિલ્સન સાહેબે કૃપા કરી.'

'એ કૃપા શું કરે?'

'ત્યારે?'

'નિહારબાબુ અને તેજબાની મહેનત ફળી. પગ પૂજો એ બન્નેના કે આફતમાંથી ઉગાર્યા.' રાણીએ કહ્યું.

'એમણે શું કર્યું?'

'જુઓ, આ કર્યું!' કહી રાણીએ દસ્તાવેજ એમના હાથમાં મૂક્યો. ઠાકોરે એ વાંચીને પાછો આપ્યો.

'છે ને, એ જ દસ્તાવેજ, અને એ જ સહી?'

'હા. એ એક પીડામાંથી તો ઉગર્યા.'

'બીજી કાઇ પીડા બાકી છે?'

'હા. સાહેબના રાજકીય મંત્રીની આ ચિઠ્ઠી છે.' કહીને ઠાકોરે પત્ર રાણીના હાથમાં મૂક્યો. રાણીની કુશળતા અને લાગણી માટે એમને ભારે શ્રદ્ધા બેઠી હતી.

'અંહ! એમાં મુંઝાવાનું શું છે?'

'લ્યુસીને બદલો આપવાનો છે. બદલો એટલે પૈસા. એ ક્યાંથી આપવા?'

'પૈસા નહિ આપવા પડે.'

'કેમ! આ પત્રની અવગણના કરી શકાય?'

'તમે એમ લખી નાખજો કે લ્યુસીને સંતાપ આપ્યો છે.'

'પણ લ્યુસી ના પાડશે તો?'

લ્યુસી વિલાયતને માર્ગે પડી છે. નિહારબાબુ બધું કામ પૂરું કરીને આવ્યા છે. હવે આ બાબતમાં કશું કરવાનું રહેતું નથી.' કહી રાણીએ બધી વાત ટુંકામાં સમજાવી અને કહ્યું: 'વિલ્સન સાહેબને રવિવારે મળી આવજો અને એમનો ઉપકાર માનજો એટલે એ ખુશ થઈ જશે. તમારા જન્મ દિવસની મિજલસ માટે એમને આગ્રહપૂર્વક આમંત્રણ આપતા આવજો, એટલે બસ થશે.'

રાણીની યોજનાથી ઠાકોર ખુશી થયા. તારાનાથ ઉપર એને વિશ્વાસ હતો; પણ એનામાં રાણી જેટલી બુદ્ધિ નહોતી. એનું એને ભાન થયું.

છતાં તારાનાથ એ તારાનાથ! એનું કામ તે કંઇ રાણીથા થઈ શકે? પ્રજાને ચુસીને, દબાવીને, ડરાવીને નાણાં મેળવવાં, મિજલસો યોજવી, રોજ નવી નવી નર્તિકાઓ અને વેશ્યાઓને હાજર કરવી અને પીણામાં સાથ આપવો. આ બધું તારાનાથ જ કરી શકે. તારાનાથ તે તારાનાથ!

દાસીએ ખબર આપ્યા કે તારાનાથ આવ્યા છે, અને તેમની રાહ જુએ છે. રાણી પાસેથી વિદાય લઇ ઠાકોર તારાનાથ પાસે ગયા.

તારાનાથમાં એને શ્રદ્ધા રહી ન હોત, તો ઠાકોરના ભાવિ રાજ્યવહીવટમાં અનેરા પ્રસંગો કયાંથી બનવા પામત! એનું અને તારાનાથનું ભાવિ જે રીતે સર્જાયું હતું એ રીતે કયાંથી બનત? એના વિના ઠાકોરના ભાવિ જીવનમાં નવા રંગો કયાંથી પૂરાત!

ઠાકોર અને તારાનાથનું જીવન એક હતું. બન્ને

એક જ શ્વાસે જીવતા. બન્નેની છાતીમાં એક જ હૃદય ધબકતું. તારાનાથના હાથમાં એવી અકળ ચાવી હતી કે ઠાકોર એના કબજામાંથી છટકી શકે એમ નહોતા.

ઠાકોરને રાણી પર પ્રેમ હતો; તેની લાગણી અને કુશળતાથી એ મહાત થયા હતા ! છતાં એ ઠાકોરને તારાનાથની સંગતથી દૂર કરી શકે એમ નહોતું. ઠાકોર અને તારાનાથને વિખૂટા પાડવાનું એમ છતાં પણ શક્ય નહોતું બન્યું.

તારાનાથ એના જીવનની શરુઆતથી એનો સાથી હતો. વિલાયતના વિલાસોનો એ સોબતી હતો. એનાં અનેક કુકર્મોનો એ સાક્ષી હતો. તારાનાથ વિના ઠાકોર રહી શકે એમ નહોતા. ગમે તેવો પણ તારાનાથ એ તારાનાથ !

પ્રકરણ વીસમું

—નિહાર બાબુની વિદાય

નિહાર બાબુના જીવનમાં એક જ દુઃખ રહી જતું હતું; અને તે તારાનાથની અધમ બનતી જતી દશાનું. એના પર એને જે ઉંડી લાગણીઓ શૈશવ કાળમાં હતી, એ બધી નાશ પામી હતી, અને એના પર નિહાર બાબુની આંખમાંથી તિરસ્કાર છૂટતો. તારાનાથ એમનો એકનો એક પુત્ર હતો. એને માટે એમણે જે મોટી મોટી આશાઓ બાંધી હતી, એ બધી નિષ્ફળ નીવડી હતી. ઠાકોરને એ ગેરરસ્તે દોરી જતો હતો, એનું એમને ભારે દુઃખ હતું. પણ એ પિતાની સલાહ સાંભળવાને પણ તૈયાર નહોતો. વિલાયતથી પાછો ફર્યા પછી એ એટલો મનસ્વી અને ઉદ્ધત થઈ ગયો હતો, કે એની સાથે વાત કરવાનું પણ નિહાર બાબુને રુચતું નહિ.

અને એટલા જ માટે એમણે કંચનપુર છોડી છાવણીમાં નિવાસ કર્યો હતો. એના ગેરવહીવટની ટીકાઓ નિહાર બાબુ પોતાના મિત્રોને મુખેથી સાંભળતાં ઘણો ખેદ પામતા. પરંતુ હવે એ પુત્ર એમના હાથમાં નહોતો રહ્યો. એના સુધરવાની એમણે આશા મૂકી દીધી હતી.

એમણે લગભગ વાનપ્રસ્થ જીવન ગાળવા માંડ્યું હતું. પુત્રની ચિંતા છોડી દેવાનો એ પ્રયાસ કરતા; અને લગભગ

એ પોતાની એ ધારણામાં સફળ થયા હતા. પરંતુ સરિતાના પુત્રને માતાથી વિખુટો પાડવાનું — વેચાવવાનું — એનું કાર્ય એના હૃદયને ડંખતું હતું. આ પાપ કર્યા પછી પણ એનું ધાર્યું પરિણામ આવ્યું નહોતું. ઠાકોરમાં સજ્જનદેવનું એક પણ સુલક્ષણ ઉતર્યું નહોતું.

ઠાકોર પર પણ એને જરા યે લાગણી નહોતી રહી. માત્ર સરિતાની ઇચ્છા ખાતર — માતાના પક્ષપાતી સ્નેહને ખાતર — એમણે લ્યુસી — પ્રકરણ હાથ ધર્યું હતું.

સરિતા પ્રત્યે એમને પૂર્ણ ભાવ હતો. એને એ પુત્રી પેઠે જ રાખતા આવ્યા હતા, અને છેવટે એની સાથે મુંબઈમાં વાલકેશ્વર પરના પોતાના જૂના બંગલામાં પિતા તરીકે રહ્યા પછી, એ એના ખરેખરા પિતા બન્યા હતા!

છાવણીમાં રહીને ઠાકોર અને તારાનાથનાં કુકર્મો જોવાં — સાંભળવાં, પ્રજાપીડન જોવું, એ એમને માટે અશક્ય બન્યું અને તેથી પૂરી નિવૃત્તિ ગાળવા, સરિતાની રજા લઈ, એ કંચનપુરને છેલ્લા રામ રામ કરી પોતાને વતન કલકત્તા જવા ઉપડ્યા.

એક જ ગાડીના પહેલા વર્ગના જૂદા જૂદા ડબ્બાઓમાં નિહાર બાબુ અને વિજયસિંહ પ્રવાસ કરી રહ્યા હતા. નિહાર બાબુ કલકત્તા જતા હતા; વિજયસિંહ વિલ્સન સાહેબને મળવા જતા હતા!

એમાં શું !

તૃતીય ખંડ

પ્રકરણ ૧ લું

—પ્રમથ અને વાસંતી

સુરિતાના ગયા પછી પ્રમથ વાસંતી સાથે જ રહેવા લાગ્યો. એમણે સરિતાના વખતનું મોટું મકાન છોડી દીધું, અને બધું કિંમતી રાચરચીલું પણ વેચી નાખ્યું. બન્ને એક સામાન્ય ભાડાની બેવડી ખોલીમાં રહેતાં, એટલે એમની નાની ઉપજમાંથી બન્નેનું લગભગ પૂરું થઈ રહેતું. જો કે કોઈ કોઈ વાર તેઓ નાણાંની ખેંચમાં આવી પડતાં; છતાં સરિતાની મૂડીમાંથી પોતાને માટે એક પાઈ પણ ન વાપરવાની લીધેલી પ્રતિજ્ઞા વાસંતીએ બરાબર પાળી હતી.

પ્રમથ અને વાસંતી બન્ને નવયુવાન હતાં. તેમના જીવનની વસંત હજુ ખીલતી જતી હતી. છતાં લગ્નજીવનના વિચારોને તેમના મનમાં હજુ સ્થાન મળ્યું નહોતું. યુવાનીની વિકારી વૃત્તિઓ તેમના હૃદય પર સામ્રાજ્ય જમાવી શકી નહોતી.

બન્ને એક જ મકાનમાં રહેતાં. આગળ પાછળ બે નાના ખંડ હતા. અંદરના ખંડમાં રસોડું રાખ્યું હતું અને રાત્રે તેને બરાબર સાફ કરી, વાસંતી એને પોતાના શયનગૃહ તરીકે ઉપયોગમાં લેતી. આગળના ખંડમાં બેઠક કરી હતી, અને ત્યાં પ્રમથે સુવાનું રાખેલું.

એક તો યુવાની અને વળી એકાંત. એટલે સાથે રહેતાં બન્નેને ક્ષોભ થતો. તેમની અડગતા ડગી જવાનો

બન્નેને ભય રહેતો. અને તેથી બન્ને બહુ જ સાવધ રહેતાં. બન્નેને પરસ્પરના ચારિત્ર્ય માટે ઉંચા અભિપ્રાયો હતા. બન્ને વચ્ચે સ્નેહની ગાંઠ અદૃશ્ય રીતે મજબૂત થતી ચાલી હતી. પરંતુ તેમણે કદી પ્રેમની કે લગ્નની વાત સુદ્ધાં ચર્ચી ન હતી. સમાજને દૃષ્ટાંતરુપ બનવા ઉજ્જવળ ચારિત્ર્ય રાખવું જોઈએ, એમ તેઓ બન્ને માનતા; અને તેથી શૃંગારિક વાર્તાલાપને એમની ચર્ચામાં સ્થાન રહેવા દીધું નહોતું. પ્રેમ, લગ્ન, જીવન, રસિકતા વગેરે વિષયો પર કદાચ ચર્ચા નીકળે તો પણ એ સામાન્ય ચર્ચા રુપે જ રહેતાં. એનો અંગત જીવન સાથે કદી સંબંધ યોજતાં નહિ.

તેમનું ચારિત્ર્ય નિષ્કલંક હોવા છતાં પણ માળાના રહેવાશીઓમાં તેઓ ખાનગી ચર્ચાનાં પાત્રો બન્યાં હતાં. પરંતુ તેમને લોકોની એ ચર્ચાની કંઈ પડી નહોતી. પાડોશીઓ તેમના વિષે શો અભિપ્રાય ધરાવે છે, એ જાણવાને તેઓ જરા પણ ઉત્સુક રહેતા નહિ. જો કે કર્ણોપકર્ણ તેમને માહિતી મળી ચૂકી હતી કે માળાના કેટલાક લોકો તેમના વર્તન સંબંધમાં શંકા ધરાવતા હતા. પરંતુ લોકોનો અભિપ્રાય બદલાવવાને વાસ્તે ન તો તેમણે તેમનાં વર્તન કે રહેણીકરણીમાં જરાયે ફેરફાર કર્યો, કે ન તો તેમને ચીડવવાને વધુ છુટછાટો લીધી. તેમણે તો એટલી જ બેદરકારીથી એવું ને એવું જીવન જીવવાનું ચાલુ રાખ્યું.

અલબત્ત, તેઓ કદી અણુઘટતી છુટછાટ લેતાં નહિ, મશ્કરીઓ કરતાં નહિ, કે આજકાલ સામાન્ય થઈ પડયું છે તેમ પ્રેમનાં ગીતો ગાતાં નહિ. એમનું જીવન સંયમી અને ગંભીર હતું. અને એ તેમના મિત્રોની દૃષ્ટિએ પણ

પડયું હતું. તેમાંના કેટલાકના મન પર તેમના વિષે ઘણી સારી છાપ પડી હતી. આ મિત્રો માળાના લોકોની ચર્ચાને તિરસ્કારી કાઢતા, અને કોઈ વાર ટીકાકારો સાથે લડી પડતા. પોતાના વિષેના આ પ્રશ્નોની ઉગ્રતા વખતે પણ તેઓ બન્ને તો હમેશાં ઉદાસીન વૃત્તિ જ દાખવતાં.

તેમના સંયમને બળવત્તર બનાવનાર તેમની મહેચ્છાઓ અને પ્રવૃત્તિઓ હતી. તેઓ ઘણું ખરું કામકાજ જાતે જ કરતાં હોવાથી તેમને વહેલાં ઊઠીને ઘરકામમાં લાગી જવું પડતું. પાણી ભરવું, ઘર સાફ કરવું, ચા બનાવવી, વાસણ માંજવાં, કપડાં ધોવાં — વગેરેમાં તેમનો સવારનો સમય તદ્દન રોકાઈ જતો. રસોઈ પણ જાતે જ કરવાની હતી. તેમણે તેમની વચ્ચે કામની વહેંચણી કરી નહોતી. વાસંતીને જરુરી લેખો લખવાના હોય ત્યારે બધું કામ પ્રમથ કરી નાખે, અને પ્રમથને અગત્યનું વાંચવાનું હોય ત્યારે બધું વાસંતી પતાવી નાખે.

ઘરકામ, મહાશાળા અને તેને અંગેનું વાચન, રાજકારણનો અભ્યાસ, સભા, સરઘસો અને મંડળોની બેઠકોમાં હાજરી, તેમ જ કોઈ વખત ફરવામાં કે સિનેમામાં રોકાઈ જતાં તેમને સુવા માટે પાંચ–છથી વધુ કલાક મળી શકતા નહિ.

પ્રમથ અને વાસંતીએ વર્તમાનપત્રો, સામયિકો, પુસ્તકો અને અભ્યાસ વર્ગો દ્વારા રાજકારણ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ વગેરે વિષયોનો અભ્યાસ ખૂબ વધારી દીધો હતો. આને લીધે મહાશાળાના અભ્યાસને ધોકો પહોંચતો; પણ વર્ગની વાર્ષિક પરીક્ષાઓ પસાર

કરવા ઉપરાંત પહેલા વર્ગમાં આવવાનો કે ખાસ માન મેળવવાનો લોભ એમણે જતો કર્યો હતો. રાજકારણી કાર્યકર્તાઓમાં એમનું માન ઘણું વધી ગયું હતું. બન્નેને અભ્યાસ ઉપરાંત જનસેવા કરવાની ખૂબ ઇચ્છા થઈ આવતી; પણ એ માટે ફાજલ સમય તેમની પાસે નહોતો.

છોકરાઓને ખાનગી ભણાવવામાં પ્રમથનો ઘણો સમય રોકાતો. વળી મહાશાળાની ઇતર પ્રવૃત્તિઓમાં પણ એ ભાગ લેતો. વાસંતીએ હવે પુસ્તકો લખવાનું કાર્ય હાથ ધર્યું હતું; અને પોતાની જગ્યાએ પત્રોમાં લેખો લખવાનું પ્રમથને સોંપી, એને ખાનગી ભણાવવાના કાર્યમાંથી મુક્ત કર્યો હતો.

મુંબઈની આ ધમાલોમાં તેઓ પોતાના વતનને ભૂલ્યાં નહોતાં. કોઈ કોઈ વાર સરિતાના પત્રો આવતા. વર્તમાનપત્રોમાં કંચનપુરના રાજવહીવટની પ્રગટ થતી હકીકતોથી પણ તેઓ વાકેફ રહેતા. વિરાટ પણ પત્રો લખી કંચનપુરના ગામડાની દુર્દશા વર્ણવતો. એટલે કંચનપુરની પરિસ્થિતિથી તેઓ અપરિચિત તો નહોતાં જ.

સરિતા થોડા દિવસ નિહાર બાબુ સાથે વાલકેશ્વર પર રહી ગઈ હતી, એ વાત તેણે વાસંતીથી ગુપ્ત રાખી હતી. પરંતુ તેણે પાછળથી કંચનપુરથી પત્ર લખી લ્યુસીના કિસ્સાની મુખ્ય વિગતો જણાવી હતી. તેમ જ નિહાર બાબુ કલકત્તા ચાલ્યા ગયાના વર્તમાન પણ જણાવ્યા હતા. ઠાકોર અને તારાનાથનો વિલાસી સ્વભાવ, ઉડાઉ, સ્વચ્છંદી વર્તન અને જુલ્મી રાજવહીવટના કિસ્સા તેમને જાણવા મળ્યા હતા. પ્રજા પર નવા કરવેરા લદાયા હતા. પ્રજાને ઉપયોગી

એવી ચીજોના ઈજારાઓ અપાયા હતા. આવક ઘટી ગઈ હતી અને ઠાકોરનું અંગત ખર્ચ વધી ગયું હતું. ખેડુતો પાયમાલ બનતા જતા હતા અને તેમના પર અમલદારી ત્રાસના કોરડા વિંઝાતા હતા. વેપાર તૂટતો જતો હતો, અને ધનિક લોકો પાસેથી તારાનાથ દબાવીને પૈસા કઢાવતો હતો. લોકોમાં આ સામે ઝીણો વિરોધ શરુ થઈ ગયો હતો, પણ મોટેથી સુર કાઢવાની કોઈની હિમ્મત ચાલતી નહોતી. જરા પણ માથું ઉંચકનાર પર એવો જુલ્મ થતો કે પ્રજા ચૂં કે ચાં કરી શકતી નહિ. આટલેથી જ બસ નહોતું. રાણી કમલકુમારીના પોતા હસ્તકના દાગીના અને ઝવેરાત સુદ્ધાં એણે વેચી નાખી સુરા અને સુંદરીની મહેફીલો ચાલુ રાખી હતી.

આ બધી વિગતો સાંભળી પ્રમથ અને વાસંતીનું લોહી ઉકળી આવ્યું હતું; અને કંચનપુર જઈ એના નિવારણનો માર્ગ અખત્યાર કરવાને તેઓ એક પગે થઈ રહ્યાં હતાં. આ બાબત વિરાટની સલાહ લેતાં એણે જણાવ્યું કે પ્રજામાં બિલકુલ તાકાત નથી. અને કંચનપુરની પ્રજાનો જુવાન વર્ગ ડરપોક અને બાયલો છે. પ્રજા તદ્દન સ્વાર્થી છે. અને જરા પણ સહકાર મળે એમ નથી.' પણ પ્રમથ અને વાસંતીને એનો અભિપ્રાય યોગ્ય લાગ્યો નહિ. તેઓની માન્યતા હતી કે આખા રાજ્યમાંથી બે-ચાર પણ મરણિયા નીકળે તો રાજ્યને હંફાવી શકાય. આગેવાનોમાં જો શક્તિ હોય તો પ્રજા એની પાછળ ચાલવા જરુર તૈયાર થાય.

તેમના મુંબઈના સાથીઓનો વળી જૂદો જ અભિપ્રાય

હતો. તેઓ માનતા કે દેશી રાજ્યની જંગલી નીતિરીતિ સામે આઠ–દસ માણસોનો અહિંસક સત્યાગ્રહ સફળ થઇ શકે નહિ. કાં તો તેમણે હિંસક કાર્યક્રમનો આધાર લેવો જોઇએ, અથવા સમગ્ર પ્રજાએ–સોએ સાઠ ટકા માણસોએ ઉગ્ર બળવો જગાડવો જોઇએ.

હિંસક હુમલાની વાત પ્રમથ અને વાસંતીને ગળે ઉતરતી નહિ. વાસંતી વ્યવસ્થિત હિંસાના શસ્ત્રમાં શ્રદ્ધા ધરાવતી હતી; પણ આજને તબક્કે હિંસાનાં અપરિપૂર્ણ સાધનોનો ઉપયોગ કરવાનું એને યોગ્ય લાગતું નહોતું. હિંસાને તો તે માત્ર આવશ્યક અનિષ્ટ તરીકે જ સ્વીકારતી. પ્રમથ સામ્યવાદીઓના સંપર્કમાં આવ્યા પછી અને અનેક દેશોની ક્રાન્તિનો ઇતિહાસ વાંચ્યા પછી તેમ જ મહાસભાની અહિંસક નીતિની નિષ્ફળતા જોઇને વાસંતીના મતને મળતો થતો જતો હતો. પરંતુ બન્નેની નસોમાં હિંદુત્વનું, અહિંસાનું લોહી વહેતું હતું; દયાના સંસ્કારો એની નસેનસમાં રેડાયા હતા; એટલે ચર્ચામાં હિંસાનું પ્રતિપાદન કરવા છતાં હિંસક કાર્યક્રમને અમલમાં મૂકવાની તેમની હિંમત ચાલતી નહોતી.

કેટલીક માન્યતાઓને શોખથી અંગીકાર કરવામાં આવે છે, કેટલીક તર્ક અને દલીલોથી સમજીને અંગીકાર કરાય છે અને કેટલીક વ્યવહારની સરાણે ચઢયા પછી જ માનવામાં આવે છે. પ્રમથ અને વાસંતીની માન્યતાઓ તર્ક અને દલીલોથી બંધાઇ હતી. એને હજુ વ્યવહારની કસોટીએ ચડાવવામાં નહોતી આવી.

આ જ અરસામાં એક વાર મિત્રોમાં ચર્ચા જામી.

વાસંતી પોતાના વિચારો દર્શાવી રહી હતી. 'આપણે જોયું છે કે હિન્દમાં ત્રાસવાદીઓએ કરેલા છુટક હિંસક હુમલાનું કશું સારું પરિણામ આવ્યું નથી. ઊલટું, ભારતની આઝાદીની જેમને વધુમાં વધુ ઝંખના હતી અને જેઓ ભારતની મુક્તિના યજ્ઞમાં વધુમાં વધુ બલિદાનો આપવા તત્પર હતા, તેઓ આંદામાનના દોજખના સળિયાઓ પાછળ પૂરાઈ ગયા છે. પરિણામે દેશનું એટલું સાચું બળ ઘટયું. આ જુવાનો જો બહાર હોત અને મહાસભાના છત્ર નીચે કામ કરતા હોત, તો આજે મહાસભા આટલી નિર્બળ ન હોત; આજે મહાસભા હોદ્દાઓ સ્વીકારવાની બંધારણીય જાળમાં ફસાવા તૈયાર થઈ ન હોત. આજે ઉદ્દામોના વિરોધ છતાં મહાસભા એ પગલું ભરવા તૈયાર થઈ છે, કારણ કે આગના તણખા જેવા તેજસ્વી નવજવાનો કારાગારમાં સબડી રહ્યા છે. એમની તાકાત, એમનો સુર મહાસભાને મળી શકયો નથી. વ્યવસ્થિત હિંસા પાછળ જે તૈયારીઓ જોઇએ, જે ભૂમિકા રચાવી જોઇએ, એ થયા વિના ઉતાવળે હિંસક રાહમાં તણાવાનું એમણે જોખમ ખેડયું; એથી દેશને નૂકશાન જ થયું છે. આજે તો અહીંસાને માર્ગે જ આપણું કાર્ય આગળ ધપાવ્યા વિના છુટકો નથી.'

વાસંતી બોલી રહી, એટલે પ્રમથે શરુ કર્યું: 'હિંદુસ્તાનમાં વ્યવસ્થિત હિંસાથી પણ વિજય મેળવી શકાશે એમ હું માની શકતો નથી. સરકાર પાસે જે જબરદસ્ત અને ભયંકર વૈજ્ઞાનિક હિંસક સામગ્રી છે, એની સામે ગમે તેવી વ્યવસ્થિત હિંસા પણ ટકી શકે નહિ. છતાં અહિંસાના

જે વેવલાવેડા અને હૃદયપલટાની વાતો આજે પ્રચલિત બની છે, અને ખાદી–રેંટિયાથી જ દેશને આઝાદી મળી જવાની વાતો થાય છે, અને એમાં જ સાચી અહિંસા છે- આ બધાં તૂત તો નમાલી પ્રજાનાં ન લડવાનાં બહાનાં છે!'

'કેમ, કુતુબ! તું શું કહે છે?' ખૂણામાંથી એક અવાજ આવ્યો.

'તમારી બન્નેની વાત જરુર વ્યવહારુ છે. આપણામાંના કેટલાક જુવાનો પરિસ્થિતિનો કશો ખ્યાલ કર્યા વિના શોખ (fashion) તરીકે હિંસાની વાતો કરે છે એ સામે મને નફરત છે. કોઇ પણ આદર્શ ગમે તેટલો મહાન હોય, છતાં તેના તરફ જવાનો માર્ગ તો વ્યવહારુ જ હોવો જોઇએ; તરંગી નહિ. બ્રિટિશ હિન્દમાં હિંસક લડત કદાચ અશકય નહિ, તો પણ મુશ્કેલ તો ખરી જ. હિંદ પર કોઇ એક રાજવી કે સરમુખત્યારનું રાજ્ય નથી. બ્રિટિશ તંત્ર એટલે પાંચ કરોડની પ્રજાનું તંત્ર. એ પ્રજા પોતાના દેશના હિત માટે અહીં રાજ્ય કરે છે. આજે તમે એક વરિષ્ટ વહીવટી કે પોલીસ અમલદારને ઉડાવી દેશો તો તેની જગ્યા બીજો અધિકારી લેવા તૈયાર હશે. બ્રિટિશ પ્રજા દેશને માટે જીવે છે, અને દેશને માટે એ મરી જાણે છે. એમની કેળવણી અને સંસ્કાર સ્વદેશ પ્રેમથી રંગાયા છે. અંગ્રેજ સ્ત્રી પોતાના પતિને દેશને ખાતર રણક્ષેત્રમાં જતો જોઇને હર્ષ પામે છે. એ પ્રજા નીડર અને સાહસિક છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી.

પરંતુ રાજસ્થાનોની સ્થિતિ જૂદી છે. આપણા દેશી

રાજાઓ અને તેમના અમલદારો અંગત સ્વાર્થ અને અંગત વિલાસો માટે રાજ્ય કરે છે. એ કોના નામે જીવનની કુરબાની આપે? જરા જેટલી અગવડતાથી ત્રાસી ઉઠનારામાં મૃત્યુને ભેટવાની વીરતા ક્યાંથી હોય? એ જમાતમાંથી એકને જ જૂદા પાડો, એટલે આખી જમાત ખખડી જવાની. એકનું સ્થાન લેનાર બીજો નહિ મળે!'

કુતુબની સમાલોચના સૌએ સ્વીકારી હોય એમ સૌ મૂક રહ્યા. કોઈએ ચર્ચાને આગળ લંબાવી નહિ. કુતુબ થોડું બોલતો, પણ તે એટલું સચોટ કહેતો કે એનો વિરોધ કરવાનું કોઈને યોગ્ય લાગતું નહિ.

છેવટે સૌ વિખરાયા. ઘેર જતાં વાસંતીને સરિતાનો પત્ર મળ્યો. એમાં કંચનપુરની બગડતી હાલતનું બ્યાન હતું. એ વાંચીને એમણે કંચનપુર જવાનો નિશ્ચય કરી લીધો. પ્રમથની બી. એ. ની પરીક્ષા પૂરી થયા પછી તરત જ તેઓ ઉપડયા. વાસંતીને આ વર્ષે તો મહાશાળાની પરીક્ષા જ હતી, અને તે તો વિદ્યાપીઠની પરીક્ષા પહેલાં પતી ગઈ હતી એટલે વાસંતીએ બધી તૈયારીઓ કરી લીધી.

જ્યારે તેઓ કંચનપુર જવા ઉપડયાં ત્યારે તેમને વિદાય આપવા મિત્રોનો મોટો સમુદાય સ્ટેશને એકત્ર થયો હતો. બન્ને ફુલહારોથી લદાઈ ગયાં હતાં. બન્ને બાજૂએથી ફરકતા લાલ રુમાલો વચ્ચે એમણે વિદાય લીધી.

પ્રકરણ ૨ જું

—વિશ્વનાથની મુક્તિ

કંચનપુર આવ્યા પછી સરિતાને તેના પતિની સ્મૃતિ વારંવાર તાજી થવા લાગી. મુંબઈમાં તો કોઈ વિશિષ્ટ પ્રસંગે જ એને વિશ્વનાથ યાદ આવતો. છતાં પતિની આશા એણે છેક જ ત્યજી દીધી નહોતી. કંચનપુરમાં વાસંતીની ગેરહાજરીમાં એકલી હોવાથી એને પતિની યાદ મુંઝવવા લાગી. બ્રહ્મપુરીના લત્તા પાસેથી એને પસાર થવાનું બને, અથવા એનો કોઈ જૂનો સ્નેહી મિત્ર એની નજરે ચડે, ત્યારે ખાસ કરીને વિશ્વનાથ એને યાદ આવે. ઘણી મથામણ છતાં યે એ તેને તરત જ ભૂલી ન શકી.

વાસંતીની વલણથી એને ખૂબ દુઃખ થયું હતું. કારણ કે એના સુખને માટે બાળક પુત્રને વેચીને એણે મેળવેલી સમૃદ્ધિને વાસંતીએ લાત મારી હતી. જો કે પુત્રીની આ દૃઢ મનોવૃત્તિ જોઈને એને માટે એને માન ઉત્પન્ન થયું હતું, અને વાસંતીની કેળવણી પણ લગભગ પૂરી થઈ હતી, એટલે અંશે એને સંતોષ હતો. તેમ જ એ સમૃદ્ધિ વિના પણ વાસંતી પોતાના પગ પર ઉભી રહી, સુખ અને આનંદથી જીવન વ્યતીત કરતી હતી. એટલે એને માટે વધુ ચિંતા કરવાનું તો એને કારણ નહોતું.

પણ પુત્રની બગડતી હાલત પર આંસુ સારવાનું એના

ભાગ્યમાંથી ભૂંસાયું નહિ. લ્યુસીના પંજામાંથી એને મુક્ત કર્યા પછી પણ જ્યારે એના વર્તનમાં કશો ફેર પડ્યો નહિ, ત્યારે તે કશો માર્ગ ન સૂઝવાથી અકળાઈ રહી હતી. અને પોતાનું દુઃખ પત્ર મારફત વાસંતીને જણાવી એના હૃદયનો ભાર એ ઓછો કરતી.

આ મુંઝવણ વચ્ચે એને આશ્વાસન દેનાર એક વ્યક્તિ મળી આવી હતી; અને તે નિહાર બાબુ. સરિતા ફરી કંચનપુર આવીને રાજમહેલમાં દાખલ થઈ હતી, એના ખબર એમને મળી ચૂક્યા હતા. પરંતુ ફરીથી માતાને પુત્રથી વિખૂટી પાડવાની હિંમત તેઓ કરી શક્યા નહિ. વળી રાજકારણથી તેઓ નિવૃત્ત થયા હોવાથી એમના માથે કશી જવાબદારી પણ નહોતી. એવામાં રાણી કમલકુમારીની ઇચ્છાથી સરિતાએ નિહાર બાબુનો આશ્રય લીધો. નિહાર બાબુને હવે રાજ્ય સાથે કશો સંબંધ નહોતો; છતાં સરિતાની માગણી એ નકારી શક્યા નહિ; અને રાજ્યપ્રપંચનો એક દાવ ફેંકી ઠાકોરને લ્યુસીની જાળમાંથી ઉગાર્યા.

મુંબઈમાં એમના એ વસવાટ દરમ્યાન એણે સરિતાને એમની પુત્રી તરીકે ઓળખાવી હતી. અને એ સ્થિતિમાં તેઓ એટલા તો ટેવાઈ ગયા, કે સરિતાને ખરેખર પુત્રી તરીકે ચાહતા એ થઈ ગયા. તેમનો પુત્ર તો કુપુત્ર જ નીવડ્યો હતો; અને પરિણીતા પુત્રી તો બંગાળમાં જ રહેતી. એની ઉમર પણ સરિતા જેટલી જ હતી. સરિતાને જોઈ નિહાર બાબુને પોતાની પુત્રી યાદ આવી; અને સરિતાને પુત્રી ગણી એમણે પોતાના આત્માને સંતોષ પમાડવા માંડ્યો.

સાથે રહેવાથી બન્ને વચ્ચેનો પરિચય ખૂબ વધ્યો

હતો. કોઈ વાર સરિતા પુત્રને ગુમાવ્યાનું દુ:ખ વ્યક્ત કરી રડતી, ત્યારે નિહાર બાબુ એને આશ્વાસન આપતા. સરિતા કોઈ વાર એના પતિને યાદ કરતી, ત્યારે નિહાર બાબુ એ જોઈ રહેતા, અને અંતરમાં ઉકળી ઉઠતા; પણ કંઈ બોલી શકતા નહિ.

પણ એક દિવસ એવું પ્રભાત ઉઘડ્યું, કે જ્યારે એ ગુપ્તતા એમના હૃદયમાં સમાઈ શકી નહિ. એમણે આંખમાં આંસુ સાથે સરિતાને પોતે જ વિશ્વનાથને ગૂમ કર્યાની વાત કહી; અને કંચનપુર જઈને તરત જ એને છોડાવવાનું વચન આપ્યું, ત્યારે સરિતા ખૂબ હર્ષ પામી. આજ બે દશકા પછી તેને અચાનક એના પતિનો પત્તો લાગવાથી એ હર્ષ–ઘેલી થઈ ગઈ, અને કંચનપુર પાછા ફરવાની રાહ જોઈ રહી.

લ્યુસી–પ્રકરણ પતી જતાં રાણી કમલકુમારીના દબાણથી ઠાકોરે નિહાર બાબુની મુલાકાત લઈ તેમનો ઉપકાર માન્યો. નિહારબાબુએ – તેમને યોગ્ય શિખામણ આપી, વિશ્વનાથને ગુપ્ત કારાગારમાંથી મુક્ત કરવા તેમની પાસેથી વચન લીધું. ઠાકોરને વિશ્વનાથના ગુન્હાની કંઈ ખબર નહોતી, તેમ એને છોડવામાં તેમને કંઈ વાંધો પણ નહોતો. એટલે કંચનપુર આવીને તરત જ ઠાકોરે વિશ્વનાથને ગુપ્ત કારાવાસમાંથી મુક્તિ આપી.

એક વાર કરી હતી, એવી ભૂલ હવે વિશ્વનાથ ફરીને કરે એમ નહોતો, વીસેક વર્ષના જેલનિવાસથી એને પૂરી શિખામણ મળી ગઈ હતી. આ કારાગારમાં એને બહાર મળતી એથી વધુ સારી સગવડો અને વધુ ઉંચી જાતનું ભોજન મળતું; કારણ કે આવાં ગુપ્ત કારાવાસ માત્ર

રજવાડી કેદીઓ માટે જ વપરાતાં; અને ત્યાં રાજમહેલ જેવી જ બધી સગવડો આપવામાં આવતી. પરંતુ આખરે તો તે બંધન જ હતું. બહારના જગત સાથેનો એનો સંબંધ વર્ષો થયાં તૂટી ગયો હતો, અને એકાન્ત જીવનમાં તે ઘુવડ જેવો સુનમુન થઈ ગયો હતો. માત્ર એક સંત્રી એની સાથે સામાન્ય વાતો કરતો. એ વાતો મુખ્યત્વે ખાવા પીવાની અને તબિયતની હતી. છતાં એટલેથી એ તદ્દન ગાંડો થઈ જતો અટક્યો હતો.

સરિતાને હવે 'તેજબા' તરીકે રહેવું પાલવે એમ નહોતું. સૌ એને રાજ્યની જાણીતી ખવાસણ દાસી તરીકે ઓળખતા. અને હવે વિશ્વનાથની સાથે રહેતાં ભારે ચકચાર ઉભી થવાનો સંભવ હતો; અને તેથી તેને સરિતા તરીકે જાહેર થયા વિના છુટકો નહોતો.

પ્રથમ એણે રાણી પાસે આ હકીકત જાહેર કરી. પતિ ગુમ થયાથી નોકરી અર્થે એણે દાસીપણું સ્વીકાર્યું હતું; અને બ્રાહ્મણીને કોઈ દાસી તરીકે રાખે નહિ, એટલે એણે પોતાની જાતને ખવાસણ તરીકે ઓળખાવી હતી, એમ વાત વણી કાઢી. બહારના જગત સમક્ષ પણ એણે એ જ વાત જાહેર કરી. માત્ર પોતે બિજુદાદાની મા હોવાની વાત સૌથી–કમલકુમારીથી પણ–ગુપ્ત રાખી.

કમલકુમારી વિશાળ હૃદયની સ્ત્રી હતી. એને તો સરિતાના સુખી દિવસો જોઈ આનંદ થયો. એણે સરિતાને ઉદાર દૃષ્ટિથી માફી આપી એટલું જ નહિ પણ નોકરી છોડતી વખતે એને સારું ઈનામ આપ્યું, અને એની સાથેની મિત્રતા ચાલુ રાખી. ઠાકોરને આ વિષયમાં બહુ રસ નહોતો.

વળી એ પણ સરિતાના ઉપકારથી સિંચાએલ હતો; એટલે એણે એ વાતને બહુ મહત્વ ન આપ્યું. રાજ્યની એના પ્રત્યેની ભલી લાગણીને લીધે ન્યાતીલાઓ પણ મનમાં ચડભડી બેસી રહ્યા. વળી સરિતાને એમણે જે દારિદ્રમાં જોઈ હતી, તેને બદલે આજ વિપુલ સમૃદ્ધિમાં જોઈ તેઓ એના પ્રભાવમાં અંજાઈ ગયા હતા. પાંચ–પચ્ચીસ દિવસ સરિતા–તેજબા–ની વાતો શહેરમાં ચર્ચાઈને બંધ પડી; અને પછી તો એ ગઈ ગૂજરી બની ગઈ.

એવામાં મુંબઈથી પ્રમથ અને વાસંતી આવ્યાં. વાસંતીએ તો જન્મીને પિતાનું મુખ જ જોયું નહોતું–જોયું હશે અબુધ અવસ્થામાં, તે આજ ભૂલાઈ ગયું હતું. તેનો પિતા સંન્યાસી થઈ ગયો હોવાનું એને કહેવામાં આવ્યું હતું, અને જગતમાં પણ એ જ વાત જાહેર હતી; એટલે ઘણીવાર કોઈ માયાળુ સાધુ–સંન્યાસીને જોઈ એનું અંતર દ્રવતું. આજે એને પ્રત્યક્ષ પિતાનો મેળાપ થયો. પિતામાં એને મૂઢતા અને જરા પાગલપન દેખાયાં, છતાં એના પ્રત્યે એના હૃદયમાં દયા, માયા, અને મમતા ઉભરાયાં. પિતાના દુઃખથી એના મનમાં સહાનુભૂતિ પ્રગટી. એની ચિર દુઃખી માતાનું સુખ આજે એણે જોયું. અને એ વધુ હર્ષિત બની.

આમ કૌટુંબિક જીવન વચ્ચે એકાદ અઠવાડિયું આનંદમાં પસાર થયા પછી એને એનું કર્તવ્ય યાદ આવ્યું. એણે સરિતા સાથેની વાતચીતમાંથી ઘણી વિગતો એકઠી કરી હતી. પ્રમથે પણ શહેરમાં ફરી કેટલીક હકીકતો મેળવી લીધી. એને એક જૂનો મિત્ર મળી ગયો—અનંત. અનંત તાજેતરમાં

જ રાજ્યની નોકરીમાં ન્યાયાધીશની અગત્યની જગ્યાએ જોડાયો હતો. વિનીત પસાર કરી એણે ઘેર રહી કાયદાનો અભ્યાસ કરી વડી અદાલતના ધારાશાસ્ત્રીઓની પરીક્ષા આપી હતી; અને એમાં પસાર થયે ખાસ લાગવગથી એને તરત જ રાજ્યમાં ન્યાયાધીશની નોકરી મળી ગઈ. અનંતને ત્યાં પ્રમથ જવા આવવા લાગ્યો. અનંત સરલ સ્વભાવનો અને લાગણીપ્રધાન હતો. એણે પ્રમથને રાજ્ય સંબંધી કેટલીક જાણવાજોગ હકીકતો પૂરી પાડી. એ રાજ્યની નોકરીમાં ઉંચા અમલદારના હોદ્દા પર હતો; એટલે તે ખુલ્લી રીતે પ્રમથ સાથે હરી ફરી શકતો નહિ; પણ એ પ્રમથને પોતાને ત્યાં ગુપ્ત રીતે બોલાવતો, અને અનેક જરુરી માહિતીઓ પૂરી પાડતો. એની પાસેથી પ્રમથે નવા ઠાકોરના રાજવહીવટ, અને તેમના અમલ દરમ્યાન પડેલા કરવેરા, ઈજારા, ત્રાસ અને જુલ્મની કેટલીક કહાણીઓ એકઠી કરી.

સરિતાની મુંઝવણ અકળ હતી. તે પ્રમથ અને વાસંતીને રાજ્ય વિરુદ્ધ આંદોલનો શરુ કરવાની તૈયારી કરતાં જોઇ રહી. એના અંતરના ઉંડાણમાં એને એ ગમતું નહિ. કારણ કે એ આંદોલન ઠાકોર સામે બળવો જગાડવાનું હતું. પ્રમથ અને વાસંતી રાજ્ય સામે ચળવળ કરવાની વાતો કરતાં. પણ રાજ્ય સામે એટલે ખુદ ઠાકોર સામે. કારણ કે રાજ્યનો ઠાકોર શબ્દમાં જ સમાવેશ થઈ જતો. ઠાકોર એટલે રાજ્યના એકલા સર્વસત્તાધીશ સરમુખત્યાર અને ઠાકોર–બિજુ દાદા–એ તો એનો–વાસંતીનો–પુત્ર હતો. પોતાના પુત્ર સામેનો બળવો સરિતા કેમ સહી શકે? અને એ બળવાની આગેવાની એની પુત્રીના હાથમાં હતી!

કેવું વિચિત્ર !

પરંતુ વાસંતીના સ્વભાવ, વિચારો અને ટેકનો એને પૂરો પરિચય હતો; અને એ જાણતી હતી કે વાસંતી લીધેલી વાત કદી મૂકે એવી નહોતી. સિદ્ધાંતની બાબતમાં એને કોઈ ભાઈ, મા કે બાપ નહોતું. એટલે કોઈ રીતે એને વારી શકાય એમ નહોતું. લાગણીથી એને વશ કરી શકાય એમ પણ નહોતું. કારણ કે એ કદી રાજકારણી પ્રસંગોમાં લાગણીવશ બને એવી નહોતી. એટલે સરિતા જે થાય તે ચિંતામગ્ન બની જોવા લાગી.

બિજુ દાદાની વિલાસી વૃત્તિ અને તારાનાથનું પ્રજા–પીડન જોઈને એને દુઃખ તો થતું જ; અને તે અટકાવવાની એને પ્રબળ ઇચ્છા થતી. પરંતુ એને અટકાવવા વાસંતીનો જાહેર ચળવળનો માર્ગ એને અનુકુળ લાગ્યો નહિ. એનું હૃદય એ માર્ગે એને જવા દે એમ પણ નહોતું; એટલે જે થાય તે જોયા વિના બીજો માર્ગ નહોતો.

પ્રમથ અને વાસંતી શહેરના નવજુવાનો અને નવયુવતીઓનાં સંપર્કમાં આવવા લાગ્યાં; અને તેમને ભાવિ લડત માટે તૈયાર કરવા લાગ્યાં. જુવાન વર્ગ તો લડત માટે કેટલોક સમય થયાં થનગની રહ્યો હતો, પરંતુ આત્મવિશ્વાસ અને સાચી નેતાગીરીના અભાવે તેઓ આજ સુધી હાથ જોડીને બેસી રહ્યા હતા. અત્યાર સુધી તેઓ ખાનગી મંડળોમાં ચર્ચા કરતા અને વર્તમાનપત્રો મારફત પ્રકાશન કરતા. આજે તેમને પ્રમથ અને વાસંતી જેવાં આગેવાનો મળી જતાં તેમના ઉત્સાહમાં ખૂબ વધારો થયો અને તેમના હૂકમની રાહ જોતા તેઓ તૈયાર થઈ બેઠા.

પ્રકરણ ૩ જું

—એમાં શું !

લોકલડતને નિવારવાને સરિતાએ ઘણા પ્રયાસ કરી જોયા. લડતને બદલે સમજાવટનો માર્ગ અખત્યાર કરવાને એણે પ્રમથ અને વાસંતીને સૂચના કરી જોઈ. પણ એ ધીમો માર્ગ એમને પસંદ ન હતો. પ્રજામાં ઉત્સાહ અને જાગૃતિનો જે જુવાળ આવ્યો હતો, એનો તેઓ ઉપયોગ કરી લેવા ઇચ્છતા હતા. લોકસમૂહ પણ લડત માટે દબાણ કરી રહ્યો હતો. આ સ્થિતિમાં લડતમોકૂફી જરા પણ શક્ય નહોતી.

દરમ્યાન સરિતાએ ઠાકોરની મુલાકાત લીધી અને પ્રજાના વધતા જતા રોષનો ખ્યાલ આપી, પ્રજાને સંતોષ આપવાને અને ઉગ્ર વાતાવરણને સમાધાન વડે ઠંડું પાડવાને વિનતિ કરી. પરંતુ ઠાકોરે એના પર લક્ષ ન આપ્યું. ઉલટું ચળવળના પ્રણેતા પ્રમથ અને વાસંતી હોઈને, એણે સરિતા પર આ બધું ધાંધલ ઉભું કરાવવાનો આરોપ મૂક્યો અને તેનું અપમાન પણ કર્યું.

સરિતા એ અપમાન ગળી ગઈ—ગળ્યા વિના છુટકો નહોતો. પણ એને બિજુ દાદાના વર્તનથી ઘણું દુઃખ થયું. ઘેર આવીને તે ખૂબ રોઈ. પુત્રને ભૂલી જવા અને હંમેશને માટે કંચનપુર છોડી દેવા તેણે મન સાથે નક્કી પણ કર્યું.

પ્રમથ અને વાસંતીનો માર્ગ એને વ્યાજબી લાગ્યો. પરંતુ એ માર્ગ અનુસરવાની એની પોતાની તો હિંમત ચાલી જ નહિ.

પ્રમથે જાહેર સભાઓ મારફત લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કર્યો, રાજ્યના ગેરવહીવટ અને જુલ્મથી કંટાળેલી પ્રજા મોટી સંખ્યામાં એ સભાઓમાં હાજરી આપવા લાગી. ગામડેથી ખેડૂતો પણ શહેરમાં આવી આ કાર્યક્રમમાં ભાગ લેવા લાગ્યા. પ્રમથે કેટલાક જુવાનોને ગામડામાં મોકલ્યા. ત્યાં જઈ તેમણે વ્યક્તિગત રીતે તેમ જ સભાઓ ભરી ખેડૂતોને સમજાવવાનું શરુ કર્યું. વાસંતીએ સ્ત્રી-વર્ગનું સંગઠન કરી, એમનાં સરઘસો અને પ્રભાતફેરીઓ મારફત લોકોમાં ઉત્સાહ રેડવાનું કામ હાથમાં લીધું. ઘેર ઘેર લડતની વાતો થવા લાગી. છાપાંવાળાઓએ ભારે કોલાહલ કરી મૂક્યો. અને એમ કંચનપુરનું વાતાવરણ ચાર–છ અઠવાડિયામાં તદ્દન પલટાઈ ગયું.

આ બધા ફેરફારોથી ઠાકોરનું મન વિહ્વળ બની ગયું. પ્રજાનો સામનો કરવાની એનામાં તાકાત નહોતી. એણે તારાનાથને બોલાવી પરિસ્થિતિ કાબુમાં લેવા સૂચના કરી.

'બાપુ! આપે જરા પણ ચિંતા કરવાનું કારણ નથી. બધી પરિસ્થિતિનો મને બરાબર ખ્યાલ છે. આ માત્ર ઉપરનો ઉભરો જ છે. એને દાબી દેવો એ મારે મન રમત છે!' તારાનાથે કહ્યું.

'તારાનાથ! તમે માનો છો એટલું એ સહેલું નથી. હજારો લોકોની રોજ સભાઓ મળે છે, અને સરઘસો નીકળે છે. લોકો તેમના કામધંધાની પણ પરવા કરતા નથી.

ગામડાના ખેડૂતોમાં એમણે ખૂબ અસંતોષ ફેલાવ્યો છે, અને તેઓ ઉશ્કેરાઈ રહ્યાના સમાચાર મળે છે. આ ચળવળનો મુકાબલો તમે કરી શકશો ?'

'એમાં શું! એ બધું તોફાન હું એક જ સપાટે દાબી શકીશ. મારે મન એની કંઈ વિસાત નથી. આપ જોયા કરો!' તારાનાથે મૂછ આમળીને કહ્યું. 'આવી બે-પાંચ ચળવળીઆની ધમાલને પીંખી નાખવી, એમાં તે શી વાત છે, બાપુ! એવો કોરડો વીંઝું કે બધી ધાંધલ બે દિવસમાં શમી જાય અને એમની ચળવળ ભાંગીને ભુક્કો થઈ જાય!'

'તમને જો ભરોંસો હોય તો મારે કંઈ વધુ કહેવાનું નથી. પણ તમે જાણો છો ને, આપણને નાણાંની કેટલી મુશ્કેલી છે?'

'એમાં શું! બાપુ! એ મુશ્કેલી કંઈ બહુ મોટી નથી. નાણાં તો ગમે ત્યાંથી હું મેળવી લઈશ. લોન, જપ્તી, દંડ અને છેવટે લૂંટ! આપણને કોણ પૂછનાર છે? આપ એની ચિંતા ન કરો. આપના જલસા અખંડ રહેશે. આપના રંગરાગમાં હું વાંધો આવવા નહિ દઉં!'

'બસ! તારાનાથ! મારે વિશેષ કંઈ જોઈતું નથી. તમને ઠીક લાગે તેમ કરો.' તારાનાથને લડતનો મુકાબલો કરવા સંપૂર્ણ સત્તા ઠાકોરે આપી. અને પ્યાલીઓ પીને બંને છુટ્ટા પડ્યા.

પ્રમથે પ્રજાની માગણીઓનો એક ખરડો તૈયાર કરી રાજ્ય પાસે રજૂ કર્યો અને આઠ દિવસની મહેતલ આપી. સ્વયંસેવકોએ ઘેર ઘેર-દુકાને દુકાને ફરીને હજારો લોકોની

એમાં સહીઓ મેળવી હતી. છતાં પણ રાજ્યે એ તરફ લક્ષ ન આપ્યું. પ્રમથ તો એ અગાઉથી ધારતો જ હતો, એટલે લડતની તૈયારીઓ તો એણે ચાલુ રાખી જ હતી; એટલે તેમણે રાજ્યનો જવાબ અઠવાડિયામાં ન મળતાં લડતની જાહેરાત કરી દીધી.

બીજી સવારે લોકોને ખબર મળ્યા કે પ્રમથ અને વાસંતીની રાતમાં જ ધરપકડ થઈ ગઈ છે. વેપારીઓએ હડતાળ પાડી, અને લોકોનાં ટોળાં 'સ્વાતંત્ર્ય મેદાન' માં એકઠાં થયાં. કંચનપુરમાં કદી નહિ મળેલી એવી મોટી સભા મળી. તારાનાથ મેદાન પાસેની પોલીસચોકીમાં લાઠીધારી પોલીસની ટુકડીઓ સાથે હાજર રહ્યો હતો. પોલીસ અધિકારી જરા નબળો હતો, એટલે એને રજા આપી પોલીસ ખાતું એણે જાતે સંભાળ્યું. માજીસ્ટ્રેટ અનંત પણ હાજર હતો. તારાનાથે સભા પર લાઠી ચાર્જ કરવા પોલીસને હુકમ આપવા અનંતને કહ્યું. અનંતના હૃદયમાં આવા પ્રસંગોએ જે કઠોરતા અને નિષ્ઠુરતા જોઈએ, એ નહોતાં. એનું દિલ દ્રવી ગયું. પ્રમથ એનો મિત્ર હતો. એની ધરપકડ થયાના બનાવે એના મન પર ભારે ઉંડી અસર કરી હતી. એના વૉરંટ પર સહી કરતાં એનો હાથ ધ્રૂજ્યો હતો. આજે હવે નિર્દોષ પ્રજા પર ચેતવણી આપ્યા વિના લાઠીચાર્જ કરવાનો હુકમ કરવાનું કાર્ય એના પર આવી પડયું હતું. એણે કહ્યું:

'સાહેબ! પ્રજા શાન્તિથી એકઠી મળી છે. કશાં તોફાનનાં ચિહ્નો જણાતાં નથી. ખાસ ઉશ્કેરાટના પ્રસંગ વિના લાઠીચાર્જ કરી ન શકાય!'

'આ હજારોનાં ટોળાં એકઠાં થયાં છે, અને ભાષણો

થાય છે, રાજ્યને ગાળો દેવાય છે, હોકારા-દેકારા થાય છે, એ બધું ઉશ્કેરાટ નહિ તો શું? રાજ્યની સામે વિદ્રોહ ફેલાવવાના પ્રયાસને તમે શાન્તિ માનો છો?' તારાનાથે તપી જઈને કહ્યું.

'ભાષણો કરનારાની ધરપકડ કરીએ. એનું વૉરંટ હું લખી આપું.' અનંત બોલ્યો.

'એ બધા ભિખારીઓ જેલમાં બેસી મફતનું ખાવા તૈયાર થઈ બેઠા જ છે! મારે એને પકડવા નથી. લાઠીચાર્જના સપાટા વિના એ બધા ઠેકાણે નહિ આવે.'

'પણ, સાહેબ! એ પહેલાં જાહેર સભાઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. એમ છતાં એ મળે, તો લાઠીચાર્જ કરવા પહેલાં વિખરાઈ જવાની એમને સૂચના આપવી જોઈએ. પાંચ-પંદર પળનો સમય આપવો જોઈએ. બધું કાયદેસર થવું જોઈએ ને, સાહેબ!'

'કાયદા-બાયદા હું કંઈ ન સમજું. મારે એ વેદિયાવેડા નથી ચલાવવા! અહીં તો ફાયદો એ કાયદો!' તારાનાથે કહ્યું. 'જલદી હુકમ આપો. પોલીસ રાહ જુએ છે!'

'સાહેબ! કાયદા વિરુદ્ધ મારાથી કશું નહિ બને.' હિંમતપૂર્વક અનંતે કહ્યું.

તારાનાથના ડોળા ફાટી રહ્યા: 'મારો હુકમ માનવો એ તમારે મન કાયદો હોવો જોઈએ, મિ. અનંતરાય! તમારે પોલીસને હુકમ આપવો જ પડશે!' એણે કહ્યું.

'એ નહિ બને! ન્યાયખાતામાં કોઈની ડખલ ન ચાલે!'

'હું તમને નોકરીમાંથી બરતરફ કરીશ!'

'કંઈ ચિંતા નહિ!' મક્કમતાપૂર્વક અનંતે કહી નાખ્યું. સિપાહીઓ દિવાન અને ન્યાયાધીશ વચ્ચેની આ તડાફડી જોઈ રહ્યા. લડતના મેદાન પર આવો અમલદારો વચ્ચેનો ઝગડો એમને નવાઈ ભર્યો લાગ્યો.

'આજથી તમે છુટ્ટા છો.' તારાનાથે હૂકમ કર્યો. અનંત એક શબ્દ પણ બોલ્યા વિના ધબ ધબ કરતો ચાલ્યો ગયો. તારાનાથે એના પ્રત્યે તિરસ્કારપૂર્ણ નજર ફેંકી કહ્યું: 'બાયલો!'

સભામાં લોકો ઉભરાતા જતા હતા. ભાષણો થઈ રહ્યાં હતાં. ધ્વનિવર્ધક યંત્રમાંથી આવતો અવાજ પોલીસચોકી સુધી પહોંચતો હતો, અને તારાનાથના કર્ણ સોંસરવો થઈ એના મગજ સાથે અથડાઇ એને વધુ ગરમ કરતો હતો. એણે પોલીસ ઈન્સ્પેક્ટરને બોલાવી લાઠીચાર્જનો હુકમ કર્યો.

પોલીસ ઈન્સ્પેક્ટરે સલામ કરી કહ્યું: 'સાહેબ! માજીસ્ટ્રેટનો હૂકમ જોઈશે!'

'તમારે પણ નોકરીમાંથી છુટા થવું છે?' તારાનાથ ગર્જ્યો.

'ના. જી.'

'તો હું કહું એમ કરો. કાયદાને કોરે મૂકી મારો હૂકમ માનો.'

ઈન્સ્પેક્ટર સલામ કરી ચાલતો થયો.

સભા પર લાઠીઓ વિંઝાઈ રહી. કેટલાક લોકો નાસભાગ કરવા લાગ્યા. નાસતા નાસતા કેટલાક પડ્યા. પડતા પર લાઠીઓ પડી. કેટલાક એ સહન કરી પડી રહ્યા. કેટલાક ઉભા થઈને નાઠા. કેટલાકના હાથ ભાંગ્યા. કોઈની

ખોપરી ભાંગી. ચારે બાજુ લોહીની છોળો ઉડી. સભાસ્થાનની વચ્ચે દસ–બાર જુવાનોનું ટોળું મક્કમ થઈ ઉભું હતું. એમના પર લાઠીઓના સખ્ત પ્રહારો થયા છતાં એ ત્યાંથી ન ખસ્યા. છેવટે એમને ગિરફતાર કરવામાં આવ્યા. અને મેદાન ખાલી થયું.

પરંતુ સાંજે વળી મેદાન ઉભરાયું. અનંત મંચ પર આવી ઉભો. અનંતની બરતરફીના સમાચાર શહેરમાં વાયુ વેગે ફેલાઈ રહ્યા હતા. અનંતને લોકોએ ધન્યવાદ આપ્યા. એના નામની જય બોલાઈ રહી. એના ગળામાં ફુલોના અને સુતરના હાર પડ્યા. એનાં ભાષણથી લોકોમાં ઉત્સાહ વધ્યો. સવારના લાઠીચાર્જનો એણે સખ્ત વિરોધ કર્યો. પ્રજા ઉકળી ગઈ. એણે જય ગર્જના કરી એને વધાવી લીધો.

પણ એની ધરપકડ થઈ. લાઠીચાર્જ પણ થયો. લોકો વધુ મક્કમ બન્યા હતા. અત્યારે સવાર જેટલી નાસભાગ ન થઈ. છેવટે ઘોડા દોડાવવામાં આવ્યા. સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં ઘોડાઓની લોખંડી એડી તળે કચરાયાં.

તારાનાથે બરાબર કોરડો વિંઝ્યો. જેલોમાં ત્રાસ ફેલાવવો શરુ કર્યો. દંડ, જપ્તી અને લૂંટથી નાણાં મેળવ્યાં. પ્રજા આ કડક વલણુથી ત્રાસી ગઇ. કંચનપુરમાં કાયદાનું નામ નિશાન નહોતું રહ્યું. ગુન્હેગાર–બીનગુન્હેગાર જે હાથમાં આવ્યો તેના પર ત્રાસ વર્તાવાયો. શહેર આખામાં પોલીસરાજ પ્રવર્તી ગયું. આ ભયંકર દમનનીતિને પરિણામે એકાદ મહીનામાં પ્રજાની લડત તૂટી પડી.

બહાદૂરો હતા, તે જેલમાં જઈ બેઠા. કાયરો શહેર છોડી નાસી ગયા. બાકીની પ્રજા ભયભીત બની બેસી ગઈ.

અને તારાનાથનો જુલ્મ સહન કરવા લાગી.

પ્રજાના આગેવાનોએ હિન્દી મહાસભાની સહાય માગી. પણ મહાસભા એ વખતે હોદ્દાઓ સ્વીકારવાની વેતરણમાં પડી હતી. દેશી રાજ્યો તરફ લક્ષ આપવાની બ્રિટિશ હિન્દના આગેવાનોને ફુરસદ કે ઇચ્છા નહોતી. એમણે મહાસભાના કેટલાક ઠરાવો આગળ ધરી મદદ આપવાની અશક્તિ બતાવી.

પરંતુ કંચનપુરની પ્રજા પ્રત્યે સહાનુભૂતિભર્યા ઠરાવો એમણે કર્યા; અને રાજ્યના જુલ્મ સામે તીખાં, તમતમતાં ભાષણો મોટાં શહેરોમાં કરવામાં આવ્યાં. પણ તારાનાથ પર એની કંઈ અસર ન થઈ.

લડત તૂટી પડચાના જેલમાં પ્રમથને સમાચાર મળ્યા. પણ એથી એ નિરાશ ન થયો. પ્રજાપક્ષે લડતની ત્રૂટીઓનો અભ્યાસ કરી, એ ત્રૂટીઓને દૂર કરી, જેલમાંથી છૂટયે ફરી લડત કરવાનો વિચાર એણે મક્કમ કર્યો.

વાસંતી જૂદા વિચારો કરી રહી હતી. લોકોના આટલા મોટા સમૂહને જે સહન કરવું પડયું હતું, જે ભોગો આપવા પડચા હતા, એ બધું નિષ્ફળ ગયેલું એણે જોયું. 'આ કરતાં એક જ મરણિયાએ હિંસાનો આશ્રય લીધો હોત તો ?' એ પ્રશ્ન એના મનમાં ઘૂમી રહ્યો. ધાબળાને જોસથી દૂર ફેંકી એ પથારીમાં બેઠી થઈ ગઈ. પણ......એની આંખ સામે કોટડીના જાડા સળિયાઓ ધસતા હતા. આજે તો એ કેદી હતી !

પ્રકરણ ૪ થું

—એના જીવનને અનુરુપ કોણ થઈ શકે

વિરાટમાં એક ખાસ ગુણ હતો : કોઈ પણ વિચાર કે કાર્યને એ સમજ્યા વિના અંગીકાર કરતો નહિ. બુદ્ધિની કસોટીએ કસ્યા વિના એ કોઈ વસ્તુમાં અંધશ્રદ્ધા રાખતો નહિ. અને એક વસ્તુ બુદ્ધિપૂર્વક સમજ્યા પછી, એમાં શ્રદ્ધા બેઠા પછી, એ એની સિદ્ધિ પાછળ મંડયો જ રહેતો.

વ્યક્તિ તરીકે ગાંધીજી પ્રત્યે એને ખૂબ માન અને પૂજ્યભાવ હતાં. છતાં બીજા ગાંધીવાદીઓની પેઠે એમના એક પણ વિચાર કે કાર્યક્રમને એણે સમજ્યા વિના અપનાવ્યાં નહોતાં. ગાંધીજીના બધા સિદ્ધાંતોને સમજીને એણે અંગીકાર કર્યા હતા, અને એના પ્રચાર પાછળ એ ખૂબ મંડયો રહેતો. એ પોતાની જાતને ચૂસ્ત ગાંધીવાદી તરીકે ઓળખાવતો, અને બીજા બધા વાદોનો વિરોધ કરતો.

છતાં કેટલાક મૂઢ ગાંધીવાદીઓ સામે એને ભારે તિરસ્કાર રહેતો. એવા અનુયાયીઓ અંધશ્રદ્ધામાં ડૂબેલા હોઇને ગાંધીજીને સમજ્યા વિના એમના કાર્યક્રમને આંધળી રીતે વળગી રહેતા. તેમના હાથમાં જે કાર્યક્રમ આવ્યો તે પ્રજાને કે પોતાને શ્રેયસ્કર છે કે નહિ, એનો કદી તેઓ વિચાર ન કરતા. મહાત્મા પુરુષના કાર્ય કે વિચારની

સમીક્ષા કરવામાં તેઓ પાપ સમજતા. તેઓ રેંટિયાને વળગ્યા એટલે વળગ્યા જ. પણ એની પાછળનાં અર્થશાસ્ત્રને સમજતા નહિ. હરિજન પ્રવૃત્તિ એટલે હરિજનોની સેવા. એમને જુદા કૂવા, નળ વગેરે કરાવી આપવા, અને ક, ખ, ગ, ઘ શીખડાવવું. પણ એમને જનતાના કૂવા પર પાણી ભરતા કરવાને માટે તૈયાર કરવા, કેળવણી મારફત એમને જાગૃત કરી પોતાના હક્કો માટે લડતા કરવા, એ બધા વિચારોથી એ દૂર રહેતા. તેઓ હિંદુમુસ્લીમ ઐકયની વાત કરતા ત્યારે ઈશ્વર અને ખુદા એક છે, રામ અને રહીમ એક છે, એમ કહેતા; અને જાહેર સભા કે મિજલસમાં હિન્દુ ધર્મના ભજનો ગાતા, કે રામધૂન લગાવતા ! હિન્દુ અને મુસ્લીમ એક જ રાજકીય રોગ–ગુલામી–થી પીડાય છે, હિન્દુ અને મુસ્લીમ બન્ને શાહીવાદી તંત્ર નીચે એક સરખા ચૂસાય છે; અને માટે જ બન્ને કોમોએ પોતાના સામાન્ય પ્રશ્ન માટે એક થઇને લડવાની જરુર છે–એ હકીકતે એકતાનો પ્રચાર ન કરતા. ગાંધીવાદીઓની આ કાર્યરીતિ સામે એને નફરત હતી. એ ગાંધીવાદી હતો, છતાં આ રીતે એની કાર્યરીતિ ઉદામ હતી. એ હરિપરની પ્રજાને માત્ર સુખસગવડો કરી આપવામાં માનતો નહિ, પરંતુ એને શિક્ષણ આપીને જાગૃત કરવા પ્રયાસ કરતો. એ સમજતો હતો કે સામાન્ય સુખ-સગવડો કે આર્થિક સહાય પ્રજાને કાયમી સુખ આપી શકવાનાં નથી. કારણ કે બ્રિટિશ તંત્રની રચના જ એવી છે કે પ્રજા કદી સાચું સુખ અને ખરી આર્થિક મુક્તિ મેળવી શકે નહિ. એ માટે તો દેશને સ્વતંત્ર કર્યે જ છૂટકો છે. અને તેથી

એનું બધું લક્ષ લોકોને શિક્ષણ આપી સમજતા કરવામાં, જાગૃત કરવામાં, એમનામાં સ્વદેશાભિમાનની જ્યોત પ્રગટાવવામાં એ આપતો. સમજ્યા વિના કોઈ પણ વ્યક્તિ ગમે તેટલું સારું કાર્ય કરે તો પણ એને સંતોષ ન થતો.

અને તેથી એણે હરિપરમાં જ્ઞાનવૃદ્ધિ અર્થે જુદી જુદી જાતના શિક્ષણ વર્ગો શરુ કર્યા હતા. એ ઘણો શાન્ત કાર્ય કરનારો હતો. બહુ ધાંધલ એને રુચતી નહિ. જે કાર્ય કરે તેમાં દટાઈ જવાની ભાવનાવાળો હતો. અને તેથી હરિપરની એની પ્રવૃત્તિ સિવાય બીજે ક્યાંય એ લક્ષ ન આપતો.

એ નાના ગામમાં એણે ધીમે ધીમે કાર્યકરોની એક મંડળી ઉભી કરી. ગામના જુવાન વર્ગને એના કાર્યમાં ખૂબ રસ પડતો; અને તેથી કેટલાક એને સહાય કરવા તત્પર બન્યા હતા. એણે ધીમે ધીમે આ કાર્યકરોને કેળવીને પોતાનું કાર્ય એમને સોંપ્યું અને તેની દેખરેખ અને સામાન્ય વ્યવસ્થા પોતાને હસ્તક રાખ્યાં. આથી તેને ઘણો સમય બચવા લાગ્યો, અને કાર્ય નિયમિત અને પદ્ધતિસર ચાલવા લાગ્યું. બચત સમયમાં એ ઉંડું ચિંતન કરતો; અને પ્રજાની ઉન્નતિ માટે નવા નવા કાર્યક્રમોને શોધી કાઢતો. વળી એ પોતાનું અંગત વાચન પણ વધારી શક્યો. દરેક નવા વિચાર પ્રવાહોને એ સમજવા પ્રયત્ન કરતો, અને તેમાંથી જે કંઈ હિતકર લાગે તેને અપનાવતો. હિન્દી મહાસભાના જુદા જુદા પક્ષો અને તેમની માન્યતા, મહાસભા બહારની દેશની સંસ્થાઓ, અને જગતના જૂદા જૂદા દેશોનો ઇતિહાસ અને રાજ્યપદ્ધતિનો એ ઉંડો અભ્યાસ રાખતો.

આથી તેનું હૃદય ખૂબ ઉદાર થયું હતું અને કોઈ પણ મત કે વિચાર તેને અસહિષ્ણુ બનાવી શકતો નહિ.

હરિપરમાં આવ્યા પછી તેને રજુલાની કેળવણી અને વિકાસ માટે ચિંતા થઈ હતી. કારણ કે ગામડા ગામમાં એને માટે કશો પ્રબંધ નહોતો. પરંતુ થોડા સમયના વસવાટ અને અનુભવને અન્તે એને એનો માર્ગ જડી ગયો. પોતે શરુ કરેલી શાળામાં એને અંગ્રેજી અને બીજા વિષયોનું શિક્ષણ આપવાનું ચાલુ કર્યું. ગામમાં એક પહેલવાન આળસુ થઈ પડયો હતો, એને રોકીને એક વ્યાયામશાળા શરુ કરી; અને તેમાં રજુલા પણ કસરત અને રમતોનો લાભ લેતી. મંદિરનો બાવો કોઈ સારા દિવસે ભજનિયાં ગાઈને પડયો રહેતો. એ હાથપેટી સરસ રીતે બજાવી શકતો. વિરાટે એની મદદથી એક સંગીતવર્ગ શરુ કર્યો. બાવો એ સિવાય પણ દિવસ આખો નવરો પડયો રહેતો. એટલે તેણે વિરાટ પ્રત્યેની લાગણીને લીધે રજુલાને સંગીતનું ખાસ શિક્ષણ આપવાનું કબૂલ્યું. એ સિવાય વિરાટે રજુલા માટે સામાન્ય જ્ઞાનનાં ખાસ પુસ્તકો મુંબઈથી મગાવ્યાં હતાં. રજુલાને આમ ગામડામાં પણ સરસ શિક્ષણ મળી રહેતું.

રજુલા કિશોરી મટી મુગ્ધા થઈ, તે દરમ્યાન તો એને ઘણું શિક્ષણ મળી ગયું. અનુભવ અને આસપાસનું વાતાવરણ જે શિક્ષણ આપી શકે છે, તે વ્યવસ્થિત શાળાઓ પણ આપી શકતી નથી. આ ઉપરાંત રજુલાએ ગૃહકાર્યનો બોજો પણ વિરાટ પાસેથી સંભાળી લીધો હતો. ઘરની લેશ માત્ર પણ ચિંતા હવે વિરાટને રહી નહિ. એ તો પોતાનું બધું લક્ષ ગ્રામસેવામાં જ આપવા લાગ્યો.

પરંતુ અત્યાર સુધી નહોતો એવો, એક બોજો વિરાટના મન ઉપર આવી પડયો. રજુલા હવે યુવાન વયે પહોંચી હતી; અને એના લગ્નનો વિચાર એક દિવસે અચિંત્યો વિરાટના મનમાં આવી બેઠો. વિરાટ થોડાં પુસ્તકો ખરીદ કરવા અમદાવાદ ગયો હતો. ત્યાં એક મિત્રની ખોલીમાં એણે ઉતારો કર્યો. મિત્ર અને મિત્રપત્નીએ એની સારી બરદાસ કરી. વિવિધ વિષયોની એમણે ચર્ચા કરી. કેટલાક સામાજીક અને લગ્નજીવનના પ્રશ્નોની છણાવટ કરી. ગૃહજીવનની કેટલીક રસિક વાતો પણ કરી.

વિરાટ અમદાવાદથી હરિપર આવ્યો. મિત્રના ગૃહજીવનની અસર એના વિચારોમાં ગુંથાઈ હતી. તે દિવસથી જીવનસાથી તરીકે પત્નીની તેને જરુર જણાઈ. લગ્નની પ્રથમ જ ઇચ્છા તેને આ દિવસે થઇ.

પણ એના જીવનમાં ઓતપ્રોત થઈ શકે, એના શુષ્ક જીવનને રસમય બનાવી શકે એવી કોઈ કન્યા એના લક્ષમાં આવી નહોતી. એવી કન્યા—એના તરંગોને ઝીલી શકે, એના કંટકમય માર્ગમાં સોબતી થઈ શકે, પોતાની પેઠે સેવાકાર્ય માટે ફના થઈ શકે એવી કોઇ કન્યા—ના પરિચયમાં એ કદી આવ્યો નહોતો.

પણ......વિચાર આવ્યો અને અટકયો. એવી એ એક જ કન્યા રજુલા હતી. રજુલા સાથે લગ્ન કરી શકાય ? રજુલા એની સાથે લગ્ન કરવા ખુશી હશે ? રજુલા એની સાથે લગ્ન કરી શકે ? કરે તે અનુચિત નહિ ? એવા વિચારો એના મગજમાં ઘૂમી વળ્યા.

રજુલા લગ્નને યોગ્ય બની હતી, એનો ખ્યાલ

આજે જ એને આવ્યો. ગઈ કાલ સુધી એ એને મન કિશોરી હતી; આજે એ એને યુવતી લાગી. રજુલા રસોડામાં ચૂલા પાસે બેસી રસોઈ કરતી હતી, અને વિરાટ એની સામે પાટલા પર બેસી જમતો હતો. માથેથી રજુલાની ઓઢણી ખસી ગઈ હતી. એનું મુખ અગ્નિના પ્રકાશમાં કંકુવર્ણું લાલ બની ગયું હતું. વિરાટને આજે જ એનું યૌવન દેખાયું.

રજુલાના લગ્નની ચિંતા એના મનમાં વસી. પણ એનાં લગ્ન કરવાં કોની સાથે ? એની શરમાળ પ્રકૃતિ, એનો સરલ સ્વભાવ, એનું દર્દભર્યું હૃદય — એને પિછાનનારો, એને નિભાવનારો, એને સુખ આપનારો યુવાન એને ક્યાં મળશે ? એવો કોઈ યુવાન એના પરિચયમાં નહોતો.

એના મગજમાં એક વિચાર ફરી ફરીને ઘોળાવા લાગ્યો: 'વિરાટનાં લગ્ન રજુલા સાથે ન થઈ શકે ?'

વિરાટ અને રજુલા આજ સુધી ભાઈ બેન તરીકે રહ્યાં હતાં. બન્ને વચ્ચે અનહદ પ્રેમ અને લાગણી હતાં. ભવિષ્યમાં કદી જૂદાં પડવું પડશે, એવો ખ્યાલ તેમને હજુ સુધી નહોતો આવ્યો. વિરાટને મન એ બેન હતી. રજુલાને મન એ ભાઈ હતો. ભલે દુન્યવી દૃષ્ટિએ એ ભાઈબેન નહોતાં. ગામના લોકો જાણતાં હતાં કે રજુલા એ વિરાટના પિતાની પાલિતા પુત્રી છે. છતાં બન્ને વચ્ચે આજ સુધી ભાઈ–બેનનો જ સંબંધ હતો.

વિરાટને એક નવો વિચાર આવ્યો: 'બન્ને આજ દિવસ સુધી જેમ રહેતાં આવ્યાં છે, એમ ભવિષ્યમાં ન રહી શકે ? શું બન્ને માટે લગ્નની જરુરિયાત અનિવાર્ય છે ?'

એક રાત્રે ચોમાસાનો મેઘ વરસી રહ્યો હતો. બન્ને ઓરડો બંધ કરી કોલસાની સગડી પાસે તાપતાં બેઠાં હતાં. રજુલા એક પુસ્તક વાંચી રહી હતી. વિરાટ વર્તમાન-પત્રનાં પાનાં આમથી તેમ ફેરવી રહ્યો હતો; પણ એમાં તેને રસ નહોતો. તેના મનમાં એ ને એ વિચાર હજુ ઘોળાયાં કરતો હતો. એણે વર્તમાનપત્ર નીચે મૂકયું.

'કેમ, એટલીવારમાં વાંચી નાખ્યું ?' રજુલાએ પૂછ્યું.

'ના. હજુ અધૂરું છે.'

'ત્યારે કેમ નીચે મૂકયું ?'

'હા. કહું.' થોડી વારે અટકી વિરાટ બોલ્યો. 'મારા મનમાં એક વિચાર ઘોળાયાં કરે છે. આજ થયું કે તને કહી દઉં !'

'કહો ને ?'

'એ જ કહું છું. તને પૂછવાનો ઘણા દિવસથી વિચાર કરતો હતો; પણ વખત નહોતો મળતો. આજે કહું. રજુ ! આપણે આટલાં વર્ષો સાથે રહ્યાં. નિખાલસતાથી તેં બધી વાત મને કરી છે, અને મેં નિખાલસતાથી સાંભળી છે. આજે હું તને પૂછું છું—કારણ કે તું હવે બાળકી નથી. મારે કોઈ બીજો મિત્ર નથી. સ્નેહી નથી. હું કોને પૂછું ? તને જ પૂછું છું. તારાં લગ્નનું શું કરીશું ? રજુ !' વિરાટનો ચહેરો ખૂબ ગંભીર હતો.

'અરે ! વિરાટભાઈ ? હા...હા...હા...હા.' કહીને તે હસી પડી. 'એમાં મને પૂછવાનું શું ? લગ્ન તો મારે કરવાં નથી. શા માટે કરવાં જોઈએ ? એમાં તમારે કશી ચિંતા

કરવાની જ નથી. લ્યો. આમ છે, તો પહેલેથી જ કહી નાખવું હતું ને?' રજુલા હસતી રહી.

વિરાટની ગંભીરતા પર રજુલાના હાસ્યની કશી અસર ન થઈ. એ કંઈ બોલ્યો નહિ. શું કહેવું એ તેને સૂઝતું નહોતું. થોડીવારે ફરી હસીને રજુલાએ કહ્યું: 'તમે મને તમારા ઘરમાં રહેવા દેશો ને? મને અહીંથી દૂર કરવા તો નથી ઇચ્છતા ને?'

'હું તને દૂર કરવા ઇચ્છું ખરો, રજુલા?' વિરાટે ગંભીર વદને કહ્યું.

'તો, વિરાટભાઈ! ખરું કહું?' એટલા જ ગંભીર વદને રજુલા બોલી. 'આ ઘર છોડીને ક્યાંય જવા હું નથી ઇચ્છતી. આ જગતમાં તમારા સિવાય મારું કોઈ હતું નહિ, અને થઈ શકશે પણ નહિ. આ ઘર છોડીને હું જવાની નથી.'

વિરાટ એના શબ્દો પર વિચાર કરવા લાગ્યો. રજુલા શું કહી રહી હતી?

થોડીવારે ફરી એ બોલી: 'હા, હું પરણી જઈશ. પણ...તે તો તમારાં લગ્ન થયા પછી જ. ત્યાં સુધી તો નહિ! ત્યાં સુધી તમારું કામ, તમારી સેવા–સુશ્રૂષા કોણ કરે? તમે રહ્યા તરંગી! તમને એકલા કેમ મૂકું? મારી ભાભી આવશે; પછી એ તમારો સ્વભાવ, તમારી ટેવો, તમારા વિચારો, એને અનુકુળ થઈ જશે; ઘરનો કારભાર એ ઉપાડી લેશે; પછી જ હું જઈશ.'

'ક્યાં જઈશ?'

'કહેશો તો પરણી જઈશ, કે જૂદી થઈને રહીશ!'

'તારે પરણવું કે ન પરણવું, એ શું મારી ઇચ્છાને આધિન છે? અને તું, રજુ! એમ માને છે કે હું લગ્ન કરવા માટે તને દૂર કરવા ઇચ્છું!'

'એમ તો નહિ. પણ પછી તમને અગવડ પડે ને?'

'અગવડ? શાની અગવડ, રજુલા?'

'રજુલાએ ઉત્તર ન આપ્યો. વિરાટ પણ વિશેષ કંઈ ન બોલ્યો. એ ત્યાંથી ઉઠીને પોતાની પથારીમાં જઈ પડ્યો. રજુલા સગડી રસોડામાં મૂકી આવી, પોતાની પથારીમાં બેઠી; અને હાથમાંનું પુસ્તક વાંચવા પ્રયાસ કરવા લાગી.

થોડી વારે રજુલા પુસ્તક બંધ કરીને ઊભી થઈ, અને વિરાટ પાસે જઈ તેના માથા પાસે પથારી પર બેસી ગઈ. વિરાટ ઊંઘતો નહોતો. એના કપાળ પર હાથ મૂકી રજુલાએ પૂછ્યું: 'આજ કેમ ઊંઘ આવતી નથી? મારી ચિન્તા થાય છે કે શું?'

'સહેજ માથું દુઃખે છે.' વિરાટે કહ્યું.

'એ તો હશે. પરંતુ સાથે કંઈ ચિંતા, કંઈ વિચાર —તમારા મનમાં ઘોળાયાં કરે છે. વિરાટભાઈ, મને નહિ કહો? હું ઇચ્છું છું, તમે હતા તેવા નિખાલસ અને હસમુખા થઈને આજે વાત કરો. તમારા મગજ પર આટલો ભાર આજ શાને આવી પડ્યો છે? તમારા મુખ પર આટલી ગંભીરતા આજે શાને છવાઈ છે? તમે મને નહિ કહો? તમારું હૃદય શું આજે મારી પાસે નહિ ખૂલે?' એણે વિરાટનું માથું હલાવી પૂછ્યું.

વિરાટ પથારીમાં બેઠો થઈ ગયો. એણે કહ્યું: 'આપણે

માનીએ કે ન માનીએ, પણ એક દિવસ એવો આવશે જ, કે જ્યારે તારે લગ્ન કરવાં જ પડશે, અને મારે યે કરવાં જ પડશે. લગ્ન એ વ્યક્તિને માટે અનિવાર્ય છે! ન્હાનાલાલનાં 'જયાજયન્ત'નાં સ્વપ્ન તો પુસ્તકમાં જ શોભે. વ્યવહારમાં એ ન ચાલે. શારીરિક ભૂખ, માનસિક એકલતા, નિર્મોહી દશા, એને તો કોઈ મહાત્મા જ સહી શકે. મારું ને તારું એ ગજું નહિ! એટલે એનો વિચાર પણ મારે કરવો જ રહ્યો ને?'

'ખરું છે. હવે એ બાબતમાં તમે શું ઇચ્છો છો? જરા પણ સંકોચ વિના મને કહેશો ને? વિરાટભાઈ! હું તમારે આશ્રયે રહેલી તમારી શિષ્યા છું. તમે મારા પાલક છો, ગુરુ છો. તમારી આજ્ઞા મને શિરોમાન્ય છે. કહો. જે આજ્ઞા હશે તે ઉઠાવીશ.' રજુલા વિરાટની આંખો સામે જોઈ રહી.

'નહિ, રજુ! હું તને આજ્ઞા કરવા માગતો નથી. લગ્નની બાબતમાં સૌની વ્યક્તિગત સ્વતંત્ર ઇચ્છા મુજબ થઈ શકે. માબાપ પણ સલાહ આપી શકે, આજ્ઞા ન કરી શકે. હું તને આજ્ઞા ન કરી શકું, સલાહ આપી શકું.'

'શી સલાહ આપી શકો?'

'કે તારાં હવે લગ્ન થવાં જોઈએ.'

'કોની સાથે?'

'તારી ઇચ્છા પડે તેની સાથે.'

'મને હજુ ઇચ્છા કરવાનો પ્રસંગ મળ્યો નથી.'

'ઠીક.'

'બીજું શું કહો છો?'

'કંઈ નહિ.'

'સારું. હવે તમને હું પૂછું?'

'શું?'

'કે, તમે તમારાં લગ્ન વિષે વિચાર કર્યો છે?'

રજુલાનાં પ્રશ્નનો વિરાટે ઉત્તર ન આપ્યો. થોડીવારે એણે કહ્યું: 'રજુલા! મારા જીવનને અનુરુપ કોણ થઇ શકે એમ છે?'

'તમે જ કહો ને?'

'શું કહું?'

'તમારા જીવનને અનુરુપ કોણ થઇ શકે?'

દરવાજો ખખડયો. બન્ને ચમકયાં 'અત્યારે અર્ધી રાત્રે કોણ હશે?'

વિરાટે જઈ બારણું ઉઘાડયું. એક જુવાન અંદર આવ્યો.

'કંચનપુરથી આવ્યો છું.'

'કેમ! શા સમાચાર છે?'

'ગઈ રાત્રે પ્રમથભાઇ અને વાસંતી બેનની ધરપકડ થઈ. આજે અનંતભાઈએ રાજ્યની નોકરીમાંથી છુટા થઈ લડતની સરદારી લીધી. એમને પણ આજે ગિરફતાર કર્યા. લોકો ખૂબ ઉત્સાહમાં છે પણ કોઈ કુશળ નેતાની જરુર છે. આપ ન આવી શકો?'

'નેતા તો હું ન થઈ શકું. હું તો સૈનિક બની શકું. લડી શકું. કહો તો આવું!'

'આપની ઇચ્છા. પ્રમથભાઇએ કહ્યું હતું કે જરુર પડે ત્યારે વિરાટભાઈની મદદ માગજો.'

'બહુ સારું. ક્યારે જવું છે ?'

'આપ કહો ત્યારે. મોટર લાવ્યો છું.'

'અત્યારે આવું ?'

'આવો તો ઘણું સારું.'

'ચાલો, આવું છું.' કહી વિરાટ તૈયારી કરવા લાગ્યો.

'રજુ ! હું જાઉં છું. હવે તો મળીએ ત્યારે ખરું. જેલમાંથી છુટું ત્યાં સુધી બધી પ્રવૃત્તિઓ સંભાળજે.'

'પણ આમ અચાનક ?'

'હા. આપણે સૈનિકોને શું ? જરુર પડે ત્યારે તૈયાર ? ચાલો. નમસ્તે !'

'નમસ્તે !' રજુલાએ કહ્યું, અને વિરાટ જુવાન સાથે મોટરમાં બેઠો.

રજુલાએ બે હાથ જોડી 'નમસ્તે' કહી તેને વિદાય આપી.

સૈનિક લડતને માર્ગે પડ્યો. દરવાજે વાસી રજુલા પથારીમાં પડી. વિચારી રહી: 'સૈનિકનું જીવન કેવું સરસ ! આજે લગ્નની વેદી પર ! કાલે સંગ્રામની ભૂમિ પર !'

આખી રાત્રી રજુલાને ઉંઘ ન આવી. એને વિરાટના વિચારો આવવા લાગ્યા: 'એના જીવનને અનુરુપ કોણ થઈ શકે ?'

પ્રકરણ ૫મું

—હિંસાને માર્ગે

લડત પહેલાં સરિતાના જે વિચારો હતા, તેમાં લડત વખતે પલટો આવ્યો હતો. પ્રજાકીય પ્રશ્નને એ તટસ્થ દૃષ્ટિએ જોઈ શકતી નહિ. દરેક વિચારમાં બિજુદાદાનું રાજ્ય અને બિજુદાદાનું સુખ—એ ખ્યાલો આગળ આવતા. પરંતુ પ્રમથ અને વાસંતી જેલ ગયા પછી એના વિચારોએ પલટો લીધો. બિજુદાદાના દુર્ગુણો અને વિશેષ તો એની નિર્માલ્યતાને કારણે પુત્ર હોવા છતાં એને એના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ. અને એ કદી ભવિષ્યમાં સુધરી શકશે એવી આશા ન રહી. પ્રજા પર ગુજરેલા સિતમને લીધે એ પ્રજાકીય દૃષ્ટિથી પણ વિચારતી થઈ હતી; અને પોતે લડતમાં ઝંપલાવવાનો પણ વિચાર કરી રહી હતી. પરંતુ હવે તો લડત તૂટી ગઈ હતી. સો-દોઢસો શૂરવીરો જેલમાં જઈને બેઠા હતા. એમાં એકનો ઉમેરો કરવાનો કશો અર્થ નહોતો.

એમ છતાં લડતને ફરી સજીવન કરવાનો કોઈ માર્ગ એ શોધવા લાગી. કોઈ અસાધારણ સંજોગો ઉપસ્થિત ન થાય ત્યાં સુધી પ્રજામાં નવી તાકાત ઉત્પન્ન થવાનો સંભવ નહોતો. અત્યાર સુધી લડતની દૃષ્ટિએ એણે કદી વિચાર કર્યો નહોતો. તેમ જ કદી રાજકીય પ્રવૃત્તિમાં માથું માર્યું

જ નહોતું. એટલે એને કોઈ નવો માર્ગ પણ સૂઝતો નહોતો.

આ સ્થિતિમાં એને નિહારબાબુ યાદ આવ્યા. તેમનું આગમન આજની પરિસ્થિતિમાં જરુર ઉપયોગી થાય. તારાનાથ ઉપર એના સિવાય કોઇની લાગવગ ચાલે એમ નહોતું. એની પ્રતિભાની ઠાકોર ઉપર અસર થઈ શકે એમ હતું. એની યોજના પ્રજાને જરુર કિંમતી થઈ પડે.

એણે નિહાર બાબુને વિગતવાર પત્ર લખ્યો. એ પછી આઠમે દિવસે નિહાર બાબુ કંચનપુર આવ્યા.

નિહાર બાબુએ વર્તમાનપત્રો મારફત લડતની કેટલીક વિગતો જાણી હતી. વાનપ્રસ્થ થવા છતાં પણ કંચનપુર સાથેનો એનો સંબંધ છેક ભૂંસાયો નહોતો. જવાબદારીમાંથી એ મુક્ત થયા હતા. અને ઠાકોરની કશી ચિંતા કરવાનું એણે ત્યજી દીધું હતું. છતાં એનો કારભાર ચલાવનાર તારાનાથ એનો પુત્ર હતો. અને સરિતા એને પુત્રી તુલ્ય હતી. પ્રજા એની હુંફમાં ઉછરી હતી, અને સમૃદ્ધ બની હતી. એ જ સમૃદ્ધિ એના પુત્રને હાથે લૂંટાઈ રહી હતી, એનું એના હૃદયમાં દુઃખ હતું. એટલે સરિતાનો પત્ર મળતાં જ એ કંચનપુર આવવાને નીકળ્યા.

પોતાની લાગવગ અને સંબંધોનો ઉપયોગ કરવાની એની ઈચ્છા નહોતી. પ્રજાબળનો પરચો બતાવ્યા સિવાય સાચું સમાધાન–પ્રજાના હિત માટેનું સમાધાન–થઈ શકે નહિ, એવી તેમની માન્યતા હતી. અને એ માન્યતા ઇતિ-હાસના ઉંડા અભ્યાસ પર રચાઈ હતી. છતાં માત્ર વિવેક ખાતર એમણે ઠાકોરની મુલાકાત માગી. પણ ઠાકોરને

મુલાકાત આપવાની ઇચ્છા અથવા ફુરસદ નહોતી. ગમે તેમ પણ એણે આ બાબતમાં તારાનાથ સાથે વાત કરી લેવાની એમને સૂચના કરી. આ સૂચના નિહાર બાબુને ભારે અપમાનજનક લાગી. ઠાકોર પ્રત્યે એમને રોષ ચડયો. તારાનાથને મળવા એ ઇચ્છતા નહોતા. એની પાસે યાચવા જઈને પોતાનું સ્વમાન એ ઘટાડવા માગતા નહોતા. તેમના શહેરમાં આગમન થયાના ખબર મળવા છતાં તારાનાથ એમને મળવા આવ્યો નહોતો. જાણે પિતા-પુત્રનો સંબંધ જ અદૃશ્ય થઈ ગયો હતો. એમને મળતાં તારાનાથને શરમ લાગતી હશે, કે એ તદ્દન નફફટ થઈ ગયો હશે, એનો ખ્યાલ નિહાર બાબુ કરી શકયા નહિ. વૃદ્ધ પિતાને મળવા આવવાની એની ફરજ હતી, અને ગમે તેમ પણ એની ફરજ એ બજાવી શકયો નહિ, એનું નિહાર બાબુને ભારે દુઃખ થયું. જેમ એણે સરિતાનો પુત્ર હરી લીધો હતો, એમ ઈશ્વરે પોતાનો પુત્ર હરી લીધો એમ તેમને લાગ્યું. બન્નેની એકી સાથે અવદશા નિર્માણ થઈ હતી!

એટલે નિહાર બાબુએ હવે સામનાને માર્ગે જ આગળ વધવાનો નિશ્ચય કરી નાખ્યો, અને લોકલડતની આગેવાની સ્વીકારી. ઠાકોરને આથી બહુ ભય લાગ્યો; પણ તારાનાથે કહ્યું: 'ભલેને બાપુ પોતે રણમેદાનમાં આવે! એમાં શું! હું એથી ડરવાનો નથી. રણક્ષેત્રમાં પિતા કે પુત્રનો સંબંધ હોઈ શકે નહિ. શ્રી કૃષ્ણને અર્જુનને ઉપદેશ આપવો પડયો હતો એમ મને ઉપદેશ આપવાની જરુર નથી; હું બાપને દેખી મોહાવિષ્ટ થઈ જવાનો નથી!' કહી તે નિર્લજ્જ રીતે હસ્યો.

પિતાએ પુત્ર સામે મોરચા માંડચા. એમણે લોકોને એકઠા કરી પ્રજાસભા ભરવાની જાહેરાત કરી. લોકોમાં ફરી ઉત્સાહ પ્રગટચો. નિહાર બાબુ લડતનું સુકાન હાથમાં લ્યે ત્યારે કોણ કાયર ઘરમાં ભરાઈ રહે? લોકોએ કાયરતા ખંખેરી નાખી. પ્રજામાં બળનો ફરી સંચાર થયો. વિજયનાં ગાન શેરીએ શેરીએ સંભળાવા લાગ્યા. ગામડે ગામડે ફરી સભાઓ મળવા લાગી. ફરી દમનનીતિ શરુ થઈ. લોકો એનો અહિંસક રીતે સામનો કરવા લાગ્યા. પ્રજાસભામાં હાજરી આપવા ગામડે ગામડેથી ખેડૂતો આવવા લાગ્યા; અને નક્કી કરેલે દિવસે પ્રજાસભા મળી.

પરંતુ નિહાર બાબુ પ્રજાસભામાં હાજર થઈ શક્યા નહિ. માર્ગમાંથી જ તારાનાથે એમને ગિરફતાર કરાવ્યા.

એમનું કાર્ય સરિતાએ સંભાળી લીધું. અને પ્રજાસભા ખૂબ ઉશ્કેરાટ વચ્ચે મળી ગઈ.

પિતાને પુત્ર કેદ પકડશે નહિ, એવી કેટલાક લોકોની માન્યતા હતી, તે જૂઠી ઠરી. લોકોને તારાનાથના આ કૃત્યથી ખૂબ ગુસ્સો ચડચો. ચારે બાજુથી તારાનાથ પર ફિટકાર વરસવા લાગ્યો. લોકોનો જુસ્સો વધ્યો. પ્રજામાં ઉશ્કેરાટ ફેલાયો. એ જુસ્સાને કાબુમાં રાખનાર–અને સાચે માર્ગે દોરનાર કોઈ હતું નહિ. ઉશ્કેરાયલી પ્રજા હિંસાને માર્ગે ચડવા માંડી હતી.

સરિતાને માથે મોટી જવાબદારી આવી પડી. પ્રજાને તોફાનને માર્ગે જતી અટકાવવી તો જોઈએ જ. એ કાર્ય એ પોતે કરી શકશે એટલી એને શ્રદ્ધા નહોતી. પ્રજાની વચ્ચે બેસીને એણે કદી લોકસેવા કરી નહોતી. પ્રજાનો

વિશ્વાસ એણે સંપાદન કર્યો નહોતો. પ્રજાના જુસ્સાને કાબુમાં લાવવાની એનામાં શક્તિ નહોતી.

ગુપ્ત વેશે એણે રાણીની મુલાકાત લીધી. રાણીએ પોતાની હૈયાવરાળ એની આગળ ઠાલવી : 'હું શું કરું, સરિતા ! ઠાકોરને હું ઘણું યે સમજાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી ચૂકી છું. એ તો માત્ર તારાનાથનું રમકડું છે! એ કંઈ મારું માને નહિ. એને મારાથી મળી પણ કેમ શકાય!'

કેટલોક સમય સુધી મસલત ચાલી. અન્તે બન્નેએ મળી માર્ગ કાઢ્યો. ચોક્કસ નિર્ણય કરી સરિતા પ્રસન્ન મુખે પાછી ફરી.

પ્રજા તોફાનને માર્ગે ચડવાથી, વધુ ત્રાસ ફેલાવવાની તારાનાથને તક મળી. લોકોનાં ટોળાં પર ગમે ત્યારે પ્રહારો થવા લાગ્યા. સ્ત્રી-બાળકો સુદ્ધાંને પણ સતાવવામાં આવતાં. પોલીસના માણસો-કેટલાંક ભય પામી ખૂણે ખાંચરે ભરાઈ બેઠાં, તો કેટલાક વધુ ઉશ્કેરાઈ જઈને તોફાન મચાવતા, દૂકાનો લૂંટતા અને રસ્તા પર બિભત્સ બોલતા. એમાંના કેટલાક લોકોનો માર પણ ખાતા.

બીજી સવારે એક ચોંકાવનારો બનાવ બન્યો. રાણી કમલકુમારી એકાએક ઓઝલ-પડદાને દૂર કરી ઝનાનામાંથી બહાર નીકળી, અને પ્રજા-સમૂહ વચ્ચે આવી ઊભી. એને જોઈ લોકો ટોળે વળ્યાં. લોકોનો હર્ષ માયો નહિ. એમણે રાણીનું સન્માન કર્યું. રાણીએ લોકોને શાન્તિ જાળવવા પ્રાર્થના કરી, તેમનો વિમાર્ગે વળેલો જુસ્સો શાન્ત કર્યો. લોકોએ અહિંસક રહેવાનું એમને વચન આપ્યું.

રાણીએ પ્રજાનું નેતૃત્વ સ્વીકાર્યાની વાત જાણી

તારાનાથ ગભરાયો. પિતાને તો હિંમત લાવી પકડયા, પણ રાણીને કેમ પકડાય? તે ગયો ઠાકોર પાસે. એને બધી વાત કરી, અને રાણીને તત્કાળ અટકાવવા ઠાકોરને વિનતિ કરી.

ઠાકોરનો ગુસ્સો હદ વટાવી ગયો. ઓઝલ મૂકી રાણી બહાર નીકળે, અને ચળવળિયા લોકો સાથે ભળી જાય, એ એનાથી સાંખી શકાયું નહિ. બંદૂક લઈ એ મહેલમાંથી બહાર નીકળ્યા. રાણીને ફૂંકી દેવાની એની નેમ હતી.

પણ એ નેમ પાર પડી નહિ. એને ખબર મળ્યા કે રાણી સરકારી પ્રતિનિધિને મળવા છાવણીમાં ગયાં છે. ઠાકોર વીલે મોંએ મહેલમાં પાછા ફર્યા !

પ્રકરણ ૬ઠ્ઠું

—વિજય કે પરાજય?

રાણીની આજ્ઞા મુજબ પ્રજાએ બરાબર શાન્તિ જાળવી, અને બધો જુલ્મ મુંગે મોઢે સહન કર્યો.

એ દિવસ અને એ રાત્રી તારાનાથે ત્રાસ વર્તાવવામાં બાકી ન રાખ્યો. પોલીસોએ શાન્ત શહેરીઓને રંજાડવા માંડ્યા. ચોરી અને લૂંટફાટ સામાન્ય બની ગયાં. ઘર ફાડીને અને દૂકાનો તોડીને ગુંડાઓ પ્રજાની માલમિલ્કત લૂંટી જતા. પ્રજાની બહેન-દીકરીઓની મશ્કરી અને છેડતી થઈ રહી. કોઈ ધોળી ટોપી પહેરીને નીકળે, એટલે તેના વાંસામાં સોટીઓ પડે અને ટોપી ઉંચકાઈ જાય. ખુલ્લે માથે નીકળે, એના માથામાં પોલીસની ડાંગ પડે, દૂકાન બંધ રાખે એનો દંડ થાય અને ઉઘાડી રાખે એ લૂંટાય. ગુજરાતી છાપું પસ્તી તરીકે વાપરે એનાપર પણ માર પડે. લગ્નનું સામૈયું કે વરઘોડો નીકળે, તો પણ એને વિખેરી નાખવામાં આવે.

એટલેથી તારાનાથ ન અટક્યો. રાજ્યની શાળાઓ અને દવાખાનાં એણે બંધ કરાવ્યાં. શહેરમાં મ્યુનિસિપાલિટીની વિજળીની બત્તીઓ થતી, એ પણ બંધ કરી; પણ પ્રજાએ બત્તીઓ બંધ કરી ત્યારે તો તેમની પાસેથી પૂરું ખર્ચ વસુલ લેવાયું. પ્રજાને ઉપયોગી બધાં ખાતાંઓનો

વહીવટ પ્રજાપૂરતો બંધ કરવામાં આવ્યો.

તારાનાથ વિફર્યો હતો. અને એ વિફરાટમાં એ માનવતાને નેવે મૂકીને અમલ કરવા લાગ્યો. પ્રજાને માટે એ બે દિવસો ખરખરી કસોટી જેવા હતા. એ જરા પણ ઉશ્કેરાઈ તોફાનને માર્ગે ચડે, તો એને વીંધી નાખવા હથિયારબંધ પોલીસોની ગાડીઓ શહેરમાં આમથી તેમ ફર્યા કરતી હતી.

તારાનાથની ગાંડાઈએ પણ માઝા મૂકી હતી. બીજે દિવસે તો એણે નળ વાટે મળતું પાણી યે બંધ કરાવ્યું. પ્રજાપીડનની કોઈ તરકીબ એણે બાકી ન રાખી.

જેલમાં રાજદ્વારી કેદીઓ પર ચાબૂક વિંઝવામાં આવ્યા, કુંડીઓનું–ગટરોનું ગંધાતું પાણી પાવામાં આવ્યું, અને રાત્રે સૂતેલા કેદીઓને વીંછીઓ કરડાવવામાં આવ્યા. જગતની સૈકાજૂની ભીષણ જેલોના કારમા અત્યાચારોને એકઠા કરીને કંચનપુરની જેલમાં વાપરવામાં આવ્યા. આમ છતાં અંદરના કેદીઓ અને બહારના પ્રજાજનો અદ્ભુત શાન્તિ જાળવી રહ્યા.

પણ તારાનાથને માટે એ દિવસ છેલ્લો હતો. ત્રીજા દિવસની સવાર જૂદી રીતે પડી!

છાવણીના વરિષ્ટ અંગ્રેજ અધિકારી સર વિલ્યમ વિલ્સન કંચનપુરની પરિસ્થિતિથી વાકેફ હતા. એના જાસુસો કંચન-પુરમાં ફરતા અને ઝીણામાં ઝીણી વિગતોની બાતમી લઈ આવતા. તારાનાથે એમની સાથે સારો સંબંધ રાખેલો, એટલે અત્યાર સુધી એમણે ચૂપકીદી સેવી હતી. પરંતુ અત્યાચારોની છેલ્લી વિગતો મળ્યા પછી ચૂપ રહેવું એમને

યોગ્ય ન લાગ્યું.

નિહાર બાબુની ધરપકડ પછી કંચનપુરના વહીવટમાં દખલ કરવાનું એમણે વિચારી રાખ્યું હતું. નિહાર બાબુનું સરકારમાં સારું માન હતું. વળી તે વિલ્સન સાહેબના જૂના મિત્ર હતા. એવામાં ખુદ રાણીએ એમની મુલાકાત લઈ રાજ્ય વહીવટમાં દખલગીરી કરવાની માગણી કરી. વિલ્સન સાહેબ આવી જ કોઈ માગણીની રાહ જોઈ રહ્યા હતા. એવામાં એ માગણી ઠાકોરની રાણી તરફથી જ આવી. સાહેબે એ જ વખતે એક હૂકમ ઠાકોર પર મોકલી આપ્યો.

હૂકમ વાંચી ઠાકોરનાં ગાત્ર ગળી ગયાં. દોઢ વર્ષ માટે એને કંચનપુર છોડીને મુંબઈ અથવા મુંબાઈ ઇલાકા બહાર જઈને રહેવાનું હતું. તારાનાથ પર પણ એવો જ હૂકમ હતો. રાજવહીવટ માટે એક અંગ્રેજ અમલદારની નિમણુંક કરવામાં આવી અને તેને સંપૂર્ણ વહીવટી સત્તા સોંપવામાં આવી.

હૂકમનો અમલ ચોવીસ કલાકમાં કરવાનો હતો. આ ફરમાનથી ઠાકોરને એટલો રોષ ચડ્યો કે તેનો અમલ ન કરવાને એણે નિર્ણય કર્યો. તારાનાથને એણે કહ્યું : ‘ આપણા આંતરવહીવટમાં માથું મારવાની સરકારને શી જરૂર છે ? કઈ સત્તા છે ? આપણી પ્રજા સાથે આપણે ઝગડીએ, એમાં સરકારને વચ્ચે પડવાનું શું કારણ છે ? અમારો સરકાર સાથેનો સંબંધ મિત્રાચારીનો છે, ગુલામીનો નહિ ! ’

પણ તારાનાથે એમને પ્રસંગની ગંભીરતા સમજાવી, અને સરકારની સત્તાનો ખ્યાલ આપ્યો, ત્યારે એમને ભાન આવ્યું કે સરકારી હૂકમને તાબે થયા વિના છૂટકો નહોતો. સરકારી અમલદાર આવી પહોંચતાં, એને વહીવટની સોંપણી

કરી ઠાકોર અને તારાનાથ ફરજીયાત દેશવટે નીકળ્યા.

અંગ્રેજ વહીવટદારે પ્રથમ રાજદ્વારી કેદીઓની મુક્તિ જાહેર કરી, અને પ્રજાને સંતોષ આપવા થોડા સુધારાઓ બહાર પાડ્યા. જો કે આ સુધારાઓમાં કશું સત્ત્વ નહોતું; પણ ઠાકોર અને તારાનાથના દેશવટાથી પ્રજાને ઘણો સંતોષ થયો હતો. વ્યક્તિ સામેના રોષમાંથી ઉત્પન્ન થએલી લડત વ્યક્તિનો બદલો થતાં શાન્ત પડી. પ્રમથ કે વાસંતીને આથી જરા પણ સંતોષ ન થયો. કારણ કે આ સુધારાથી પ્રજાના હાથમાં કશી વહીવટી સત્તા આવવાની નહોતી. પરંતુ તારાનાથનો દેશવટો અને કેદીઓની મુક્તિ — એ બે પ્રસંગોના હર્ષમાં પ્રજા એટલી ઘેલી બની ગઈ હતી, કે એની પાસે અસંતોષ વ્યક્ત કરવામાં પણ જોખમ હતું. દોઢ વર્ષ પછી એ જ વહીવટ ફરી લદાશે ત્યારે શું થશે, એનો ખ્યાલ આજના હર્ષોન્માદમાં લોકોને ન આવ્યો.

રાણી કમલકુમારી કંચનપુર પાછાં આવતાં લોકોએ તેનું જેટલું ઉત્સાહપૂર્ણ સ્વાગત કર્યું, તેટલી જ ઉત્સાહભરી વિદાય નિહાર બાબુને આપી. નિહાર બાબુએ કંચનપુરની પ્રજાને માટે જે વિરલ આત્મભોગ આપ્યો હતો, જે રાજ્યના પોતે એક વખત સર્વસત્તાધીશ હતા, તે જ રાજ્યની જેલમાં પ્રજાની ખાતર વૃદ્ધાવસ્થાએ તેઓ જઈ બેઠા હતા—એ પ્રજા કેમ ભૂલી શકે ? જતાં જતાં નિહાર બાબુએ લોકોને જે આશિર્વાદ આપ્યા હતા, અને લોકોએ એમને જે કરુણ વાતાવરણમાં અશ્રુભીની વિદાય આપી હતી, તે વર્ષો સુધી પણ લોકોની સ્મૃતિમાંથી ખસ્યાં નહિ !

અને રાણીને માટે તો લોકોનું માન ઘણું વધી ગયું.

લોકો એને સાક્ષાત્ દેવી સ્વરૂપે માનવા–પૂજવા લાગ્યા; અને સાચા લોકસેવકો–પ્રમથ અને વાસંતી, અનંત અને વિરાટ અને બીજા સેંકડો નવજુવાનો–જેમણે એમનું સર્વસ્વ હોમ્યું હતું, એ અજાણ્યા પ્રજાજનો જેમણે માથાં ફોડાવ્યાં હતાં અને પોતાનાં લોહી વહાવ્યાં હતાં એમની ક્યાં ય ગણના ન રહી. કારણ કે એમને કારાવાસમાંથી મુક્ત કરાવનાર તો નિહાર બાબુ અને રાણી કમલકુમારી હતાં. એમના પ્રયાસ વિના એ બધા જેલોમાં સડી સડીને મરત, એવી માન્યતા લોકોમાં ઘર કરી બેઠી હતી; જાણે એ બધા કોઈ માર્ગ ભૂલ્યા પથિક કાંટાળા માર્ગે ન આવી ચડ્યા હોય!

પણ એ સેંકડો પ્રજાસેવકોને માનપૂજાની કોઈ આકાંક્ષા નહોતી. એમણે તો પોતાની જન્મભૂમિ માટે ભોગ આપ્યાનો સંતોષ મેળવ્યો હતો. પરંતુ આથી પ્રમથ અને વાસંતીનું કાર્ય જરા મુશ્કેલ બની ગયું. લોકો જો લાગણીવશ બની વ્યક્તિપૂજામાં તણાઈ જશે, તો ભવિષ્યમાં એ બહુ નુકશાન-કારક થઈ પડશે એમ તેઓ સમજતા હતા. નિહાર બાબુ તો ગયા હતા, અને તેમનો ફરી આવવાનો સંભવ નહોતો. આવે તો પણ એથી નુકશાન નહોતું. પણ રાણીની માનપૂજા પ્રજાને નડવાની એને બીતી લાગી. એ રાણી મટી સામાન્ય સ્ત્રી નહોતી બની. રાજા સામે બળવો કર્યા પછી પણ એ રાણી જ હતી—ઠાકોરની પત્ની રહી હતી; અને એમના ભાવિ વલણ સંબંધમાં કંઈ નિશ્ચિત કહી શકાય એમ નહોતું. ઠાકોર સાથેના એના સ્થાપિત હિતને લીધે, પતિપ્રેમ અને લાગણીવશતાને લીધે, એમનું વલણ જૂદું સ્વરુપ પકડે, તો એમનામાં દૈવત્વ અને સર્વસ્વ આરોપનારી પ્રજાની

કેવી કફોડી દશા થાય ?

આથી પ્રજાને સાચી કેળવણી આપી વિચાર કરતી કરવા અને આઝાદીને માર્ગે આગેકૂચ કરવા જે પ્રયાસો જરુરી હતા તેનો તેમણે આરંભ કરી દીધો. અને લોકશિક્ષણ સંગઠન અને ત્યાગભાવનાના પાઠ એમણે લોકોને આપવા ચાલુ રાખ્યા.

રાણી પ્રજાના પ્રેમથી જો કે ભિંજાઈ હતી, છતાં એક રીતે એની સ્થિતિ કફોડી બની હતી. તેણે પ્રજાને ત્રાસમાંથી મુક્ત કરી; અને પોતે પણ ઠાકોરની કનડગતોમાંથી મુક્ત બની; પરંતુ ઠાકોરનો દેશવટો, એ બીજે સ્વરુપે એને પોતાને જ શિક્ષા સમાન થઈ પડચો હતો. આખર તો એ હિન્દુ નારી હતી, અને પોતાના પતિમાં જ એનું શ્રેય અને સર્વસ્વ માનનારી એ આર્યલલના હતી. એણે માન્યું હતું કે ઠાકોરને થોડી ચેતવણી મળશે અને તારાનાથને સદાને માટે હાંકી કાઢવામાં આવશે. પણ એની માન્યતા જૂઠી પડી. ઠાકોર પદભ્રષ્ટ થયા, એની પ્રતિષ્ઠા અને આબરુને પ્રજામાં અને બીજા રાજાઓમાં ઝાંખપ લાગી અને પોતાને વિયોગ સહન કરવાનો વખત આવ્યો! વળી પતિ સાથે દુશ્મનાવટ થઈ અને એની ગાદી ઉપર એક અંગ્રેજ અમલદાર ચડી બેઠો. આ બધું એનાથી સહન ન થયું. પોતાના ઉતાવળાં પગલાં માટે એને ખેદ અને પશ્ચાત્તાપ થયો. એનું હૃદય તીવ્ર વેદના ભોગવવા લાગ્યું. રાણી છતાં એ સામાન્ય કોટીની સ્ત્રી હતી. અબળા હતી. એનું હૈયું વજ્ર જેવું કઠોર બની શકયું નહિ.

પ્રકરણ ૭મું

—સુકી રાત

મુંબઈમાં 'મલબાર હિલ' ઉપરનો એક બંગલો વિજળીક રોશનીથી દેદિપ્યમાન બન્યો હતો. બંગલાનાં બારીબારણાં બધાં સજ્જડ બંધ હતાં; છતાં અંદર ચાલતા સંગીત અને વાજીંત્રના ધીમા સુર બહાર સંભળાતા હતા. બહાર ઓસરીમાં એક પટાવાળો બાંક પર બેસી ઝોલાં ખાઈ રહ્યો હતો.

થોડીવારે ઓરડાનું દ્વાર ખૂલ્યું, એક નોકર બહાર નીકળ્યો, અને દ્વાર ફરી બંધ થઈ ગયું.

નોકર ડોલતો ડોલતો બહાર આવી, પટાવાળાનો ખભો હલાવી, એને જગાડી બોલ્યો : 'શું કહું યાર ! બસ મઝા ! ખૂબ મઝા !'

'તું તો મૂર્ખ છે !' આંખ ચોળતો પટાવાળો બોલ્યો : 'એવાતો કેટલાય નાચ આ જીંદગીમાં જોઈ નાખ્યા ! વિજલપુર, નંદવાડા, મહિપતનગર, દેવપુર, કંચનપુર ! કેટલા યે દેશી રજવાડામાં કાશ્મીરથી ત્રાવણકોર સુધી અને ખેલાતથી મણિપુર સુધી ફર્યો છું. બસ ! નોકરી કરી છે, કહેવાની ! પણ ખરી મોજ માણી છે ! હવે આ જીંદગીમાં કંઈ બાકી નથી રાખ્યું. ઉંચામાં ઉંચી વ્હીસ્કી અને શેમ્પેન પણ પીધાં છે ! શેઠ કેરી ખાઈ ફેંકી દે, પણ એનાં છાલ–ગોટલી

ચૂસવાનું તો નોકરને મળે ને! હા. એમ !' કહી નોકરના હાથમાં તાળી આપી.

'તું યે ભલો આદમી છે! કંઈ સાંભળ્યા વિના, સમજ્યા વિના વાત કરે છે!' નોકર બોલ્યો. 'અંદર નજર કર, તો ખબર પડે, શી...ચીજ છે!'

'હવે ખબર છે, ખબર!' પટાવાળો લહેરીલાલા પેઠે લટકું કરતો બોલ્યો. 'અંદર બે ગોરી નાચનારી નાચ કરે છે, એ જ ને?'

'હાજી! નાચ તો કરે છે, પણ......' નોકર હસવું રોકવા માટે મોઢે હાથ દઈ બોલ્યો: 'પણ...... પણ......'

'પણ શું? બોલ ને!'

'કહું?'

'હા. હા. ભસી મર ને!'

'કહું. એ...નાચ તો કરે છે, પણ...સાવ...નગન થઈને!'

'હેં?'

'હા. હું જાતે જોઈ આવ્યો. શું કહું યાર! આ જીંદગીમાં એવું જોવા કે'દી ' મળે?'

નોકરે વર્ણવ્યો એવો આંગ્લનર્તિકાઓનો નગ્નનાચ બંગલામાં થઈ રહ્યો હતો. ઠાકોર અને તારાનાથ સોફા પર પડ્યા હતા. ત્રિપાય પર દારૂના શીશા અને પ્યાલાઓ પડ્યા હતા.

'એ...વેલકા! દારૂ લઈ આવ, દારૂ! આટલો તો હમણાં ખલાસ થઈ જશે.'

'બાપુ! હવે વધારે સિલકમાં નથી.'

'બજારમાં જા ને, સાલ્લા!' બાપુએ ટેવ મુજબ ગાળ સંભળાવી કહ્યું.

'લે, આ પૈસા.' કહી તારાનાથે દસ રૂપિયાની નોટ વેલજીના હાથમાં મૂકી.

'પણ, સાહેબ! હવે દારૂ નહિ મળે.'

'કેમ?'

'પરમિટ નથી.'

'શું બોલ્યો?' ઠાકોરે મોટે અવાજે પૂછ્યું.

'સાહેબ! પરવાનો નથી.'

'પરવાનો શાનો?'

'શહેરમાં ત્રણ દિવસ થયાં દારૂબંધી થઈ છે. પરવાના વિના હવે છતે પૈસે દારૂ નહિ મળે.'

'આ શું બકે છે, તારાનાથ?'

'એની વાત તો સાચી છે, બાપુ! આ કોંગ્રેસવાળા અહીં પ્રધાનો થયા છે ને, એમણે દારૂ પીવા–વેચવાની મના કરી છે.'

'શું કરવા?'

'પોતાને પસંદ નહિ, એટલે બીજાઓ પીતા હોય એની અદેખાઈ કરે.'

'મૂરખ લાગે છે! એની લિજ્જતની એમને શી ખબર પડે!'

'એ જ કહું છું ને, બાપુ! પણ એના હાથમાં સત્તા આવી, એટલે બીજાનું શાના સાંભળે? એમાંના કેટલાક આગેવાનો પણ છૂપી રીતે દારૂ પીએ છે, અને જાહેર રીતે

એનો વિરોધ કરનારાં ભાષણો કરે છે. એ જ લોકો આજ સુધી વ્યક્તિસ્વાતંત્ર્યની વાતો કરતા હતા; અને આજે એમના હાથમાં સત્તા આવી પડી, એટલે એ વ્યક્તિની સ્વતંત્રતા પર તરાપ મારે છે!' તારાનાથ બોલ્યો.

નાચનારીનો એક નાચ પૂરો થયો હતો. બીજા નાચની તૈયારી થતી હતી.

'હા. ખરું છે.' ઠાકોર બોલ્યા. 'એમને જેમ ભાષણોનું વ્યસન, તેમ આપણને પીવાનું વ્યસન. તેઓ ભાષણો કરવાનું છોડી દેશે ? શાના છોડે ? કોઈ રાજ્ય ભાષણોની મનાઈ કરે, તો લોકોને ઉશ્કેરી ધાંધલ કરાવે. કહેશે કે એ અમારો જન્મસિદ્ધ હક્ક છે. તો પીવાનો શું આપણો જન્મસિદ્ધ હક્ક નથી ? કેમ, ખરું કહ્યું ને, તારાનાથ !'

'હા. બાપુ. એમ જ છે.'

'તે હવે કોઈ રીતે દારૂ નહિ મળે ?' ઠાકોર મૂળ પ્રશ્ન પર આવ્યા.

'મળે તો ખરો. જરા ચોરી છૂપીથી લાવવો પડે. જા, વેલકા ! ગમે તેમ કરીને, ચોરી છૂપીથી, દાક્તરને–કલાલને લાંચ આપીને, પરવાનો મેળવીને કે મેળવ્યા વગર–ગમે તેમ કરીને પણ તું લઈ આવ.'

'સાહેબ ! એ મારું કામ નહિ. ગરીબ માણસ પકડાઈ જાઉં, તો મેરાં છોકરાં રઝળી પડે. બંદોબસ્ત બહુ કડક છે !'

'નાલાયક ! બાયલો !' તારાનાથ બબડયો. નોકર મુંગે મોંએ સાંભળી રહ્યો.

'જા. સાલ્લા! બહાર ખસ.' તારાનાથ ઊભો થયો. 'હું જાતે જ લઈ આવું છું, બાપુ!'

'તારાનાથ! બીજો નાચ શરુ થાય છે, એ જોઈને જજો.' બાપુએ સૂચના કરી.

'ના, બાપુ! દારૂ વિના નાચમાં મજા શી આવે? હમણાં જ લઈને આવી પહોંચું છું.'

તારાનાથ મોટર લઈ બહાર નીકળ્યો. રાત્રીના દસ વાગી ગયા હતા. દારૂબંધીના શરુઆતના દિવસો હોવાથી પોલીસ ભારે ચપળતાથી ચોકી કરી રહી હતી. પણ તારાનાથના મગજમાં રજવાડાની રાઈ ભરી હતી. વધુ પડતી સાવચેતી રાખવામાં એને નબળાઈ લાગી. એનું મિથ્યાગુમાન બોલ્યું: 'શું હું ડરપોક છું?' એ તો જેવા બાદશાહી ગર્વથી દારૂ લેવા બહાર નીકળ્યો, તેવા જ ગર્વથી દારૂ લઈ પાછો ફર્યો. પૈસાથી કોણ નથી ખરીદાતું?

પણ પાછા ફરતાં એની મોટર રોકવામાં આવી. એક સિપાઈએ પૂછપરછ કરી. તારાનાથ, કંચનપુરનો એ દિવાન! સર્વસત્તાધીશ! મામુલી સિપાઈને એ જવાબ આપે? પણ મુંબઈની પોલીસ તેની ઉદ્ધતાઈ ચલાવી લેવા માગતી નહોતી. એણે સીટી મારી. બીજા બે–ત્રણ સિપાઈઓ આવી લાગ્યા. મોટરની જડતી લેવાઈ; અને દારૂ સાથે એની ધરપકડ કરવામાં આવી. આજે એનો ગર્વ ગળી ગયો. એનું ગુમાન ઉતરી ગયું. નોકરના શબ્દો એને યાદ આવ્યા. પણ હવે શું થાય?

એણે સિપાઈને લાલચ આપવા કરેલો પ્રયાસ પણ નિષ્ફળ ગયો. ઉલટો એ વધુ ગુન્હેગાર બન્યો. એને મોટર

સહીત પોલીસચોકી પર લઈ જવામાં આવ્યો.

ઠાકોર તો નૃત્યમાં તલ્લીન હતા. એના શીશામાં થોડો પણ દારૂ હતો, ત્યાં સુધી એને તારાનાથ યાદ આવવાનું કશું કારણ નહોતું. એ તો સ્વર્ગમાં બેઠા હતા. કોઈની ચિંતા કરવાની એને પડી નહોતી.

લગભગ વહેલી સવાર સુધી રંગરાગ ચાલ્યા પછી ઠાકોર સૂઈ ગયા. નર્તિકાઓ ચાલી ગઈ. નોકરો પણ સૂઈ ગયા.

બીજે દિવસે તારાનાથની ધરપકડના સમાચાર ઠાકોરને મળ્યા ત્યારે એ બોલ્યાઃ ' એ જ લાગનો છે ? બહુ બડાઈ ' કરતો 'તો. '

પણ રાત્રે એ મુંઝાયા. બંગલામાં દારૂનું એક પણ બુંદ બાકી નહોતું રહ્યું. કોંગ્રેસ પ્રધાનોને એણે કેટલીએ ગાળો દીધી. પણ એથી કયાંયથી દારૂ આવી પડયો નહિ !

તેમને આજ પહેલી જ સુકી રાત પસાર કરવી પડી !

પ્રકરણ ૮મું

—પુનરાગમન

કુંચનપુરના જુવાન કાર્યકરો તેમના લોકજાગૃતિના કાર્યક્રમમાં મક્કમ પગલે આગળ વધી રહ્યા હતા. પુસ્તકાલય, વાચનાલય, અભ્યાસવર્તુલો, વિવાદસભાઓ, વ્યાખ્યાનો. પર્યટનો વગેરે કાર્યક્રમ મારફત એમણે પ્રજાને ફરી ઊભી કરી. કિસાનોનાં, મઝદૂરોનાં, વિદ્યાર્થીઓનાં, વેપારીઓનાં અને સ્ત્રીઓનાં મંડળો ઉભાં કરી એમનું મજબુત સંગઠન કર્યું અને આખી પ્રજાને તાલીમ આપવા માંડી.

ઠાકોરના દેશવટાનો લગભગ સમય પૂરો થવા આવ્યો હતો. અને એમના આવ્યા પછી તરત જ સામુદાયિક લોકલડત શરૂ કરવાનો આગેવાનોએ નિર્ધાર કર્યો હતો. ઠાકોરના આગમન પહેલાં એમણે ઠાકોરને રાજ્યગાદી મળવા સામે વિરોધ દર્શાવતી એક અરજી તૈયાર કરી અને તેના ઉપર હજારો પ્રજાજનોની સહીઓ લઈને તે અરજી વિલ્સન સાહેબ પર મોકલાવી. પરંતુ એમણે આ અરજી પર બિલકુલ લક્ષ ન આપતાં ઠાકોરને એમની મુદત પૂરી થતાં પાછા આવી વહીવટ સંભાળી લેવા લખી નાખ્યું.

વિલ્સન સાહેબની મનોવૃત્તિ પરખાતી નહોતી. કોઈવાર તેઓ પ્રજાને શુદ્ધ ન્યાય આપી દરબારોને ધમકાવતા, તો કોઈ વાર પ્રજામતની અવગણના કરીને દરબારોને પંપાળતા.

તેમના આ વલણને લોકો સમજી શકતા નહિ, એમની અસંગત નીતિ વિરોધાભાસમય વલણ ઉત્પન્ન કરતી. પ્રજાને ન્યાય આપવાની એમની વૃત્તિ પ્રત્યે લોકોને શંકા ઉઠવા લાગી.

આ દરમ્યાન એક સામાજિક બનાવ બની ગયો. એક સવારે અચાનક ખબર મળ્યા કે પ્રમથ અને વાસંતીનાં લગ્ન થઈ ગયાં. લોકોમાં એવી માન્યતા પ્રચલિત બની હતી કે એ બન્ને પરસ્પર લગ્ન કરવાનાં છે; એમની જોડ એક બીજાંને અનુરૂપ અને સંવાદી હતી. અને એમનાં લગ્ન થાય એમ લોકો ઇચ્છતા પણ હતા. પરંતુ લગ્ન જેવો અગત્યનો પ્રસંગ આમ ખાનગી રીતે પતી ગયો એ એમને ઠીક ન લાગ્યું. પ્રમથ અને વાસંતીનાં લગ્ન તો શહેર આખાનો ઉત્સવ બનવો જોઈતો હતો. એકાએક એમનાં લગ્ન થઈ ગયાની જાહેરાત સૌને નવાઈભરી લાગી.

પ્રમથ અને વાસંતી વચ્ચે પરસ્પર પ્રેમ તો હતો જ. બન્નેના વિચારમાં ખૂબ સામ્ય હતું. અને એ પણ દિવસે દિવસે વધતું જતું હતું. બન્નેનું જીવનકાર્ય પણ એક જ હતું. બન્નેએ લગ્ન પહેલાંની લાંબા સમયની ગાઢ મૈત્રીથી એક બીજાંનો પરિચય પણ કરી લીધો હતો. જો કે એમણે કદી લગ્ન સંબંધે ગંભીરપણે વિચાર કર્યો નહોતો. પરંતુ જ્યારે સરિતાએ એમને આગ્રહ કર્યો ત્યારે તેઓ એ વિષે પ્રથમ જ વિચાર કરવા બેઠાં.

‘વાસંતી! આપણી વચ્ચે લગ્નની છાપ જરૂરી હોય એમ તને લાગે છે? લગ્ન વિનાની આપણી મૈત્રી શું પૂરતી નથી?’

'મને તો લગ્નની કંઈ જરૂર જણાતી નથી. સ્ત્રી–પુરુષનાં લગ્ન એટલે પરસ્પર વિષયભોગનો સામાજિક પરવાનો અને વફાદારીની પ્રતિજ્ઞા! આજ આપણા સમાજમાં લગ્નનો આ અર્થ છે. પ્રભુતામાં પગલાં માંડવાની વાતો તો અક્ષરમાં અને સાહિત્યમાં જ શોભી રહી છે. આપણે લગ્ન કરવાં એટલે આપણી અખંડ મૈત્રીની સમાજ સમક્ષ જાહેરાત કરવી. મારાં માતુશ્રીની એવી ઇચ્છા છે કે આપણે પરણીએ. મને એમાં કંઈ ઉચિત કે અનુચિત લાગતું નથી. કહે, તારો શો વિચાર છે?'

'આપણે એક દિવસ લગ્ન તો કરવાનું જ છે. લગ્ન એ સમાજજીવનને નિયમિત અને સંયમી બનાવે છે. એટલા પૂરતી લગ્નની અગત્ય હું સ્વીકારું છું. જો ભવિષ્યમાં લગ્ન કરવાનાં જ હોય તો આજે જ કાં ન કરવાં?'

એવી થોડી પ્રાથમિક ચર્ચાને અન્તે તેઓ લગ્ન કરવાના નિશ્ચય પર આવ્યાં, અને એક તદ્દન સામાન્ય વ્યવહાર પેઠે તેમણે લગ્ન કર્યાં. કશા દંભ, ડોળ કે હલચલ વિના એક સાંજે એમણે પરસ્પર અખંડ મૈત્રીની પ્રતિજ્ઞા લીધી અને અમદાવાદની અદાલતમાં જઈ સિવિલ મેરેજ એક્ટ અનુસાર નોંધ કરાવી.

નગરજનોને જ્યારે એમના લગ્નના ખબર મળ્યા, ત્યારે તેઓ ઘણા ખુશી થયા. એમનાં સામૈયાં ન થયાં, જમણ ન થયું, ધમાલ ન થઈ, એ કેટલાકને રુચ્યું નહિ. પરંતુ એમણે પ્રજાસેવાનો જે યજ્ઞ આરંભ્યો હતો, એથી સમગ્ર પ્રજાના મન એમણે જીતી લીધાં હતાં. નગરજનોએ અને ગ્રામવાસીઓએ એમને સાચા હૃદયના આશિર્વાદ તો

આપ્યા જ.

તારાનાથ જેલમાં રહ્યો એટલો સમય દરમ્યાન ઠાકોર મુંબઈ છોડી કલકત્તા ચાલ્યા ગયા હતા. કારણ મુંબઈમાં તેમને માટે દારૂ મેળવવાનું તદ્દન અશક્ય હતું. મુદત પૂરી થતાં ઠાકોર કલકત્તાથી મુંબઈ આવતાં તારાનાથ છૂટીને એમને મળ્યો અને બન્ને વચ્ચેની તાજી ગાંઠ બંધાઈ. કેટલાયે મિત્રો અને સ્નેહીઓની સલાહ છતાં તારાનાથને એ અવગણી શક્યા નહિ. તારાનાથ તો એમનું જીવન હતો.

ઠાકોર સાથે તારાનાથ કંચનપુર આવનાર છે, એ જાણી પ્રજા ફરી ચિંતાતુર બની, અને ભૂતકાળના જુલ્મત્રાસના દિવસો પ્રજાની આંખ સામે ખડા થયા. તારાનાથની પ્રચંડ મૂર્તિ લોકોને સ્વપ્નમાં આવી ભયભીત કરવા લાગી. નબળા લોકો કંપવા લાગ્યા. ગઈ કાલે તારાનાથને ગાળો દેતા તકસાધુઓ તારાનાથના પક્ષમાં આજે કેવી રીતે ભળી જવું એની વેતરણ કરવા લાગ્યા.

પ્રજાના ઉપલા વર્ગની, ધનિક વર્ગની, આ નબળાઈનો પ્રમથને પ્રથમથી જ ખ્યાલ હતો. એણે તો નવજુવાનો તથા પ્રજાના નીચલા થરો અને આમ સમુદાયનું પીઠબળ મેળવ્યું હતુ. માત્ર આ નબળા અને તકસાધુ લોકો રાજ્યના હાથા બની પ્રજાનો દ્રોહ ન કરે તો સારું, એટલી જ તેના આંકાક્ષા હતી.

એક સવારે ઠાકોર અને તારાનાથ કંચનપુર આવી પહોંચ્યા. અમલદારો અને કેટલાક ખુશામતખોરોએ સ્ટેશન પર જઈ એમનું સ્વાગત કર્યું. જો કે એમનું સન્માન સરઘસ કાઢવાની તેમની ઇચ્છા છતાં એ સાહસ તેઓ

ફરી શકયા નહિ.

રોજના નિયમ મુજબ સવારે પ્રભાતફેરી નીકળતી. આજે પણ પ્રભાતફેરી નીકળી. આગલી રાત્રે પ્રમથ અને વાસંતીએ એટલું જબ્બર પ્રચાર કાર્ય કરેલું, કે આજની પ્રભાતફેરીમાં સ્ત્રી–પુરુષો અને બાળકોએ સેંકડોની સંખ્યામાં હાજરી આપી. લગભગ અર્ધાગાઉની લંબાઈની આ પ્રભાત-ફેરી વહેલી સવારથી નગરમાં ફરવા લાગી. અચિંત્યા પ્રમથે આ પ્રભાતફેરીને તારાનાથ સામેના વિરોધ સરઘસમાં ફેરવી નાખી. એક મોટર એ જ વખતે ત્યાં આવી પહોંચી; અને તેમાંથી સેંકડો કાળા વાવટાઓ લઈને સરઘસના લોકોને આપવામાં આવ્યા. જાણે તીડનાં ટોળાં ખેતર પર પથરાયાં હોય એમ કાળા વાવટા ફરકી રહ્યા. અને 'તારાનાથ નહિ જોઈએ'ના પોકારો કરતું સરઘસ સ્ટેશને પહોંચ્યું. આ અચિંત્યા હુમલાથી અમલદારો મુંઝાયા. તેમને અગાઉથી ખબર હોત તો ઠાકોર અને તારાનાથને ઓચિંતા જ કંચનપુરમાં લાવવામાં આવત; અથવા તેમને આગળને સ્ટેશને ઉતારી મોટરમાં લાવી શકાત. પણ હવે છેલ્લી ઘડીએ એમની બુદ્ધિ તત્કાળ કોઈ સલામત માર્ગ કાઢી શકી નહિ. જાહેર સ્વાગત કરી તેમને માન આપવા જતાં, અપમાન વેઠી આ વિરોધને ભેટવાનો પ્રસંગ તેમને સાંપડયો. વર પરણવા આવે, અને સાસુને પોંખવા આવતાં વાર લાગે ત્યારે તે ફટાણાના પ્રહાર સાંભળતો બાજઠ પર ઉભો રહે, તેમ તારાનાથ વિરોધી નાદના પ્રહારો સાંભળતો 'વેઈટિંગ રુમ' ના ઊંબર પર ઊભો. લોકો ઉત્સાહમાં આવી ગએલી જાનરડીઓ પેઠે ખૂબ જુસ્સામાં આવી પોકારો કરતા હતા

ઠાકોર અને તારાનાથને મહામુશીબતે આ અવાજો વચ્ચેથી બહાર લાવવામાં આવ્યા, અને મૉટર મારફત રાજમહેલે પહોંચાડયા. સરઘસ અર્ધોક કલાક શહેરમાં ફરીને વિખરાયું.

આ વિરોધ જોઈને ઠાકોર તો ગભરાઈ ગયા હતા. આ વટોળમાં એને કશી દિશા સૂઝતી નહોતી. પણ તારાનાથ હિંમત હાર્યો નહોતો. કોઈપણ ઉપાયે પ્રજાને કચડી નાખવા એ ઉત્સુક હતો. એકવાર એણે પ્રજાની ચળવળને દબાવી દીધી હતી; અને જો નિહાર બાબુ તથા રાણીએ દખલ કરી ન હોત તો હંમેશને માટે પ્રજાની ચળવળ અસ્ત પામત. ફરી ઉગી નીકળેલી ચળવળને મૂળમાંથી ઉખેડી નાખવા એ કટિબદ્ધ થયો. એના નિર્ણયનો વિરોધ કરવાની ઠાકોરની શક્તિ નહોતી. એટલે એમણે તારાનાથને એની ઇચ્છા મુજબ પ્રજાના જૂવાળને દાબી દેવાની સંમતિ આપી.

અંગ્રેજ અમલદારે નિવૃત્ત થતાં ઠાકોરને સલાહ આપી : 'નામદાર ! સમયને ઓળખીને કામ કરજો. પ્રજા મેંઢા જેવી શાન્ત હતી, એ જમાનો ચાલ્યો ગયો છે. તારાનાથ વિરુદ્ધમાં લોકમત પ્રબળ છે; એટલે તેમને દિવાનપદે સ્થાપવાનું સાહસ ન કરતા. મુંબઈમાં જેલ ભોગવ્યાથી એની આબરુ સરકારમાં ઘટી ગઈ છે, એટલું લક્ષમાં રાખજો. તમારું હિત સાચવવાને સરકાર અહીં બેઠી છે. એની સલાહ સૂચના પ્રમાણે વર્તશો, અને એને વફાદાર રહેશો, તો એની કિંમતી સલાહ અને સહાય તમને મળી શકશે. તમારું રક્ષણ કરવાની જવાબદારી એના માથે છે, અને એ તમને સહાય આપ્યાં કરશે. ફરી પ્રવાસે જવું ન પડે, એનો ખ્યાલ

બરાબર રાખજો. આ મારી અંગત સલાહ છે. એ હું તમારા પર લાદવા નથી માગતો. તમને તમારા હિતમાં જણાય એમ કરજો.'

આ સલાહ અનુસાર ઠાકોરે તેના જૂના વસુલાતી અધિકારીને નામના દિવાનપદે નીમ્યો; અને તારાનાથને માત્ર અંગત સલાહકારનો હોદ્દો આપ્યો. પણ એ વાત જાહેર હતી કે રાજ્યની ખરી લગામ તો એના હાથમાં જ રહી હતી, અને એની ઇચ્છા વિના એક પાંદડું પણ ચાલી શકે એમ નહોતું.

ઘણા દેશી રાજ્યોનાં દિવાન તો નામના જ હોય છે. ખરી સત્તા તો રાજાના પગારદાર કે બિનપગારદાર ખાનગી મંત્રી, એ. ડી. સી., મિત્ર કે સલાહકારને હસ્તક હોય છે. આવા કેટલાક કાબેલ માણસો જેઓ માત્ર ખટપટી હોય છે, તેમને મુસદ્દી ગણવામાં આવે છે; અને ઘણીવાર તેઓ રાજ્યમાં કશો હોદ્દો પણ ધરાવતા હોતા નથી. અને છતાં બધો અમલદાર વર્ગ એની સૂચના મુજબ કામ કરે છે! રાજાના આવા માત્ર સલાહકારો જ એના રાજ્યના સરમુખત્યાર થઈ પડે છે!

પ્રકરણ ૯ મું

—ખંડિયેરમાં

રાત્રિના સાડા નવ વાગ્યા હતા. **પ્રમથ** બહાર ફરવા ગયો હતો. વાસંતી અને સરિતા એમની રાહ જોતાં બેઠાં હતાં.

એ વખતે એક મૉટર એમના મકાન પાસે આવી ઉભી રહી. મૉટરમાં બે વ્યક્તિઓ હતી. એક પાયજામો અને સાફો પહેરેલો જુવાન અને બીજો હાંકનાર. મૉટર ઉભી રહેતાં હાંકનારે ત્રણ–ચાર વખત ભૂંગળું વગાડ્યું. એ સાંભળી સરિતા બહાર નીકળી.

'વાસંતીબેન છે કે?' જુવાને પૂછ્યું.

'આ રહી. કેમ?' કહેતી વાસંતી બહાર આવી.

'જલદી ચાલો. પ્રમથભાઈને અકસ્માત નડ્યો છે. એમને ઈસ્પીતાલમાં લઈ જવામાં આવ્યા છે. દાક્તરે આપને બોલાવવા આ ગાડી મોકલી છે.'

'હેં? ક્યારે? કેવી રીતે? કેવું લાગ્યું છે?' વાસંતીએ ઉપરા ઉપર પ્રશ્નો પૂછી નાખ્યા.

'આપ મૉટરમાં બેસી જાઓ. પછી વાત કરું. વખત જાય છે.'

'ચાલો ત્યારે.' કહી વાસંતી બારણું ખોલી પાછળની બેઠક પર બેસી ગઈ. 'બા! તું આવે છે કે?'

'દાક્તરે કહ્યું છે, આપની જ જરૂર છે.' જુવાને કહ્યું અને મૉટર હાંકવા હાંકનારને ઈસારો કર્યો.

'કંઈ વાંધો નહિ. ભલે આવે. ચાલ, બા.' કહી વાસંતીએ સરિતાનો હાથ પકડી એને અંદર ખેંચી. ઉપડતી મૉટરે સરિતા અંદર બેઠી. અકસ્માત સાંભળીને એ તો ગભરાઈ જ ગઈ હતી.

મૉટર પૂરપાટ દોડી. વાસંતી અને સરિતા શ્વાસ પણ બરાબર લઈ શકતાં નહોતાં. એમનાં વદન પર ચિંતાનાં વાદળ છવાયાં હતાં. પચ્ચીસ ગાઉની ઝડપે ચાલતી મૉટરની ગતિ એમને ધીમી લાગતી હતી.

'અરે, ભાઈ! આમ ક્યાં ચાલ્યા?' સરિતાએ બૂમ મારી. 'ઇસ્પીતાલ તો પાછળ રહી ગઈ!'

'હા, જી. પણ એ રસ્તો બંધ છે. સમારકામ ચાલે છે; ફરીને જવું પડશે.' હાંકનારે કહ્યું.

સરિતા ચૂપ રહી. આઠ–દસ પળ પછી મૉટર એક ખંડિયેર મકાન પાસે આવીને ઉભી રહી. ચોતરફ અંધકાર છવાયો હતો. જંગલમાંથી સુસવાટા કરતો પવન વાતો હતો.

'આપણે ક્યાં આવ્યા?' વાસંતીએ પૂછ્યું.

'નીચે ઉતરો; પછી કહું!' સાફાવાળો જુવાન કડક અવાજે ગર્જ્યો.

'પણ......પ્રમથ ક્યાં છે?' ગભરાયલ ચહેરે સરિતાએ પૂછ્યું. એને કંઈ સમજાતું નહોતું.

'એ પણ અહીં જ છે. ઉતરો તો ખરા!' કહીને એણે ક્રૂર હાસ્ય કર્યું.

'કંઈ દગો છે!' સરિતાએ વાસંતીના કાનમાં કહ્યું.

'અમારે પ્રમથને નથી મળવું, અને અહીં નથી ઉતરવું. મૉટર પાછી લઈ ચાલો.' ધ્રૂજતે કંઠે વાસંતી બોલી.

જવાબમાં જુવાને સીટી મારી. બીજા બે–ત્રણ જુવાનો એ ખંડિયેરમાંથી નીકળ્યા. બધાએ મળી ચૂપચાપ બન્ને સ્ત્રીઓને મૉટરમાંથી બહાર ખેંચી કાઢી અને તેમને ખંડિયેર તરફ ઘસડી ગયા. સરિતા અને વાસંતીની ચીસો ખીણ, ખેતર અને ઝાંખરામાં અથડાઈને પાછી વળી. કંચનપુરના કૂતરાંઓનો ભસવાનો ધીમો અવાજ શિયાળિયાંની ચીસોમાં ઢંકાઈ જતો હતો.

પ્રકરણ ૧૦ મું

—સ્વરાજ્ય જોઈએ; સુરાજ્ય નહિ.

ખ્રુંડિચેરની અંદર વિશાળ મકાન હતું, અને તેની નીચે ઉંડાં ભોંયરાં હતાં. તેમાંના એક ભોંયરાનું બારણું ઉઘાડી એમાં વાસંતી અને સરિતાને ધકેલી દેવામાં આવ્યાં.

મકાનની દશા જોતાં એમાં કોઈનો વસવાટ હશે, એવું લાગતું નહોતું. ભોંયરાના આ ઓરડામાં એક જૂનું મેજ, ચાર–પાંચ ખુરશીઓ, ત્રણ ખાટલા અને પાણીનો ગોળો–એટલી વસ્તુઓ હતી. જમીન તાજી વાળેલી હતી, પણ અભરાઈઓ પર ધૂળ જામી હતી અને દિવાલ તથા છત વચ્ચે કરોળિયાનાં જાળાં બંધાયાં હતાં.

વાસંતી અને સરિતાને અંદર દાખલ કરી ઓરડાના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા. થોડી વારે સરિતાએ કહ્યું: ' મને લાગે છે કે પ્રમથની પણ આવી જ દશા થઈ લાગે છે. કોઈ વાર રાત્રે નવ વાગ્યાથી મોડા નથી આવતા.'

' સંભવ છે, એમને પણ દગો કરી ક્યાંક ઉપાડી ગયા હોય ! ' વાસંતીએ કહ્યું.

બન્ને ખાટલા પર બેઠાં.

' મને લાગે છે કે આ લોકોની આ વ્યવસ્થિત યોજના હશે. કદાચ બીજાઓને પણ આમ દગાથી પકડી લઇ ગયા હોય ! પાછળથી આવ્યો તે માણસ રાજ્યના

પોલીસ ખાતામાં છે; જેલમાં મેં એને ઘણીવાર જોયેલો. દેશી રાજ્યના કાવાદાવાનું ભલું પૂછો! રશિયામાં પણ ઝારના રાજ્યમાં આવા જુલ્મો થતા.' વાસંતી બોલી.

'હવે શું થશે?' સરિતાના એ શબ્દોમાં વાસંતી મુંઝવણ અને નિરાશા વાંચી શકી.

એણે કહ્યું: 'એમાં મુંઝાવાનું શું છે, બા? થોડો વખત અહીં પૂરી રાખશે. થાય એટલો જૂલ્મ કરશે, અને બહાર પ્રજાનું બળ તોડી નાખશે.'

'આપણે જૂલ્મ તો સહીએ; અને છતાં આપણું બળ તૂટી જાય, તો તો ભારે થાય! બધી મહેનત, બધા ભોગ પાણીમાં જાય.'

'દેશદેશની ક્રાન્તિ આથી વધુ કપરા સંજોગો વચ્ચેથી પસાર થયા પછી જ થઈ છે, બા! પ્રજાના જુસ્સામાં, શક્તિમાં–ભરતી–ઓટ આવ્યાં જ કરે! કદી ઓટ કાયમ રહે છે? ઓટ પછી ભરતી આવ્યા વિના રહી છે? રાજકારણનું પણ એવું જ છે. આઝાદી માટે સેંકડો નહિ, હજારોએ ફના થઈ જવું પડશે. આપણાં જીવન એમાં ખર્ચાઈ જાય, આઝાદીના ચણતરના પાયામાં આપણો દેહ પૂરાય, તો આપણા જીવન ધન્ય બને!' ઝાંખા દીપકના પ્રકાશમાં વાસંતીનું તેજસ્વી વદન જોઈ સરિતાને હિંમત આવી. પુત્રીની વીર વાણી એના હૃદયને બળવાન બનાવી રહી.

બન્ને થોડીવાર શાન્ત રહ્યાં. સરિતાએ ગોળામાં લોટો બોળીને પાણી લીધું અને સુંઘી જોયું. 'વાહ! છે તો તાજું જ!' કહી થોડું એણે પીધું. 'આ લોકો જમવા

આપશે કે નહિ ?' એણે પૂછ્યું.

'કોઈનો અવાજ સંભળાતો નથી. મને લાગે છે કે આજ તો ભૂખ્યાં જ સૂવું પડશે.' વાસંતીએ કહ્યું. 'આ તે કંઈ જેલ છે, કે એના સાચા ખોટા કંઈ નિયમો પણ હોય ?'

લોટો ગોળા પર મૂકી સરિતા ખાટલા તરફ પાછી ફરી. એના પગ સાથે કંઈ અથડાયું.

'આ શું છે વળી ? અંધારામાં કંઈ દેખાતું યે નથી ! બત્તી લાવ તો !'

વાસંતી બત્તી લઈ આવી. ઢાંકેલી થાળી નીચે ભોજન જોઈને એણે કહ્યું: 'આ તો ખાવાનું છે! રોટલા, દાળ અને શાક! આ લોકોને નિર્દય થતાં આવડતું નથી!'

'ખરું છે. ખાવાનું ન આપે તો આપણે કોને ફરિયાદ કરવાના હતા ?' સરિતાએ કહ્યું.

ખુરશી પર બત્તી ગોઠવી બન્ને જમવા બેઠાં. ભૂખ લાગી હતી, એટલે ઘી વિનાનો રોટલો પણ સરિતાને મીઠો લાગ્યો.

'બા ! આપણા દેશમા કરોડો લોકોને આવું પણ ભોજન નથી મળતું !' વાસંતી રોટલાનું બટકું ભાંગતાં બોલી. 'આપણા દેશમાં કરોડો ખેડૂતો અને મજૂરો જમીન પર સૂઈ રહે છે અને જાર–બાજરીનો રોટલો અને મીઠું ખાઈને જીંદગી કાઢે છે !'

'એ હિસાબે આપણી જેલો અને આવાં ભોંયરાંઓ પણ સારાં છે !' સરિતાએ કહ્યું.

'હા. પણ આ સ્થિતિ લાંબો વખત નહિ ટકે. એ

આપણને કેવો ત્રાસ આપશે, એ તો કાલ સવારથી ખબર પડશે. તારાનાથે દોઢ વર્ષ બહાર કાઢ્યું છે, એનો એને ઓછો રોષ નથી !'

'મને એમ થયાં કરે છે, વાસંતી ! કે બિજુદાદાને હું કહી દઉં કે તું બ્રાહ્મણનો છોકરો છે ! તને આ ન શોભે !'

'જોજે, હં ! એવું ન બોલતી. નહિતર બાપાના થયા એવા હાલ મારા અને તારા થશે. એ તો નિહાર બાબુ જેવા દયાળુ માણસ મળી ગયા, તે એમને છોડાવ્યા. આપણને કોઈ છોડાવનારું નહિ મળે !' વાસંતીએ કહ્યું.

'એની મા તરીકે ઓળખાવવાનો કંઈ મને શોખ નથી થયો ! એની મા તરીકે તો હું આજ એ પુત્રથી લાજી મરું છું.' સરિતાએ કહ્યું. 'હું તો એને કહું, કે આજ એ કંગાળ બ્રાહ્મણના ઘરમાં સડતો હોત, અને ઘેર ઘેર લોટ માગતો હોત ! એને બદલે આ સાહ્યબી મળી છે, તે નીતિથી ભોગવી પણ નથી શકતો !'

'બા ! આજ એ તારી વાત માને નહિ, અને માને તો પણ સુધરે નહિ. તારી દૃષ્ટિ એવી છે કે એ સુધરે અને પ્રજાને સુખ આપે ! પણ જ્યાં અમાપ સત્તા અને દોલતનો નિશો હોય, ત્યાં એવું જ પરિણામ આવે. કદાચ એક રાજા સારો નીવડ્યો, તો એનો પુત્ર પણ સારો નીવડશે એની ક્યાં ખાત્રી છે ? એક વ્યક્તિના સારા–નરસાપણા પર હજારો લોકોનું ભાવિ લટકતું રહે, એ સ્થિતિનો અમે અંત માગીએ છીએ. આપણને સ્વરાજ્ય જોઈએ છે; સુરાજ્ય નહિ ! સુરાજ્ય તો કોને ખબર કે કાલે કુરાજ્ય

નહિ થઈ પડે!'

ભૂખ લાગી હતી, એટલે વાતો કરતાં કરતાં ભોજન ક્યારે ખવાઈ રહ્યું, એની પણ ખબર પડી નહિ! હાથ-મોં ધોઈ વાસણ ખૂણામાં મૂકી બન્ને ખાટલા પર સૂતાં.

પ્રકરણ ૧૧ મું

—અણનમ યોદ્ધો

પ્રમથની પણ એ જ હાલત થઈ હતી. તે ફરીને ઘેર પાછો આવતો હતો, તે વખતે શિવાલય તરફના દરવાજા બહાર એના પર અચાનક હલ્લો થયો. ચાર–પાંચ માણસો એના પર તૂટી પડ્યા. એકે પાછળથી લાકડીનો પ્રહાર કર્યો; બીજાએ એને નીચે પાડ્યો; ત્રીજાએ મોઢે ડૂચો દીધો; અને બીજા બે–ત્રણ જણાએ એને દોરડાંથી બાંધ્યો. ચાર–પાંચ કદાવર માણસોના સામટા બળ સામે એનાં તરફડિયાં ફોગટ ગયાં.

મૉટરમાં નાખી એની આંખે પાટા બાંધવામાં આવ્યા. મૉટર અનેક વળાંકો વળ્યા પછી એક અજાણ્યે સ્થળે આવી અટકી. ત્યાં થોડાં વધુ માણસોનો કોલાહલ સંભળાતો હતો. પરંતુ કશી અટકળ થઈ શકે એમ નહોતું.

એને એક અંધારા ઓરડામાં લઈ જઈ એનાં બંધનો છોડી નાખવામાં આવ્યાં; અને દરવાજો ઉપરથી બંધ થયો. દરવાજો લાકડાનો હતો, અને વચ્ચે મોટી તીરાડો હતી. પ્રમથ એટલું અનુમાન કરી શક્યો કે એ જેલ નહોતી. દરવાજાને સળિયા નહોતા. બીજા કેદીઓની બેડીઓના ખખડાટ કે પહેરગીરોની 'આલબેલ'ની બૂમો નહોતી સંભળાતી. સર્વત્ર શાન્તિ હતી.

ઓરડામાં પથારી માટે એક કોથળો હતો. અંધારામાં ફરતાં એના પગ સાથે પાણીનું માટલું અથડાયું. એના પર એક માટીનો લોટકો ઢાંક્યો હતો. પ્રથમ એ માટલું એક ખૂણામાં મૂક્યું. બીજા ખૂણામાં પેસાબ માટે એક ડબ્બો મૂક્યો હતો. સિવાય બીજું કંઈ નહોતું.

પથારીને–કોથળાને દિવાલ પાસે ઘસડી, દિવાલને અઢેલી એ નિરાંતે બેઠો. એની કલ્પનાશક્તિએ એટલું નક્કી કર્યું કે એને અહિં ઘસડી લાવનાર રાજ્યનાં માણસો હતાં. જગતમાં બીજું કોઈ એનું દુશ્મન નહોતું. એની પાસે ધન પણ નહોતું, કે એને લૂંટવાની કોઈ લાલચ કરે!

અર્ધી રાત વીત્યા પછી તેને ઉંઘ આવી ગઈ. સવારે તે ઊઠ્યો, ત્યારે એક જાળિયામાંથી પ્રકાશનાં થોડાં કિરણો તેના ઓરડામાં પ્રવેશ્યાં હતાં.

કેટલીક વારે તેના ઓરડાનું દ્વાર ખોલવામાં આવ્યું. બહાર દૃષ્ટિ ફેંકતાં એને લાગ્યું કે એ કોઈ જૂના કિલ્લામાં કેદ થયો હતો. પોલીસનો પોશાક નહિ પહેરેલા, છતાં પોલીસની ખુમારી, ઉદ્ધતાઈ અને કડકાઈ ધારણ કરેલા ચાર લાઠીધારી જુવાનો તેને ફરી વળ્યા. તેના બન્ને બાવડાં જાડી દોરીથી બાંધવામાં આવ્યાં. પછી તેને જાજરુ માટે લઈ જવામાં આવ્યો. દાંત ઘસવા માટે રાખ આપવામાં આવી, એ એણે ઘસી લીધી; અને નળે જઈ મોઢું ધોયું. ફરી તેને ઓરડામાં પૂરી દોરી છોડી નાખવામાં આવી.

બપોરે જારનો રોટલો અને મરચું તેને ભોજન માટે આપવામાં આવ્યું. કાળો શાહી જેવો રોટલો અને એક

મોટું બરડ મરચું ! ગઈ સાંજનો એ ભૂખ્યો હતો. લગભગ ચોવીસ કલાકનો ઉપવાસ થઈ ચૂક્યો હતો; એટલે થોડુંક એણે ખાઈ લીધું; અને પથારીમાં લાંબો થઈ સૂતો.

એને વાસંતીનો વિચાર આવ્યો. એ એની શોધ કરતી હશે, અને ચિંતા કરતી હશે ! પણ પોતાના સમાચાર એ તેને કેવી રીતે મોકલાવે ? એની પાસે કશું સાધન નહોતું. જેલ હોત તો એ ગમે તેમ કરીને સંદેશો બહાર મોકલી શકત. પરંતુ અહીં તો બહાર ડોકીઉં કરવાની યે કશી સગવડ નહોતી; તો સંદેશો ક્યાંથી મોકલાય ?

સાંજે દ્વાર ખૂલ્યું, અને સિપાહીઓ અંદર આવ્યા. તેમણે ખાસ પોશાક નહોતો પહેર્યો; પણ એમના હાથમાં બંદૂકો હતી. સૌની પાછળ તારાનાથ અંદર આવ્યો.

ગર્વથી એની ડોક ઉંચી થઈ હતી. તેના ચહેરા પર ક્રૂરતા તરી આવી હતી. એની સામે પ્રમથ છાતી કાઢી ઉભો રહ્યો. તારાનાથને તેનું આ વલણ અપમાનજનક લાગ્યું. એણે હૂકમ કર્યો: ' સલામ કરાવો ! '

સિપાહીઓ પ્રમથ પર તૂટી પડ્યા. બે ચાર ઠોંસા અને બે–ચાર દંડા એની પીઠ પર પડ્યા, અને સલામ કરવાનું એને સૂચન થયું. એણે છાતી કાઢીને ઉત્તર આપ્યો: ' એ નહિ બને ! '

ફરી દંડા પડ્યા. બંદૂકના કંદા અને હોલબૂટની લોખંડની એડીઓ એના દેહને કચડી રહ્યાં; પણ પ્રમથ તારાનાથને ન નમ્યો. એની આંખો વધુ વિશાળ બની. એનો ચહેરો લાલચોળ થઈ ગયો. ઓરડાના એક ખૂણામાં એ પડી રહ્યો. એણે નમતું ન આપ્યું.

તારાનાથ અપમાનથી સળગી રહ્યો હતો. સિપાહીઓની હાજરીમાં એની આ બેઅદબી એને વધુ આકરી લાગીઃ એણે હૂકમ કર્યોઃ 'કોરડા લગાવો. એ વિના એ ગધેડો નહિ નમે!'

પ્રમથ કશું બોલ્યો નહિ. વધુ ત્રાસ સહન કરવાને એણે મનને મજબૂત કર્યું.

એના શરીર પર ચાબૂક વિંઝાઈ રહી. 'એક! બે!! ત્રણ!!!' 'સટાક્! સટાક્!! સટાક્!!!' એણે હોઠ વધુ બીડ્યા, અને આંખો મીંચી દીધી. વધુ જોસથી એણે અદબ ભીડી.

અને એક વધુ જલદ ચોથો સટાકો! એનાથી ચીસ પડાઈ ગઈ. લગભગ એ જ પળે એણે કોઈ સ્ત્રીની ચીસ સાંભળી! ચીસ ધીમી હતી; જાણે ઊંડાણમાંથી આવતી હોય! એ સ્વર જાણે વાસંતીનો હોય એમ એને લાગ્યું. એ જ સમયે એ બેશુદ્ધ થઈ ગયો.

તારાનાથ અને સિપાહીઓ એને ત્યાં એ જ સ્થિતિમાં રહેવા દઈ બહાર ચાલ્યા ગયા; અને ઓરડાનું દ્વાર ફરી દેવાઈ ગયું.

પ્રકરણ ૧૨મું

—દમનનાં છેલ્લાં શસ્ત્રો

રાત્રે પ્રમથને ભોજનની થાળી મળી ત્યારે એ શુદ્ધિમાં આવી ગયો હતો; પરંતુ જમવાની એને રુચી નહોતી. મારથી એનું અંગ બળતું હતું. એના શરીર પર ચાર મોટી ભરોળો ઊઠી આવી હતી. એનું પહેરણ ચાબૂકના ફટકાથી ચિરાઈ ગયું હતું અને એક જગ્યાએ તો ફાટેલો લીરો ચામડી પરના ઘા સાથે ચોંટી ગયો હતો. તે ચત્તો કે પડખાંભર સૂઈ શકે એ સ્થિતિમાં નહોતો એટલે ગોઢણભર ઉંધો પડી રહ્યો. રાત્રે બરાબર ઉંઘ પણ ન આવી.

એમ ને એમ ત્રણ દિવસ પસાર થયા. ભૂખ લાગતી ખરી; પણ સહેજ તાવ રહેતો, એટલે થોડું ખાઈને છોડી દેતો. ત્રીજે દિવસે વેદના ઓછી થઈ, અને તાવ પણ હઠ્યો.

રાત્રે મોડે સુધી એને ઉંઘ ન આવતી; અટલે તે કંઈ વિચાર કરતો, કલ્પનાના ઘોડા દોડાવતો પડી રહેતો; તો કોઇ વાર ધીમે સ્વરે ગીત ગાઈ મનને પ્રફુલ્લ રાખવા પ્રયાસ કરતો.

તારિખ કે વાર એને યાદ નહોતાં. પણ તે રોજ દિવસોની ગણત્રી રાખતો. આજે પાંચમી રાત હતી. લગભગ દસઅગ્યારનો સમય થયો હશે. શાન્ત વાતાવરણમાં અનેક સારી માઠી કલ્પનાઓ એને આવતી હતી. વાસંતીની એને

બહુ ચિંતા થતી હતી. કારણ કે જે દિવસે એ ચીસ પાડીને બેભાન બન્યો તે વખતે એણે સામેથી એક ચીસ સાંભળી હતી. અને એ ચીસ વાસંતીની હોવી જોઇએ, એવું એનું અનુમાન હતું. અને તેથી વાસંતી પણ આ જ કિલ્લામાં કેદ હોવી જોઇએ, એવી એની માન્યતા બંધાઇ હતી. જો એમ હશે તો એના ઉપર પણ એવો જ જુલ્મ ગુજરાઇ રહ્યો હશે, એનો પણ એ વિચાર કરતો હતો.

આ વિચારો એ કરી રહ્યો હતો, એવામાં સામેની દિવાલ પાછળથી ધમકારા થતા એણે સાંભળ્યા. હળવેથી તે ઊભો થયો, અને તે દિવાલ પર કાન માંડ્યા. થોડીવારે દિવાલને ફરી એક ધક્કો લાગ્યો. એનો જવાબ વાળવા એણે હાથની એક મુઠ્ઠી દિવાલ પર મારી. તરત જ સામેથી ત્રણ અવાજ આવ્યા. 'કોણ? વાસંતી હશે?' ત્રણ અવાજ ત્રણ અક્ષરનું નામ સૂચવે છે એમ તે સમજ્યો. ફરી ત્રણ અવાજ થયા. એણે સામેથી ત્રણ અવાજ કર્યા. પછી અવાજ બંધ પડ્યા.

વાસંતી, સરિતા, વિરાટ, અનંત—બધાંના ત્રણ અક્ષરનાં નામ હતાં; એટલે ત્યાં કોણ હશે, એ સમજવું મુશ્કેલ પડ્યું. પણ ત્યાં પોતાના જેવો કોઇ કેદી હશે એટલો તો નિર્ણય તેણે કર્યો જ.

છઠ્ઠા દિવસની સાંજે એને બહાર કાઢવામાં આવ્યો. ચાર દિવસ સુધી એને ઝાડો–પેસાબ ઓરડામાં જ કરવા પડતા. માત્ર બે વખત ભોજનની થાળી આવતી, ત્યારે ઓરડો ખૂલતો અને ઝાડા–પેસાબના ડબ્બા બદલાતા. આજે એને બહાર કાઢવામાં આવેલ જોઇને નવાઈ લાગી. કંઈ સારી

આશા તો બંધાતી નહોતી. ઉલટું વધુ ત્રાસની આગાહી થતી, તે દિવસે ચોથો ચાબૂક પડતી વખતે એનું મન તૂટી ગયું હતું, અને એનાથી ચીસ પડાઈ ગઈ હતી, પણ એક વાર એ સહન કર્યા પછી એ વધુ સહન કરવાને મક્કમ બન્યો હતો. મૃત્યુ સુધીની તૈયારી એ કરી બેઠો હતો. મરણિયાને કોણ થકવી શકે?

ચોગાનમાં લઈ જઈ એનું પહેરણ કાઢી નાખવામાં આવ્યું અને લીમડાના ઝાડ સાથે એને બાંધવામાં આવ્યો. પછી એક બાલદીમાંથી ઘાટું રાતું પાણી એના અંગ પર રેડવામાં આવ્યું. વાસ પરથી એ જાણી શકયો કે એ ગોળનું પાણી હતું. તેના પર થનાર જુલ્મનો એને ખ્યાલ આવતાં એના શરીરમાંથી ઝીણી કમકમાટી પસાર થઈ ગઈ.

લીમડાના ઝાડ પર કીડી, મકોડા વગેરે જંતુઓ ફરતા હતા, તે ગોળની વાસ આવતાં પ્રમથના શરીર પર ફરી વળ્યા અને તેને ચટકા ભરવા લાગ્યા. પ્રમથને આખે શરીરે વીંછીના ડંખની વેદના થઈ રહી. તે ચીસ પાડી ઊઠ્યો. બરાબર એ જ વખતે બે મોટી તીક્ષ્ણ ચીસો સંભળાઈ, અને સામેના ઓરડાનું બારણું જોરથી ખખડી રહ્યું.

એ વખતે તારાનાથ ત્યાં આવી ઊભો, અને ખડખડાટ હસવા લાગ્યો. પાસે આવી એણે પૂછ્યું: 'કેમ દોસ્ત! કેવી મજા પડે છે?'

પ્રમથ ચૂપ રહ્યો. એના હોઠ ગુસ્સામાં બીડાયા.

'આથી પણ વધુ ત્રાસ બાકી છે. એમાંથી બચવું હોય, તો મારે પગે પડીને માફી માગ. બીજો કોઈ આરો નથી.'

પ્રમથે નકારમાં ડોકું ધૂણાવ્યું. એના વાળનાં ઝુલ્ફાં હવામાં ઉછળી રહ્યાં.

'એમ નહિ માને, દોસ્ત! હું જાણું છું' તારાનાથે પાસે આવી કહ્યું. 'પણ સામેના ઓરડામાં તારી સ્ત્રી, અને પેલી ભામટી દાસીને પૂર્યાં છે, એ તને ખબર નહિ હોય! જો તું માફી માગશે, તો એ પણ છૂટશે. નહિતર તારી સ્ત્રી આજે મારા દેહસ્પર્શે પાવન થશે.' કહીને એ નિષ્ઠુર રીતે હસ્યો.

એ જ પળે, હાસ્ય માટે ખુલ્લા થએલા એના મોઢામાં પ્રમથ થૂંક્યો.

'થૂ. થૂ. થૂ.' તારાનાથે થૂંકી નાખ્યું અને પ્રમથના ગાલ ઉપર એક તમાચો ચોડી દઈ સીપાઈઓને હૂકમ કર્યો: 'મારો સાલ્લાને! હરામખોરને આજ પૂરેપુરો પીટી નાખો.'

'સડાક્–સડાક્–સડાક્–સડાક્!' ચાબૂક એના ખુલ્લા વાંસામાં વિંઝાવા લાગી. એનું ડોકું પાછળ ઝૂકી પડ્યું. કીડી–મંકોડાના ચટકાની અસહ્ય વેદનામાં ચાબૂકના ઘા પડવાથી એ બેભાન બની ગયો.

તારાનાથ ચાલ્યો ગયો. સિપાઈઓએ એને છોડયો ત્યારે પણ એ બેશુદ્ધ જ હતો. એ જ હાલતમાં એને મરેલા ઢોરની પેઠે ઘસડીને એના ઓરડામાં નાખવામાં આવ્યો!

પ્રકરણ ૧૩ મું

—કરુણ અન્ત

પ્રમથ પાસે માફી મગાવવાના તારાનાથના સઘળા પ્રયાસો નિષ્ફળ ગયાં. મારની એને દરકાર નહોતી. શરીરને એણે પારકું જ ગણ્યું હતું. જુલ્મનો કોઈ પ્રકાર એને નમાવી શક્યો નહિ. એના ઓરડામાં વીંછી અને સાપ સુદ્ધાં મૂકવામાં આવ્યા. ખાવા માટે કાંકરાવાળા રોટલા અને પીવા માટે ગટરનું પાણી આપવામાં આવ્યું. છાપરાં પરથી નળિયાં ખસેડી આખી રાત એના ઓરડામાં પાણી રેડાતું. એની પથારી અને બધી જમીન ભિંજાઈ જતાં એને હંમેશ ઉજાગરા થતા. એનું શરીર કૃશ થઈ ગયું. આંખો ઉંડી ઉતરી ગઈ. ચહેરા પરનાં હાડકાં બહાર નીકળવા માંડયાં. છતાં દમનનું કોઈ પણ શસ્ત્ર એને નમાવી શકયું નહિ.

એ સાંજે તો તારાનાથ ચાલ્યો ગયો, પણ ત્રીજી સાંજે એ ઠાકોરને લઈને તેમને આ કેદીઓની દુર્દશા બતાવવા પાછો આવ્યો. પ્રજાને તો ખબર નહોતી કે આ ત્રણ જણાં કયાં ગુમ થઈ ગયાં છે! એ જાતે જ પરગામ ચાલ્યાં ગયાં છે, કે કોઈ એમને ઉપાડી ગયું છે; રાજ્યે ગૂમ કર્યાં છે, કે કોઈએ એમનું ખૂન કર્યું છે—એમાંની કશી વાત નક્કી થઈ શકતી નહોતી. વિરાટ અને અનંતે એ બાબત તારાનાથની મુલાકાત લેતાં તારાનાથે તદ્દન અજ્ઞાત હોવાનો ડોળ કર્યો,

એમને આશ્વાસન આપ્યું અને એમની શોધ કરવા ચારે બાજુ માણસો દોડાવ્યાં. તારાનાથની આ ચાલાકીથી રાજ્ય ખરેખર દોષિત છે કે કેમ, એ નક્કી કરી શકાયું નહિ.

ઠાકોર તારાનાથની આ યુક્તિથી ખુશ થયા હતા. અને એને આ બહાદૂરી બદલ ધન્યવાદ આપ્યા હતા. તારાનાથે ઠાકોરને આ ગુપ્ત કિલ્લામાં આજની રાત વાસંતી સાથે ગાળવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

ઠાકોરના હૈયામાં હર્ષ માયો નહિ. વાસંતી જેવી સ્વરુપવાન યુવતી એના હાથમાં સપડાય, અને એનો બધો ગર્વ ગળી જાય! આથી વિશેષ શું? એણે તારાનાથનો આભાર માન્યો.

તારાનાથ એને કિલ્લાના દિવાનખાનામાં લઈ આવ્યો. અને એક સિપાહીને ઇસારો કર્યો. સિપાહી ચાલ્યો ગયો.

વાસંતીના ઓરડાનું બારણું ખોલી તેણે કહ્યું : 'દિવાન સાહેબ તમને કચેરીમાં બોલાવે છે.' તારાનાથને હજુ નોકરી-આત વર્ગ તો દિવાનને નામે જ સંબોધતો.

'કઈ કચેરી?'

'આ કિલ્લામાં–સામે જ.'

'શું કામ છે?'

'એ નથી કહ્યું.'

'ત્યારે નથી આવતી, જા.' વાસંતીએ જવાબ આપ્યો.

'તો ઘસડીને લઈ જવામાં આવશે.'

'જોઉં તો ખરી, કોણ ઘસડવા આવે છે?' સરિતાએ આગળ આવી કહ્યું. સિપાહી એનો ઉગ્ર ચહેરો જોઈને બે ડગલાં પાછળ હટી ગયો.

'તારો જે દિવાન હોય એને કહે, કે કામ હોય તો અહીં આવે.' વાસંતીએ પરખાવ્યું.

સિપાહી ઓરડો બંધ કરી દિવાનખાનામાં પાછો આવ્યો. અને બધી વિગત જણાવી. હસીને એણે કહ્યું : 'બાપુ! એ બહુ હઠીલી છે. આપણે ત્યાં જવું પડશે.'

'બહુ સારું. ચાલો.' કહીને ઠાકોર ઉભા થયા.

આજે તારાનાથે કિલ્લામાં વધુ સિપાહીઓ નહોતા રાખ્યા. હકીકતની ગુપ્તતા જળવાઈ રહે એ માટે પ્રથમથી જ વિશ્વાસુ છ–સાત માણસોને રાખ્યાં હતાં; એમાંથી આજ તો માત્ર ત્રણને જ હાજર રાખ્યાં હતાં. એમાંથી બેને દિવાનખાનામાં રહેવાની સૂચના આપી, માત્ર એક જ માણસને સાથે લઈ તારાનાથ અને ઠાકોર વાસંતીના ઓરડા તરફ ગયા.

આજના પ્રસંગની ગંભીરતા અને ભયંકરતાની કલ્પના સરિતાને આવી હતી. પ્રમથ ન થાક્યો એટલે વાસંતીને ચકવવાની એ યુક્તિ હશે, એમ તેણે ધાર્યું. તારાનાથની કુત્સિત વાસનાનો એને ખ્યાલ નહોતો. પણ બિજુદાદાને દરવાજાની તડમાંથી આ તરફ આવતાં જોઈને એના મનમાં શંકા પેઠી.

સિપાહીએ ઓરડો ઉઘાડતાં સરિતા બારણામાં આવીને ઉભી રહી. તારાનાથે ઓરડામાં દાખલ થવાનો પ્રયાસ કરતાં એણે હાથ લંબાવી માર્ગ રોકી લીધો. એટલે તારાનાથ ત્યાં જ અટકી ગયો અને કહ્યું : 'તમારે જૂદી જૂદી કોટડીઓમાં રહેવાનો હૂકમ થયો છે.'

'કોનો હૂકમ ?' સરિતાએ ત્યાં જ ઉભા રહીને પૂછ્યું.

'બાપુનો.'

'અમે જૂદાં નહિ રહી શકીએ. એ હૂકમ અમે માન્ય નહિ રાખી શકીએ.' સરિતાએ કહ્યું.

'તમે કેદી છો. અધિકારીના હૂકમને તમારે માન આપવું જોઈએ.' તારાનાથે ધીમેથી કહ્યું.

'અમે કેદી? કોણ કહે છે કે અમે કેદી છીએ?' વાસંતી આગળ આવી ઉંચે સાદે બોલી. 'કયા કાયદા અનુસાર અમને પકડયા છે? કયા મુનસફના હૂકમથી અમને પકડયા છે? કઈ અદાલતે અમને તકસીરવાર ઠરાવ્યા છે? આ શું :જેલનું તંત્ર છે? જેલનો એકકે નિયમ અહીં પળાય છે?' વાસંતીનું મુખ ગુસ્સાથી લાલ થઈ ગયું. ઠાકોર એના ગાલની લાલી સામે નફ્ફટ બની જોઈ રહ્યો. અસ્ત પામતા સૂર્યે પશ્ચિમના આકાશમાં પાથરેલી સુરખીનું પ્રતિબિંબ વાસંતીના ગાલને વધુ લાલ, સોનેરી સુરખી ભર્યા બનાવી રહ્યું હતું.

'તમે ક્રોધ ન ભરાવ! તમારા પર કશો જુલ્મ નથી કરવો. બાપુ તમને ખાસ સગવડ આપવા માગે છે.' તારાનાથે ધીરજપૂર્વક કહ્યું.

'અમારે કશી સગવડ નથી જોઈતી. એક બાજુથી પ્રમથ ઉપર રાક્ષસી જુલ્મ ગુજારો છો, અને બીજી બાજુથી અમને સુખ સગવડ આપવાની ઉદારતા બતાવો છો! આવો પક્ષપાત શા માટે?' વાસંતી ઉંચે સાદે ગર્જી રહી.

'કારણ કે' તારાનાથ વધુ ધીમેથી બોલ્યો; 'બાપુ તમારા પર પ્રસન્ન છે. તમારા ગોરા ગોરા ગાલ ઉપર... ...વોય!' બોલતાં બોલતાં તારાનાથ ચીસ પાડી ઊઠયો. વાસંતીએ આગળ વધી એના મોઢા ઉપર ચંપલ માર્યું હતું.!

'હાં. હાં. સુંદરી !' કહેતા ઠાકોર તેનો હાથ પકડવા આગળ આવ્યા. તેના મુખમાંથી દારુની દુર્ગંધ નીકળતી હતી. વાસંતીને એના પર બેવડી ચીડ ચડી. એણે પગમાંથી બીજું ચંપલ કાઢ્યું. સરિતા વચ્ચે પડી ન હોત, તો એ ઠાકોરના મોઢા પર પણ બીજું ચંપલ ઠોકી દેત !

'અરે ! અરે ! વાસંતી! કોને મારે છે?' સરિતાના શબ્દો સાંભળી વાસંતી અટકી. એનો ગુસ્સો ધુંધવાઈ રહ્યો.

મોઢું ચોળતા તારાનાથને બદલાયલો મામલો જોઈ હિંમત આવી. તેણે સરિતાને કહ્યું : 'સાચું કહો છો તમે. એ તો આપણા બાપુ કહેવાય !'

'બાપુ તારા, તારાનાથ? અમારા નહિ.' સરિતાએ આગળ ધસી કહ્યું. 'બાપુ, બાપુ, કહીને એમની તો તેં પાયમાલી કરી છે ! એમનો, એમના જીવનનો, તેં સર્વનાશ કર્યો છે.' અને ઠાકોર સામે જોઈ એણે પૂછ્યું : 'જાણો છો, બિજુદાદા ! આ વાસંતી કોણ છે?'

'એંહ ! તારી છોકરી છે ને?' ઠાકોરે કહ્યું.

'હા. મારી તો છોકરી છે, પણ તારી એ બેન છે ! સગી બેન છે. ગમાર ! શરમાતો નથી એનો હાથ પકડતાં? નાલાયક !' સરિતા ઉશ્કેરાટમાં બોલતી હતી. વાસંતી એને અટકાવી ન શકી.

'બાપુ ! આ બાઈ ગાંડી થઈ ગઈ લાગે છે ! હા... હા...હા...હા...કેમ, ગોવિંદ!' હસીને તારાનાથે પાસે ઉભેલા સિપાહીને પૂછ્યું. સિપાહીએ જવાબ ન આપ્યો.

'હા. હું ગાંડી થઈ ગઈ છું. આ તારા ઠાકોરને જન્મ આપીને તો હું ગાંડી જ થઈ ગઈ છું. આ પેટે આ પત્થરને

જન્મ આપીને હું સાચે જ ગાંડી થઈ ગઈ છું. પૂછ તારા બાપને! પૂછ શોભનાને! પૂછ આ ગોવિંદને! એ બધા જાણે છે કે મારા આ બાળકને વેચાતો લઈને એમણે સજ્જનદેવનો યુવરાજ બનાવ્યો છે!'

તારાનાથે યુવરાજના જન્મ વિષે કેટલીક ઉડતી વાતો તો સાંભળી જ હતી. પણ એણે કદી એ વિષે એના પિતાને પૂછ્યું નહોતું; તેમ જ એને એ વાત પર એ વખતે વિશ્વાસ નહોતો બેઠો. એ વાત આજે સાંભળીને એને ભય લાગ્યો. એણે સરિતા સામે જોયું. સરિતા અને ઠાકોરના ચહેરામાં આજ તેને મળતાપણું લાગ્યું. પણ આ વાત ઉડાવી દેવાને તે ઇચ્છતો હતો. એણે કહ્યું: 'બાપુ! એ પગલીનું કંઈ માનશો નહિ. એને બીજા ઓરડામાં ખસેડવી જ જોઈએ. લઈ ચાલો, આ છોકરીને!' તારાનાથે ઠાકોર સામે જોઈ કહ્યું. ઠાકોર તો સરિતાની વાત સાંભળી દિંગ થઈ ગયા હતા. પોતાની બાબતમાં–એ સજ્જનદેવનો પુત્ર નથી–એ વિષે શહેરમાં કેટલીક ચર્ચા થતી હોવાનું એણે સાંભળ્યું હતું. અને બાતમી પરથી એવી ચર્ચા કરનાર બે વેપારીને બોલાવીને એણે એમને માર મરાવ્યો હતો. છતાં એ સરિતાના શબ્દો સાંભળી એ વિષે શાન્તિપૂર્વક વિચાર કરી ન શક્યો. દારુએ એની વિચારશક્તિ હરી લીધી હતી. તારાનાથના શબ્દો સાંભળી એ નિદ્રામાંથી જાગ્યા હોય એમ બોલ્યા: 'ચાલ, પ્યારી!' અને એણે વાસંતીનો હાથ પકડ્યો.

'બાયલા! હરામી! કૂતરા! તારી બેનનો હાથ છોડી દે.' સરિતા તાડૂકી. વાઘણ જેવી એ તેજ બની હતી. એણે ઠાકોરના હાથ પર જોરથી મુક્કી મારી. વાસંતીએ

હાથ ખેંચ્યો. ઠાકોરની મુઠ્ઠી છુટી ગઈ.

ઠાકોરે ફરી વાસંતીની સાડીનો છેડો પકડયો અને એનો હાથ ઝાલવા આગળ વધ્યા. તારાનાથે સરિતાને અટકાવવા પ્રયાસ કર્યો, પણ એને ધક્કો મારી સરિતા ઠાકોર પાસે ગઈ અને એકાએક એની ચડ્ડીના ખીસ્સામાંથી બહાર દેખાતી પિસ્તોલ એણે ખેંચી લીધી; અને ઠાકોર તરફ તાકી. ઘોડો દબાવતાં દબાઈ ગયો. ગોળી છૂટી, અને ઠાકોરની છાતીમાં પેસી ગઈ. એ ઢગલો થઈ નીચે પડયા. તારાનાથ ભયથી કમ્પી ઉઠયો. એનું પોતાનું જીવન પંખેરું એના ખોળિયામાંથી ઉડી જતું એને લાગ્યું. બચાવ માટે એણે પિસ્તોલ કાઢી.

અને સામસામી ગોળીઓ છૂટે, એ પહેલાં તારાનાથની મુઠી ગોવિંદના મજબૂત હાથમાં પકડાઈ ગઈ. સરિતા પણ ગોળી છોડી શકી નહિ. ગોવિંદે તારાનાથનો હાથ મરડી પિસ્તોલ પડાવી લીધી.

‘ દિવાન સાહેબ ! ઠાકોરની માતા સામે હું તમને ગોળી ચલાવવા નહિ દઉં ! ’

તારાનાથે જોયું કે ગોવિંદ બદલ્યો હતો. એનું કોઈ તારણહાર નહોતું, ‘ જા. બાયલા ! ’ કહી ગોવિંદે એને ધક્કો માર્યો. જાણે જીવન જીત્યો હોય એમ એ જીવ લઈને નાઠો !

પ્રકરણ ૧૪ મું

—અન્યને ખાતર !

પિસ્તોલનો અવાજ સાંભળી દિવાનખાનામાં બેઠેલા સિપાઈઓ ચમકી ઊઠયા. એમણે બારીમાંથી જોયું કે ઠાકોર ધરાશાયી થઈ પડેલા હતા, અને તારાનાથ જીવ લઈને નાસતો હતો. આ સ્થિતિમાં એમની ત્યાં જવાની હિંમત ન ચાલી. પરિસ્થિતિનો પૂરો ખ્યાલ પણ તેઓ ઉતાવળે ન કરી શકયા. ભયના માર્યા તેઓ બન્ને મુખ્ય દરવાજા તરફ દોડી ગયા.

ગોવિંદે જો મામલામાં ડખલગીરી ન કરી હોત તો કદાચ તારાનાથ, સરિતા અને વાસંતી ત્રણેના પ્રાણ સામસામી ગોળીઓથી હરાઈ જાત ! એની સમય સૂચકતાએ એમના પ્રાણ બચાવ્યા.

નિહાર બાબુ રાજ્યની નોકરીમાંથી નિવૃત્ત થતાં રાજમહેલનો એમનો વિશ્વાસુ નોકર ગોવિંદ રાજ્યની નોકરી છોડીને એમની સાથે કલકત્તા ગયો હતો. પરંતુ છેલ્લી વાર કંચનપુરથી કલકત્તા આવ્યા પછી નિહાર બાબુની તબિયત લથડી, અને તેમનું અવસાન થયું, ત્યાર પછી ગોવિંદ કંચનપુર પાછો આવ્યો હતો. રાજમહેલમાં ઠાકોર કે તારાનાથના સંસર્ગમાં રહેવાનું એને ગમ્યું નહિ. અને ભરણપોષણ અર્થે કંઈ નોકરીની તો તેને જરુર હતી જ;

એટલે એણે પોલીસ ખાતાની નોકરી સ્વીકારી. પ્રસંગવશાત્ ઠાકોર અને તારાનાથે એને જ સાથે લીધો.

સરિતાને એ ઓળખતો હતો જ. ઠાકોરને જન્મ પછી તરત જ સરિતાને ત્યાંથી રાજમહેલમાં લાવનાર પણ એ જ હતો. એ રહસ્યનો એ સંપૂર્ણ જ્ઞાતા હતો. અને છતાં એણે અજબ રીતે એ રહસ્યને પોતાના હૃદયના અંતરતમ ભાગમાં છુપાવી રાખ્યું હતું. આજે એનું મૌન એ રહસ્યને ખુલ્લું કરી રહ્યું હતું; પણ એ સમજવાની દક્ષતા ઠાકોર કે તારાનાથમાં નહોતી.

તારાનાથ નાસી જતાં ગોવિંદે પ્રમથના ઓરડાનું તાળું ઉઘાડી નાખ્યું, અને બધા તારાનાથ નાઠો હતો એ દરવાજેથી બહાર નીકળ્યા.

ચારે જણ ઉતાવળે દોડતા હતા. એમનાં પગલાંનો અવાજ આગળ દોડતા તારાનાથે સાંભળ્યો. એ ચમકયો. તેને લાગ્યું કે તેનું ખૂન કરવા સરિતા તેની પાછળ પડી છે! એના પગ પાછા પડવા લાગ્યા. સંતાવા માટે રસ્તાની બાજુની ઝાડીમાં એ કૂદ્યો. ઝાડીમાં કાંટા હતા. પણ કાંટામાંથી માર્ગ કાઢયા વિના છુટકો નહોતો. ઝાડીમાં એ પડયો. એના આખા શરીરે કાંટા ભોંકાયા! લોહીની ધારો વહી રહી. એની આંખ સામે લીંબડાના ઝાડ સાથે બંધાયલો પ્રમથ દેખાયો. એ કહેતો હતો : 'તારે શરીરે પણ આવા કાંટાઓ ભોંકાશે.' જાણે એનો શાપ આજે ફળતો હતો!

કાંટાની વાડ પાછળ ભેદાતો, પીડાતો, દુઃખના સિસકારાને મહામહેનતે રોકવા પ્રયાસ કરતો એ ત્યાં પડયો રહ્યો. સરિતા, વાસંતી, પ્રમથ અને ગોવિંદ એની આંખ

આગળથી પસાર થઈ ગયાં. એણે છૂટકારાનો દમ ખેંચ્યો. મહામહેનતે એ ઊઠ્યો, અને બીજી દિશા તરફ નાસવા લાગ્યો.

રાત્રિ પડી ચૂકી હતી. અને એના અંધકારને આશ્રયે ચારે જણા ગામમાં પેઠા, અને સરિતાને ત્યાં જઈ પહોંચ્યા. ત્યાં વિરાટ અને અનંત ખિન્ન ચહેરે મસલત કરતા બેઠા હતા, તેઓ એમને જોઈને વિસ્મિત થયા. 'તમે ક્યાંથી ? ક્યાં હતા ?' બન્ને એકી સાથે પૂછી રહ્યા.

'અંદર ચાલો' કહીને સરિતા તેમને બન્નેને અંદર લઈ ગઈ, અને બધી બીનાથી તેમને વાકેફ કર્યા. પોતે કરેલ ઠાકોરના ખૂનનો પણ એણે તેમની પાસે એકરાર કર્યો અને તેમને બન્નેને સુરક્ષિત રહેવા તત્કાળ કંચનપુર છોડી જવાની સૂચના આપી.

જતાં જતાં સરિતાએ વિરાટને એક બાજુએ બોલાવીને પૂછ્યું : 'તારી સાથે છે, એ છોકરીને તું ઓળખે છે ?'

'અરે, હા ! કેમ ન ઓળખું ? એ તો મારી સાથે જ રહે છે. એને માટે તો હું મુંબઈ છોડીને અહીં આવ્યો હતો.'

'એનું નામ રજુલા કે ?'

'હા. કેમ ?'

'એના વિષે તું કંઈ વિશેષ જાણે છે ?'

'શું ?'

'એ કોની છોકરી છે ?'

'ના. મારા બાપુ એને પાળતા, પોષતા. દિવાન નિહાર બાબુએ એને તેમને સોંપેલ.' વિરાટે કહ્યું.

બીજું કંઈ ?'

'ના.'

'તો કહું. માત્ર તારી જાણ માટે. ગુપ્ત જ રાખવાનું'

'ભલે, કહો.'

'એ અહીંની રાજકુંવરી છે.'

'હે ?'

'હા. સાચું કહું છું. હું બરાબર જાણું છું.'

'સજ્જનદેવને તો કુંવરી નહોતી !'

'હતી.'

'વિજયસિંહની બહેન ?'

'ના. વિજયસિંહ સજ્જનદેવનો પુત્ર નહોતો. સજ્જનદેવને આ રજુલા એક જ પુત્રી હતી. એના જન્મ પછી તરત જ એને ખસેડી નિહાર બાજુએ આ છોકરાને એની જગ્યાએ ગોઠવી દીધો.'

'તમે ક્યાંથી જાણો ?'

'એમનો બદલો કરનાર અમારી સાથે છે, તે આ ગોવિંદ હતો. મને એના કથન પર પૂરો વિશ્વાસ છે. મેં એની ખાત્રી પણ કરી છે.'

'તમારી વાત સંભવે છે. રાણી માયાદેવી એના પર બહુ પ્રેમ રાખતાં. મહેલની દાસી સુરમા એની સંભાળ લેતી. રાજ્ય તરફથી મારા બાપુને વર્ષાસન મળતું. રજુલાને પણ અઢાર વર્ષની ઉમરથી રાજ્ય તરફથી વર્ષાસન મળવાનું એક ફરમાન સજ્જનદેવ કાઢતા ગયા છે. હવે આ બધું બરાબર સમજાયું. તમારી વાત સાચી છે.'

'હં. એ ગુપ્ત રાખજે. જાવ. હવે તમે બધાં નાસી જાવ. અનંતને પણ હરિપર લઈ જજે. એ બહુ નબળો છે.'

'જાણું છું. સારું ત્યારે, નમસ્કાર!' હાથ જોડી, વંદન કરી વિરાટ છુટો પડયો. અનંત અને રજુલાને લઈ એણે હરિપરની ટ્રેઈન પકડી.

ઠાકોરના ખૂનના સમાચાર એ રાત્રિના જ વાયુવેગે શહેરમાં પ્રસરી ગયા. શહેરમાં પોલીસોની દોડધામ મચી રહી. તારનાં દોરડાં ઝણઝણી રહ્યાં. વિલ્સન સાહેબને જાણ થઈ. સવાર પહેલાં તો સરકારી સૈન્યે છાવણીમાંથી આવી શહેરનો કબજો લીધો.

એક અઠવાડિયું લશ્કરી રાજ્ય રહ્યું. સેંકડો ધરપકડો થઈ. કેટલાયે તદ્દન નિર્દોષ માનવીઓ જેલના સળિયા પાછળ ધકેલાયાં. વાસંતી, પ્રમથ અને સરિતા તથા કિલ્લાના બધા સિપાહીઓને પૂરી દીધા.

તારાનાથનો પત્તો નહોતો. એ કયાં અદૃશ્ય થઈ ગયો, એની કોઈને ખબર પડી નહિ. સૌને એનું ગુમ થવું વિસ્મયજનક લાગ્યું.

કિલ્લાની કહાણી સાંભળી વિલ્સન સાહેબને ભારે આશ્ચર્ય થયું. સૌ કોઈ ખૂન વિષે અજ્ઞાન દર્શાવતા હતા. સિપાહીઓને કશી ખાત્રી નહોતી. ગોવિંદ જાણતો હતો, પણ એ સરિતાને બચાવવા માગતો હતો; એટલે એણે પણ ઉડાઉ જુબાની આપી. તારાનાથની નાસભાગને લીધે સૌને એના પર શંકા જતી હતી. પણ કોઈ સાક્ષીએ એના પર પણ આરોપ મૂકયો નહિ.

સત્યાગ્રહીઓ તો ખૂન ન જ કરે, એવી ખાસ અદાલતના અંગ્રેજ ન્યાયમૂર્તિને ખાત્રી હતી. ઠાકોરના ખૂન પાછળ કોઈ વ્યવસ્થિત કાવત્રાંની એને ગંધ આવી. એણે

કડક તપાસ ચલાવવા પોલીસને તાકીદ આપી.

પોલીસે કેટલીક નવી ધરપકડો કરી. રોજ નવા શકદારો પકડાયે જતા હતા. પોલીસ ગુન્હાની કબૂલાત મેળવવા શકદારો પર ભયંકર ત્રાસ ગુજારી રહી હતી. પ્રજામાં ભયભીતતા પ્રસરી ગઈ. કોઈની સલામતી નહોતી રહી.

આ સ્થિતિ વધુ વખત ચાલે, એ સરિતાને ઇષ્ટ ન લાગ્યું- એની આંખ સમક્ષ જેલમાં રોજ કેટલા યે નિર્દોષોને પકડી લાવવામાં આવતા, અને તેમને સખ્ત માર મારવામાં આવતો. કિલ્લાની કચેરીના બે સિપાહીઓએ ઠાકોરના પડ્યા પછી તારાનાથને નાસી જતો જોયો હતો: એટલે તેમને તારાનાથે જ ખૂન કર્યાનો શક હતો. પણ તેઓ તારાનાથના જ આશ્રિત હોઈને તારાનાથને બચાવવા માગતા હતા. એટલે તેમણે પણ અજ્ઞાનતાનો ડોળ કર્યો. આથી ખૂનની વધૂમાં વધૂ શંકા તારાનાથ પર રહેતી. છતાં ધાક બેસાડવાને સંખ્યાબંધ માણસો પર ત્રાસ વર્તાવા લાગ્યો. શહેરમાં આથી કાળો કકળાટ થઈ રહ્યો. ઘેર ઘેર રડારોળ થઈ રહી. કોઈનો પિતા, કોઈનો ભાઈ, કોઈનો પતિ–વિના કારણ ફસાઇ પડ્યા. આ નિર્દોષ વ્યક્તિઓને સહન કરતી જોઇને સરિતાનો અંતરાત્મા પોકાર કરી ઉઠ્યો. એને એનું કર્તવ્ય સૂઝ્યું. પોતાને ખાતર પીડાઈ રહેલા સેંકડો નિર્દોષોને ત્રાસમુક્ત કરવાની તેની ફરજ તેને સમજાઈ. કેટલાયના મોં પરથી નૂર ઊડી ગયું હતું! કેટલાયનાં હૈયાં ફફડી રહ્યાં હતાં? કેટલાયની આંખોમાંથી અશ્રુની ધારા વહેતી હતી! આ સ્થિતિ અટકાવવાનો એણે દૃઢ નિશ્ચય કરી લીધો.

એનું જીવન એને હવે શા કામનું હતું ? જીવવાનો એને શો અધિકાર હતો ? લોભને વશ થઇને એણે પુત્ર વેચ્યો હતો. એ પુત્ર કુપુત્ર નીવડ્યો હતો. એણે પ્રજાને લૂંટી હતી; પાયમાલ કરી હતી. આ પુત્રને જન્મ આપી એણે પૃથ્વીનો ભાર વધાર્યો હતો. અને તેનો નાશ કરી એણે એ ભાર ઘટાડ્યો પણ હતો. હવે એને જીવવાનું શું પ્રયોજન હતું? એણે યોગ્ય ન્યાય કર્યો હતો. પાપી પુત્રને યોગ્ય નસ્યત કરી હતી! હવે એણે એ શા માટે છૂપાવવું?

રાણીનું-કમલકુમારીનું-એણે સૌભાગ્ય હરી લીધું હતું. એ એક જ નિર્દોષ વ્યક્તિનું એણે સર્વસ્વ લૂંટી લીધું હતું. એ શું ગુન્હો નહોતો? એનો પુત્ર એ કોઇનો પતિ પણ હતો. એનો એ વખતે એને કેમ ખ્યાલ ન આવ્યો? એ ખ્યાલ આવ્યો હોત તો એ ખૂન ન કરત! એનો આવેશ નરમ પડી શકત. પણ એ વિચાર એ વખતે ન આવ્યો. એણે તો પોતાના પુત્રનો જ નાશ કર્યો હતો!

ગુન્હાનો એકરાર કરવાનો એણે નિર્ણય કરી લીધો, અદાલતમાં એણે એકરાર જાહેર કર્યો. બધી વિગતો સ્પષ્ટ રીતે જાહેર કરી. માત્ર ઠાકોર સાથેના એના સંબંધની વાત ગુપ્ત રાખી. એ પ્રગટ કરવાની એને કશી અગત્ય ન જણાઈ.

આ એકરારથી આખા શહેરમાં સનસનાટી ફેલાઈ ગઈ. સરિતાના જીવનનો આ બીજો રોમાંચક પ્રસંગ હતો. છતાં એને ખૂની તરીકે માનવા કોઈ તૈયાર નહોતું. ન્યાયમૂર્તિ પણ વિચાર વમળમાં તણાયા. પણ સરિતાએ જ્યારે બધાને સાચી જુબાની આપવા આગ્રહ કર્યો અને પોતાને

ખાતર અનેક નિર્દોષોને બચાવી લેવા વિનતિ કરી, ત્યારે સૌએ સાચી સાક્ષી રજૂ કરી. મુકદ્દમો સ્પષ્ટ સમજાઈ ગયો. સરિતાને મૃત્યુદંડની સજા જાહેર કરવામાં આવી. બીજા સર્વનો છૂટકારો થયો.

અનેક નિર્દોષોના છૂટકારાથી એના અંતરમાં જે અનેરો સંતોષ ઉત્પન્ન થયો, એના હર્ષમાં મૃત્યુની સજાના શોકચિંતનો ડૂબી ગયાં. એનું અંતર પ્રફુલ્લ બન્યું. અન્યની ખાતર એણે ગુન્હાનો એકરાર કરી સત્યની કિંમતને ઘટવા ન દીધી.

પ્રકરણ ૧૫ મું

—મધુરજની

'વિરાટભાઈ! તમે અહીંથી ગયા, અને જેલ ભોગવી પાછા ફર્યા, ત્યાં સુધીમાં મેં તમારા એક પ્રશ્નનો ઉત્તર શોધી કાઢ્યો છે.' જેલમુક્તિ પછી વિરાટ હરિપર પાછો આવતાં રજુલાએ એને કહ્યું.

'કયો પ્રશ્ન, રજુલા ?'

'તમે છેલ્લે પૂછ્યો હતો એ—કે તમારા જીવનને અનુરુપ કોણ થઈ શકે ?'

'કોણ ?'

'ગળે પડું છું, એમ ન લાગે, તો કહું !'

'કહે ને !'

'હું.'

રજુલાનો ઉત્તર સાંભળી વિરાટ ઉંડા વિચારમાં પડી ગયો: 'કેવી નિખાલસ છોકરી ! કદી હું એને એમ ન કહી શકત કે "હું તને પરણવા ઇચ્છું છું !" પણ એણે તો તરત જ કહી નાખ્યું.

'એટલે ?'

'આપણાં લગ્ન ન થઈ શકે, વિરાટભાઈ! મારું આ જગતમાં તમારા સિવાય કોણ છે ? કોણ થઇ શકે એમ છે ? તમારી છત્રછાયા નીચે મને આજ દિન સુધી રાખી છે

એમ હવે ભવિષ્યમાં કાયમને માટે રાખો, અને જીવન પર્યન્ત તમારી સેવા કરવાની મને તક આપો.' નીચું જોઈ રજુલાએ નમ્રભાવે કહ્યું.

વિરાટ સમજી શક્યો કે એના પ્રશ્નને રજુલા બરાબર સમજી શકી છે; અને પોતાને એનું ઉચ્ચારણ કરવામાંથી એણે ઉગારી લીધો છે. નહિતર એ પોતે સ્વમુખે સ્પષ્ટ રીતે એ માગણી કરી શકત ?

'રજુલા ! આ પ્રશ્ન ઘણો ગંભીર છે. વિચારવા યોગ્ય છે. અત્યાર સુધી આપણે એક રીતે રહ્યાં છીએ. હવે બીજી રીતે રહેવાનું છે. એક કુટુંબમાં ભાઈબેન રહે એવી રીતે આપણે રહ્યાં છીએ. હું તને ચાહતો આવ્યો છું. તું મને ચાહતી આવી છે. એ પ્રેમ દંપતીપ્રેમમાં પરિણમી શકે ? આપણે એ રીતે જીવન ગાળી શકીશું ? એ જીવન સફળ થશે ?'

વિરાટના પ્રશ્ન પર થોડો વિચાર કરી રજુલાએ કહ્યું: 'કેમ નહિ ? તમે એમ ઈચ્છો છો. હું પણ એમ ઈચ્છું છું. પછી એ કેમ શક્ય ન બને ?'

'લોકોની ટીકાના પ્રહાર આપણા પર તૂટી પડશે, એ જાણે છે ? એ તું સહી શકીશ ?'

'એટલી હિંમતવાન અને નિડર તમે જ મને બનાવી છે. હું એ સહન કરી શકીશ. મારા વિના તમે સુખી નહિ થઈ શકો. વિરાટભાઈ ! તમારે માટે હું ગમે તે પરિસ્થિતિ સહન કરી શકીશ.'

'રજુલા ! તું મારું હિત જુએ છે. મારે ખાતર ગમે તે કરવા તૈયાર થઈ છે. પણ તારું હિત તું નહિ સંભાળે ?'

'તમારા હિતમાં જ મારું હિત સમાયલું છે.' રજુલાએ કહ્યું. વિરાટ ચૂપ રહ્યો.

આ ચર્ચા પછી વિરાટ પ્રમથની ઇચ્છાથી દોઢેક વર્ષ સુધી કંચનપુરના ગ્રામજનોની જાગૃતિ અર્થે કંચનપુર રાજ્યના ગામડાઓમાં ફરતો રહ્યો. હરિપરનું કાર્ય રજુલા સંભાળતી થઈ હતી. તેમ જ વિરાટે બીજા કાર્યકરોને પણ તૈયાર કર્યા હતા. વળી તે અવાર નવાર હરિપર આવી જતો અને આઠ–દસ દિવસ રહી જતો, ત્યારે કોઈ અગત્યની બાબતમાં સૌને સલાહ અને દોરવણી આપી જતો.

પરંતુ આ દરમ્યાન એણે કદી ફરીથી રજુલા સાથે લગ્નની વાત ચર્ચી નહિ. રજુલાએ પણ એ વાત ફરી કદી ઉખેળી નહિ. એવામાં પ્રમથ, વાસંતી અને સરિતાના ગુમ થયાના સમાચાર મળતાં એ રજુલાને સાથે લઈ કંચનપુર ગયો, અને ત્યાં ચાર–છ દિવસ ગાળ્યા.

એને પૂરો શક હતો જ, કે એમને રાજ્યના કોઈ કાવાદાવાનો ભોગ થવું પડ્યું હશે. આ રાજ્યો કદી રાજાઓના હાથમાં રહીને સુધરી શકે એવું તેને લાગતું નહોતું. આ રાજાઓ પ્રજાના રખેવાળ (ટ્રસ્ટી) તરીકે રહી શકે, એ તેને અશક્ય લાગ્યું. એમનો કોઈ પણ સંજોગોમાં હૃદયપલટો થાય, એ વાત એને હસવા જેવી લાગી. હરિપરમાં યે ખેડૂતોને ચૂસનારો વર્ગ હતો–જાગીરદારો અને ધીરધાર કરનારા શેઠિયાઓ. શોષણ ઉપર જ એમનું જીવન હતું. એમને સમજાવવાના, એમનું હૃદયપરિવર્તન કરવાના એણે ઘણા પ્રયાસ કરી જોયા. એમાં એને સફળતા ન મળી. શોષક વર્ગનો નાશ કર્યા વિના શ્રમજીવીઓનો

ઉદ્ધાર થઈ શકે, એ એને અશકય લાગ્યું.

આ બાબતમાં એણે રજુલા સાથે કેટલીક વાર ચર્ચા કરી હતી; અને રજુલા એમાં સંમત થઈ હતી. પ્રમથ સાથે જેલમાં રહ્યાથી એની સાથે નિરાંતે કરેલી ચર્ચા, એણે બહાર નીકળ્યા પછી તટસ્થ ભાવે કરેલ વાચન અને હરિપર અને કંચનપુરના પ્રશ્નોમાં એને મળેલ અનુભવ પરથી એના વિચારો બદલાવા લાગ્યા હતા; અને રજુલાના વિચારો પણ એ જ રીતે ઘડાતા જતા હતા. બન્નેના વિચારોનું આ સામ્ય એને રજુલા સાથે લગ્ન કરવાને વધુ પ્રેરતું હતું. પણ એણે ફરીને કદી એ ચર્ચા રજુલા સાથે કરી નહિ.

એવામાં એને રજુલા વિષે નવું જાણવાનું મળ્યું, અને એ વાત પર એને વિશ્વાસ પણ બેઠો. એ તો કંચનપુરની રાજકુમારી હતી. એ જાણ્યા પછી એને આ ભિક્ષુક જીવનમાં ખેંચવી એ યોગ્ય હતું ?

સરિતા પાસેથી છુટ્ટો પડીને એ રજુલા સાથે ટ્રેઈનમાં હરિપર આવ્યો. એ અરસામાં કંચનપુર અને હરિપર વચ્ચે આગગાડીનો વ્યવહાર ચાલુ થઈ ગયો હતો. ડબ્બામાં બેઠાં એણે રજુલા સાથે એ વાત શરુ કરી.

'રજુલા ! આજે એક નવા ખબર તને આપવાના છે. એ તને વિસ્મયકારક લાગશે.'

'કહો ને ! એવું શું છે ?'

'તારા કૂળનો મેં પત્તો મેળવ્યો છે.'

'હેં ? કેવી રીતે ?'

'સરિતાબેન એ બધું જાણે છે. એમણે કહ્યું.'

'શું?'

'કે તું રાજપૂત કન્યા છે!'

'એમ? બીજું કંઈ?'

'હા. તું એક રાજકુમારી છે!'

'હા. હા. બહુ સારું. ઉડાવો છો, કેમ?'

'ના. ખરું કહું છું.' વિરાટે ગંભીર વદને કહ્યું. રજુલાને એમાં શ્રદ્ધા બેઠી.

'હશે!' બેદરકારીપૂર્વક રજુલાએ કહ્યું.

'હશે નહિ. છે જ.' વિરાટે ભાર દઈને કહ્યું. 'સજ્જનદેવ – ઠાકોર વિજયસિંહના પિતા – એ તારા પિતા થાય!'

રજુલા આશ્ચર્યચકિત થઈ વિરાટ સામે જોઈ રહી.

'આ બધું સરિતાબેને કહ્યું? ઠાકોર વિજયસિંહ મારો ભાઈ થાય? એમ?'

'ના. વિજયસિંહ તો એક બ્રાહ્મણનો પુત્ર છે.' કહી વિરાટે સરિતા પાસેથી સાંભળેલી બધી વાત વિગતવાર એને કહી. એ વાત સાચી હોવાનાં કારણો પણ આપ્યાં. રજુલાને એ વાત પર વિશ્વાસ બેઠો.

'પણ એથી શું? મારી સ્થિતિમાં કંઈ ફેરફાર થાય એમ છે?' રજુલાએ પૂછ્યું.

'ના. માત્ર સાચી હકીકતનું જ્ઞાન થયું એટલું જ. અને એ જાણીને તારે નિર્ણય કરવાનો.

'શાનો નિર્ણય?'

'તારાં લગ્નનો.'

'એ તો થઈ ગયો ને!'

'ના. જાણ્યા પછી એ ન બને.'

'કેમ? તમને અભડાઈ જવાની બીક લાગે છે? તમે તો બ્રાહ્મણ છો એટલે?'

'ના. જ્ઞાતિભેદમાં તો હું માનતો જ નથી.'

'ત્યારે?'

'હું તને મારા ભિખારી ઘરમાં પૂરી રાખવા નથી ઇચ્છતો. તારા માટે કોઈ સમૃદ્ધ રાજકુળ શોધવું જોઈએ.'

'એ સમૃદ્ધિમાં દટાઈ મરવા કરતાં આ ગરીબીની સ્વતંત્રતા મને વધુ વ્હાલી છે. વિરાટ! હું ત્હારી જ છું અને ત્હારી જ રહીશ.'

સ્ટેશન આવતાં ટ્રેઈન અટકી. વિરાટ અને રજુલા નીચે ઉતર્યાં અને ઝાંપા બહાર નીકળી ચાંદની રાતે ગામ તરફ જવા લાગ્યાં.

'ભાઈ, ચાલો ને ગાડીમાં.'

'ના. ચાલ્યા જઈશું.'

'પણ જગ્યા છે. આવો ને? આટલું વેણ નહિ સ્વીકારો?' ગાડીવાળે કહ્યું.

'જો ને, કેવી ચંદ્રિકા ખીલી છે? શીતળ વાયુ વાય છે! એની લિજ્જત મારે નથી ગુમાવવી.' વિરાટે કહ્યું.

ગાડીવાળો હસતો હસતો ચાલ્યો ગયો.

વિરાટ અને રજુલા ધીમે ધીમે ચાલ્યાં જતાં હતાં. વાદળાંઓ વચ્ચે સંતાકુકડી રમતો ચંદ્ર તેમની પાછળઉ તાવળે દોડતો હતો; એની ઝડપી ગતિ છતાં પણ એ વિરાટ અને રજુલાની આગળ નીકળી શક્યો નહિ!

પ્રકરણ ૧૬ મું

—જીવનની સંધ્યા

સરિતાને જેલમાં જ ફાંસી આપવાનું નક્કી થયું હતું.

મૃત્યુ પહેલાંની રાત ફાંસીની સજા પામેલા બીજા માનવીઓ જેટલી ભયંકરતા વચ્ચે પસાર કરે છે, એટલી ભયંકરતા વચ્ચે સરિતાએ પસાર કરી નહિ. એને ઊંઘ તો ન જ આવી શકી. ઊંઘવાની એને ઇચ્છા પણ નહોતી થઈ. જગતને પેટ ભરીને જોઈ લેવાની વૃતિ એને થઈ આવી. જેલની કોટડીના સળિયા વચ્ચેથી શ્વેત ચાંદની વર્ષાવતા આસમાની આકાશનું એ વારંવાર આંખ ઠારીને દર્શન કરી લેતી હતી; પણ એને તૃપ્તિ થતી નહોતી.

આખી રાત્રી વિવિધ વિચારો એના મગજમાંથી સપાટાબંધ પસાર થઇ રહ્યા. વિચારો ખૂટતા નહોતા. અને રાત્રી ઝપાટાબંધ પસાર થઈ રહી હતી. પ્રમથ કે વાસંતીની એને કશી ચિંતા નહોતી. પતિ સાથે મૂળથી જ એને બહુ લેણાદેવી નહોતી. સુખી સંસાર તો એણે ભોગવ્યો નહોતો; છતાં જીવનમાં કોઈ ઇચ્છા અતૃપ્ત રહી જતી નહોતી. પુત્રનું ખુન કરવાથી એને સંતાપ નહોતો થતો, પણ રાણીના દુર્ભાગ્યની સર્જનારી એ બની હતી એનું એને દુઃખ થતું હતું. એ દુઃખ વ્યક્ત કરતો એક કરુણાજનક પત્ર એણે રાણીને લખીને એની ક્ષમા માગી હતી, અને એમાં એણે

પોતાની સાચી ઓળખાણ આપી હતી. રાણીને એ પત્ર વાંચી શી અસર થઈ હશે, એની એને ખબર નહોતી. જવાબમાં રાણીએ એના આત્માની સદ્‌ગતિ વાંચ્છી હતી.

એના મનમાં એક વિચાર ઘોળાયા કરતો હતો : ‘ વિજયસિંહના મૃત્યુથી અને તારાનાથના પલાયનથી કંચનપુરની પ્રજા માથેથી હંમેશનો ત્રાસ દૂર થવાનો, કે એની એ સ્થિતિ રહેવાની ? વિજયસિંહના દુર્ભાગ્ય પરથી એના અનુગામી ગાદીધરો કંઈ ધડો લેશે ખરા ? ’

એ કશો નિર્ણય કરી શકે એ પહેલાં તો છેલ્લો દિવસ ઊગ્યો. એ પ્રભાતને એણે આંખો વાટે પી લીધું. એ એના જીવનનું છેલ્લું પ્રભાત હતું; જીવનની એ સંધ્યા હતી ! એ ખુલતી ઉષા સામે આંખ માંડે, એ પહેલાં તો ઉષા ઝડપથી પસાર થઈ ગઈ !

પ્રમથ સાથે વાસંતી એને મળવાને આવી હતી : ‘ બા ! હું—તારી પામર પુત્રી તને—વીરાંગનાને શું ધન્યવાદ આપું ? તારું જીવન ધન્ય થઈ ગયું છે ! પ્રજાએ છુટકારાનો દમ ખેંચ્યો છે. ઠેકઠેકાણે રાજારજવાડામાં ફફડાટ પેઠો છે. કેટલાક તો બિસ્તરા બાંધી યુરોપ ભણી ચાલી નીકળ્યા છે. કેટલાક પ્રજાને સંતોષવા હક્કો આપી રહ્યા છે. દેશને ખાતર તારો આત્મભોગ અમૂલ્ય ગણાશે ! ’ મન દૃઢ કરવા છતાં એની આંખમાંથી આંસુઓ ટપકી રહ્યાં હતાં.

પ્રમથે કહ્યું : ‘ બા ! તમે કંચનપુરની માતા બન્યાં છો. તમારી વાસંતીએ તમારું ધન પ્રજાની લડત માટે વાપરી એનો સદુપયોગ કર્યો છે ! તમારું બાકીનું કાર્ય તમારી પુત્રી પૂરું કરશે ! ’

'તમને બન્નેને મારા આશિર્વાદ છે. હું પૂરા સંતોષથી જાઉં છું. કંચનપુરની પ્રજાને કહેજો કે કોઈ એક વ્યક્તિ દેશને સ્વતંત્ર નહિ બનાવી શકે. આખર તો સમગ્ર પ્રજાનું સંગઠન અને આત્મભોગ એ જ વિજયની ચાવી છે,' બોલતાં સરિતાનો ચહેરો તેજસ્વી બની ગયો. એના મુખ પર પ્રકાશ પથરાઈ રહ્યો.

વિશ્વનાથ પણ આવી ગયો. શું બોલવું એ એને સૂઝયું નહિ. એ તો મોટેથી બાળક પેઠે રડી પડયો.

સરિતાએ એને આશ્વાસન આપતાં કહ્યું: 'હું તમને કશું સુખ આપી શકી નથી. તમારી દરકાર કર્યા વિના મારી ધૂનમાં તણાઈ, મને ઠીક લાગ્યું એ હું કરતી રહી છું. છતાં તમે મારા માર્ગમાં કદી વિક્ષેપ નાખ્યો નથી. હું તમારી માફી માગું છું.' સરિતાની આંખના ખૂણામાં અશ્રુબિંદુ ભરાયાં. સાડીના છેડાવતી એણે એ લૂછી નાખ્યાં.

સમય ભરાઈ ગયો હતો. એ તરત જ સ્વસ્થ થઈ. સૌ ક્ષમા યાચી વિદાય થયાં. બારમાં દસ પળ બાકી હતી. જેલર સામે આવી ઉભો. તે ઊઠી. જાણે સમસ્ત વિશ્વને જેલની કોટડીમાં ખંખેરીને એ કોઈ અલોક તરફ પ્રયાણ કરી રહી હોય, એમ એ ધીમે પણ દૃઢ પગલે ફાંસીના માંચડા તરફ ચાલવા લાગી.

ત્યાં જાહેરને હાજર રહેવાની મના હતી. માત્ર અમલદાર વર્ગ હાજર હતો.

આવી એવા જ દૃઢ પગલે સરિતા ફાંસીના માંચડા પર ચઢી. અજબ પુરુષાતન એના આત્મામાં પ્રગટયું હતું. એણે મોઢા પર કાળો બુરખો નાખવાની એણે સાફ ના પાડી.

પ્રાર્થના કરવાનો એને વખત આપવામાં આવ્યો. પણ એણે ના પાડી. કોટડી છોડી એ બહાર નીકળી ત્યારથી જ એનું ચિત્ત પ્રાર્થનામાં મગ્ન હતું.

બાર વાગ્યા. તોપ પડી. સરિતાને કાને જાણે પરલોકનાં દ્વાર ખૂલવાનો અવાજ સંભળાયો. ફાંસીગરાને આગળ આવતા એણે હાથને ઈસારે અટકાવી દોરડું ગળામાં પરોવ્યું, અને તપતા સૂર્ય સામે પ્રાર્થનાપૂર્ણ દૃષ્ટિ કરી, જગતને સંકેલી લેતી હોય એમ આંખ બંધ કરી, પગ વડે નીચેના પાટિયાંને ધક્કો મારી લટકી રહી!

અમલદારો એની નિર્ભયતા જોઈ રહ્યા. સૌની આંખ આંસુથી ભિંજાઈ

ઉપસંહાર

● વિજયસિંહના મૃત્યુથી ખાલી પડેલી કંચનપુરની રાજ્યગાદી એજન્સીએ પ્રતાપના પુત્ર કૃષ્ણસિંહને સોંપી.

● ભૂતકાળની ઘટનાઓથી ભય પામી કૃષ્ણસિંહે રાજ્યકારભાર પ્રજાને સોંપી વિલાયત જઈ રહેવાનો નિર્ણય કર્યો.

● પ્રજાના આગેવાનોએ એને કંચનપુરમાં રહી રાજ્યવહીવટમાં લક્ષ આપવાની માગણી કરી, એની સલામતીની ખાત્રી આપી; પણ એણે માન્યું નહિ.

● પ્રજાકીય પ્રધાન સાથે એજન્સીએ ભલામણ કરેલ એક દિવાનની નિમણુંક કરવાની કૃષ્ણસિંહને ફરજ પડી.

● પ્રમથ અને વાસંતી કાયમી વસવાટ અર્થે મુંબઈ જઈ રહ્યાં. કંચનપુરની પ્રજાની આગેવાની વિરાટ અને અનંતે સંભાળી.

● તારાનાથનું ભાવિ અંધકારમાં રહ્યું. કોઈએ કહ્યું: 'એ હિંદના પોર્ટુગીઝ સંસ્થાનમાં જઈને વસ્યો છે;' કોઈએ કહ્યું: 'એ હિંદનો કિનારો છોડી નાસી ગયો છે;' કોઈએ કહ્યું: 'એ બાવો બની યાત્રાના ધામોમાં રખડે છે;' કોઈએ કહ્યું: 'એ જંગલોમાં અદૃશ્ય થઈ ગયો છે.' આ બધી કલ્પનાઓ હતી. કોઈની પાસે સાચી બાતમી નહોતી!

'છાયાદેવી' માટે

પત્રકારો શું કહે છે?

'છાયાદેવી' ભાત પાડે એવી નવલકથા છે. સ્નેહ અને સંદેહ એ એનો મુખ્ય વિષય છે અને એને લેખકે ખૂબ સરસ ઉઠાવ આપ્યો છે.... .....'

'પ્રજાબંધુ' : અમદાવાદ — ૨૫–૨–'૪૦

'...આ સંગ્રહ વાર્તાશોખીનો સારી સંખ્યામાં સત્કારશે. આ પુસ્તક લઈ સાહિત્યક્ષેત્રમાં પ્રવેશતા યુવાન લેખક ભવિષ્ય માટે સારી આશા આપે છે....'

'ગુણસુંદરી' : વડોદરા — જાન્યુ. '૪૦

'નવલકથા રસિક છે. એને રસિક બનાવતી આંટીઘૂંટીઓ અને સંશયમાંથી નીપજતી કરુણતાઓ સારી રીતે યોજાએલ છે...................'

'ઊર્મિ' : અમદાવાદ — અક્ટો. '૩૯

'મુખ્ય વાત છાયાદેવીની છે. સમાન હક્કની ચર્ચા આમાં વર્ણવી છે...અન્ય વાર્તાઓ પણ એવી જ રસપ્રદ અને બોધપ્રદ છે. છપાઈ, કાગળ, બાંધણી વિગેરે સુંદર છે.........'

'પુસ્તકાલય' : વડોદરા — સપ્ટે. '૩૯

'ગ્રંથમાંની બધી વાર્તાઓમાં ટુંકી વાર્તાઓને આવશ્યક મૂળભૂત અંગો સપ્રમાણ જળવાયાં છે. પ્રથમ પ્રયાસ છતાં વાર્તાઓનો પ્રવાહ શાન્ત વહ્યો છે; ઉપદેશ આપવા લેખક અટકી પડતા નથી. 'અવિનાશ'ની કલમ વિષે સારી આશા બંધાય છે.'

'નવસૌરાષ્ટ્ર' : અમદાવાદ — નવે. '૩૯

'બધી વાર્તાઓ વાંચકના હૃદય ઉપર ઊંડી છાપ પાડે તેવી છે. શ્રી. 'અવિનાશ'ની ભાષા–શૈલી અત્યંત સાદી ને સચોટ છે. ક્યાંયે આડંબર કે ભપકો નથી.........'

'દાંડીઓ' : સુરત — ૨૧–૧૧–'૩૯

'છાયાદેવી' દ્વારા લેખકે જીવનના પ્રશ્નોની તલસ્પર્શી મિમાંસા કરી છે..'

'પ્રતાપ : સુરત — ૩૦–૯–'૩૯

'નવા રાહને અજમાવતી આ નવલકથામાં સ્નેહ, જીવન અને સમાજનાં નવાં મૂલ્યો અંકાયલાં છે......'

'જયસૌરાષ્ટ્ર' : રાજકોટ — ૨૩–૭–'૩૯

प्रगति ग्रंथमाळानुं

त्रीजुं पुस्तक

'अनुराग'

तैयार थाय छे.

बंगाळनी सुप्रसिद्ध लेखिका

श्री. पूर्णशशी देवीनी

हृदयवेधक कलमथी लखाएली

अने

युवान हैयामां रमता

'अनुराग'नी

मर्मवाणी रजू करती

आ रसकथानुं

गुजराती स्वरुप

बंगभाषानां अभ्यासी

श्री. कान्तादेवीए

सरस रीते करेलुं छे.

सस्ती किंमते मेळववा

प्रगति ग्रंथमाळाना

ग्राहक बनो.

ચીમનલાલ મોદી
મેનેજર
ઓરગેનાઈઝીંગ ડિપાર્ટમેન્ટ
ધી લાઈફ એસ્યુરન્સ કું. લીમીટેડ
મુંબઈ.

પરિમલ
રાવ
૨૧, માર્

સ્ત્રીઓ માટે જ

બહેનો,

પુરુષની જીવનસહચરી તરીકેનો હક આમ કરવા તમા
જોઈએ. તમારા પોતાના અને તમારાં બાલ-પુષ્પોના ભ
ખાતર તમારે તમારા એ હકનું પ્રતિપાદન કરવું જ જોઈ

એ હક શું છે?—એ હક એટલે તમારા જી
જીંદગીનો વીમો.

યુરોપ અને અમેરિકાની બહેનોએ તો એ હક ક્યા
કરી છે. તમે તે માગણી ક્યારે કરો છો?

અને તમારા જીવન સાથીને 'ધી લાઈફ'ની જ
લેવા ભલામણ કરજો. એ તમારા સુખી ભાવિની ખાત્રી
દાવાની તાત્કાલિક પતાવટ કરે છે; અપંગતાના ખાસ લાભ
પોલીસી ઉપર ધારધાર કરે છે; એટલું જ નહિ, પણ
સિક્યુરિટિઝ ખરાવે છે.

વધારે માહિતી માટે ઉપરને સરનામે પત્રવ્યવહાર ક

હક્ક ગરવો, ભરપૂર ... મા પ્યારથી જોઈએ છે—પૈસા અને